છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

તંત્રી લેખ :
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "કલ, આજ ઔર કલ" ........ અશોક મહેતા ........ ૭
- સુવર્ણ જયંતી મહોત્સવના સમયે ........ અશોક મહેતા ........ ૧૦

**સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ**

- ભાવભર્યું આમંત્રણ (અમદાવાદ ખાતે સમારોહ) ........ ૧૧
- ભાવભર્યું આમંત્રણ (મુંબઈ ખાતે સંમેલન) ........ ૧૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સુવર્ણ જયંતી મહોત્સવ અત્યાર સુધી પ્રાપ્ત થયેલ નકરાઓની વિગત ........ પ્રતાપ નારાણજી દંડ ........ ૧૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સુવર્ણ જયંતી મહોત્સવ બાકી રહેતા નકરાઓની વિગત ........ પ્રતાપ નારાણજી દંડ ........ ૧૪
- વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓનો પરિચય
  - ★ પદ્મશ્રી આણંદજી વીરજી શાહ – વિખ્યાત સંગીતકાર ........ દિનેશ મહેતા ........ ૧૫
  - ★ પદ્મશ્રી અમીન સયાની – વિખ્યાત ઉદ્‌ઘોષક ........ દિનેશ મહેતા ........ ૧૭
  - ★ શ્રી હરીશ ભીમાણી – વિખ્યાત ઉદ્‌ઘોષક ........ દિનેશ મહેતા ........ ૧૯
  - ★ શ્રી વિપુલ એ. શાહ – ફિલ્મ ડાયરેક્ટર ........ દિનેશ મહેતા ........ ૨૦
  - ★ શ્રી વિનોદ ગણાત્રા – ડોક્યુમેન્ટરી ફિલ્મના સર્જક ........ દિનેશ મહેતા ........ ૨૧
  - ★ શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ – આંતરરાષ્ટ્રીય કચ્છી લોક કલાકાર ........ દિનેશ મહેતા ........ ૨૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, લોગો - સ્લોગન ........ પ્રતાપ નારાણજી દંડ ........ ૨૩
- "મંજુલ-હરખ ધામ" ગાંધીનગર - સિનિયર સિટીઝન હોમ ........ પ્રતાપ નારાણજી દંડ ........ ૨૩
- કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ ........ પ્રતાપ નારાણજી દંડ ........ ૨૪
- પ્રથમ હરોળના સમાજના સૂત્રધાર – શ્રી પોપટલાલ નેણશી ધરોડ ........ પ્રતાપ નારાણજી દંડ ........ ૨૫
- મ્યુઝિયમના બાહોશ પૂર્વ ક્યુરેટર – શ્રી સતિષ સદાશિવન ........ દિનેશ મહેતા ........ ૨૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ટ્રસ્ટ મંડળ વર્ષ : ૨૦૧૧-૨૦૧૨ ........ ૩૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, કારોબારી સમિતિ : વર્ષ ૨૦૧૧-૨૦૧૨ ........ ૩૩
- આગામી કાર્યક્રમો ........ ૩૭

*લેખ વિભાગ :*

**કચ્છ**

- કચ્છ વિશેષ : કચ્છ કેટલું જૂનું? એક દાયકાની માનસિક ઊથલ-પાથલો ........ હરેશ ધોળકિયા ........ ૩૮
- કચ્છની નવી વૈશ્વિક ઓળખાણ : એક વિશ્લેષણ ........ અનુવાદ : નવીન પટેલ ........ ૪૨
- કચ્છી હસ્તકલા ઉદ્યોગની વિશિષ્ટતા ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ........ ૪૪
- કચ્છના અંતિમ રાજવી મહારાઓ મદનસિંહજી ........ ૪૬

**વિચાર વિમર્શ**

- ગરીબના બેલી ........ ડૉ. આઈ.કે. વીજળીવાલા ........ ૪૮
- અન્યો માટે નિષ્કામભાવે ઘસાવાની વૃત્તિ : યૌવનનો સાર્થક વપરાશ ........ સંકલન : ગુલાબચંદ રાંભિયા ........ ૫૧

**વિચાર મંથન**

- હિંમતે મર્દા તો મદદે ખુદા ........ ડૉ. ગિરીશ વીછીવોરા ........ ૫૨

**ઇતિહાસ**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ પ્રકરણ-૪ : સમાજની ઝોળી છલકાવતા દાનવીરો અને શ્રી કચ્છી જૈન ભવન - પાલડીનું બાંધકામ ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ........ ૫૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સમાજની ક્ષિતિજો


- નવજાગૃત વાડિયા ગામની મૌન સામાજિક ક્રાંતિના શુભ આરંભની અનન્ય કંકોતરી ...... પ્રવીણચંદ્ર શાહ ....... ૫૫
- માન્યતાની બીજી બાજુ - વૈશ્વિકીકરણમાં પ્રાદેશિક ભાષાઓની આહૂતિ .......................... મુરજી ગડા ....... ૫૭


## સંસ્થા / વ્યક્તિ વિશેષ


- કચ્છી માડુ : શ્રી દિનેશ ત્રિવેદી – એક આદર્શવાદી વ્યક્તિત્વ ................................ સુપાર્શ્વ મહેતા ....... ૫૯
- ત્યાગમૂર્તિ – કોમલ સાવલા ........................................................................................ કનૈયાલાલ જોશી ....... ૬૧
- શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર - લૂણી ........................................................................ અશોક મહેતા ....... ૬૨
- શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટીટ્યૂટ, માંડવી - કચ્છ ........................................ ૬૪


## તંદુરસ્તી


- કમરનો દુખાવો - મનોદૈહિક લક્ષણ ............ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ....... ૬૫


## માહિતી


- Education & Career Choice ................................................................. ૬૮


## વાર્તા


- ચાંદની ....................................................................................................... પ્રા. પૃથ્વી શાહ ....... ૭૦


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું ........................................................... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ....... ૭૨


## ફ્લેશ ચેનલ


★ ઈનોવેશનનો અભાવ ★ અંતરિક્ષમાં કામ કરતી એક અનોખી લેબોરેટરી ★ કાળું નાણું ................. ૭૩

★ વિમાનમાં યાત્રિકોને સુરક્ષા નિયમો ★ ઈન્ડેન ગેસ સિલિન્ડર : ૨૪ કલાકમાં ગમે ત્યારે બુકિંગ......... ૭૩


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........................................................................................................... ૭૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ..................................................................................... ૭૯
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ....................................... સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ....... ૮૦
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ....................................................................... ૮૧
- માર્ચ-૨૦૧૨માં પૂરા થઈ ગયેલ તથા એપ્રિલ-૨૦૧૨ દરમ્યાન પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ........ ૮૧
- સાર સમાચાર ................................................................................. સંકલન : શાંતિલાલ સંઘવી ....... ૮૨
- શબ્દ રમત-૬૯ ................................................................................ સંકલન : સૂરજલાલ મહેતા ....... ૮૩
- જાણવા જેવું .................................................................................... સંકલન : સૂરજલાલ મહેતા ....... ૮૪
- સુડોકુ – ૧૦૨૫ .............................................................................. રજનીકાંત ધરમશી પારેખ ....... ૮૫
- વલોવતન ............................................. સંકલન : રજનીકાંત ધરમશી પારેખ, દિનેશ આર. મહેતા ....... ૮૭
- સમાજ દર્પણ ........................................................................................................ ૮૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ કાર્યક્રમ અને તેના પાસનું વિતરણ ................. પ્રતાપ નારાણજી દંડ ....... ૯૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ – વસતિપત્રક-૨૦૧૨ ............................................ ૯૨
- સંસ્થા સમાચાર .................................................................................................... ૯૩
- શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદ : વિવિધ સમિતિઓની યાદી – વર્ષ ૨૦૧૧-૨૦૧૨ .............................. ૯૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ ........................................... ૧૦૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........................................... ૧૦૨
- ઉડતી નજરે ....................................................................................................... ૧૦૪


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "કલ, આજ ઔર કલ"

*– અશોક મહેતા*

- **કલ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ એ અમદાવાદ-ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારોની સંસ્થા છે અને તે સેવા-ભાવનાને વરેલી છે.

તેની સ્થાપના એપ્રિલ ૧૯૬૩માં "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ" તરીકે ખૂબ જ નાના પાયે કરવામાં આવેલ. વર્ષ ૧૯૭૦માં તેને "શ્રી કચ્છી જૈન સમાજ" તરીકે વિસ્તૃત કરવામાં આવી અને વર્ષ ૧૯૮૪માં તેને "શ્રી કચ્છી જૈન સેવા સમાજ" તરીકે વ્યવસ્થિત બંધારણીય સંસ્થા બનાવી તેનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું.

વર્ષ ૧૯૬૩થી વર્ષ ૧૯૭૦ સુધીમાં બધા જ કચ્છી વીસા ઓસવાળ ભાઇઓ આ સંસ્થાના માધ્યમથી અને તેનાં વિવિધ કાર્યોથી એક તાંતણે બંધાયા. વર્ષ ૧૯૭૦થી વર્ષ ૧૯૮૪ સુધીમાં અમદાવાદ સ્થિત બધા જ કચ્છી જૈન પરિવારો આ સંસ્થા સાથે સંલગ્ન થયા. તેઓને એક તાંતણે બાંધી રાખવા વર્ષ ૧૯૭૬થી આ સંસ્થાનું માસિક મુખપત્ર "મંગલ મંદિર" શરૂ કરવામાં આવ્યું. આ સમય દરમ્યાન મુખ્યત્વે વાર્ષિક મિલન સમારંભ તથા અન્ય નાની-મોટી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. વર્ષ ૧૯૮૬માં ગીતા મંદિર બસ સ્ટેન્ડ વિસ્તારમાં એક તૈયાર મકાન ખરીદી તેને "માતુશ્રી કંકુબહેન કાનજીભાઇ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન" નામ આપવામાં આવ્યું. અહીં સમાજની મુખ્ય ઓફિસ તથા બહારગામથી પધારતા અતિથિઓ માટે "અતિથિ ભવન"ની સગવડ ઊભી કરવામાં આવી. અન્ય નાની-મોટી અનેક પ્રવૃત્તિઓ પણ શરૂ કરવામાં આવી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓ વિસ્તૃત થતાં, આ મકાન ખૂબ નાનું પડવા લાગ્યું. વર્ષ ૧૯૯૪માં પાલડી ખાતે અંદાજિત ૧૮૦૦ ચો.વારના પ્લોટ પરનું જૂનું મકાન ખરીદી લઇ વર્ષ ૧૯૯૭માં ત્યાં "માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા) કચ્છી જૈન ભવન" ના નામનું મકાન લોકાર્પણ કરવામાં આવ્યું. આ મકાનમાં (૧) શ્રી પ્રેમજી જેઠાભાઇ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, (૨) નવનીત તબીબી સેવા ભવન તથા પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર તેમજ (૩) માતુશ્રી કંકુબહેન કાનજીભાઇ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન એમ મુખ્યત્વે ત્રણ વિભાગો શરૂ કરવામાં આવ્યા. એ.સી. સાંસ્કૃતિક કેન્દ્રમાં આજે વિવિધ સમારંભો યોજી શકાય છે. મેડિકલ વિભાગમાં મેડિકલની વિવિધ ૨૬ બ્રાંચો કાર્યરત છે કે જેમાં દર અઠવાડિયે ૫૦થી પણ વધુ એમ.ડી. કક્ષાના ડૉક્ટરો પોતાની સેવા આપે છે. અહીં દરરોજની લગભગ ૩૫૦ની ઓ.પી.ડી. રહેવા પામે છે. તેણે આજે અમદાવાદના સારાયે સમાજમાં ખૂબ જ નામના મેળવેલ છે. જ્યારે અહીંના અતિથિ ભવનમાં એ.સી./નોન એ.સી. પ્રકારના ૨૫ જેટલા સેલ્ફ કન્ટેઇન્ડ રૂમો બહારગામથી અમદાવાદ પધારતા લોકોને ખૂબ જ રાહતરૂપ નીવડેલ છે. સમાજનું મુખ્ય કેન્દ્ર ગીતા મંદિર પરથી અહીં ફેરવવામાં આવેલ છે. અહીં અનેક પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ પણ શરૂ કરવામાં આવેલ છે.

કચ્છથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દરરોજ અનેક દર્દીઓ સારવાર કરાવવા અમદાવાદ પધારતા. દર્દીઓની સાથે આવેલ સગાં-સંબંધીઓને રહેવા સિવિલ હોસ્પિટલના વિસ્તારમાં કોઇ યોગ્ય સુવિધા ન હોતાં, જી.એમ.ડી.સી.ના તત્કાલીન અધ્યક્ષ શ્રી મૂકેશભાઇ ઝવેરીએ આ વિસ્તારમાં "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ" ઊભું કરવા સૂચન કર્યું. જી.એમ.ડી.સી.ની રૂપિયા એક કરોડની સહાયથી પણ ટોટલ રૂા. ૩.૫૦ કરોડના ખર્ચે "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ" શાહીબાગ વિસ્તારમાં ઊભું કરવામાં આવ્યું. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે ફેબ્રુઆરી-૨૦૦૨માં તેનું લોકાર્પણ કરવામાં આવ્યું. અહીં એ.સી./નોન એ.સી. પ્રકારના ૬૫ રૂમો અને ૪ ડોરમેટરીની

*જીવનનો આનંદ માણવો હોય તો તમારા જીવનને બીજાની સાથે સરખાવો નહીં.*

વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. ભાડું ન ભરનાર દર્દીને રાહત દરે અથવા તો બિલકુલ માફીના ધોરણે રહેવાની સગવડ આપવામાં આવે છે. જરૂરિયાતવાળા બધા જ દર્દીઓ તથા તેઓનાં સગાં-સંબંધીઓને ''જલારામ અન્નક્ષેત્ર''ના નેજા હેઠળ ત્રણે ટાઇમ ફ્રી માં જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું લોકાર્પણ કરતાં અગાઉ ૨૬ જાન્યુઆરી-૨૦૦૧ના ભૂકંપે કચ્છને તહસ-નહસ કરી નાંખેલ. એ સમયે સતત ત્રણ મહિના સુધી શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે રાહતનાં અદ્વિતીય કાર્યો કચ્છના અનેક ગામડાંઓમાં કર્યા. સામખિયાળી ખાતે બેઝ કેમ્પ બનાવી દરરોજની અનેક ટ્રકો રાહત સામગ્રીથી ભરીને અહીં ઠાલવવામાં આવતી અને ત્યારબાદ ત્યાંથી અગાઉથી સર્વે કરાયેલ ગામોમાં જરૂરિયાત મુજબની રાહત સામગ્રી પૂરી પાડવામાં આવતી. શ્રી કચ્છી જૈન ભવન પર હંગામી ધોરણે હોસ્પિટલ ઊભી કરી રાહત સામગ્રી ભરીને ગયેલ ટ્રકોમાં સ્વયંસેવકો ગામડાંમાં ઈજા પામેલ દર્દીઓને અમદાવાદની આ હોસ્પિટલમાં લાવવામાં આવતા અને અહીં તેમને સંપૂર્ણપણે સાજા કરી તેઓને તેમને ગામ પરત પહોંચાડવામાં આવતા.

વર્ષ ૨૦૦૭માં મુંબઇ ખાતે અતિથિ ભવન શરૂ કરવા સાયન વિસ્તારમાં ચાલુ બંધાતા મકાનના ૪ માળ ખરીદી લેવામાં આવ્યા. તે ખરીદતી વખતે એવી ગણતરી રાખવામાં આવેલ કે એકાદ વર્ષમાં આ અતિથિ ભવન શરૂ થઇ શકશે. પરંતુ કેટલીક કાયદાકીય ગૂંચના કારણે તેનું બાંધકામ અટકી ગયેલ છે. આશા છે કે આ સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન જ તેનું બાંધકામ ફરીથી શરૂ થઇ શકશે અને તેવા સંજોગોમાં આ સંસ્થા મુંબઇ ખાતે પણ એક અતિથિ ભવન શરૂ કરી શકશે.

અમદાવાદ સ્થિત કચ્છી જૈન પરિવારોમાં અનેક પરિવારો આર્થિક રીતે થોડા નબળા હોવાથી તેઓ ક્યારેય પણ પોતાનું ઘર વસાવવાનું વિચારી શકતા ન હતા. આ સમાજે મુંબઇ/અમદાવાદ/અન્યત્ર સ્થિત અનેક દાતાઓની સહાયથી એક આવાસ યોજના બનાવી તેને ''નવનીત ભવન'' નામ આપવામાં આવ્યું. આજે અહીં ૩૮ પરિવારોનો વસવાટ છે અને બે ફ્લેટ ગૃહઉદ્યોગ ખાતે વપરાય છે. ''નવનીત ભવન''નું લોકાર્પણ વર્ષ ૨૦૧૦માં કરવામાં આવ્યું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની પ્રવૃત્તિઓ અંદાજિત ૩૫ જેટલી વિવિધ સમિતિઓના સંચાલન દ્વારા જારી રાખી રહેલ છે. આ સમિતિઓમાં મુખ્યત્વે (૧) શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ, (૨) યુવા વિકાસ સમિતિ, (૩) મહિલા ઉત્કર્ષ સમિતિ (૪) બાલ કલ્યાણ સમિતિ, (૫) તબીબી સેવા સમિતિ, (૬) વયસ્ક સમિતિ, (૭) શૈક્ષણિક સહાય સમિતિ, (૮) વૈયાવચ્ચ સમિતિ વગેરે જેવી રહેવા પામેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની અન્ય વાત કરીએ તો તેણે ધરતીકંપ બાદ અમદાવાદ અને ગાંધીનગર ખાતે કચ્છના શિક્ષણના પ્રશ્ને અને કચ્છના પાણીના પ્રશ્ને સેમિનારો યોજ્યા, કચ્છમાં ભણતાં બાળકોના પ્રાથમિક શિક્ષણનું સ્તર ઊંચું આવે તે માટે કચ્છભરની પ્રાથમિક શાળાના અંદાજિત ૫૦૦ શિક્ષકોને ભુજ ખાતે બોલાવી એક શૈક્ષણિક સેમિનાર યોજેલ. રતન જ્યોત (જેટ્રોફા)ની વાવણી માટે કચ્છના દસે દસ તાલુકા મથકે ખેડૂતોને બોલાવી તે વિશે સમજ આપતા સેમિનારો યોજ્યા. ભૂજ અને અંજાર ખાતે બાગાયતી પાકો આધારિત ઉદ્યોગો અંગે સેમિનાર યોજવામાં આવ્યા. માંડવી ખાતે કચ્છમાંથી પ્રાપ્ત થતાં ખનિજો પર પણ સેમિનાર યોજેલ હતા. નર્મદા નદીના સિંચાઇના નિયમિત પાણી અને વધારાના પાણી શક્ય ઝડપે કચ્છને પ્રાપ્ત થાય તેવા પ્રયાસો તેણે વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી આજ દિન સુધી જારી રાખેલ છે.

## ● આજ :-

તેના સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન ગાંધીનગર ખાતે તે સિનિયર સિટીઝન હોમની શરૂઆત કરવા માંગે છે અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ-શાહીબાગ ખાતે ''કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ''નું લોકાર્પણ કરવા માંગે છે. આ વર્ષ દરમ્યાન યોગ્ય જમીન સંપાદિત થઇ શકશે તો નબળા વર્ગ માટે અંદાજિત રૂા. ૫થી ૬ લાખ સુધીની કિંમતના ૨૫૦ આવાસો પણ બનાવવા માંગે છે. મુંબઇ, અમદાવાદ, ભુજ ખાતે એક-એક સેમિનારનું આયોજન છે. અમદાવાદ ખાતે 'કચ્છી મેળા'નું આયોજન છે. એજ રીતે ૩ દિવસની ટૂર દ્વારા ''કચ્છ દર્શન''નાં પણ આયોજનો વિચારાયેલ છે. કચ્છ ખાતે એક આર્કિટેક્ચરલ કૉલેજ સ્થાપવાના પ્રયાસો પણ જારી રાખવામાં આવેલ છે.

સામાજિક સંસ્થાઓએ કરવાનાં કાર્યો પ્રત્યે સજાગ રહી, દરેક દિશામાં તે પોતાની શક્તિ અનુસાર સામાજિક કાર્યો કરતું આવેલ

*બધા દેશોમાં શિક્ષણનો પહેલો નિયમ એ છે કે કોઈને કદી ખરાબ વેણ કહેવું નહીં.*

છે. પરંતુ એવું લાગે છે કે આ હજી પૂરતું નથી. આ માટે, માત્ર સરકાર પર આધાર ન રાખતાં શ્રી કચ્છી જૈન સમાજ-અમદાવાદ તથા તેના જેવી અન્ય સામાજિક સંસ્થાઓએ નીચેની બાબતે લક્ષ આપવાની જરૂરત છે.

- **કલ :-**

વર્ષ ૨૦૧૧માં કરવામાં આવેલ એક સર્વેક્ષણ અનુસાર દેશના ૪૬.૯ ટકા લોકો શૌચાલયની સુવિધા ધરાવે છે. ૩.૨ ટકા લોકો જાહેર શૌચાલયનો ઉપયોગ કરે છે. જ્યારે ૪૯.૮ ટકા લોકો માટે શૌચાલયની કોઇ વ્યવસ્થા જ નથી. અન્ય સર્વેક્ષણ મુજબ ૮૧.૪ ટકા શહેરી પરિવારોની સરખામણીમાં ફક્ત ૩૦.૭ ટકા ગ્રામ્ય પરિવારોના ઘરે શૌચાલય છે. ગટર લાઇન સાથે પાઇપ કનેક્શન ધરાવતા શૌચાલયનું પ્રમાણ શહેરી વિસ્તારોમાં ૩૨.૭ ટકા અને ગ્રામ્ય પરિવારોમાં માત્ર ૨.૨ ટકા છે. આ એક પાયાની સુવિધા છે કે જેમાં આપણે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. નોંધવાલાયક વાત તો એ છે કે દેશમાં ૬૩.૨ ટકા પરિવારો પાસે ફોનની સગવડ છે અને ૪૬.૯ ટકા પરિવારો પાસે શૌચાલયની સગવડ છે. આ હકીકત વિકાસનો વિરોધાભાસ રજૂ કરે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ ધારે તો આ ક્ષેત્રે સારું એવું કામ કરી શકે છે.

બળતણ માટેના એલ.પી.જી. કે એન.પી.જી. ગેસનો ઉપયોગ શહેરી વિસ્તારના ૬૫ ટકા પરિવારો અને ગ્રામ્ય વિસ્તારના ૨૨.૪ ટકા પરિવારો કરે છે. બીજી રીતે વાત કરીએ તો ધૂમાડા થાય તેવું બળતણ વાપરીને રસોઇ કરનાર પરિવારોની સંખ્યા શહેરી વિસ્તારમાં ૨૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૬૨.૫ ટકા છે.

વીજળીની સુવિધા શહેરી વિસ્તારના પરિવારોમાં ૯૨.૭ ટકા અને ગ્રામ્ય વિસ્તારના પરિવારોમાં ૫૫.૩ ટકા છે (વીજળી વગરનું ગામડાના ૪૫ ટકા પરિવારોનું જીવન આપશ્રી કલ્પી શકો છો)

નળમાંથી ચોખ્ખું પાણી શહેરી વિસ્તારમાં ૬૨ ટકા પરિવારોને મળે છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૭.૯ ટકા પરિવારને મળે છે.

શહેરો કે ગામડાંમાં ટ્રાફિક વાહનો માટે જે સુવિધાઓ વધારવામાં આવી રહેલ છે તે મુખ્યત્વે પાકા રસ્તા, ફ્લાય ઓવર બ્રિજ, વગેરે પ્રકારની મુખ્યત્વે ચાર કે તેથી વધુ વ્હીલ ધરાવતાં સાધનો માટેની હોય છે. વાહનોના આંકડા વાંચશું તો આપણે હાલમાં જે સુવિધાઓ ઊભી કરી રહ્યા છીએ તેના પર ફેર વિચારણા કરવી પડે તેવી પરિસ્થિતિ ઊભી થાય છે. કાર કે જીપ જેવા વાહનો ધરાવતાં પરિવારો શહેરી વિસ્તારમાં ૯.૭ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૨.૩ ટકા છે. સ્કૂટર - મોટરસાઇકલ - મોપેડ ધરાવતાં પરિવારો શહેરી વિસ્તારમાં ૩૫.૨ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૪.૩ ટકા છે. તેની સામે સાઇકલ ધરાવતાં પરિવારો શહેરી વિસ્તારમાં ૪૬.૨ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૧.૯ ટકા છે. જે દેશના અંદાજિત ૪૫ ટકા પરિવારો પાસે સાઇકલ છે, તેમની સુવિધા માટે કોઇ જ પ્રકારનાં આયોજનો થતાં હોય તેવું દેખાતું નથી. આજ પ્રકારની પરિસ્થિતિ પૈદલ જતા માનવોની છે.

કોમ્પ્યુટર કે જે આજકાલ ખૂબજ ઉપયોગી અને જરૂરી સાધન મનાય છે તે શહેરી વિસ્તારમાં ૧૦.૪ ટકા પરિવારોમાં અને ગ્રામ્ય વિસ્તારોના પરિવારમાં ૪.૪ ટકા પ્રમાણમાં છે. આ રીતે કોમ્પ્યુટર ધરાવતાં પરિવારોની સરેરાશ ૬.૩ ટકા છે. એજ રીતે ઇન્ટરનેટની સંખ્યા ધરાવતાં પરિવારોની સંખ્યા શહેરી વિસ્તારમાં ૮.૩ ટકા અને ગ્રામ્ય વિસ્તારોમાં માત્ર ૦.૭ ટકા છે. એટલે કે ભારતમાં સરેરાશ ૩.૨ ટકા પરિવાર કોમ્પ્યુટર-ઇન્ટરનેટ ધરાવે છે.

ઉપરોક્ત દરેક ક્ષેત્રે કાર્યો કરવાની તકો સામાજિક સંસ્થાઓ માટે મોટા પ્રમાણમાં બાકી છે. ક્યાંક તેઓ જાતે કામ કરી શકે છે તો ક્યાંક ગ્રામ પંચાયત, નગર પંચાયત, મ્યુનિસિપાલિટી, જિલ્લા લોકલ બોર્ડ, રાજ્ય સરકાર અથવા તો કેન્દ્ર સરકાર સાથે પત્ર વ્યવહાર કરી, તેઓને ફરજ પાડી જરૂરી કાર્યો કરાવી શકાય તેમ છે.

અગર આપણે કચ્છનાં ૯૦૦ ગામની વાત કરીએ તો તેમાંનાં મોટાભાગનાં ગામોના ઘણા બધા લોકો અન્યત્ર વસવાટ કરી બે પાંદડે સુખી થયેલા દેખાય છે. અગર આ સુખી લોકો દરેક પ્રકારના રાગદ્વેષ છોડી જરૂરી એક સંગઠન બનાવી પોતાના ગામને દત્તક લઇ લે તો સારું એવું કામ થઇ શકે. કચ્છના દરેક ગામના દરેક પરિવારને આધુનિક લાભો મળી શકે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ જેવી સેવાભાવી સંસ્થાઓને યોગ્ય દાતાઓ મળી શકે તો આ પ્રકારની સંસ્થાઓ આ ક્ષેત્રે ઘણું કામ કરી શકે તેમ છે. ■

---

*શાસન જેમ મર્યાદિત હોય તેમ એ વધારે સારું શાસન કહેવાય.*

# સુવર્ણ જયંતી મહોત્સવના સમયે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની મંઝિલ ૧૯૬૩થી ૨૦૧૨ના ગાળામાં ૪૯ વર્ષ પાસ કરી ૫૦મા વર્ષમાં પ્રવેશી રહેલ છે ત્યારે સ્વાભાવિક છે કે આ સંસ્થાને જીવંત રાખવામાં કોઇ એકલ-દોકલનું કામ ના હોઈ શકે. પરંતુ તે એક સંગઠિત અને વ્યવસ્થિત સંઘબળનું પરિણામ હોઇ શકે. શરૂથી આજ સુધી આ સંસ્થાના ચણતરમાં જેઓએ પણ પોતાનો સહયોગ આપેલ છે તેવા મરજીવાઓને આ સુવર્ણ જયંતી મહોત્સવે યાદ કરી તેઓને નત મસ્તકે વંદન કરવા ઘટે.

વર્ષ ૧૯૬૩માં "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ" તરીકે તેની સ્થાપના થઇ. તે સમયના વીસા ઓસવાળ ભાઇઓએ મોટું મન રાખી અને દીર્ઘ દૃષ્ટિ વાપરી આ સંસ્થાને ૧૯૭૦માં "શ્રી કચ્છી જૈન સમાજ"માં ફેરવીને કચ્છી જૈનોના અન્ય ઘટક સમાજના સભ્યોને પણ પોતાનામાં સમાવી લીધા. ૧૯૭૦ની મિટિંગના એ ઉદાર દિલ ભાઇઓ આજે પણ વંદન કરવાને પાત્ર સાબિત થયેલ છે.

વર્ષ ૧૯૬૩માં સંસ્થાની સ્થાપના સમયે વર્ષ ૧૯૭૦માં આ સંસ્થાને "શ્રી કચ્છી જૈન સમાજ" તરીકે ફેરવવામાં અને આજે પણ જેઓ તેટલી જ લગનીથી કાર્યરત છે તેવા શ્રી પોપટલાલ નેણશી ધરોડની કાર્યશક્તિને નત મસ્તકે વંદન કરવાનું કોને મન નહીં થાય?

૧૯૭૦ની એ સભાના શ્રી હીરજી પાસુ શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા આજે પણ આ સમાજમાં તેટલી જ લગનીથી કાર્ય કરી રહેલ છે. વર્ષ ૧૯૭૦ની સભાના શ્રી ટોકરશી કેશવજી શાહ તથા અન્યોને પણ આ પ્રસંગે આપણે યાદ કરવા રહ્યા.

ત્યારબાદના સમયમાં સ્વ. માવજી ધારશી ફુરિયા, સ્વ. બાબુભાઇ વીરમ શાહ, સ્વ. પ્રમીલાબેન કુરુવા, સ્વ. બાબુભાઇ કેશવજી શાહ તથા સ્વ. વીરેન્દ્રભાઇ આસારીયા શાહે પોતાના સમયે આ સંસ્થાને ગૌરવપૂર્ણ મસ્તકે ઊભી રાખવા પોતાથી બનતા સર્વ પ્રયાસો કરી ચૂકેલ છે. આજે તેઓ આપણી વચ્ચે નથી તેનો આપણને રંજ છે.

વર્ષ ૧૯૭૫-૭૬ની આજુબાજુ આ સંસ્થાનું સુકાન શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી સંભાળતા હતા. સંસ્થાના મુખપત્ર મંગલ મંદિરની શરૂઆત તેઓશ્રીએ તેમના સમય દરમ્યાન કરેલ હતી. આજે તેઓ અમદાવાદ છોડી ગાંધીધામમાં વસવાટ કરી રહ્યા છે પરંતુ આ સંસ્થા સાથે તેમનો લગાવ તસુમાત્ર પણ ઓછો થયેલ નથી. સુવર્ણ જયંતી વર્ષનો લોગો અને સૂત્ર તેમની મહેનતનું પરિણામ છે.

એજ રીતે શ્રી હીરજી લાલજી ગડા (ઝાડુવાળા) અમદાવાદ છોડી હાલમાં કચ્છમાં વસવાટ કરી રહેલ છે, જ્યારે શ્રી મૂળજી નરશી શાહ તથા શ્રી બંસીલાલ મગનલાલ ગડા મુંબઇમાં વસવાટ કરી રહેલ છે. તેઓએ પણ તેમના સમયમાં અન્ય સાથીદારો સાથે આ સંસ્થાને જીવંત રાખવા પૂરેપૂરી મહેનત કરેલ હતી.

સમય જતાં જૂની પેઢી સરકીને બાજુ તરફ થતી ગઇ અને ત્યારપછીના કાર્યકરો હાલમાં સુકાન સંભાળી રહેલ છે. તેટલું જ નહીં, પરંતુ ભવિષ્યની અન્ય ત્રણેક પેઢી તો હાલમાં પણ ખૂબ જ વ્યસ્તતાથી કામ કરી રહેલ છે. આ ઉપરથી એટલું તો જરૂર કહી શકાય કે આ સંસ્થાના આવતા ૨૫ વર્ષ સુધીના સંચાલકો આ સંસ્થાને ઊની આંચ આવવા દેશે નહીં.

પૂરા થયેલ ૪૯ વર્ષની વિકાસયાત્રામાં સૌજન્ય દાતાશ્રીઓ, પાયાની ઇંટ સમાન આરંભના અને ત્યારબાદના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, હિતેચ્છુઓ વગેરેએ નિષ્ઠા અને ભાવનાપૂર્વક પોતપોતાનું યોગદાન પ્રદાન કર્યું છે, તેની અત્રે વિશેષ નોંધ લઇએ.

સમાજ તેની ૪૯ વર્ષની યાત્રા દરમિયાન અનુભવી, સમૃદ્ધ અને પરિપક્વ બન્યો છે તથા સિદ્ધિનાં નવાં નવાં શિખરો સર કરવાના યુવા-સહજ જોમ ઉત્સાહ અને તરવરાટ પણ ધરાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના કાર્યક્રમો, સિદ્ધિ અને પ્રગતિની પ્રશંસા માત્ર અમદાવાદ-ગાંધીનગર સુધી સીમિત રહી નથી પરંતુ સમગ્ર ભારતભરમાં અન્ય સંસ્થાઓ અને સમાજો દ્વારા તેની નોંધ લેવામાં આવે છે. સમાજના મુખપત્ર 'મંગલ મંદિર' પર અનેક સ્થળોએથી આવતા પત્રોની વિગતથી આ વાત સિદ્ધ થાય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની સંસ્થાએ જે કાંઇ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે માટે તેના સમગ્ર પરિવારજનો, આનંદની અનુભૂતિ કરે છે. તેમ છતાં સમાજ માને છે કે, હજુ ઘણું બધું કરવાનું છે અને વિકાસયાત્રાના ભાવિમાં અનેક વિક્રમો સ્થાપવાના પણ છે.

સમાજના સુવર્ણ જયંતી વર્ષના સમયે ફરીથી, ઉપર જણાવેલ સૌ કાર્યકરોને શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના દરેક સભ્ય પરિવારજનના અને તેની સાથે મુખપત્ર 'મંગલ મંદિર' પરિવારના કોટિ કોટિ વંદન.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*સમય વીતી ગયા બાદ કરેલું મહાન કામ પણ વ્યર્થ જતું હોય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ॥ ભાવભર્યું આમંત્રણ ॥

### ★ અમદાવાદ ખાતે સમારોહ ★

**આદરણીય સ્વજનશ્રી,**

સવિનય જણાવવાનું કે આગામી તા. ૧૪-૪-૨૦૧૨ શનિવારના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી ૫૦મા વર્ષમાં પ્રવેશી રહેલ છે. સુવર્ણ જયંતી વર્ષનાં આ ૫૦મા વર્ષને વિવિધ **સમાજોપયોગી** કાર્યો દ્વારા ઊજવવાનું સમાજનાં ટ્રસ્ટ મંડળે નિર્ણય કરી, તેનાં વર્ષભરનાં આયોજનો ઘડી કાઢેલ છે. **"સુવર્ણ જયંતી વર્ષ"**ના વર્ષભરના કાર્યક્રમની માહિતી 'મંગલ મંદિર'માં અન્યત્ર પ્રકાશિત કરી છે.

સુવર્ણ જયંતી વર્ષનાં મહોત્સવની શરૂઆત શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસે અમદાવાદ ખાતે, એક દબદબાભેર સમારોહ યોજીને કરવામાં આવનાર છે.

**સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ**ના સમયે ઉપસ્થિત રહી, અમારા ઉત્સાહમાં જોમ પૂરવા, આપશ્રીને આ **"ભાવભર્યું આમંત્રણ"** પાઠવવામાં આવે છે કે જેથી આપશ્રી, આપશ્રીની ડાયરીમાં આ દિન અમારા ખાતે ફાળવી શકો અને અમદાવાદ આવવા-જવાની મુસાફરીનાં આયોજનો અગાઉથી ગોઠવી શકો. આપશ્રીએ તા. ૧૩-૪-૨૦૧૨ની રાત્રે અથવા તા. ૧૪-૪-૨૦૧૨ની વહેલી સવારે અમદાવાદ આવવાનું રહેશે. તા. ૧૫-૪-૨૦૧૨ની સવારમાં આપશ્રી અમદાવાદથી પ્રયાણ કરી શકશો.

સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ સમયે આપશ્રીના પરિવારજનની ઉપસ્થિતિ, આ સમાજને તેનાં સમાજોપયોગી આયોજનો પાર પાડવા વધુ સારી રીતે પ્રોત્સાહિત કરી શકશે.

આપશ્રીના આવા-ગમનની જાણ અમને અગાઉથી કરવા વિનંતી કે જેથી આપશ્રીના અમદાવાદ ખાતેના રોકાણની વ્યવસ્થા અમે અગાઉથી ગોઠવી શકીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના, અમદાવાદ-ગાંધીનગર સ્થિત પરિવારોનાં કુટુંબીજનોને પણ આ સમારોહના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેઓશ્રીને આ કાર્યક્રમો સંબંધિત પ્રાપ્ત કરવાના પાસની વિગત અન્યત્ર આપેલ છે.

સહકારની અપેક્ષા સાથે,

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

**હીરજી પાસુ શાહ - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**
**ડૉ. ચંદ્રકાંત દેઢિયા - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**

**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**કાંતિલાલ સાવલા - કાયમી ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**મનુભાઈ શાહ - ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**પ્રતાપ દંડ - ટ્રસ્ટી તથા માનદ્ મંત્રી**

*યોગ્ય સમયે કરેલું નાનું કામ પણ બહુ ઉપકારક હોય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ॥ ભાવભર્યું આમંત્રણ ॥

### ★ મુંબઈ ખાતે સંમેલન ★

**સ્વજનશ્રી,**

**વિષય : મુંબઈ ખાતે કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન**

સવિનય જણાવવાનું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨ને શનિવારના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. સમાજનાં ટ્રસ્ટ મંડળે ૫૦મા વર્ષને **સુવર્ણ જયંતી વર્ષ** તરીકે ઊજવવાનું નક્કી કરેલ છે અને તેના અનુસંધાને વર્ષભરના કાર્યક્રમોનું આયોજન ગોઠવેલ છે.

ઉપરોક્ત **સુવર્ણ જયંતી મહોત્સવ**ના અનુસંધાને તેના દ્વિતીય મહિનાના કાર્યક્રમ અનુસાર, રવિવાર તા. ૧૩-૫-૨૦૧૨ તથા સોમવાર તા. ૧૪-૫-૨૦૧૨ એમ કુલ બે દિવસ માટે મુંબઈ (સુમતિ ગૂર્જર ભવન - ચેમ્બુર) ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન યોજવામાં આવનાર છે. આ સંમેલનમાં આપણે આપણી કર્મભૂમિમાં રહી આપણી જન્મભૂમિ તેમજ કર્મભૂમિ માટે શું કરવું જોઈએ / શું કરી શકીએ તેની નીચે જણાવેલ વિષયે, વિગતવાર ચર્ચા કરવામાં આવનાર છે.

૧. માતૃભૂમિમાં પરત ફરવા માટે હાલમાં કચ્છની ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તકો. (ઉદ્યોગ, ખેતી અને ટુરિઝમ)

૨. હાલના કર્મભૂમિના સ્થળે રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ.

૩. કર્મભૂમિના સ્થળે આપણે કરવાનાં સામાજિક કાર્યો.

૪. ઉચ્ચ કક્ષાના શિક્ષણથી સમાજનાં બાળકોને ઉત્તેજન આપવા અંગે.

૫. જે તે સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા પોતાની સંસ્થાએ કરેલ કાર્યોની માહિતી.

આ આગોતરા આમંત્રણથી સર્વેને વિનંતી કરવામાં આવે છે કે આ કાર્યક્રમ ભારતભરની કોઈપણ કચ્છી જૈન સંસ્થાના પદાધિકારીશ્રીઓ માટે યોજવામાં આવેલ છે. કોઈપણ કચ્છી જૈન સંસ્થા, ઓછામાં ઓછા ૩ પ્રતિનિધિઓને આ સંમેલનમાં મોકલાવે તેવી અમારી મહેચ્છા છે.

આ પત્ર દ્વારા આપશ્રીને તથા આપશ્રીની સંસ્થાને **ભાવભર્યું આમંત્રણ** પાઠવીએ છીએ જેથી આપશ્રી અગાઉથી મુંબઈ આવાગમનનાં આયોજનો ગોઠવી શકો.

આપશ્રીના શહેરની તથા અન્ય કોઈપણ શહેરની કચ્છી જૈન સંસ્થાઓના હોદ્દેદારોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું અમારું ભાવભર્યું નિમંત્રણ છે. આપશ્રીના શહેરની અન્ય કોઈ પણ કચ્છી જૈન સંસ્થા તથા તેના પદાધિકારીશ્રીની વિગતની માહિતી જો આપશ્રી અમને મોકલી શકશો તો તે વધુ યોગ્ય રહેશે અને તેથી અમે તેઓશ્રીને આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવી શકીશું.

આપશ્રીની સંસ્થામાંથી મુંબઈ કોણ કોણ ઉપસ્થિત રહેવાના છે તેની જાણ અમને ઉપરોક્ત સરનામે શક્ય ત્વરાએ કરવા વિનંતી કે જેથી અમે એ મુજબનાં આયોજનો ગોઠવી શકીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના, અમદાવાદ-ગાંધીનગર સ્થિત પરિવારજનોને પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેઓએ પણ પોતાનાં નામો અગાઉથી નોંધાવી દેવાં કે જેથી મુંબઈના સંમેલનમાં યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

સહકારની અપેક્ષા સાથે,

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

**હીરજી પાસુ શાહ - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**
**ડૉ. ચંદ્રકાંત દેઢિયા - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**
**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**કાંતિલાલ સાવલા - કાયમી ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**મનુભાઈ શાહ - ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**પ્રતાપ દંડ - ટ્રસ્ટી તથા માનદ્ મંત્રી**

*દોડવું નકામું છે, મુખ્ય વાત તો છે સમયસર નીકળવું.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવ

## અત્યાર સુધી પ્રાપ્ત થયેલ નકરાઓની વિગત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે સુવર્ણ જયંતી મહોત્સવને અનુરૂપ અનેક કાર્યક્રમોના નકરા નક્કી કરી, તેને 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવેલ હતા અને એ કાર્યક્રમોમાં આર્થિક સહકાર આપવા અપીલ કરવામાં આવેલ હતી.

અમને જણાવતાં હર્ષ થાય છે કે અનેક નકરાઓના દિલેર દાતાઓ તરફથી સાનુકૂળ પ્રત્યાઘાત પ્રાપ્ત થતાં, તેનાં જરૂરી વચનો આવી ગયેલ છે. જેની યાદી નીચે મુજબ પ્રસારિત કરવામાં આવે છે.

- તા. ૧૪-૪-૨૦૧૨ — સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ (ટાઉન હોલ) ................ રૂા. ૧.૫૧ લાખ
  મે. દીપ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ
  હા. શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી કાંતિલાલ વેલજી સાવલા
- તા. ૧૪-૪-૨૦૧૨ — મનોરંજન કાર્યક્રમ (જયશંકર સુંદરી હોલ) ................ રૂા. ૧.૫૧ લાખ
  મે. યુનીક ટેગ પ્રા. લિ. - અમદાવાદ હા. શ્રી નરેન્દ્ર રામજી દેઢિયા
- તા. ૧૪-૧૧-૨૦૧૨ — નૂતન વર્ષ મિલન સમારંભ ................ રૂા. ૦.૫૧ લાખ
  શ્રી લવજી સ્વરુપચંદ મહેતા - અમદાવાદ
- તા. ૨-૧૨-૨૦૧૨ — મનોરંજન કાર્યક્રમ - સમાજનાં યુવા બાળકો દ્વારા ................ રૂા. ૧.૫૧ લાખ
  શ્રી હરખચંદ કુંવરજી સાવલા - અમદાવાદ
- તા. ૨૦-૧-૨૦૧૩ — ભુજ ખાતે કચ્છ વિઝન-૨૦૨૫ના મુદ્દે સેમિનાર ................ રૂા. ૧.૫૧ લાખ
  શ્રી વીરેન ધીરજલાલ શાહ એન્ડ ગ્રૂપ - ભુજ
- તા. ૨૨-૨-૨૦૧૩ થી તા. ૨૫-૨-૨૦૧૩ — કચ્છી મેળો ................ રૂા. ૨.૫૧ લાખ
  મે. નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) લિ. - અમદાવાદ
  હા. શ્રી છોટુભાઈ રામજી ગાલા, શ્રી શાંતિભાઈ રામજી ગાલા
- કચ્છીઓની બિઝનેસ ડિરેક્ટરી ................ રૂા. ૧.૫૧ લાખ
  મે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ હા. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
- અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈનોનું વસતિ પત્રક ................ રૂા. ૧.૫૧ લાખ
  મે. નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) લિ. - અમદાવાદ
  હા. શ્રી છોટુભાઈ રામજી ગાલા, શ્રી શાંતિભાઈ રામજી ગાલા
- સુવર્ણ જયંતી પ્રસંગે અનુરૂપ કાર્ય માટે ................ રૂા. ૧.૦૦ લાખ
  મે. ઈનવોગ હા. શ્રી ચંદ્રકાંત રવિલાલ મહેતા
- સુવર્ણ જયંતી પ્રસંગે અનુરૂપ કાર્ય માટે ................ રૂા. ૧.૦૦ લાખ
  મે. કિરીટ કન્સ્ટ્રક્શન કું. હા. શ્રી દક્ષેશભાઈ નવીનચંદ્ર સંઘવી
- સુવર્ણ જયંતી પ્રસંગે અનુરૂપ કાર્ય માટે ................ રૂા. ૦.૨૧ લાખ
  શ્રી અનિલ પાસુભાઈ શાહનંદ

*રૂા. ૧૫.૮૦ લાખ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉપરોક્ત દરેક દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

**શ્રી પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવ

## બાકી રહેતા નકરાઓની વિગત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેનો સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવા તરફ આગળ વધી રહેલ છે. સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમોને અનુરૂપ અત્યાર સુધી અનેક નકરાઓ આવી ચૂકેલ છે, જેની યાદી અમે અન્યત્ર પ્રગટ કરેલ છે.

હવે બાકી રહેતા નકરાઓની યાદી અત્રે રજૂ કરવામાં આવી છે.

અમદાવાદ-ગાંધીનગર સ્થિત કચ્છી જૈન સમાજ તથા ભારતભરના અન્ય જૈન સમાજોના સભ્યો પણ આ બાકી રહેતા નકરાઓના કાર્યક્રમમાં હોંશભેર ભાગ લઇ શકે તે માટે આ યાદી રજૂ કરવામાં આવી છે.

*આશા છે કે બાકી રહેતા નકરાઓ પણ દિલેર દાતાશ્રીઓ દ્વારા પૂર્ણ કરવા અમને પૂરેપૂરો સહકાર મળી રહેશે.*

- તા. ૧૩-૫-૨૦૧૨ મુંબઇ ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન .... રૂા. ૨.૫૧ લાખ
- તા. ૧૪-૫-૨૦૧૨ મુંબઇ ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન .... રૂા. ૨.૫૧ લાખ
- તા. ૨૧-૬-૨૦૧૨ અષાઢી બીજ-કચ્છી નૂતન વર્ષ-અમદાવાદ ખાતે કચ્છી ડાયરો .................. રૂા. ૧.૫૧ લાખ
- તા. ૨૨-૭-૨૦૧૨ જાથા આયોજિત 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમ .................................. રૂા. ૧.૫૧ લાખ
- તા. ૧૫-૮-૨૦૧૨ સ્વાતંત્ર્ય દિન-સરસ્વતી સન્માન કાર્યક્રમ ........................................ રૂા. ૧.૫૧ લાખ
- તા. ૯-૯-૨૦૧૨ ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન .................................. રૂા. ૧.૫૧ લાખ
- તા. ૨૧-૧૦-૨૦૧૨ નવરાત્રિ મહોત્સવ (છઠ્ઠું નવરાત્ર) - અન્ય ઑપન ગ્રાઉન્ડ પર ................. રૂા. ૧.૫૧ લાખ
- તા. ૨૯-૧૦-૨૦૧૨ શરદોત્સવ-દાંડિયા રાસ હરીફાઇ - શ્રી કચ્છી જૈન ભવન પર .................. રૂા. ૦.૫૧ લાખ
- તા. ૨૧-૧-૨૦૧૩ થી તા. ૨૩-૧-૨૦૧૩ કચ્છ દર્શન ............................................................ રૂા. ૧.૫૧ લાખ
- તા. ૧૭-૩-૨૦૧૩ કચ્છી નાટક ............................................................ રૂા. ૧.૫૧ લાખ

*રૂા. ૧૬.૧૦ લાખ*

**શ્રી પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

---

## આપણું મગજ તિજોરી છે, વખાર નથી

રોજ રોજ ચારેબાજુથી જાત જાતની માહિતીનો ઢગલો ઠલવાતો રહે છે. એમાંથી જ્ઞાન કેટલું અને માહિતી કેટલી, એ ઘઉં - કાંકરામાંથી ઘઉં અલગ તારવવા જેવું અઘરું છે. ટી.વી., રેડિયો, છાપાં જેવા દૃશ્ય, શ્રાવ્ય અને વાચ્ય માધ્યમો સતત કાંઈ ને કાંઈ રજૂ કરતાં રહેતાં હોય છે. તેમાંથી ઉત્તમને જ અપનાવવું. નકામું કાંઈ ન સંઘરવું. નકામું હોય તેની ઉપેક્ષા કરવી. જે ઉત્તમ હોય તેને મગજની તિજોરીમાં મૂકવું કારણકે આપણાં મન-મગજ તે તિજોરી છે, વખાર નથી. તિજોરીમાં શું મૂકાય અને વખારમાં શું મૂકાય તે તો આપણે સારી રીતે જાણીએ છીએ.

રત્નનું સ્થાન તિજોરીમાં અને રાખનું સ્થાન વખારમાં. રત્નો ઓછા મળે, શોધવા પડે, ક્યારેક જ મળે. છતાં તેના જ પ્રેમી બનીએ.

કોઈ ને કોઈ રત્ન આપણી રાહ જુએ છે - તેના તરફ એવો અભિગમ કેળવીએ અને તેના અજવાળે જીવનને ગુણ-સમૃદ્ધ બનાવીએ.

---

*પ્રાર્થનાની ખૂબી એ છે કે તે બધાં પ્રલોભનો પર વિજય અપાવે છે.*

# ફિલ્મ ઉદ્યોગ ક્ષેત્રના પ્રસિદ્ધ સંગીતકાર
# પદ્મશ્રી આણંદજી વીરજી શાહ (કલ્યાણજી આણંદજી ફેઇમ)



કચ્છમાં કુંદરોડી ગામે તા. ૨-૩-૧૯૩૩ના રોજ જન્મેલા શ્રી આણંદજીભાઈની કારકિર્દી હંમેશાં ખૂબજ ઉજ્જવળ રહી છે. સંગીત એમના માટે પ્રોફેશનલ કરતાં શોખનો વિષય વિશેષ રહ્યો છે.

વીરજીભાઈ શાહના બે પુત્રો. સ્વ. કલ્યાણજીભાઈ, જેમનો જન્મ ૧૯૨૮માં થયો હતો અને બીજા શ્રી આણંદજીભાઈ, તેમના પિતાશ્રી કિરાણાનો ધંધો શરૂ કરવા કચ્છથી મુંબઈ પરિવાર સાથે આવ્યા હતા. ત્યાં શ્રી આણંદજીભાઈ સંગીત ક્ષેત્રની કેટલીક પ્રખ્યાત પ્રતિભાઓના પરિચયમાં આવ્યા.

આપને જાણીને નવાઈ લાગશે કે શ્રી આણંદજીભાઈએ એક અદાકાર તરીકે પણ પોતાનું નસીબ અજમાવ્યું હતું અને તે રીતે ફિલ્મ ઉદ્યોગની કેટલીક ટેકનિકથી માહિતગાર બન્યા હતા. આ પ્રકારની જિજ્ઞાસાવૃત્તિ ફિલ્મ ઉદ્યોગ ક્ષેત્રે પોતાની આગવી કારકિર્દીના ઘડતર માટે પાછળથી શ્રી આણંદજીભાઈને ખૂબ ઉપયોગી સાબિત થઈ.

વર્ષ ૧૯૫૪માં કલેવાયોલિન દ્વારા ફિલ્મ 'નાગીન'માં બીન વગાડીને સારી સફળતા હાંસલ કરી હતી અને તેના પરિણામે કલ્યાણજી વીરજી એન્ડ પાર્ટીના નામે મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા ગ્રૂપ શરૂ કર્યો. ત્યારબાદ સમગ્ર ભારતમાં અનેક સ્થળોએ ઓર્કેસ્ટ્રા શો દ્વારા પોતાની અનોખી પ્રતિભાનાં દર્શન કરાવ્યાં.

મુંબઈમાં ફિલ્મ ઉદ્યોગ ક્ષેત્રમાં સંગીતકાર તરીકે તેમનું આગમન એક પડકારરૂપ હતું. તે સમયે એસ.ડી. બર્મન, હેમંતકુમાર, રવિ, મદનમોહન, નૌશાદ અને શંકર-જયકિશન જેવા મહાન સંગીતકારો તેમના ક્ષેત્રમાં ખૂબ પ્રખ્યાત થઈ ચૂક્યા હતા. આ સ્થિતિમાં મુશ્કેલ કામ હોવા છતાં પણ કલ્યાણજી આણંદજીએ પોતાની મહેનત અને ધગશથી તેમાં ઝંપલાવ્યું અને આપણે બધા જાણીએ છીએ તેમ એક કચ્છી તરીકે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે લોકોનાં દિલ દિમાગ જીતી લીધાં અને કચ્છીયતને ઉજાગર કરી.

સંગીતકાર કલ્યાણજી વીરજી શાહ તરીકે સને ૧૯૫૯માં 'સમ્રાટ ચંદ્રગુપ્ત' તેમની પ્રથમ ફિલ્મ હતી. યાદ કરો તે ફિલ્મનું એક મધુર ગીત... 'ચાહે પાસ હો...' આજે પણ એટલું જ તાજગીભર્યું એ ગીત છે. ત્યારબાદ અનેક ફિલ્મો જેમ કે, પોસ્ટ બોક્ષ-૯૯૯, સટ્ટાબઝાર, મદારી, વર્ષ ૧૯૬૧ની છલિયા જેવી ફિલ્મોનાં ગીતો તેના સંગીતના કારણે એટલાં જ હીટ થયાં. હિમાલય કી ગોદમેં અને જબ જબ ફૂલ ખિલે, આ બન્ને ફિલ્મો માત્ર સંગીતના માધ્યમથી ઉચ્ચ શ્રેણીની રહી અને તેના પરિણામે આ સંગીતકાર સફળતાના શિખરે બિરાજમાન થયા.

શ્રી આણંદજીભાઈની શરૂથી એક ખાસિયત રહી છે કે, ફિલ્મની નાની-મોટી તમામ ટેકનિકલ બાબતો પ્રથમથી જાણી લેવી અને ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક શું મેસેજ આપવા માગે છે વગેરે બાબતોનો ઊંડો અભ્યાસ કરીને જ પોતાની કામગીરી સેટ કરતા હતા અને તેના કારણે જ કલ્યાણજી આણંદજીના સંગીતવાળી ફિલ્મો તેમના નામ માત્રથી સફળ થતી હતી. શ્રી આણંદજીભાઈ ભારતીય ફોક સંગીત અને વૈશ્વિક સંસ્કૃતિના સંગીતમાં પણ ઊંડો રસ ધરાવે છે. તેમણે દેશ અને વિદેશમાં અનેક ચેરિટેબલ ખાનગી સંસ્થાઓના લાભાર્થે સંગીતના ઘણા કાર્યક્રમો યોજ્યા છે. બોલીવુડનાં દિલીપકુમાર, અમિતાભ બચ્ચન, અનિલકપૂર, વિનોદ ખન્ના, રેખા, શ્રીદેવી જેવી અનેક જાણીતી હસ્તીઓ સાથે આ પ્રકારના સંગીતના જાહેર કાર્યક્રમો સફળતાપૂર્વક કર્યા છે. એટલું જ નહીં, પરંતુ મનહર ઉદાસ, કુમાર સાનુ, અલકા યાજ્ઞિક, સાધના સરગમ, સપના મુખર્જી, ઉદિત નારાયણ, સુનિધિ ચૌહાણ જેવી પ્રતિભાઓની શોધ પણ તેમની કાબેલિયતની

*અવસર ચૂકી જવો એ જિંદગીમાં સૌથી મોટું નુકસાન છે.*

સાક્ષીરૂપ છે.

બીજી તરફ આનંદલક્ષી, ગુલશન બાવરા, અન્જાન, વર્મા મલ્લિક અને એમ.જી. હશમત જેવા જાણીતા ગીત લેખકોની ફિલ્મ ઉદ્યોગ ક્ષેત્રે ઓળખ કરાવીને તેમને ઉપર લાવવામાં તેમનો અગ્રિમ હિસ્સો રહેલો છે.

કલ્યાણજીભાઈએ તા. ૨૪-૮-૨૦૦૦ના અંતિમ શ્વાસ લીધા પરંતુ શ્રી આણંદજીભાઈ સાથે તેમનો ઝળહળતો યુગ હંમેશાં યાદ રહેશે. કલ્યાણજીભાઈએ એક સ્વપ્ન સેવ્યું હતું કે યુવાન વર્ગ સંગીતના ક્ષેત્રે આગળ આવે. તે સ્વપ્નને સાકાર કરવા શ્રી આણંદજીભાઈએ 'લિટલ સ્ટાર્સ'ના માધ્યમથી મનોરંજનના અનેક કાર્યક્રમો માત્ર ભારતમાં જ નહીં પરંતુ સાઉથ આફ્રિકા, કેન્યા, યુ.કે., યુ.એસ.એ. વગેરે, દેશોમાં સફળતાપૂર્વક આપીને લોકચાહના પ્રાપ્ત કરી છે. 'લિટલ સ્ટાર્સ' યુવાવર્ગને પોતાની પ્રતિભાની ઓળખ કરાવવા એક કડીરૂપ સાબિત થયું.

જૂના ગીત-સંગીતથી વીતેલા સમયના ગાયક, કમ્પોઝર્સ, ગીતકારો વગેરેને હંમેશાં જીવંત રાખવાની ઉમ્મિદ શ્રી આણંદજીભાઈએ પોતાના દિલમાં રાખી છે.

## મહાન સંગીતકાર કલ્યાણજી આણંદજીને પ્રાપ્ત થયેલા ઍવૉર્ડ્સ અને સન્માનની એક ઝલક

- ૧૯૬૫ : સિને મ્યુઝિક ડાયરેક્ટર્સ એસોસિએશન : ફિલ્મ-હિમાલયકી ગોદમેં
- ૧૯૬૭ : બેસ્ટ મ્યુઝિક માટે પ્રથમ રાષ્ટ્રીય ઍવૉર્ડ : ફિલ્મ સરસ્વતીચંદ્ર
- ૧૯૭૪ : ફિલ્મફેર ઍવૉર્ડ : ફિલ્મ કોરા કાગઝ
- ૧૯૭૪ : એચ.એમ.વી. દ્વારા પ્રથમ પ્લેટિનમ ડિસ્ક (ભારતની પ્રથમ પ્લેટિનમ ડિસ્ક) : ફિલ્મ - મુકદ્દર કા સિકંદર
- ૧૯૮૦ : મ્યુઝિક ઈન્ડિયા દ્વારા પ્રથમ પ્લેટિનમ ડિસ્ક : ફિલ્મ-કુરબાની
- ૧૯૯૦ : મધ્યપ્રદેશ સરકાર દ્વારા લતા મંગેશકર-લાઈફટાઈમ ઍચિવમેન્ટ ઍવૉર્ડ
- ૧૯૯૨ : ભારત સરકાર દ્વારા પદ્મશ્રી ઍવૉર્ડ
- ૧૯૯૨ : ઈન્ડિયન મોશન પિક્ચર્સ પ્રોડ્યુસર્સ એસોસિએશન દ્વારા ફિલ્મ ઉદ્યોગમાં શ્રેષ્ઠ ફાળો પ્રદાન કરવા માટે ઍવૉર્ડ
- ૨૦૦૩ : સાઉથ આફ્રિકાની આઈઆઈએફએનો લાઈફટાઈમ ઍચિવમેન્ટ ઍવૉર્ડ
- ૨૦૦૪ : યુકે-સહારાનો લાઈફટાઈમ ઍચિવમેન્ટ ઍવૉર્ડ
- ૨૦૦૬ : લોસ એન્જેલસમાં બીએમઆઈનો એક યુનિક ઍવૉર્ડ

આ સિવાય ખાનગી સંસ્થાઓ દ્વારા ફિલ્મ સંગીત ક્ષેત્રમાં અમૂલ્ય ફાળો પ્રદાન કરવા માટે બીજા અનેક ઍવૉર્ડસ-સન્માન તેઓએ પ્રાપ્ત કર્યા છે.

તેમના સંગીતવાળી કુલ ૨૫૦ ફિલ્મો છે જેમાં સુવર્ણ જયંતી ઉજવવાવાળી ૧૧ અને રજત જયંતી ઉજવવાવાળી ૩૮ ફિલ્મો છે.

*રજૂઆત : દિનેશ આર. મહેતા*

## તમે એકલા નથી

**તમારું જીવન તમારા એકલાની જ વાત છે તેમ કદી ન માનતા. તમારી સફળતા તમારો એકલાનો જ પ્રશ્ન છે ને એની સાથે બીજા કોઈને કશી જ લેવાદેવા નથી એમ કદી ન કલ્પતા. તમે સમાજનું એક અંગ છો.**

**તમારી જવાબદારી તમારા પૂરતી નથી, વિશ્વવ્યાપી છે. સરોવરનાં શાંત જળ ઉપર એક કાંકરી પડવા દો. એટલે ઠેઠ દૂરના કાંઠા સુધી તેના સ્પંદનનાં કુંડાળાં વ્યાપી જશે.**

**નાની કાંકરીની કેટલી જવાબદારી!**


**અસંખ્ય માણસો તમારી રાહ જુએ છે. તેઓ તમને ઓળખતા નથી અને તમે પણ તેમને હજી ઓળખતા નથી. પણ આગળ ઉપર તમારો એમની સાથે ભેટો થતો જશે ત્યારે તમારો ઉત્સાહ એમનામાં જરૂર ઉત્સાહ જન્માવશે. તમારી પ્રામાણિકતા એમને પ્રામાણિક બનાવશે. ન કરે નારાયણ, ને તમારી નિરાશા, ઉદાસીનતા ને ગ્લાનિ એમને કાયમ માટે હતાશ કરી મૂકશે. તમે એકલા નથી.**

**તમારા ભાવિ સાથે અસંખ્ય માણસોનું ભાવિ તેમના સદ્ભાગ્ય કે દુર્ભાગ્ય માટે સંકળાયેલું છે. આથી તમારી દૃષ્ટિમાં સમષ્ટિ જોઈ એકતામાં અનેકતા માની જીવન જીવાય તો જ સાર્થકતા છે.**

*સાભાર : 'જીવન સુરભિ', પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*યોગ્ય તક શોધી કાઢો, અવસરની અછત નથી.*

# પ્રસારણ ક્ષેત્રનો એકમાત્ર જાદુઈ અવાજ એટલે શ્રી અમીન સયાની




આઝાદી આંદોલનમાં સક્રિય એવા એક દેશભક્ત પરિવારમાં શ્રી સયાનીનો જન્મ વર્ષ ૧૯૩૨માં થયો હતો.

શ્રી અમીન સયાનીની કારકિર્દીની શરૂઆત વર્ષ ૧૯૫૧માં તે વખતે રેડિયો પર કાર્યરત એજન્સીઓ સાથે મુખ્યત્વે હિંદી ભાષાના પ્રસારણની કામગીરીથી થઈ હતી. તે રીતે, શ્રીલંકા બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન એટલે કે રેડિયો સિલોન માટે ભારતીય એજન્સીની વિંગ સાથે પ્રસારણ કરવા જોડાણ કર્યું હતું. પાછળથી આ સેવાને ઓલ ઈન્ડિયા રેડિયોની વેપારી પ્રસારણ સેવા દ્વારા માન્યતા પ્રદાન થઈ હતી. કંપનીના એક સિનિયર નિર્માતા તરીકે લગભગ ૧૫ વર્ષ કામગીરી કરીને વર્ષ ૧૯૮૬માં તે જોડાણનો અંત આવ્યો હતો. ત્યાર પછીથી તેઓ સ્વતંત્રપણે કાર્યરત રહ્યા છે.

વર્ષ ૧૯૫૧થી શ્રીલંકા બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન, ૧૯૭૦થી ઓલ ઈન્ડિયા રેડિયો વેપારી પ્રસારણ સેવા અને ૧૯૭૬થી વિદેશી અનેક સ્ટેશનો સાથે કામગીરીના સમય દરમ્યાન લગભગ ૫૪,૦૦૦ રેડિયો પ્રોગ્રામ અને ૧૯,૦૦૦ મનોરંજનના કાર્યક્રમોનું પ્રસારણ અથવા નિર્માણ કર્યું છે. તેમની આ અતિ ભવ્ય સિદ્ધિને લીમ્કા બુક ઑફ રેકોર્ડસમાં યોગ્ય રીતે સ્થાન આપવામાં આવ્યું છે.

ગ્રાહકોની ઉપભોક્તાયુક્ત વસ્તુઓ માટેની કેટલીક જાણીતી કંપનીઓ માટે રેડિયો પ્રસારણના નિર્માણનું કામ શ્રી સયાનીએ કર્યું છે, તે તરફ નજર કરીએ તો....

★ વર્ષ ૧૯૫૨થી સિબાકા (અગાઉ બિનાકા) ગીતમાલા, જે શ્રીલંકા બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન સાથે અને ત્યારબાદ ઓલ ઈન્ડિયા રેડિયો પર વિવિધ ભારતી કાર્યક્રમમાં લગભગ ૪૨ વર્ષ સુધી.

★ એસ.કુમાર કા ફિલ્મી મુક્કદમા અને ફિલ્મી મુલાકાત જેનું લગભગ ૭ વર્ષ સુધી શ્રીલંકા બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન અને વિવિધ ભારતી પર પ્રસારણ થયું હતું.

★ ચાર વર્ષ સુધી સેરિડૉન કે સાથી માટે.

★ બોર્નવિટા ક્વિઝના અંગ્રેજી પ્રસારણમાં ૮ વર્ષ સુધી (વર્ષ ૧૯૭૫માં તેમના ગુરુ સમા ભાઈ હમિદ સયાનીના મૃત્યુ બાદ તે પ્રસારણની જવાબદારી શ્રી અમીન સયાનીએ સંભાળી હતી.)

★ શાલીમાર સુપરલેક જોડી માટે ૭ વર્ષ.

★ મરાઠા દરબારના સિતાર્યેકી પસંદ અને ચમકતે સિતારેં જેવા કાર્યક્રમ શો માટે ૧૪ વર્ષ.

★ સંગીત કે સિતારોં કી મેહફિલ માટે ૪ વર્ષ સુધી અને અત્યારે પણ આ પ્રકારના પ્રસારણની કામગીરી ચાલુ છે.

★ આ ઉપરાંત એચ.આઈ.વી. / એઈડ્સ સંબંધી રેડિયો સીરીઝના ૧૩ એપિસોડ તૈયાર કર્યા છે.

★ વર્ષ ૧૯૭૬થી યુ.એસ.એ., કેનેડા, યુ.કે., યુ.એ.આઈ., સાઉથ આફ્રિકા, ફિઝી ન્યુઝિલેન્ડ જેવા વિદેશી દેશોમાં ભારતીય રેડિયો શો અને વેપારી ધોરણનાં પ્રસારણોને લઈ જવામાં તેઓ સર્વપ્રથમ છે. યુવા વયમાં બોમ્બેના ઓલ ઈન્ડિયા રેડિયો પર કાર્યક્રમના પ્રસારણકર્તા તરીકે પણ તેઓએ કામગીરી કરેલ છે.

તેમના શો અને પ્રસારણની ૨૫ ભાગવાળી 'ગીતમાલા કી છાંવમેં' નામથી સી.ડી. તાજેતરમાં રીલિઝ થઈ છે. સી.ડી.ની આ

*સડેલા વિચારોને છોડો, નિરાશા આપોઆપ દૂર થશે.*

સીરીઝે દેશ અને વિદેશોમાં ખૂબ ધૂમ મચાવી દીધી છે.

વર્ષ ૧૯૭૬ અને ૧૯૭૭માં તેમણે રેડિયો અને ટી.વી.ના સામાજિક ક્ષેત્રના બે મહત્ત્વના સેમિનારોનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

રેડિયો અને ટી.વી. એડવર્ટાઇઝિંગ પ્રેકટિશનર એસોસિએશનના તેઓ વર્ષ ૧૯૮૪-૮૫થી ૬ વર્ષ માટે પ્રમુખ હતા ત્યારે તેમના પ્રમુખપદ હેઠળ સંસ્થાના બુલેટિનનું પ્રકાશન, વર્કશોપ વગેરે કામગીરી થઈ હતી.

ભારત સરકાર દ્વારા ગઠન કરવામાં આવેલી પ્રથમ વર્કિંગ ગ્રૂપની સમિતિમાં તેમજ ઓલ ઈન્ડિયા રેડિયો અને ટી.વી. પર રજૂ થતાં વેપારી પ્રસારણોમાં તેમણે નામના પ્રાપ્ત કરી છે. તે ઉપરાંત રેડિયો અને ટી.વી. સંબંધિત અનેક વર્કશોપ અને સેમિનારમાં મહત્ત્વની કામગીરી અદા કરી છે.

આ સિવાય, એડવર્ટાઇઝિંગ સ્ટાન્ડર્ડસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન સોસાયટી ઓફ એડવર્ટાઇઝિંગ, એશિયન એડવર્ટાઇઝિંગ કોંગ્રેસ, ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળની વિવિધ સમિતિઓમાં, જુનિયર ચેમ્બર વગેરે અનેક સંસ્થાઓ અને સમિતિઓમાં વિભિન્ન પ્રકારની કામગીરી સફળતાપૂર્વક કરી છે. તે સાથે તેને સંલગ્ન વર્કશોપ, સેમિનાર વગેરેના આયોજનો પણ કર્યા છે.

ભારત અને વિદેશમાં અનેક સ્થળોએ સંગીત, બ્યુટી સ્પર્ધા, ફેશન શો, ઍવૉર્ડ વિતરણ, ફિલ્મોની રજત જયંતીના ઉપલક્ષમાં કાર્યક્રમો, આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલ, કોન્સર્ટ, ટ્રેડ અંગેની રજૂઆત વગેરેના ૨૦૦૦થી વધારે સ્ટેજ કાર્યક્રમોમાં પોતાના જાદુભર્યા અવાજના માધ્યમથી દેશ-વિદેશના કરોડો શ્રોતાજનોના દિલ-દિમાગમાં શ્રી સયાની છવાયેલા રહ્યા છે. જે તેમની કારકિર્દીનું મહત્ત્વનું પાસું છે.

વળી રેડિયો, ટી.વી., સિનેમા, પ્રેસ, ક્લબના જુદા જુદા અનેક કાર્યક્રમોના સમયે તેઓએ જ્યુરી પેનલના સભ્ય તરીકે અગત્યની ભૂમિકા કરી છે.

- **શ્રી અમીન સયાનીનું એક સ્વપ્ન :**

ભારતના રાષ્ટ્રગીતની પડછાઈમાં એક એવા અન્ય રાષ્ટ્રગીતની રચના થાય તેમ શ્રી સયાનીની પ્રબળ ઈચ્છા છે. એ ગીત એટલે દેશની સમગ્ર પ્રજા તેને આસાનીથી સમજી શકે, અપનાવી શકે. એવું ગીત કે જેમાં દેશવાસીની આશા અને અરમાનોની છબી તેમાં હોય. એવું ગીત કે દેશવાસીઓની જરૂરતનું પ્રતિબિંબ તેમાં હોય. આજે દેશનું અર્થતંત્ર અને વહીવટ પાયાથી સુધારો માંગે છે. એટલે તેનો પડઘો તે ગીતથી પડતો હોય અને આપણને નવો રાહ બતાવીને રાષ્ટ્રભક્તિ, હિતની પ્રેરણા આપે તેવું તે ગીત હોવું જોઈએ. આપણે ઈચ્છીએ કે શ્રી અમીન સાયાનીનું આ સ્વપ્ન તરતથી સાકાર થાય.

- **શ્રી અમીન સયાનીને પ્રાપ્ત થયેલાં સન્માન અને ઍવૉર્ડ :**

★ પ્રસારણ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરવા બદલ વર્ષ ૨૦૦૯માં ભારતના રાષ્ટ્રપતિના હસ્તે 'પદ્મશ્રી' ઍવૉર્ડ.

★ એડવર્ટાઇઝિંગ ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કરવા બદલ વર્ષ ૧૯૯૧માં આઈ.એસ.આઈ.નો પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલ.

★ શતાબ્દિની સર્વોત્તમ રેડિયો કેમ્પેન 'બિનાકા ગીતમાલા' માટે વર્ષ ૨૦૦૦માં એડવર્ટાઇઝિંગ ક્લબનો ગોલ્ડન ઍવૉર્ડ.

★ પ્રસારણ ક્ષેત્રમાં લાંબી અને સફળતાપૂર્વકની કારકિર્દી બદલ વર્ષ ૨૦૦૭માં હિંદી ભવન, ન્યુ દિલ્હી દ્વારા 'હિંદી રત્ન' પુરસ્કાર - ઍવૉર્ડ.

***સરનામું :*** સેસિલ કોર્ટ, એમ.કે. ભૂષણ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૧. ફોન : ૨૨૦૪ ૭૫૮૩, ૨૨૮૩ ૧૫૧૫.


***રજૂઆત : દિનેશ મહેતા***

## ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે

**આપણે કાંઈ ને કાંઈ પુરુષાર્થ તો રોજ કરતાં જ રહીએ છીએ, પણ એ પુરુષાર્થની સફળતાની આધારશિલા છે : ધ્યેયની સ્પષ્ટતા.**
**આપણું ધ્યેય સ્પષ્ટ હોય તો જ, તેને સામે રાખીને કરેલી ગતિ સાર્થક બને છે; એ ગતિ પ્રગતિમાં રૂપાંતર પામે છે.**
**ધ્યેયની સ્પષ્ટતા અને તે પછી, તે માટેના પુરુષાર્થનું સાતત્ય જરૂરી છે.**
**આ સરળ નથી. તેમાં વિઘ્ન આવે તો પણ તે ધ્યેયનો વિકલ્પ ન સ્વીકારવો.**
**ધ્યેય પ્રાપ્તિની તીવ્રતા એ વિઘ્નોને વિખેરી નાખે છે. વિકટ પહાડમાંથી રસ્તો કરી એને ઓળંગીને જવાનું બળ આપે છે.**
**માટે, ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવિરતપણે મંડ્યા રહેવું તે સિદ્ધિની પૂર્વ શરત છે.**
**ગામ જવા નીકળ્યા. પણ માત્ર ચાલવાથી ગામ નથી પહોંચાતું, પણ જે ગામ જવું છે તે ગામની દિશામાં ચાલવાથી તે ગામ પહોંચાય છે - જરૂર પહોંચાય છે. — ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે.**

*કોઈપણ વસ્તુને ક્યારેય નકામી સમજવી ન જોઈએ.*

# પ્રખ્યાત ઉદ્‌ઘોષક અને કાર્યક્રમના જાણીતા એંકર શ્રી હરીશ ભીમાણી



સમગ્ર ભારતમાં કાર્યક્રમના જાણીતા એંકર અને એક આગવી શૈલીનો પ્રખ્યાત અવાજ એટલે શ્રી હરીશ ભીમાણીનું નામ અગ્ર સ્થાને આવે. 'સમય'ના અવાજ અને 'મહાભારત' સિરીયલના વૃત્તાંતકાર તરીકે તેઓશ્રી ખૂબ જાણીતા છે. સને ૧૯૮૦થી જાહેર કાર્યક્રમો સિવાય દસ્તાવેજી, કોર્પોરેટ ફિલ્મ, ફિચર ફિલ્મ, ટીવી અને રેડિયોમાં વેપારી જાહેરાતો, પ્રસારણ, રમત ગમત, મ્યુઝિક આલ્બમ વગેરે ક્ષેત્રોમાં પોતાના આગવી શૈલીવાળા અવાજ થકી અગ્ર સ્થાને રહ્યા છે. મીડિયાએ શ્રી હરીશ ભીમાણીના અવાજને 'ભારતનો ખૂબજ પ્રચલિત અવાજ' તરીકે માન્યતા પ્રદાન કરી છે.

તા. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૫૬ના રોજ જન્મેલા શ્રી હરીશભાઈએ મુંબઈની એચ.એમ. પબ્લિક સ્કૂલમાં પ્રાથમિક કક્ષાનો અભ્યાસ કર્યા બાદ એમબીએની ઉપાધિ પ્રાપ્ત કરેલી છે.

ઉપર નિર્દેશ કરેલા અલગ-અલગ વિષય ક્ષેત્રે તેમજ ટીવી સીરિયલ 'ખાનદાન'ની કથા ઉપરાંત 'લતા દીદી અજીબ દાસ્તાન હૈ યેહ' (૧૯૯૫) ટાઈટલવાળી સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરના જીવન ચરિત્રની વેબસાઈટ સહિત દેશ-વિદેશમાં શ્રી હરીશભાઈના અનોખા અને અદ્‌ભુત અવાજમાં અંદાજે ૧૮૦૦૦ જેટલા રેકોર્ડિંગ્સ થયેલાં છે. "લતા એક દંતકથા" નામના પુસ્તક સ્વરૂપે તેઓએ આપણી સમક્ષ લતાજીની વિશિષ્ટતા પણ રજૂ કરેલ છે.

વર્ષ ૨૦૦૩માં સચિન શંકરના મહાત્મા ગાંધી પરના ડાન્સ ડ્રામામાં તેઓએ વૃત્તાંતકાર તરીકે કામગીરી કર્યા બાદ વર્ષ ૨૦૦૪માં લગભગ વીસ મિનિટની ખાસ ફિલ્મ બનાવેલ છે.

*રજૂઆત : દિનેશ આર. મહેતા*

## કેટલી વીસે સો થાય

મહા મહેનતે કમાયેલી મૂડી જુવાન છોકરા ઊડાવી દે ત્યારે મોટેરાઓ કહે છે, 'તને શી ખબર કે કેટલી વીસે સો થાય છે. અમને કમાતા કેટલી મહેનત પડી છે અને તમે લોકો એને આમ વેડફી દો છો!'

ખેર, એ તો નાદાન છે, ખ્યાલ ન આવે. પણ તું તો જમાનાનો ખાધેલ છે, ઠરેલ છે, સમજુ છે. તને મળેલી આ મૂડી - મનુષ્યભવ રૂપી મળેલી મૂડી, એ તારા જ પોતાના કેટલા બધા પુણ્યથી મળી છે એની તને ખબર છે?

આવા મનુષ્યભવને બસ ખાવા, પીવા ને મોજશોખ પ્રાપ્ત કરવામાં જ તું ગુમાવી રહ્યો છે? એવું તો પશુપક્ષી પણ કરે છે.

ઉપરાંત તને મળેલ બધી કામ કરતી ઈન્દ્રિયો, ઠીક ઠીક લાંબું આયુષ્ય, બુદ્ધિનો ઉઘાડ, સત્સંગનો યોગ, ધારું તો પરિવારની અનુકૂળતા, સદ્‌ધર્મનું શ્રવણ આ બધું કંઈ ઓછા પુણ્યે નથી મળ્યું. આ બધું પ્રાપ્ત કરતાં કેટલી વીસે સો થઈ છે એ તું પોતે જ ભૂલી ગયો છે અને એટલે તો એને બસ પૈસા કમાવામાં કે રૂઢિ - વ્યવહારમાં ઉડાવી દે છે. જરા વિચાર કર! આ બધું પ્રાપ્ત થયા છતાં સંસાર ચક્રમાંથી છૂટવાનો કંઈ જ પ્રયત્ન નહિ કરે તો તારા જેવો, આપણા જેવો, મૂર્ખો બીજો કોણ?

ફરીથી વિચાર કરીએ - કેટલી વીસે સો થઈ છે!

*સાભાર : 'જીવન સુરભિ', પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*બધે જ ગુણની પૂજા થાય છે, સંપત્તિની નહીં.*

# પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક
# શ્રી વિપુલ અમૃતલાલ શાહ (વિપુલ શાહ)



તા. ૩ એપ્રિલના રોજ જન્મેલા શ્રી વિપુલ શાહ હિન્દી ફિલ્મ ક્ષેત્રના જાણીતા નિર્માતા અને દિગ્દર્શક છે. વર્ષ ૨૦૧૦ સુધીમાં તેમણે પાંચ હિન્દી ફિલ્મોનું દિગ્દર્શન કરેલું છે. આ પાંચ ફિલ્મો પૈકી ચારમાં અક્ષયકુમારે મુખ્ય નાયક તરીકેની ભૂમિકા અદા કરી છે.

ફિલ્મ ક્ષેત્રે આગમન પૂર્વે શ્રી વિપુલ શાહે ટેલિવિઝનની 'સોની' મનોરંજન ચેનલ પર પ્રચલિત થયેલી સીરિયલ 'એક મહલ હો સપનોં કા' દ્વારા પોતાની આગવી ઓળખ આપી હતી. આ પારિવારિક કથાવાળી સીરિયલના ૧૦૦૦ કરતાં વધુ એપિસોડ રજૂ થયા હતા. પાંચ ફિલ્મો પૈકી વર્ષ ૨૦૦૨માં સૌથી વધારે હિટ થયેલી 'આંખે' ફિલ્મના દિગ્દર્શન થકી શ્રી શાહે ફિલ્મ ક્ષેત્રે પ્રથમ વખત આગમન કર્યું અને ત્યારપછી વર્ષ ૨૦૦૫ની ફિલ્મ 'વક્ત' (The Race against Time) દ્વારા તેમણે પ્રેક્ષકો અને ટીકાકારોને ખૂબજ પ્રભાવિત કરી દીધા.

તેમની અન્ય બે ફિલ્મો 'નમસ્તે લંડન' અને 'સિંઘ ઇઝ કિંગ' એ બોક્ષ ઓફિસ પર સારી સફળતા હાંસલ કરી હતી. વર્ષ ૨૦૦૯ની સલમાનખાન દ્વારા અભિનીત 'લંડન ડ્રીમ્સ' ફિલ્મથી એક સફળ દિગ્દર્શક તરીકેની જવાબદારી અદા કરી પરંતુ તેમની વર્ષ ૨૦૧૦માં રીલીઝ થયેલી અક્ષયકુમાર અને ઐશ્વર્યારોય વાળી 'એક્શન રિપ્લે' ફિલ્મ ફલોપ થઇ હતી.

શ્રી વિપુલ શાહે વર્ષ ૨૦૦૭ની 'નમસ્તે લંડન' ફિલ્મનો દ્વિતીય અંશ તૈયાર કરવાનો ઇરાદો માસ માર્ચ, ૨૦૧૧માં જાહેર કરેલો છે.

તેમના અંગત જીવનની વાત કરીએ તો શ્રી શાહે અભિનેત્રી શેફાલી જોડે લગ્ન કર્યા છે અને તેમને બે પુત્રો છે.

- **શ્રી વિપુલ શાહના દિગ્દર્શન વાળી ફિલ્મ**

  વર્ષ ૨૦૦૨ આંખે
  વર્ષ ૨૦૦૫ વક્ત
  વર્ષ ૨૦૦૭ નમસ્તે લંડન
  વર્ષ ૨૦૦૯ લંડન ડ્રીમ્સ
  વર્ષ ૨૦૧૦ એક્શન રીપ્લે

- **નિર્માતા તરીકેની ફિલ્મ**

  વર્ષ ૨૦૦૮ સિંઘ ઇઝ કિંગ
  વર્ષ ૨૦૧૧ ફોર્સ
  વર્ષ ૨૦૧૧ એ.આર. મુરુગાદોસની ફિલ્મ

***રજૂઆત : દિનેશ આર. મહેતા***


## જીવનગાડી

જીવનની ગાડી તો સૌ ચલાવે છે પણ મોટા ભાગની જીવનગાડીને કોઈ ગાર્ડ નથી હોતા. સદ્‌ગુરુ એ જીવનગાડીના ગાર્ડ છે. સદ્‌ગુરુ માનવીને જીવન કેમ જીવવું તેનું માર્ગદર્શન આપે છે. કોઈ ભય હોય તો શિષ્યને સાવધાન કરે છે. સદ્‌ગુરુ રૂપી ગાર્ડ વિના દોડતી માનવીની જીવનગાડી અનેક અકસ્માતો સર્જે છે. જીવનને અકસ્માતોથી બચાવવું હોય તો તમારી ગાડીનું સુકાન કોઈ સદ્‌ગુરુને સોંપી દો.

*પ.પૂ.આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી*

*કપટથી મેળવેલો ફાયદો છેવટે નુકસાનકારક જ હોય છે.*

# દસ્તાવેજી ફિલ્મ અને ટીવી રજૂઆતના નિર્માણકર્તા તરીકે ખૂબ જાણીતા શ્રી વિનોદ ગણાત્રા



ધ એલઆઇવી ઉલ્લમાજા પ્રાઇઝ-ચિકાગો મેળવનાર શ્રી વિનોદ ગણાત્રા ફિલ્મ અને ટીવી રજૂઆતના નિર્માણ ક્ષેત્રે વર્ષ ૧૯૮૨થી કાર્યરત છે. તેઓએ ન્યૂઝ રીલની અંદાજે ૪૦૦ જેટલી દસ્તાવેજી (ડોક્યુમેન્ટરી) ફિલ્મના સંપાદન અને દિગ્દર્શનનું કામ કર્યું છે. તે ઉપરાંત, બાળકો અને યુવાવર્ગ માટે પણ ૨૫ જેટલા ટીવી કાર્યક્રમોનું નિર્માણ તેમણે કરેલું છે. વધુમાં, તેમણે બાળકો માટે ત્રણ ફિલ્મો પણ સફળતાપૂર્વક બનાવેલ છે.

એસોસિએશન ઓફ ફિલ્મ એન્ડ વીડિયો એડિટર્સ દ્વારા લાઇફટાઇમ એચિવમેન્ટ ઍવૉર્ડ તેમને અર્પણ થયેલો છે. આ રીતે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમને જુદા જુદા વિભાગોમાં ૩૫ જેટલા ઍવૉર્ડસ પ્રદાન થયેલા છે. તાજેતરમાં ઇરાન ખાતે ઇસ્ફહાન ઇન્ટરનેશનલના ૨૫મા ફિલ્મ ફેસ્ટિવલમાં તેમની 'હારુન-અરુન' ફિલ્મને બેસ્ટ એશિયન ફિલ્મની શ્રેણીમાં ગોલ્ડન બટરફલાય ઍવૉર્ડ મળ્યો છે.

દેશ-વિદેશમાં અનેક સ્થળે પ્રવાસ કરી ચૂકેલા શ્રી ગણાત્રાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યુરી તરીકેની કપરી કામગીરી બજાવેલ છે. તે સિવાય, ઇન્ટરનેશનલ સેન્ટર, ફિલ્મ ફોર ચિલ્ડ્રન એન્ડ યંગ પીપલ્સ બોર્ડના સદસ્ય છે.

તેમની શરૂઆતની ફિલ્મ 'હેડા-હૂડા' (બ્લાઇન્ડ કેમલ) એ વૈશ્વિક સ્તરે ૫૮ જેટલા ફિલ્મ ફેસ્ટિવલ્સમાં પ્રવેશ પામીને ઘણા ઍવૉર્ડસ મેળવ્યા છે.

તેમની 'હાઇડ એન સીક' (લુકા છુપ્પી) કે જે હિમાલય પર્વતમાં લડાખ જેવા ખૂબજ ઊંચાઇવાળા સ્થળે સંપૂર્ણ શૂટિંગવાળી પ્રથમ ફિલ્મને લીમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ એ યોગ્ય સન્માન સાથે બુકમાં સ્થાન આપ્યું છે. તેમની આ ફિલ્મને આંતરરાષ્ટ્રીય સ્તરે લગભગ ૨૧ જેટલાં ફિલ્મ ફેસ્ટિવલમાં બતાવવામાં આવી હતી.

ભારત-પાક સીમા પર આધારિત 'હારુન-અરુન' નામની તેમની તાજેતરની ગુજરાતી ફિલ્મને શિકાગો, ઢાકા અને શ્રીલંકા જેવા દેશોમાં આયોજિત ફિલ્મ ફેસ્ટિવલમાં ઉચ્ચ કક્ષાના સંખ્યાબંધ ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવી છે. તે સિવાય, કેનેડા અને જર્મનીમાં પણ અલગ-અલગ શ્રેણીના ઍવૉર્ડસ પણ પ્રાપ્ત થયા છે. જેમાં બેસ્ટ એશિયન ફિલ્મ તરીકેના ઍવૉર્ડનો પણ સમાવેશ થાય છે.

વધુમાં, આ ખૂબજ આગવી શૈલીની ફિલ્મને મ્યુનિચ, જર્મની, ઇટાલી, ન્યૂયોર્ક, કેનેડા, મેક્સિકો, બ્રાઝિલ, તેહરાન-ઇરાન, કોરિયા જેવા અનેક સ્થળે યોજાતા ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રવેશ મેળવવાની ઉત્તમ તક પણ પ્રાપ્ત થઇ છે.

ચિલ્ડ્રન ફિલ્મના ક્ષેત્રે બે દાયકાથી વધુ સમયના અનુભવના પરિણામે તેમણે ચિલ્ડ્રન ઓડિયો-વિઝ્યૂલ એજ્યુકેશનલ ફાઉન્ડેશન નામની બિનસરકારી સંસ્થા ઊભી કરી છે. વર્કશોપનું આયોજન, ચિલ્ડ્રન અને યુવાવર્ગ માટેની ફિલ્મો રજૂ કરવા જેવી પ્રવૃત્તિઓ વગેરે આ સંસ્થાના મુખ્ય ઉદેશ છે.

*રજૂઆત : દિનેશ આર. મહેતા*

*મોટી ઈમારતનું પ્રવેશદ્વાર નાનું હોય છે, એ રીતે મહાન જીવનની શરૂઆત કોક નાનકડા સદ્‌ગુણથી થતી હોય છે.*

*બીજાનું જે કાંઇ સારું જુઓ તેને પોતાના જીવનમાં ઉતારો.*

# આંતરરાષ્ટ્રીય ફલક પર ભારતીય લોક-સંસ્કૃતિનાં કામણ પાથરનાર એકમાત્ર કચ્છી કલાકાર – શ્રીમતી ફાલ્ગુની હીરેન



શ્રીમતી ફાલ્ગુની હીરેન વર્ષ ૧૯૮૮થી અમદાવાદ ખાતે ટીવી પર ન્યૂઝ રીડર તરીકે કાર્યરત છે. તે સિવાય, તેઓશ્રી જાહેર કાર્યક્રમોના ખૂબજ પ્રખ્યાત એનાઉન્સર અને એન્કર પણ છે. જે-તે સમયે સત્તાવાર સ્થાન પર રહેલા ભારતના માનનીય રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી, નાયબ વડાપ્રધાનશ્રી જેવી સરકારી પ્રથમ ક્રમાંકની મહાન હસ્તીઓના અનેક કાર્યક્રમોના મુખ્ય સંચાલક એટલે કે એન્કર તરીકેની ખૂબજ કપરી જવાબદારીઓ શ્રીમતી ફાલ્ગુની સફળતાપૂર્વક અદા કરી ચૂક્યાં છે. તેવી રીતે રાજયના મુખ્યપ્રધાનશ્રી અને અન્ય પ્રધાનોની ઉપસ્થિતિવાળા કાર્યક્રમમાં માત્ર એક-બે વખત નહીં પરંતુ અનેક પ્રસંગોએ તે પ્રકારની કામગીરી બજાવેલ છે.

આ સિવાય, છેલ્લા ૨૩ વર્ષ દરમિયાન દેશ અને વિદેશોમાં આયોજિત થયેલા અનેક કાર્યક્રમોમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમથી પોતાની આગવી શૈલી દ્વારા રજૂઆત કરીને શ્રોતાઓનાં દિલ-દિમાગને જીતી લીધેલ છે.

તેમણે 'એ ડ્રોપ ઓફ લાઇફ' નામની અમેરિકન દસ્તાવેજી ફિલ્મમાં અભિનય પણ કર્યો છે. ઉક્ત ફિલ્મમાં તેમણે દ્વિતીય કક્ષાની એક અગ્રિમ ભૂમિકા સફળતાપૂર્વક ભજવેલ છે.

યુએસએમાં નવી ફિલ્મ માટે હોલીવુડના વૈશ્વિક સ્તરના મહાન દિગ્દર્શક મી. સ્ટીવન સ્પિલબર્ગ દ્વારા ટીવી પર 'ઓન ધ લોટ' શીર્ષક હેઠળ રજૂ થતા એક ખૂબજ પ્રખ્યાત કાર્યક્રમમાં તેનાં જ્યુરી દ્વારા 'અ ડ્રોફ ઓફ લાઇફ'ને બેસ્ટ ફિલ્મની શ્રેણીમાં ત્રીજું સ્થાન મળ્યું હતું.

તે ઉપરાંત, શ્રીમતી ફાલ્ગુનીએ અદાણી, કેડિલા, ટોરેન્ટ વગેરેના પ્રથમ હરોળના પબ્લિકેશન્સ માટે અનેક મોડેલિંગ એસાઉન્સમેન્ટસ કર્યા છે.

ફોક ડાન્સ, ગાયકી, સંગીત, નૃત્ય, લોકગીત કોરિયોગ્રાફી વગેરે ક્ષેત્રની ભારતીય લોકસંસ્કૃતિની રજૂઆત અને કામગીરી માટે વિશ્વના લગભગ ૧૫ દેશોની મુલાકાત તેઓશ્રી છેલ્લાં દસેક વર્ષથી નિયમિતપણે લઇ રહ્યાં છે અને ભારતીય લોક સંસ્કૃતિની વિદેશોમાં સારી છાપ ઉપસાવી શક્યાં છે.

ગુજરાતના ફોક ડાન્સ ક્ષેત્રમાં છેલ્લાં ૧૪ વર્ષોથી પોતાનો ફાળો પ્રદાન કરનાર શ્રીમતી ફાલ્ગુનીને તાજેતરમાં ગુજરાત લોક કલા ફાઉન્ડેશનનો પ્રતિષ્ઠિત ઍવૉર્ડ પણ મળ્યો છે.

વર્ષ ૧૯૮૮થી સતત ૨૩ વર્ષ સુધી ભારતમાં દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદના ન્યૂઝ રીડર તરીકેનો રેકોર્ડ સ્થાપિત કરીને શ્રીમતી ફાલ્ગુની લીમકા બુક ઑફ રેકોર્ડસની સને ૨૦૦૯ અને ૨૦૧૨ની આવૃત્તિઓમાં સ્થાન પામનાર તેઓશ્રી પ્રથમ કચ્છી મહિલા છે.

વર્ષ ૧૯૮૯થી ભારત અને યુરોપમાં ફોક ડાન્સની શૃંખલા રજૂ કરતી એકેડમી 'સ્પંદન'નાં તેઓ ડાયરેક્ટરપદે છે.

ગુજરાત સરકારના વાઇબ્રન્ટ કલ્ચરલ પ્રોગ્રામનાં તેઓશ્રી નિયમિત ધોરણનાં જ્યુરી પેનલનાં કન્સલ્ટન્ટ છે.

અનુપમ ખેરની સંસ્થા દ્વારા નિર્માણ થયેલા ડ્રામામાં શ્રીમતી ફાલ્ગુની ભાગ લઇ ચૂક્યાં છે.

૧૯૮૭ની સાલમાં વડાપ્રધાન માટેની એક રેલીમાં સમગ્ર ભારતની એનસીસી ગર્લ્સ વિંગના કમાન્ડર પ્રજાસત્તાક દિન નિમિત્તેની પરેડમાં ગુજરાતના એનસીસી ગ્રૂપને પરેડ કમાન્ડર તરીકે દોરવણી આપનાર શ્રીમતી ફાલ્ગુની હતાં.

ડાન્સ, સંગીત, ટ્રેઇનિંગ, ટ્રાવેલિંગ અને ફોક ડાન્સિસ પર રિસર્ચનો શોખ ધરાવનાર શ્રીમતી ફાલ્ગુનીએ ૧૯૮૬માં એમ.એ. (સાયકોલોજી)ની પદવી હાંસલ કરીને ફ્રેન્ચ ભાષાની લેવલ-૧ તેમજ 'ઉડીસી ક્લાસિકલ' લેવલ-૩ ની પરીક્ષાઓ પાસ કરી છે.

તેઓશ્રીએ વિશ્વ ગુજરાતી સમાજ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, એક્ષસેલર્સ ફાઉન્ડેશન જેવી અનેક ખાનગી સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં રહીને પોતાની કારકિર્દી ઝળહળતી રાખી છે.

*રજૂઆત : દિનેશ આર. મહેતા*

*બે વ્યક્તિઓના સંબંધમાં એક વ્યક્તિએ ધીરજ રાખવી જરૂરી હોય છે.*

## લોગો અને સ્લોગન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના ૫૦મા વર્ષને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવા માંગે છે.

સમાજ, સુવર્ણ જયંતી વર્ષના અનુસંધાને લોગો અને સ્લોગન પણ વિશિષ્ટ સ્વરૂપે નક્કી કરવા માંગતો હતો. અને તેના અનુસંધાનમાં અત્રેના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના છેલ્લા ત્રણ અંકોમાં જાહેરાત પણ આપવામાં આવેલ હતી.

અમને જણાવતાં આનંદ થાય છે કે ઉપરોક્ત તમામ લોગો અને સ્લોગન અંગે સર્વગ્રાહી ચર્ચા વિચારણાને અંતે ગાંધીધામ સ્થિત **શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી**એ મોકલાવેલ સ્લોગન સાથેના લોગોને ટ્રસ્ટ મંડળ દ્વારા અંતિમ પસંદગી આપવામાં આવી છે. તે માટે તેમને અભિનંદન!

આ વિષયે સહકાર આપનાર સૌના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## સિનિયર સિટીઝન્સ માટે સેનેટોરિયમ
## "મંજુલ-હરખ ધામ"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત "સિનિયર સિટીઝન્સ સેનેટોરિયમ" "મંજુલ-હરખ ધામ"ના નામથી શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨થી ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવનાર છે.

આ સિનિયર સિટીઝન્સ સેનેટોરિયમમાં કોઈ પણ કચ્છી જૈન કે જે વયસ્ક ઉંમરના હોય તે દાખલ થઈ શકે છે. અહીં રહેવા આવનાર હંમેશને માટે અથવા તો ટૂંકા રોકાણ માટે (એટલે કે ૧ થી ૧૨ મહિના માટે) પણ દાખલ થઈ શકશે.

"મંજુલ હરખ ધામ" - ગાંધીનગર **દાખલ થવા માટેનું ફોર્મ 'મંગલ મંદિર'ના માસ માર્ચ-૨૦૧૨ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.** પ્રવેશ ઈચ્છનાર વ્યક્તિએ તે ફોર્મ ભરીને સમાજના સરનામે મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

ફોર્મ ભરનારને ત્યારબાદ ચર્ચા કરવા રૂબરૂ બોલાવવામાં આવશે અને યોગ્ય જણાશે તો તેમને તરતમાં પ્રવેશ આપવામાં આવશે.

"મંજુલ-હરખ ધામ" - ગાંધીનગરની કેપેસિટી માત્ર ૨૫ (પચ્ચીસ) વ્યક્તિઓની જ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે એડમિશન આપવામાં આવશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

## ॥ આતુરતાનો અંત..... ॥

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત અને શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે તૈયાર કરવામાં આવેલ ''કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ''નું કાર્ય પૂરું થઈ ગયેલ છે અને તેને શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસે સવારના ૧૧.૦૦ વાગે લોકાર્પણ કરવા ખુલ્લું મૂકવામાં આવનાર છે, જેની વિગત અન્યત્ર આપેલ છે.

મુલાકાતીઓને આ મ્યુઝિયમના વિવિધ વિભાગો દ્વારા કચ્છ સંસ્કૃતિની પૂરી ઝલક જોવા મળશે. આ મ્યુઝિયમમાં આપશ્રીને કચ્છની સંસ્કૃતિ સમાન ભરતકામ, રોગાનકામ, છાપકામ, હુન્નર ઉદ્યોગ, નકશીકામ તેમજ કચ્છી કલા, સંસ્કૃતિ, પહેરવેશ અને કચ્છની વિવિધ જ્ઞાતિઓનાં રહેઠાણો વગેરે જોવા મળશે. કચ્છમાંથી પ્રાપ્ત થતા વિવિધ પ્રકારના ખનિજોના નમૂનાઓ, જૂના સિક્કાઓ (રાજાશાહી વખતના) તેમજ અન્ય અનેક પુરાતન વસ્તુઓનો સંગ્રહ ત્યાં જોવા મળશે. કચ્છના શીપ ઉદ્યોગ સમાન ''વહાણવટા કોર્નર'' તથા કચ્છના અભયારણ્યના પ્રાણી ''ઘુડખર''ના ખાસ વિભાગ રાખવામાં આવેલ છે.

### અમૂલ્ય તકનો લાભ લેવા વિનંતી

આ ભાતીગર પ્રકારના કચ્છ મ્યુઝિયમના વિવિધ વિભાગોમાં પોતાના નામની તક્તી (૧૫ વર્ષ સુધી) મૂકવા સંબંધી જાહેરાત અત્રેથી અગાઉ પ્રકાશિત થયેલ છે. આ પ્રકારના નકરાઓની વિગત ફરીથી અત્રે આપવામાં આવે છે.

આ બાબતે રસ ધરાવનારને અમારો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

- **અશોક મહેતા : ૦૯૮૨૫૩ ૨૨૬૮૯**
- **કાંતિભાઈ સાવલા : ૦૯૮૨૫૦ ૩૬૬૫૧**
- **પ્રતાપભાઈ દંડ : ૦૯૪૨૬૭ ૨૫૬૧૯**

*નકરાઓની વિગત નીચે મુજબ રાખવામાં આવેલ છે.*

★ **મુખ્ય નામની તકતી સામે ............ રૂા. ૨૧.૦૦ લાખ**

★ **ડોરેમો પર નામની તકતી લગાવવા સામે (૬ સેટ) દરેકના ............ રૂા. ૨.૫૧ લાખ**

★ **વહાણવટા કોર્નર પર નામની તક્તી લગાવવા સામે ............ રૂા. ૨.૫૧ લાખ**

★ **વાઇલ્ડ લાઇફ કોર્નર પર નામની તક્તી લગાવવા સામે ............ રૂા. ૨.૫૧ લાખ**

★ **દરેક વિંગના (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ) ............ રૂા. ૨.૫૧ લાખ**

ઉપરોક્ત નકરાઓમાંથી કેટલીક ઑફરો અમને પ્રાપ્ત થઈ ચૂકેલ છે.

બાકીની ઑફરોમાંથી વહેલા તે પહેલાના ધોરણે ઑફરો સ્વીકારવામાં આવશે. તક્તીઓ નિયમાનુસાર મૂકી શકાશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# પ્રથમ હરોળના સમાજના સૂત્રધાર
# શ્રી પોપટલાલ નેણશી ધરોડ



શ્રી પોપટભાઇ કચ્છ-મુંદ્રા તાલુકાના પત્રી ગામના છે. એક સેવાભાવી, આદર્શ, નેક અને ખુલ્લા દિલની વ્યક્તિ એટલે શ્રી પોપટભાઇ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના એક અનમોલ રત્ન કહી શકાય તેવી વ્યક્તિ એટલે શ્રી પોપટલાલભાઇ.

શ્રી પોપટલાલભાઇ ધરોડ એપ્રિલ, ૧૯૬૧માં અમદાવાદ આવ્યા. એ વર્ષમાં સમાજની સ્થાપના કરવાની ચર્ચા-વિચારણા અમુક પરિવારો વચ્ચે ઘણી થઇ હતી. અમદાવાદમાં વીસા ઓસવાળ ભાઇઓ તથા દશા ઓસવાળ ભાઇઓનું સાંવત્સરિક ક્ષમાપના તેમજ મિલન સમારંભો જેવા પ્રસંગોએ સમાજની રચના બાબત આપસમાં ઘણી વાતચીત થઇ હતી પરંતુ વર્ષ ૧૯૬૨ સુધી તાત્કાલિક કાંઇ પરિણામ આવ્યું નહીં.

આ સ્થિતિમાં તા. ૧૪-૪-૧૯૬૩ના કેટલાક વીસા ઓસવાળ ભાઇઓની એક જનરલ સભા થઇ. તેમાં કાંઇક શુભ સંકેત સ્વરૂપે શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ, અમદાવાદની સ્થાપના કરવામાં આવી. મંડળે આગળ વધીને એક બંધારણ સમિતિની રચના કરી. તેમાં પણ શ્રી પોપટલાલભાઇ ખૂબ સક્રિય રહ્યા. સાથે મળીને સૌએ અગ્રતાક્રમે બંધારણ ઘડ્યું અને તા. ૨૬-૫-૧૯૬૩ની સભામાં યોગ્ય ફેરફાર સાથે બંધારણ સર્વાનુમતે પાસ થયું. **આ દરેક કામગીરી પાછળ શ્રી પોપટલાલભાઇની અગ્રીમ ભૂમિકા હતી.**

સર્વાંગી કાબેલિયતના કારણે વર્ષ ૧૯૭૦ સુધી કારોબારી સભ્ય, ખજાનચી, મંત્રી અને પ્રમુખપદ જેવાં સ્થાનોની જવાબદારી શ્રી પોપટલાલભાઇને સોંપવામાં આવી હતી. વર્ષ ૧૯૬૮માં 'જ્ઞાતિ દર્શન' નામની એક પુસ્તિકા બહાર પાડવામાં આવી હતી. તેના સંપાદન સમિતિમાં પણ તેઓશ્રી સક્રિય રહ્યા.

સમયના વહેણની સાથે તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભામાં તે સંસ્થાનું 'શ્રી કચ્છી જૈન સમાજ' માં પરિવર્તન કરવામાં આવ્યું અને મીટરગેજ પર ચાલતી ગાડીને બ્રોડગેજ પર મૂકવામાં આવી. સંસ્થામાં દશા ઓસવાળ, વીસા ગુર્જર, દશા ગુર્જર, વાગડ સાત ચોવીસી ગુર્જર, વાગડ બે ચોવીસી ગુર્જર, વાગડ વીસા ઓસવાળ, જેવા કચ્છી ફિરકાઓનો સમાવેશ આ સંસ્થામાં કરવામાં આવ્યો. આ રીતે સંસ્થાના વ્યાપમાં વધારો થયો. ભવિષ્યની ઉજ્જવળ સિદ્ધિનાં મંડાણ થયાં. **આ દરેક કામગીરીના પડદા પાછળ શ્રી પોપટલાલભાઇની દીર્ઘ દૃષ્ટિ હતી.** તે સમયે શ્રી પોપટલાલભાઇએ અને તેમના અન્ય સાથી કાર્યકર્તાઓએ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી હતી. તે કારણે તેઓ ભવિષ્યના એક વિશાળ મંચનું સર્જન કરવામાં પાયાના પથ્થર સમાન બની રહ્યા, તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ થતી નથી. ત્યારબાદ સમાજ દ્વારા અનેક નાના-મોટા કાર્યક્રમોનું આયોજન થતું રહ્યું.

વર્ષ ૧૯૮૫માં એક તૈયાર મકાન ગીતામંદિર વિસ્તારમાં સમાજ દ્વારા ખરીદવામાં આવ્યું. તા. ૨૫-૧૦-૧૯૮૫ના આ સંસ્થાને 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ'નું નવું નામ આપવામાં આવ્યું. સંસ્થાને ચેરિટી ટ્રસ્ટ તરીકે રજિસ્ટર્ડ કરાવવા, વ્યવસ્થિત રીતે બંધારણ ઘડવા જેવા અગત્યના કામકાજમાં પણ શ્રી પોપટલાલભાઇ સક્રિય રહ્યા હતા.

નવા નામકરણવાળી સંસ્થાની વર્ષ ૧૯૮૯-૯૦ વાળી કારોબારી સમિતિમાં તેઓ પણ એક સભ્ય હતા.

**આ રીતે સમાજ મજબૂત થવામાં અને અન્ય સ્થળે તેની કીર્તિ ફેલાવવા પાછળ શ્રી પોપટલાલભાઇ જેવા સમાજના પ્રામાણિક સૂત્રધારોના કર્તવ્ય, પારદર્શિતા સર્વ ન્યોચ્છાવર કરવાની ભાવનાને સૌએ અવશ્ય બિરદાવવી પડે.**

"જેમ્સ ઓફ ધ સમાજ"ના લિસ્ટમાં શ્રી પોપટલાલભાઇનું નામ અગ્ર સ્થાને આવે. પોતાની નાદુરસ્ત તબિયતના કારણે તેઓ માર્ચ-૨૦૧૧થી સમાજની પ્રવૃત્તિઓમાં ઓછા સક્રિય રહે છે. અત્રે નોંધનીય છે કે, સમાજના બંધારણ, સભ્યપદની નોંધણી, ટ્રસ્ટ બોર્ડ કે કારોબારીના સભ્યની ચૂંટણી, સભ્યોનાં મેડિકલ કાર્ડ, શૈક્ષણિક, ટેલિફોન ડિરેક્ટરી, સભ્યોનું વસતિપત્રક જેવા અનેક વિષયોમાં તેઓશ્રીએ હંમેશાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.

ઉપરોક્ત કામગીરી સિવાય તેઓશ્રીનું મહત્ત્વનું પ્રદાન 'મંગલ મંદિર'ના દરેક અંકોમાં નિયમિત રીતે **'વલો વતન'** વિભાગનું સંપાદન કરવામાં રહેલું છે. ખૂબ મહેનત માગી લે તેવું આ કાર્ય છે, જે શ્રી પોપટલાલભાઇએ ખૂબજ સફળતા અને જવાબદારીપૂર્વક નિયમિત ધોરણે નિભાવ્યું છે. શ્રી પોપટલાલભાઇની આ વિશિષ્ટ કામગીરીને એક વખત 'કચ્છ મિત્ર'ના તંત્રી અને મેનેજરે પણ બિરદાવેલ હતી.

'વલો વતન' વિભાગની શરૂઆત તેઓશ્રીએ વર્ષ ૧૯૮૫થી કરી હતી અને માર્ચ ૨૦૧૧ સુધી નિરંતર ચાલુ રાખી હતી. આ ઉપરાંત 'મંગલ મંદિર'માં **'બાલુડેં જ્યું ગાલિયું'** કોલમની શરૂઆત પણ તેમણે જ કરી હતી.

શ્રી પોપટલાલભાઇ ધરોડનો જન્મ તા. ૧૬-૩-૧૯૩૮ના ગુંદાલા ગામે (તેમના મોસાળમાં) થયો હતો. હાઇસ્કૂલ સુધીનો અભ્યાસ કચ્છમાં કર્યા બાદ મુંબઇની સિધ્ધાર્થ કોલેજમાં ઇન્ટર સાયન્સ પાસ કર્યા બાદ વર્ષ ૧૯૬૦માં મુંબઇની 'કે.ઇ.એમ.' હોસ્પિટલમાં ઑક્યુપેશનલ થેરાપીનો બે વર્ષનો અભ્યાસ કરેલો છે. આ કારણે તેઓશ્રીએ અમદાવાદની વી.એસ. હોસ્પિટલ, ગવર્નમેન્ટ હોસ્પિટલોમાં કામ કરેલું છે. તેઓશ્રી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં 'ચીફ ઑક્યુપેશનલ થેરાપિસ્ટ' તરીકે **વર્ગ-૧ કેડરની** કામગીરી બજાવીને વર્ષ ૧૯૯૬માં નિવૃત્ત થયા હતા.

શ્રી પોપટલાલભાઇનાં લગ્ન શાંતાબહેન સાથે તા. ૨-૨-૧૯૬૧ના થયેલા છે. લગ્નજીવનથી તેમને એક પુત્ર તથા એક પુત્રી છે તેમના પુત્ર અતુલભાઇ આજે એમ.એસ. (જનરલ સર્જન) છે.

આ રીતે જોઇએ તો શ્રી પોપટલાલભાઇ એટલે એક સેવાભાવી, નેક અને ખુલ્લા દિલની વ્યક્તિ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની **મોંઘેરી મૂડી અને એક આદર્શવાદી કાર્યકર.** સંભવ છે કે તેમની નાદુરસ્ત તબિયતના પરિણામે કામગીરી સંબંધે સક્રિયતા ઓછી રહે પરંતુ એક યા બીજી રીતે તેઓની સેવાનો લાભ આ સમાજને મળતો રહેશે તેવો વિશ્વાસ છે.

આ સમાજને શ્રી પોપટલાલભાઇ ધરોડ માટે ગર્વ છે, અભિમાન છે. તેમને સંપૂર્ણ સ્વાસ્થ્યમય દીર્ઘાયુ ઇચ્છીએ.

શ્રી પોપટલાલભાઇનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો પડશે. ધન્યવાદ સાથે સલામ!

***તુમ જો યે સમાજ કે મીત ન હોતે, ગીત હમારે કભી ગીત ન હોતે***
***હંસકે તુમ જો યે રંગ ન ભરતે, કાર્યક્રમ સારે હમારે કાર્યક્રમ ન હોતે.***

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# મ્યુઝિયમના બાહોશ પૂર્વ ક્યુરેટર
# શ્રી સતિષ સદાશિવન



શ્રી સતિષ સદાશિવનનો જન્મ તા. ૨૭મી એપ્રિલ, ૧૯૫૧માં થયો હતો. તેમણે કેમેસ્ટ્રી, બોટની, ઝોઅલૉજિ સાથે બી.એસસી. ઈતિહાસ, કલ્ચર અને આર્કિયોલોજિ સાથે એમ.એ. થઈ મ્યુજિઓલોજી સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કરેલ છે.

તેઓશ્રી કચ્છ મ્યુઝિયમ, ભુજના ક્યુરેટર તરીકેના હોદ્દા પર રહીને તાજેતરમાં નિવૃત્ત થયા છે.

તેમણે વર્ષ ૧૯૮૩ સુધી વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્યુટર તરીકે કામ કર્યું છે. ત્યારબાદ ગુજરાત રાજ્યમાં સાપુતારા, વડોદરા, જૂનાગઢ, જામનગર અને કચ્છ જેવા જિલ્લાઓમાં મ્યુઝિયમ ક્યુરેટર તરીકેની કામગીરી બજાવી ચૂક્યા છે. તે સિવાય ત્રિવેન્દ્રમમાં મ્યુઝિયમ અને પ્રાણી વિભાગના પ્લાનિંગ અધિકારી તરીકેનું કામ પણ કર્યું છે. બહુલક્ષી, ઐતિહાસિક, વિવિધ ગેલેરી, માનવશાસ્ત્ર યુક્ત, વ્યક્તિ વિશેષ જેવા વિભાગો સાથે મ્યુઝિયમની સ્થાપના કરવી, વિકસાવવું અને તેની સંપૂર્ણ વ્યવસ્થા કરવા જેવી કામગીરીનો શ્રી સદાશિવન બહોળો અનુભવ ધરાવે છે.

આ રીતે મ્યુઝિયમ ક્ષેત્રે તેમના લાંબાગાળાના વિવિધ અનુભવોને કારણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે સર્જન કરાયેલ ‘કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ’ માટે ખાસ સલાહકાર તરીકે શ્રી સતિષ સદાશિવનની સેવાઓનો લાભ લેવામાં આવ્યો છે. સમાજની જરૂરત મુજબ મિટિંગોમાં ઉપસ્થિત રહીને, શાહીબાગ ખાતે રૂબરૂ મુલાકાત લઈને અથવા તો ભુજ ખાતે રૂબરૂ ચર્ચા-વિચારણા કરવા અર્થે જરૂરી સમય ફાળવીને તેઓશ્રીએ હંમેશાં સાથ-સહકાર આપેલ છે. તેનાં પરિણામે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે સમાજ ‘કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ’ ઊભું કરવા શક્તિમાન બનેલ છે. તે મ્યુઝિયમમાં પ્રત્યેક વિભાગો કેવી રીતે ઊભા કરવા, તેના માટે શું કરવું, કેવી સજાવટ કરવી, જરૂરી સાધન - સામગ્રીઓ, ચીજવસ્તુઓ કેવી રીતે અને કયા સ્થળેથી પ્રાપ્ત કરવા તેમજ કેવા પ્રકારનું લખાણ ત્યાં મૂકવું વગેરે દરેક કામગીરી પાછળ તેમની મહેનત, સલાહ-સૂચન અને માર્ગદર્શન રહેલાં છે. આના પરિણામે મ્યુઝિયમની સ્થાપના શક્ય બની છે, તેવી નોંધ આ સ્થળે લેવી પડે.

ગુજરાત રાજ્યનું સૌથી જૂનું સંગ્રહાલય એટલે કચ્છ મ્યુઝિયમ, ભુજનું નામ આવે. વર્ષ ૨૦૦૧માં ભૂકંપથી તે મ્યુઝિયમ પ્રભાવિત થતાં, મ્યુઝિયમના મકાન અને તેની અંદરની ચીજવસ્તુઓને અનહદ નુકસાન થયું હતું. તે મ્યુઝિયમને સમગ્ર રીતે ફરીથી તૈયાર કરવા પાછળ શ્રી સદાશિવનની ભૂમિકા અગ્ર સ્થાને રહી છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ જેવા રાજ્યો ઉપરાંત એક સફળ આયોજન અધિકારી તરીકે કેરળ રાજ્યમાં પણ તેમણે કામ કરેલું છે. ત્યાં લગભગ ૧૩ મ્યુઝિયમોનો સર્વાંગી અભ્યાસ કરીને તેનાં વિકાસ અર્થે જરૂરી અહેવાલ તૈયાર કરવાની કપરી જવાબદારી શ્રી સદાશિવને સફળતાપૂર્વક નિભાવેલ છે.

આ ઉપરાંત કેરળ રાજ્યમાં ત્રાવણકોરના લોકપ્રિય મહારાજા, જાણીતા કવિઓ વગેરેની ગેલેરીઓ સ્થાપિત કરવામાં શ્રી સદાશિવનનો ફાળો મહત્ત્વનો છે.

કોઈપણ પ્રકારના મ્યુઝિયમો, આર્ટ ગેલેરીઓનું સર્જન કરવું, તેનો વિકાસ કરવો, મ્યુઝિયમના સ્ટાફને જરૂરી તાલીમ આપવી, સંગ્રહાલયના નિયમો, વ્યવસ્થા સંબંધી સ્ટાફને માહિતગાર રાખવા સેમિનાર, વર્કશોપનું આયોજન કરવું, આ પ્રકારના દરેક ક્ષેત્રે શ્રી સદાશિવને અંગત રસ દાખવીને ખૂબજ ખંતપૂર્વક કામગીરી કરેલી છે.

*એટલું યાદ રાખો કે લોકોને તમારી સમસ્યાઓમાં સહેજ પણ રસ નથી.*

ભારતમાં અનેક રાજ્યોના મ્યુઝિયમોમાં 'શિલ્પગ્રામ' રાજ્યની ગ્રામીણ અને પછાત જાતિઓના શિલ્પ, આકૃતિઓ સાથે વિવરણ, પ્રદર્શનોનું આયોજન, મ્યુઝિયમની પુનઃ સ્થાપના, કલા-કૌશલ્ય વડે સજાવટ કરવી વગેરે ક્ષેત્રમાં શ્રી સદાશિવને પ્રવીણતા બતાવેલ છે. આ પ્રકારની કામગીરી દેશ-વિદેશથી જરૂરી સહયોગ મેળવીને પણ તેમણે પૂરી કરેલી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ડો-ડચ ઓઈલ પેઈન્ટિંગ્સનું પુનઃ સ્થાપન કરવાના એક કાર્યક્રમમાં સંયોજક તરીકે તેમની નિમણૂક થઈ હતી અને તેના અંતર્ગત વધુ તાલીમ મેળવવા ગુજરાત સરકારે તેમને હોલેન્ડ પણ મોકલ્યા હતા.

મ્યુઝિયમની 'એ' અને 'ડબલ-એ'ની શ્રેણીવાળા સંગ્રહ કરેલા નમૂનાઓ, સાધન-સામગ્રીઓ વગેરેની ડિજિટલ કાર્યના નિષ્કર્ષને કેન્દ્ર સરકારના કલ્ચર મંત્રાલયના કમ્પ્યુટરમાં સંગ્રહ કરવાની પ્રક્રિયાના પ્રોજેક્ટ પણ શ્રી સદાશિવને કરેલ છે.

તે ઉપરાંત, ટ્રાઈબ પરિવારોની રીતભાત સંબંધી સંશોધન કરીને દસ્તાવેજી ફિલ્મની કથા તૈયાર કરવા જેવું કાર્ય અને અમુક કિસ્સામાં ફિલ્મ નિર્માણ કરવાની કામગીરી પણ તેમણે કરી છે. આ દરેક સફળ કામગીરી માટે શ્રી સતિષ સદાશિવનને ધન્યવાદ સાથે અભિનંદન.

***સરનામું :*** ઈવીઆરએ-૨૫૪, મલ્લિકા, ટી.સી. નંબર ૧૬/૭, ક્રિષ્ના વિલાસમ રોડ, થાઈકૌડ - પી.ઓ. ત્રિવેન્દ્રમ-૬૯૫ ૦૧૪. ફોન : (૦૪૭૧) ૨૭૩૬૦૬૩, મો. ૯૯૫૮ ૩૪૯૫૦

*રજૂઆત : દિનેશ મહેતા*

## જીવનમાં એટલું ઝડપથી ક્યારેય ના ચાલવું કે તમારું ધ્યાન દોરવા કોઈએ પથ્થરનો સહારો લેવો પડે!

એકવાર એક બહુ મોટા ઉદ્યોગપતિ એમની નવી નક્કોર કાર લઈને રોડ પર જઈ રહ્યા હતા. નવી કાર અને ખુલ્લો રોડ... ઉદ્યોગપતિ મસ્તીથી પૂરઝડપે કાર હંકારી રહ્યા હતા.

રોડને કિનારે ઊભેલા દસેક વર્ષના એક છોકરાએ હાથ હલાવીને કારને ઊભી રાખવા સંકેત કર્યો. પેલા ઉદ્યોગપતિનું એ તરફ ધ્યાન ગયું પણ પૈસાનો ઘમંડ અને નવીનક્કોર કારનો નશો... ઉદ્યોગપતિએ છોકરા તરફ જોયું ના જોયું ને કારની ગતિ વધારી દીધી.

અચાનક ધડામ્ કરતો અવાજ આવ્યો... એક પથ્થર સીધો કારની બારીએ, કાચ પર અથડાયો... ઉદ્યોગપતિએ જોરદાર બ્રેક મારી કાર ઊભી રાખી... પથ્થરનો ઘા થોડો હળવો હતો એટલે બારીના કાચ પર જાળી જેવી ડિઝાઈન થઈ ગઈ. ગુસ્સાથી લાલચોળ ઉદ્યોગપતિ કારમાંથી બહાર આવ્યા. સીધા પેલા નાના છોકરા પર ધસી ગયા. એની ગળચી પકડીને જોરદાર બે તમાચા ગાલ પર લગાવી દીધા... 'સાલ્લા, નાલાયક... તારા પથ્થરના ઘાએ મારી નવીનક્કોર કારનો કાચ તોડી નાંખ્યો... એના પૈસા કોણ તારો બાપ આપશે?'

પેલા છોકરાના ગાલ પર આંગળીઓનાં નિશાન ઉપસી આવ્યાં. એની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં... કરગરતા અવાજે એ બોલ્યો, 'સાહેબ, મને માફ કરી દ્યો! હું અહીં ઊભો ઊભો ક્યારનોય મદદ માટે હાથ હલાવું છું પણ કોઈ થોભતું નથી. મારો મોટો ભાઈ વ્હીલચેરમાંથી પડી ગયો છે. એનું આખું શરીર પોલીયોગ્રસ્ત છે. એટલે એ જાતે ઊભો થઈ શકે એમ નથી. એનું વજન ઘણું છે. એટલે મારાથી ઊંચકાય એમ નથી. એનું મોં ધૂળમાં ઘુસી ગયું છે. જો થોડીવારમાં એને મદદ નહિં મળે તો એ....' છોકરો આગળ બોલી ના શક્યો. એ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

પેલા ઉદ્યોગપતિનો ધધકતો ગુસ્સો એકદમ બરફ થઈને પીગળી ગયો... ગુસ્સાની જગ્યાએ લાગણીનું ઝરણું ફૂટી નીકળ્યું. એમણે છોકરાનો હાથ પકડીને કહ્યું, 'ચાલ, મને બતાવ, ક્યાં છે તારો ભાઈ?'

રોડથી થોડેક જ દૂર પંદરેક વર્ષનો પીડાતો છોકરો વ્હીલચેરમાંથી ઊંધા મોંએ પડ્યો હતો. છોકરાનું વજન ખાસ્સું હતું. એનું મોં ધૂળથી રગદોળાયેલું હતું. એને શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી.

પેલા ઉદ્યોગપતિએ દોડીને છોકરાને ઊંચકીને પાછો વ્હીલચેરમાં બેસાડ્યો. પોતાના હાથ રૂમાલથી એના નાક-મોં લૂછ્યા. પછી પોતાની કારમાંથી ફર્સ્ટ એઈડના બોક્સમાંથી મલમપટ્ટી કરી આપી.

પેલા નાનકડા છાકરાએ ઉદ્યોગપતિને હાથ જોડ્યા, આભાર માન્યો અને 'ભગવાન તમારું ભલું કરે' એમ બોલતો બોલતો એના મોટાભાઈની વ્હીલચેરને ધક્કો મારતો ઘરે જવા ચાલતો થયો.

પેલા ઉદ્યોગપતિએ આ ઘટના પછી તૂટેલા કાચવાળી બારીને ફરી નવો કાચ ના નંખાવ્યો. એટલું જ નહિ, કાર જૂની થયા પછી પણ એની કાર ક્યારેય વેચી નહિ. કોઈ એને તૂટેલા કાચ વિશે પૂછતું ત્યારે કાયમ એ કહેતા, 'આ તૂટેલો કાચ મને હંમેશાં એક વાતની યાદ અપાવે છે કે જીવનમાં એટલું બધું ઝડપથી ક્યારેય ના ચાલવું કે તમારું ધ્યાન ખેંચવા માટે કોઈએ પથ્થરનો સહારો લેવો પડે...!' પછી ઊંડો શ્વાસ લઈને એ કહેતા, '....કાં તો કોઈની મદદ માટેની બૂમ સાંભળો અથવા તો એના પથ્થરનો ઘા સહન કરવા તૈયાર રહો...!!'

*સાભાર : 'પરિત્રાણ', પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ટ્રસ્ટ મંડળ : વર્ષ ૨૦૧૧-૧૨



શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ



શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઉપપ્રમુખ



શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
દ્વિતીય ઉપપ્રમુખ



શ્રી પ્રતાપ નારાણજી દંડ
માનદ્ મંત્રી




શ્રી હસમુખ બાબુલાલ શાહ (ખાંડવાલા)
સહમંત્રી



શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ખજાનચી



શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
સહ ખજાનચી



શ્રી જગશી જે. છેડા
કાયમી ટ્રસ્ટી




શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન
કાયમી ટ્રસ્ટી



ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
ટ્રસ્ટી



શ્રી હીરજી પાસુભાઈ શાહ
ટ્રસ્ટી



શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી
ટ્રસ્ટી




શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
ટ્રસ્ટી



શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ટ્રસ્ટી

*સમૃદ્ધ વર્તમાનમાં પણ નબળો ભૂતકાળ ભૂલવો નહિ.*



**શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ**
**ટ્રસ્ટી**



**શ્રી શાંતિલાલ મૂળજી સાવલા**
**ટ્રસ્ટી**



**શ્રી નવીનચંદ્ર નાનજી શાહ (પોલડિયા)**
**ટ્રસ્ટી**



**શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા**
**ટ્રસ્ટી**



**શ્રી આણંદજી વેલજી વીરા**
**ટ્રસ્ટી**



**શ્રી કાંતિલાલ રામજીભાઈ શાહ (સાવલા)**
**(કે. આર. શાહ)**
**ટ્રસ્ટી**




**શ્રી કલ્યાણજી રવજી રાંભિયા**
**ટ્રસ્ટી**



**શ્રી અશ્વિન હીરજી સાવલા**
**કો-ઓપ્ટ.**



**શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા**
**કો-ઓપ્ટ.**



**શ્રી મુરજી નરશી શાહ**
**આમંત્રિત**

## સંસ્કાર, ટેવ અને ચારિત્ર

કોઈ પણ સારું કે ખરાબ કાર્ય આપણે વારંવાર કરીએ તો તે કરવાની ટેવ પડી જદાય છે. આ ટેવ લાંબે ગાળે આપણા જીવનનો ભાગ થઈ જતો હોવાથી તે કરવાના સંસ્કાર પડી જાય છે. જો સારી ટેવ હોય તો સારા સંસ્કાર પડે છે અને ખોટી ટેવ હોય તો ખોટા સંસ્કાર પડે છે.

આ રીતે મનુષ્યનું ચારિત્ર સારી કે બૂરી ટેવોના આધારે ઘડાતું જાય છે અને તે અનુસાર તેના ભાવિ જીવનનું સર્જન થાય છે.

સવારના નિયમિત વહેલા ઊઠવું, વ્યાયામ કરવો, પ્રભુ સ્મરમ - પૂજા કે દર્શન કરવાં, માતા-પિતા વડીલોનો વિનય કરવો, નિયમિત સદ્‌વાંચન કરવું, નિયમિતપણે આહાર-વિહારાદિ કરવા તેમજ શાળા, કૉલેજ, નોકરી કે ધંધો કરવા જવું, રાત્રે નિયમિત સૂઈ જવું – આ બધી સારી ટેવો ગણાય. આનાથી વિરુદ્ધ અનિયમિત અને અયોગ્ય કામ કરીને પોતાના ભણતર તથા નોકર-ધંધામાં પ્રવર્તવાથી ખરાબ ટેવો પડી જાય છે. આપણા આરોગ્યને હાનિ પહોંચે છે અને તે મનુષ્ય જીવન-વિકાસમાં નિષ્ફળ જાય છે.

તો ચાલો! આપણે સૌ સારી ટેવો પાડીએ તેમજ નિયમિતપણે પ્રામાણિકતાથી સર્વ કાર્ય કરીને જીવનને ઉન્નતિના માર્ગે લઈ જઈએ. એવું ચારિત્ર ઘડીએ કે જેનું અનુસરણ કરવાનું બીજાને પણ મન થાય તથા આપણું જીવન સફળ અને ઉન્નત બને.

આમ, આવા સુંદર, નિયમિત અને પવિત્ર જીવન દ્વારા આદર્શ કૌટુંબિક ભાવના સર્જાય તથા ઉન્નત સમાજની રચના થાય અને આપણા દેશમાં સોનાનો સૂરજ ઊગે. આપણા સૌનું જીવન નિયમિત, સુંદર, સફળ અને સૌને માટે પ્રેરણાદાયી બને તેવી મંગલ ભાવના.

*– શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી*

*ખુદની ભૂમિકા બરાબર નિભાવો, સફળતા મળશે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## કારોબારી સમિતિ : વર્ષ ૨૦૧૧-૧૨




શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ



ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
કારોબારી સભ્ય



શ્રી કાંતિલાલ વેલજી સાવલા
કાયમી ટ્રસ્ટી તથા પ્રથમ ઉપપ્રમુખ



શ્રી પંકજ મેઘજી ગોગરી
કારોબારી સભ્ય



શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ટ્રસ્ટી તથા દ્વિતીય ઉપપ્રમુખ



શ્રી કિશોર મૂલજી લાલકા
કારોબારી સભ્ય



શ્રી પ્રતાપ નારાણજી દંડ
ટ્રસ્ટી તથા માનદ્ મંત્રી



શ્રીમતી શિલ્પીબહેન પ્રકાશભાઈ શાહ
કારોબારી સભ્ય




શ્રી હસમુખ બાબુલાલ શાહ (ખાંડવાલા)
ટ્રસ્ટી તથા સહમંત્રી



શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ
કારોબારી સભ્ય




શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ટ્રસ્ટી તથા ખજાનચી



શ્રી પોપટલાલ નેણશી ધરોડ
કારોબારી સભ્ય




શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ટ્રસ્ટી તથા સહ ખજાનચી



શ્રી દામજી (બચુભાઈ) હીરજી રાંભિયા
કારોબારી સભ્ય


*દરેક વ્યક્તિ ઈચ્છે છે કે કોઈક તેને સમજે, પણ એ ભૂલી જાય છે કે, કોઈ તેમને સમજે તેની પહેલી શરત એ છે કે તમે કોઈને સમજો.*




**શ્રી રજનીકાંત ધરમશી પારેખ**
**કારોબારી સભ્ય**




**શ્રી હીરેન કુંવરજી શાહ**
**કારોબારી સભ્ય**



**શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા**
**કારોબારી સભ્ય**



**શ્રી નીતિન ધનજી ગાલા**
**કારોબારી સભ્ય**



**શ્રી વિશાલ મહેન્દ્ર શાહ**
**કારોબારી સભ્ય**




**શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી**
**કારોબારી સભ્ય**




**શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા**
**કારોબારી સભ્ય**




**શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ**
**કારોબારી સભ્ય**



**શ્રી પદમશી ચત્રભુજ ડાઘા**
**કારોબારી સભ્ય**



**શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા**
**કારોબારી સભ્ય**



**શ્રી નવીન જેઠાભાઈ લાલકા**
**કારોબારી સભ્ય**



**શ્રી વિમેશ ગુલાબચંદ શાહ**
**કારોબારી સભ્ય**



**શ્રી બાબુભાઈ ખેતશી મહેતા**
**આમંત્રિત**



**શ્રી ગુલાબચંદ ધનજી દંડ**
**કો-ઓપ્ટ સભ્ય**



**શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ**
**કો-ઓપ્ટ સભ્ય**

*કેવી કરુણ દશા છે આજના માનવીની! પોતાના મનની અશાંત દશા એને બદલવી છે પણ જીવનની ગલત દિશા બદલવાની એની કોઈ તૈયારી નથી.*

*બીજાઓની નિંદા કરવાથી, સાંભળવાથી કે કહેવાથી પાપ લાગે છે.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨<br>સવારે ૯.૦૦<br><br>સવારે ૧૧.૦૦<br>બપોરે ૩.૦૦<br>રાત્રે ૯.૦૦ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ સંચાલિત 'મંજુલ-હરખ ધામ' ગાંધીનગર<br>શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગ<br>ટાઉન હોલ, અમદાવાદ<br>જયશંકર સુંદરી હોલ, અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મધ્યસ્થ કાર્યાલય દ્વારા સિનિયર સિટીઝન હોમ - દીપ પ્રાગટ્ય<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ – ઉદ્‌ઘાટન / લોકાર્પણ<br>સુવર્ણ જયંતી મહોત્સવ સમારંભ<br>મનોરંજન કાર્યક્રમ. |
| • | રવિવાર, તા. ૨૨-૪-૨૦૧૨<br>સવારે ૯ થી ૧૨ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | (૧) તબીબી સેવા સમિતિ દ્વારા કોઈપણ ઉંમરની વ્યક્તિ માટે આયુર્વેદ સર્વરોગ ફ્રી નિદાન કેમ્પ (એક સપ્તાહની દવાનું નિઃશુલ્ક વિતરણ)<br>(૨) આંખના મોતિયાનો નિદાન કેમ્પ. |
| • | રવિવાર, તા. ૨૯-૪-૨૦૧૨<br>સવારના ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>કેરમ - રમત માટે વર્કશોપ. |
| • | શુક્રવાર, તા. ૪-૫-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૫.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત<br>મધર્સ ડે.... ઓડિયો વિઝ્યૂઅલ પ્રેઝન્ટેશન દ્વારા પ્રવચન |
| • | રવિવાર, તા. ૬-૫-૨૦૧૨<br>સવારે ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>કેરમ - રમત સ્પર્ધા. |
| • | રવિવાર, તા. ૬-૫-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત "જીવન કૌશલ્ય" વિષયે પરિસંવાદ (૧૦થી ૧૭ વર્ષના બાળકો માટે) |
| • | સોમવાર તા. ૭-૫-૨૦૧૨થી<br>શનિવાર, તા. ૧૨-૫-૨૦૧૨<br>સવારે ૯થી ૧૨ (પ્રત્યેક દિન) | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>ચેસ - રમત માટે વર્કશોપ. |
| • | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨<br>સવારે ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>ચેસ - રમત સ્પર્ધા. |
| • | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨ અને<br>સોમવાર, તા. ૧૪-૫-૨૦૧૨<br>સવારે ૧૦.૦૦થી ૬.૦૦ | સુમતિ ગૂર્જર ભવન, ચેમ્બુર, મુંબઈ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મધ્યસ્થ કાર્યાલય દ્વારા સમગ્ર ભારતની શ્રી કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીઓ તેમજ સમાજ આગેવાનોનું બે દિવસનું સંમેલન. |
| • | રવિવાર, તા. ૨૦-૫-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | તબીબી સેવા સમિતિ દ્વારા કોઈપણ ઉંમરની વ્યક્તિ માટે સ્કીન તથા સૌંદર્યલક્ષી હોમિયોપથી ફ્રી નિદાન કેમ્પ.<br>(એક સપ્તાહની દવાનું નિઃશુલ્ક વિતરણ) |
| • | રવિવાર, તા. ૨૦-૫-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત "જીવન કૌશલ્ય" વિષયે પરિસંવાદ (૧૮થી ૨૪ વર્ષના બાળકો માટે) |
| • | શનિવાર, તા. ૨-૬-૨૦૧૨ અને<br>રવિવાર, તા. ૩-૬-૨૦૧૨<br>સવારે ૯.૩૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને<br>નોટબુક - ફૂલસ્કેપ ચોપડા વિતરણ. |
| • | રવિવાર, તા. ૩-૬-૨૦૧૨ અને<br>સવારે ૯.૦૦ થી સાંજના ૫.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત<br>યુવા વર્ગ માટે ઈન્ટરવ્યૂ, રીઝ્યુમ વગેરે સંબંધી વર્કશોપ |

*સંસ્કાર સંસ્કૃતિની જમીન પર ઊગે છે. તમારા બાળકોને તે ભેટરૂપે આપો.*

## કચ્છ વિશેષ

# કચ્છ કેટલું જૂનું?

● હરેશ ધોળકિયા ●

કચ્છ પ્રદેશનો જેમજેમ પરિચય મેળવતા જઇએ છીએ, તેમ તેમ તેની ઐતિહાસિકતા, તેની પ્રાચીનતા સમજાતી જાય છે. **ઇતિહાસમાં જેમ પાછળ જતા જઇએ છીએ, તેમ તેમાં અન્ય પ્રદેશોની જેમ કચ્છનો પણ ઉલ્લેખ જોવા મળે છે.** તે દર્શાવે છે કે પ્રાચીનકાળથી વિશ્વમાં કચ્છ જાણીતું હતું. તેની યાદી તો ખૂબ લાંબી છે. અહીં તો માત્ર ઝાંખી કરી છે.

'કચ્છ' શબ્દ સંસ્કૃત છે. તેનો અર્થ 'કાચબો' થાય છે. આમ તો તેના ભૌગોલિક આકારના આધારે આ નામ પડેલ છે, પણ ભાગવતમાં ભગવાન વિષ્ણુનો એક અવતાર 'કચ્છપ' છે. તે ઉલ્લેખ આ નામને પવિત્રતા સાથે પ્રાચીનતા આપે છે.

'વાયુપુરાણ'માં પણ અન્ય પ્રદેશો સાથે કચ્છનો ઉલ્લેખ કરતાં લખેલ છે કે, "નર્મદા પાસેના ભાનુ કચ્છ, સારસ્વત, કચ્છ, સુરાષ્ટ્ર અને આનર્ત - એ પ્રદેશો આબુ પર્વત સાથે જોડાયેલા છે."

પુરાણોમાં ચાર મહાસરોવરનો ઉલ્લેખ છે. તેમાં એક **'નારાયણ સરોવર'** છે. એમ કહેવાય છે કે ઋષિઓએ ત્યાં તપસ્યા કરી હતી.

કવિ કાલિદાસે 'મેઘદૂત'માં અલકાપુરીનો માર્ગ બતાવતા વર્ણનમાં કચ્છનો નિર્દેશ કર્યો છે. (કન્દલીશ્યાનુકચ્છમ્)

'અમરકોશ'માં તથા 'પાણિનિ અષ્ટાધ્યાયી'માં કચ્છ શબ્દની ચર્ચા છે.

જૈન ગ્રંથ 'ભગવતીસૂત્ર'માં લખેલ છે કે "નદીનાં પાણીથી ઘેરાયેલ વૃક્ષોવાળું સ્થાન તે કચ્છ."

સાહિત્ય તપાસીએ તો વનવાસ દરમિયાન રામ, સીતા અને લક્ષ્મણે નારાયણ સરોવરની યાત્રા કરી હતી. આજે પણ ત્યાં રામકૂવો, સીતાવાડી, રામગુફા, લક્ષ્મણગુફા વગેરે નામધારી સ્થળો છે. રાવણ પણ શિવલિંગ લઇ પાછો વળતો હતો, ત્યારે નારાયણ સરોવર પાસે શિવલિંગ નીચે મૂકતાં આ શિવલિંગ કોટી સ્વરૂપમાં ફેરવાઇ ગયું. તેને આધારે **'કોટેશ્વર'** મંદિર બનેલ છે એમ મનાય છે.

મહાભારતમાં **પાંડવો** વનવાસ દરમિયાન છેલ્લું વર્ષ જે ગુપ્તવાસમાં રહ્યા, તે મનાય છે કે, રાપર પાસે આવેલ 'ગેડી'માં રહ્યા હતા. ત્યાં આજે પણ ભીમગૂડો સ્થળ છે.

વિદેશી સાહિત્યમાં જોઇએ તો મેગેસ્થનિસે કચ્છનો 'પાતાળદ્વીપ' નામે ઉલ્લેખ કર્યો છે. **સિકંદર** પણ પાછા વળતાં કચ્છમાંથી પસાર થયો હતો તેમ મનાય છે. ઇ.સ.ના પ્રથમ સૈકામાં પ્લિન નામના એક પ્રવાસીએ કચ્છી પ્રજાને 'ઓદમ્બરી' નામે ઓળખાવી છે. બેક્ટ્રિયન લેખક સ્ટ્રબોએ કચ્છનો 'તાજ રાષ્ટ્ર' તરીકે નિર્દેશ કર્યો છે. પાછળથી આના આધારે જ કદાચ **મોગલ યુગમાંના લેખક અબુલ ફઝલે ભુજને 'તેજ' તરીકે દર્શાવેલ છે.**

આ ઉપરાંત, ટોલેમી, પેરિપ્લસ, ક્ષત્રપનો શિલાલેખ, હ્યુ-એન-સંગ વગેરે દ્વારા પણ કચ્છનો ઉલ્લેખ થતો રહ્યો છે.

આ બધા નિર્દેશો સૂચવે છે કે કચ્છ પ્રાચીન છે અને સદાય પ્રચલિત રહ્યું છે.

## એક દાયકાની માનસિક ઊથલ પાથલો! (૨૦૦૧-૨૦૧૦)

ઓહ! દસ વર્ષ વીતી ગયાં પેલા વિનાશક ભૂકંપને, બોલો! ભૂકંપ પછીનો દરેક દિવસ પણ કદાચ છેલ્લો હશે એ ફફડાટમાં જીવનારા આજે દસકો વીતી ગયો તેને ચમત્કાર જ માને! અને એ ચમત્કાર બન્યો તે સત્ય એટલા માટે છે કે આપણે દસકા પછી હાજર છીએ. ભયાનક ગડગડાટ સાથે, ધડાધડ પડતા પથ્થરોથી બચીને આજે દસકાને 'ઊજવવા' કે તેને યાદ કરી 'ઉદાસીન થવા' હાજર છીએ. આ 'હોવા'ની કલ્પના માત્ર રોમાંચ જન્માવે છે.

કેવો રહ્યો આ દસકો? તેનો ટૂંકો જવાબ એ હોય કે ૧૫૪૮-૧૯૪૮નો ચારસો વર્ષનો 'રાજાશાહી'નો સમય, ૧૯૪૮-૨૦૦૦નો બાવન વર્ષનો 'સ્વતંત્રતા'નો સમય મળી ૪૫૨ વર્ષના સમય દરમિયાન જેટલો વિકાસ થયો, તેના સંદર્ભમાં ૨૦૦૧થી ૨૦૧૦ દરમિયાન કચ્છનો જે વિકાસ થયો છે, તે સૂચવે છે કે **આગળના કુલ વિકાસ કરતાં અગણિત વિકાસ આ દસકામાં થયો છે.** કદાચ વધારે હિંમત કરીને એમ પણ કહી શકાય કે ધોળાવીરાથી ૨૫ જાન્યુઆરી, ૨૦૦૧ સુધી જે વિકાસ થયો - ગોકળગાયને શરમાવે તેવો, - તેનો બદલો આ દસ વર્ષના વિકાસે વાળી આપ્યો છે. **'પછાત' કચ્છ હવે 'વિકસિત' કચ્છ બન્યું છે.** વચ્ચેનો 'વિકાસશીલ' તબક્કો બહુ ટૂંકો રહ્યો. ૨૦૦૧ સુધી 'નોર્મલ', 'ધીમો', 'ગતાનુગતિક' વિકાસ થતો રહ્યો કચ્છમાં. પણ ધરતીકંપે એક પળ તો વિનાશની લાકડી પછાડી, પણ પછીની પળથી એ જ લાકડીથી જાદુ કર્યો અને શરૂ થયો એવો વિકાસ, જે આજે તો રોકેટની ગતિથી આગળ વધી રહ્યો છે.

આ વિકાસની વાત તો અહીં નથી કરવી. તે વળી અલગ મુદ્દો છે. પણ આ વિકાસે પ્રજાનાં વ્યક્તિગત અને સામૂહિક

*કોઇ આપણું અપમાન કરે તો તેનાથી ખરેખર આપણા પર ઉપકાર જ થાય છે.*

માનસ પર જે પ્રભાવ પાડ્યો છે તેની ઝાંખી કરવા જેવી છે. જૂનવાણી, ગતિહીન, ખેતીવાડી માનસ ધરાવતી પ્રજાને માત્ર ભૌતિક ભૂકંપનો જ અનુભવ નથી થયો, પણ આ ભૂકંપે તેના માનસિક જગતને પણ હલબલાવી નાખ્યું છે. પ્રજાના મનોજગતમાં પણ જબરી ઊથલપાથલ થતી રહી છે, આજે પણ થાય છે. વિકાસની માનસિકતા પર અસર પડી છે અને માનસિકતાએ આ વિકાસને પણ પ્રભાવિત કરેલ છે. દસકા પર નજર કરીએ છીએ, ત્યારે આ બાબતનો અભ્યાસ રસપ્રદ એટલા માટે બને છે કે તેની ભાવિ વિકાસ પર પણ જબરી અસર પડવાની છે. વિકાસ જેટલો પ્રજાને અસર કરે છે, તેટલી જ પ્રજા પણ વિકાસને અસર પહોંચાડે છે. કદાચ સમગ્ર કચ્છની માનસિકતાને સમજવી હજી અઘરી પડે, પણ અનેક ખૂણાઓમાં જે નાની નાની ઊથલપાથલો થતી રહી, તેનો અભ્યાસ અને અવલોકન પણ ભવિષ્યમાં સુગ્રથિત માનસિક પરિવર્તનને સમજવામાં મદદરૂપ થઇ શકે તેમ છે.

માનસિક ઊથલપાથલની શરૂઆત ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના સવારે ૮.૪૫થી જ થઇ. જે જબરો વિનાશ થયો, તેણે પ્રથમ તો પ્રજાને હતપ્રભ કરી નાખી. તેનું મગજ બહેર મારી ગયું. પ્રથમ ઉપાય તરીકે શહેરોમાં તો 'પલાયન' થવાની વૃત્તિ ઊભી થઇ. જેને પણ તક મળી, તે કચ્છ બહાર ચાલ્યા ગયા. પાછા નહીં અવાય તેમ માનીને જ. જેઓ તેવું ન કરી શક્યા, તેમણે લાચારી અનુભવી અને રસ્તા પર કે જંગલ-ઝાંખરામાં આશ્રય લીધો. લોકો અતિશય ભયના ઓથારમાં રહ્યા.

પણ તરત સરકારો અને સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ આવતાં લોકોએ હાશકારો અને હૂંફ અનુભવ્યાં. મહિનાઓ સુધી લોકો સ્વસ્થ રહી શક્યા તે તેમને આભારી. પરિણામે પ્રજાને કળ વળી. પછી તબક્કો શરૂ થયો નવનિર્માણનો. મૂળ જગ્યાએ જ રહેવું કે બહાર જવું તેની જબરી મથામણ ચાલી. પરિણામે ક્યાંક મૂળ જગ્યાએ જ નવનિર્માણ થયું, તો ક્યાંક નવા વિસ્તારો-ગામો ઊભાં થયાં. આ પરિવર્તને અનેકનાં માનસને વલોવ્યાં. હતાશ અને ઉદાસ કર્યા. પણ સમય જતાં ખ્યાલ આવ્યો કે તેઓ વર્ષોથી સંકડાશ, ગંદકી, બંધિયારપણામાં રહેતા હતા. **ભૂકંપે વિશાળતા, સ્વચ્છતા, નૂતનતા આપ્યાં.** આ તુલનાએ આગળની સ્થિતિને નકારવાની હિંમત આપી. પરિણામે જૂની જગ્યા પ્રત્યેનું આકર્ષણ ચાલુ રહ્યું, પણ પાછા જવાની ઇચ્છા મરી પરવારી. માટી અને જમીન પ્રત્યેની લાગણી ઝાંખી પડી. નવી પેઢી તો ઝડપથી ભૂલી ગઇ. હા, નવી સગવડોએ ફળિયા સંસ્કૃતિની હૂંફ ઘટાડી નાખી, પણ સગવડો આગળ તે ગૌણ બન્યું. નવી જગ્યાએ સામૂહિક જીવનના પ્રયોગો શરૂ થયા અને હવે તો વ્યવસ્થિત પણ બની ગયા છે. ગામડાંઓમાં પણ નવી ઢબનાં ઘર અને રસ્તા વગેરે બન્યા ત્યારે પરંપરાગત જીવવાની આદતવાળા સમાજોને જબરી તકલીફ પડી. તેઓ - શહેરોથી વિપરીત - વિશાળતામાં જીવતા હતા અને નવી વ્યવસ્થામાં તેમણે સંકડાશ અનુભવી. પણ આજે તેમને જોઇએ છીએ કે તેઓ પણ આધુનિકતાને સ્વીકારતા થઇ ગયા છે. શરૂઆતમાં 'નવો' વિસ્તાર મૂળ વિસ્તારથી 'દૂર' લાગતો હતો, કારણ કે તેમની સગવડો-સંપર્કો 'જૂના' વિસ્તારમાં હતાં. પણ હવે નવા વિસ્તારો જૂના જેવા જ બની ગયા છે. માટે આ 'ભાવના' પણ અદૃશ્ય થઇ છે - સિવાય કે, ટેવવશ, વાતોમાં 'અફસોસ' વ્યક્ત થાય છે.

બીજી તાત્કાલિક માનસિકતા કૌટુંબિક સંબંધોમાં પ્રગટ થઇ. જેમનાં ઘર તૂટી પડ્યાં, તેમણે જે સગાંઓનાં ઘર નહોતાં તૂટ્યાં ત્યાં આશ્રય લીધો. પ્રથમ તબક્કે તો બધાં આશ્વાસન અને હૂંફ ઇચ્છતાં હતાં. એટલે તેમનું આવવું-રહેવું ગમ્યું. પણ સમય જતો ગયો તેમ મતભેદો ઊભા થવા શરૂ થયા. આવનાર વ્યક્તિઓ કામમાં હાથ ન આપે, અમુક જાતના ખાન-પાન રહેવાના આગ્રહો રાખે, ક્યારેક જુનિયર વ્યક્તિઓ પર દાદાગીરી કરે, ઘર તૂટ્યા પછી મળેલ રાહત સામગ્રીનો હિસ્સો જેને ઘેર રહ્યા હોય તેને ન આપતાં પોતે જ દબાવી રાખે - જેવા કિસ્સાઓથી તીવ્ર મતભેદો ઊભા થયા. વળી, ક્યાંક મતભેદથી જ છૂટા પડી અલગ રહેવા ગયા હોય અને તેને ત્યાં જ આશ્રય લેવો પડ્યો હોય. તે પણ શરૂઆતમાં ન બોલે, પણ પછી જબરા ઝઘડા ઊભા કરે. એટલે ક્યાંક જૂના મતભેદો દૂર થઇ કુટુંબો એક થયાં તો ક્યાંક એકતામાં તિરાડ પડી અને વિભાજન થયાં તો ક્યાંક સંબંધો તૂટ્યા પણ ખરા.

તે જ રીતે નાણાકીય સહાયે જબરી વિચિત્ર માનસિકતા જન્માવેલ. ક્યાંક વડીલો મૃત્યુ પામ્યા. ક્યાંક ભલે અપંગ થયા, પણ બચી ગયા. બચી ગયા તેના કુટુંબીજનો પ્રથમ તબક્કે ખુશ થયા કે અપંગ તો અપંગ પણ વડીલો તો રહ્યા. તો ગયેલાનાં કુટુંબીજનો ખૂબ દુઃખી થયાં. પણ પછી મૃતજનોનાં કુટુંબીજનોને લાખ રૂપિયા વળતર મળ્યા, ત્યારે ક્યાંક વડીલ જીવતા રહ્યા - અને પાછા અપંગ - બોજો વધારનાર લાગ્યા એ રૂપિયા ગુમાવ્યાનો ઝીણો અફસોસ પણ વ્યક્ત થતો જોવા મળ્યો. થોડા વખત પહેલાંની હૂંફની ભાવના વળતરે સૂકવી નાખી.

એવું પણ બન્યું કે ભૂકંપ પહેલાં પતિ-પત્ની સ્વસ્થ જીવન જીવી શકતાં ન હતાં. માત્ર જીવન ખેંચ્યે જતાં હતાં. ભૂકંપે એવા એક 'નિષ્ક્રિય' સભ્યનું મૃત્યુ આણ્યું. શરૂઆતમાં ખૂબ દુઃખ અનુભવ્યું, પણ પાછળથી એવી ભાંગેલ વ્યક્તિઓએ બીજી એવી વ્યક્તિઓ સાથે જોડાઇ સંસાર રચ્યો. કદાચ પ્રથમ વાર બન્નેના લગ્નજીવનના ભોગવટાની શરૂઆત થઇ. પરસ્પરની હૂંફ મળી. બાળકને પણ વડીલ મળ્યા. આજે આ લોકો ખૂબ સુખી છે - ભૂકંપની કૃપાથી.

શરૂઆતમાં સંસ્થાઓ દ્વારા મળેલ રાહતે લોકોને સ્વસ્થ તો રાખ્યા, પણ ક્યાંક તેણે પરાવલંબન પણ જન્માવ્યું. તેણે જીવનમાં પુનઃ સ્થાપિત થવામાં ખૂબ મોડું કર્યું. "લેવાય ત્યાં સુધી લાભ લ્યો"ની મનોવૃત્તિ જન્માવી. આ રાહતોમાં ક્યાંક જ્ઞાતિઓ કે નાની સંસ્થાઓએ ભોજનની વ્યવસ્થા કરી, તો થોડા સમય પછી મોટી સંસ્થાઓની સગવડ સાથે તુલના શરૂ થઇ અને જો સાદું ભોજન હોય, તો તે અવગણાવા લાગ્યું. આયોજકોને તે માટે ઠપકા પણ અપાયા. પરિણામે આયોજકોને નાછૂટકે વ્યવસ્થા અટકાવી દેવી પડી. તેમને તો જશને બદલે જૂતિયાં મળ્યાં. ઘણાએ હતાશા અનુભવેલ. પણ રાહતની જબરી માનસિકતા

*પોતાની ભૂલ બીજા પર ન ઓઢાડો, તેનો સ્વીકાર કરો.*

એ પ્રગટી કે ''લાવ-લાવ''ની વૃત્તિ વધી ગઇ. વસ્તુ હોવા છતાં સંગ્રહ કરવાની વૃત્તિ વકરી હતી. અભાવની ગ્રંથિએ જબરું માથું ઊંચકેલ.

બીજે તબક્કે જ્યારે બધું થાળે પડી ગયું અને અન્ય વિકાસ શરૂ થયા, તેણે માનસિકતા પર ધીમો પણ ઊંડો પ્રભાવ પાડ્યો. આર્થિક ક્ષેત્રે જોઇએ તો અનેકના ધંધા ચોપટ થઇ ગયા હતા. તેમાંના ઘણાના ધંધા તો બરાબર ચાલતા પણ ન હતા, છતાં બંધ કરવા કે બદલાવવાની તેમનામાં હિંમત ન હતી. ઓછા વળતર છતાં ખેંચ્યે રાખતા હતા. ભૂકંપે ધંધા ભાંગી નાખ્યા તે લોકો બેકાર થઇ ગયા. પરિણામે નવી રીતે વિચારવાની ફરજ પડી. પરિણામે યુવા પેઢીના ઘણાએ વ્યવસાય-ક્ષેત્રો બદલાવ્યાં. કોઇકે કચ્છ છોડી બહાર જઇ નવા વ્યવસાય શરૂ કર્યા. થોડા પરદેશ પણ ચાલ્યા ગયા. આમાંના ઘણાએ ખૂબ સરસ રીતે નવા ધંધા વિકસાવ્યા અને આજે સમૃદ્ધ થઇને કામ કરે છે. જૂનાને જ જાળવો, બદલાવાય નહીં, બહાર ન જ જવાય - જેવી માનસિક દીવાલો તૂટી, જેણે વ્યવસાયિક જીવનમાં ઘણો જ ફાયદો કર્યો.

**ભૂકંપે કચ્છને ભેટ આપ્યા ઉદ્યોગો. ભૂકંપ પહેલાં કચ્છ ખેતીપ્રધાન અને પશુપાલન આધારિત પ્રદેશ હતો.** તેમાં મહેનત ઘણી અને વળતર ઓછું - એ વ્યવસ્થામાં લોકો જીવતા હતા. દુકાળ આવે તો હિજરત કરવી પડતી હતી. પણ ભૂકંપ પછી **ટેક્સ હોલીડેના કારણે આજે ચારસો જેટલા ઉદ્યોગો આવ્યા છે.** ઉદ્યોગોએ તો જૂની માનસિકતા પર ઘા જ કર્યા. કેટલાક પ્રભાવ સીધા પ્રગટ થયા, તો કેટલાક સૂક્ષ્મ રીતે વ્યક્ત થતા રહ્યા છે. પર્યાવરણ પરનો પ્રભાવ જોઇ શકાય છે. **જમીનની કિંમત અને તેનો પ્રભાવ પણ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે.** રાતોરાત જમીન વેચનારા માલદાર થઇ ગયા. ઉદ્યોગોના પ્રભાવે અન્ય સાઇડ - નાનાં કામો પણ વધતાં રહ્યાં છે. આજે એવી સ્થિતિ થઇ છે કે બેકારી વ્યર્થ શબ્દ બન્યો છે. બેકાર રહેવું હવે નસીબનો પ્રશ્ન નહીં, પણ પસંદગીનો પ્રશ્ન બન્યો છે. ઉદ્યોગો અને તેના આડવિકાસે અનેક કામો ઊભાં કર્યા છે અને મોટા ભાગનાની આવક પણ વધતી જાય છે. **નવી પેઢી માટે તો અમર્યાદ તકો ઊભી થતી ગઇ છે.**

ઉદ્યોગોની બીજી અસર યુવાનોના માનસ પર પડી છે. ભૂકંપ પહેલાં શહેરી વિસ્તારોને બાદ કરતાં ક્યાંય શિક્ષણભૂખ ન હતી. અંતરિયાળ ગામડાંઓમાં તો પ્રાથમિક શિક્ષણ પણ ભાગ્યે જ પૂરું કરાતું હતું. શહેરોમાં પણ મોટા ભાગે આર્ટસ અને કોમર્સ તરફ જ ઘસારો રહેતો. પણ ભૂકંપ પછી જે ઉદ્યોગો આવ્યા, તેમણે વિવિધ ક્ષેત્રોમાં તકો ઊભી કરી. પરિણામે હવે શિક્ષણની ભૂખ ઊઘડી. ભણવાનું છોડી દેનારા, ઉદ્યોગોમાં નાની પણ નોકરી ન મળવાથી, શરમાય છે. જે નથી ભણી શક્યા, તેઓ પોતાનાં સંતાનોને શાળાએ મોકલતા થયા છે. ગામડાંમાં શાળાઓ વધતી જાય છે. આઇ.ટી.આઇ.માં જનારાની સંખ્યા વધી છે. અંગ્રેજી અને કમ્પ્યુટર શીખવાનું વલણ વધતું જાય છે. અંગ્રેજી માધ્યમની શાળામાં ગ્રામ્ય બાળકો પણ વધવા લાગ્યાં છે. કચ્છ યુનિવર્સિટી શરૂ થયે હજી થોડો જ સમય થયો છે, ત્યાં તો કોલેજોની સંખ્યા પુષ્કળ વધી ગઇ છે. તેમાં પણ બિઝનેસ મેનેજમેન્ટ, સોશિયલ વર્ક, પત્રકારત્વ જેવા અભ્યાસક્રમો તરફ આકર્ષણ વધતું દેખાય છે. માસ્ટર ડિગ્રીમાં જનારાની સંખ્યા વધી રહી છે. ઇગ્નુ અને આંબેડકર યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવનારાઓની સંખ્યા પણ વધે છે. આગળ ભણતી છોકરીઓની સંખ્યા તો આનંદ થાય તેમ વધે છે. આ બધા પાછળનું કારણ ભૂકંપ પછીના ઉદ્યોગોના વૈવિધ્યસભર વિકાસથી જે તકો વધતી જાય છે, તેને મેળવવાની આકાંક્ષાનો પડઘો છે. લખપત-અબડાસામાં પણ કોલેજ હોવી જોઇએ તેની માંગ પણ પાછળ ન રહી જવાય તેની ચિંતાનું જ પરિણામ છે. અરે! હવે સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ કામ મળે અને આવક વધે તે માટે નિવૃત્ત વડીલ વર્ગ પણ કમ્પ્યુટર વગેરે શીખવા લાગ્યા છે. યુવાવર્ગનું માનસ હવે વિસ્તરવામાં, વિકસવામાં, સાહસ કરવામાં, જરૂર પડે તો પરંપરાગત જીવનમાં ફેરફાર લાવીને પણ આગળ વધવા તરફ વધી રહ્યું છે.

આ બધાનો પ્રભાવ જીવનશૈલી પર પણ પડ્યો છે. ખાન-પાન-વસ્ત્રો-વર્તન-સામાજિકતા... બધામાં પરિવર્તન આવતું દેખાય છે. રસના વિષયો વધતા દેખાય છે. તેનો પ્રભાવ પ્રવૃત્તિઓ પર પડે છે. વિવિધ ક્ષેત્રની પ્રવૃત્તિઓ વધતી જાય છે. હરીફાઇ વધે છે તેથી ભાગ લઇ શકાય માટે નાનાં જૂથો બનાવીને પણ પ્રવૃત્તિઓ કરી સિદ્ધિ મેળવવાની ઝંખના વધતી દેખાય છે. ગ્રામ્ય ક્ષેત્રે પણ આવક વધવાથી અને ઉદ્યોગોના વડાઓ વગેરેના પરિચયમાં આવવાથી ત્યાં પણ વસ્ત્રોમાં આધુનિકતા આવે છે. પરંપરાગત આહારમાં શહેરી વસ્તુઓ વધવા લાગી છે. પાર્ટીઓમાં ગ્રામ્ય કર્મચારીઓ અને તેમની પત્નીઓ ભાગ લેવા ઉત્સુક બનવા લાગ્યાં છે અને તે માટે રીતભાત, હિન્દી શીખવું વગેરેની મહેનત પણ કરે છે. તેઓ પણ પ્રવાસ-પર્યટન વગેરેમાં ભાગ લેવા લાગ્યાં છે. ઘરોમાં ટી.વી., મોબાઇલ, વાહનો, કમ્પ્યુટર, ડી.ટી.એચ. વગેરે વધવા લાગ્યાં છે. આ બધાને પરિણામે આધુનિકતાનો પ્રચાર સતત તેમના સામે થાય છે જે તેમને આકર્ષે છે. વડીલોને આ ગમતું નથી, પણ સંતાનોની ઝંખના તેમને ઢીલા બનાવે છે. તેથી સમાજ પૂરતા ચુસ્ત રહેવા સમજાવે છે, પણ બહાર ફરવા જાય યા શહેરોમાં જાય અને આધુનિક વસ્ત્રો પહેરે (સ્ત્રીઓ પણ) તો આંખ આડા કાન કરે છે. જમાનાને દોષ આપી છટકી જાય છે. ક્યાંક શહેરોમાં પડાવેલા આધુનિક વસ્ત્રોમાંના ફોટા પ્રેમ અને ગૌરવથી બતાવે પણ છે. ગ્રામ્ય બહેનો નોકરી કરવા જાય છે, તો અણગમતા મને જવા દે છે. આમ, ગામડાંઓમાં તો ખૂબ શાંતિથી છતાં પ્રભાવક રીતે આબાલવૃદ્ધમાં માનસ પરિવર્તન આવતું જાય છે. જૂના-નવા વચ્ચે સંઘર્ષ ચાલે છે. જૂના પ્રભાવક દેખાય છે, પણ તેના પાયા નબળા પડતા જાય છે.

**ભૂકંપ પછી બે ક્ષેત્રની માનસિકતા ચિંતા ઉપજાવે તેવી છે.** પ્રથમ છે **વહીવટની.** ભૂકંપ પહેલાં કચ્છમાં બદલી 'સજારૂપ' મનાતી હતી. માટે આવનારા ગમેતેમ કરીને ફરી બદલવાના પ્રયાસો કરતા. જે વહીવટને

*શબ્દ સંભાળીને બોલીએ. શબ્દને હાથ કે પગ નથી હોતા, એક શબ્દ કરે ઔષધિ તો એક શબ્દ ઘા પણ કરે.*

શિથિલ બનાવતો. ભૂકંપ પછી ઔદ્યોગિકીકરણને કારણે હવે કચ્છમાં આવવું તે સજાને બદલે 'મજા'નો વિસ્તાર ગણાવો શરૂ થયો છે. એટલે હવે અહીં 'ટકવા'ની મથામણ ચાલે છે. વહીવટમાં અસંવેદનશીલતા, અવગણના, ભ્રષ્ટાચાર વધતાં દેખાય છે. નિમણૂક, બદલી, કામ કરાવવાં - બધામાં ભ્રષ્ટાચારનો ભોરિંગ ફૂંફાડા મારે છે. પ્રજા ખૂબ હેરાન થાય છે. સામે પ્રજાને પણ પોતાનો સ્વાર્થ સાધવાની ઉતાવળ છે. એટલે તેની મદદથી જ કામો કઢાવે છે યા ખોટું કરાવે છે. એક વિષચક્ર ઊભું થયું છે. પણ "પૈસાથી કામ કરાવી શકાય છે"ની માનસિકતા વધે છે.

બીજું ક્ષેત્ર છે **'રાજકારણ'. કચ્છમાં સદીઓથી નેતૃત્વ હંમેશાં નબળું રહ્યું છે. કચ્છે ક્યારેય પ્રભાવશાળી નેતા નથી આપ્યા.** જિલ્લા સ્તરના માન્ય નેતાઓ એકાદ-બે, તે પણ ભૂતકાળમાં થયા છે. બાકી પદના આધારે (એમ.પી., એમ.એલ.એ. કે પંચાયત પ્રમુખ) નેતા બનતા રહ્યા છે. તેઓ પદ પર પણ પ્રભાવક નથી રહ્યા અને પછી તો અદશ્ય જ થઇ જતા હોય છે. પરિણામે રાજ્ય સ્તરે કે રાષ્ટ્ર સ્તરે કચ્છનો કશો જ પ્રભાવ નથી. **કચ્છનાં મોટા ભાગનાં કામ કે સગવડો કચ્છ બહાર વસતા કચ્છીઓ દ્વારા થતાં રહ્યાં છે. આજે પણ તે જ સ્થિતિ છે.** તેમાં વળી હવે કચ્છના પશ્ચિમ અને પૂર્વ એવા બે ભાગ પાડીને વધારે વિભાજિત કરવાના પ્રયાસો ચાલે છે. તેમાં પશ્ચિમ કચ્છને વધુ નુકસાન જઇ રહ્યું છે અને તે વિસ્તારના નેતાઓ પ્રભાવ અને અભ્યાસના અભાવે વામણા પુરવાર થતા રહે છે. ભૂકંપે વિકાસને ગતિ આપી છે યા નરેન્દ્ર મોદીને રસ પડે છે, માટે થોડી પણ ગતિ રહે છે, **પણ દસકાના વિકાસમાં સ્થાનિક નેતૃત્વનો ફાળો શૂન્ય છે,** વચમાં રાજ્યનું મુખ્ય પ્રધાનપદ મળવા છતાં! નજીકના ભવિષ્યમાં તેમાં સુધારો થાય તેવાં કોઇ જ આશાસ્પદ લક્ષણો પણ નથી દેખાતાં. કદાચ ભૂકંપે તે ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર વકરાવ્યો છે. પ્રજા લાચારીથી જુએ છે. વિચિત્રતા એ છે કે છતાં મત તો તેમને જ આપે છે.

ભૂકંપે પ્રજાને સક્રિય બનાવી છે? કચ્છની પ્રજા સામાન્ય રીતે નિષ્ક્રિય કહી શકાય તે હદે શાંત છે. તેમાં ભૌતિક પર્યાવરણ મુખ્ય જવાબદાર છે. દૂર દૂર ગામો અને શહેરો, વાહન વ્યવહાર ધીમો અને ઓછો, શિક્ષણનો અભાવ, સતત પ્રાકૃતિક તકલીફો, રૂઢિચુસ્ત માનસ, ચાર સદીની રાજાશાહીના પ્રભાવે હજૂરિયા અને દરબારી માનસ વગેરેએ સહન કરવાની ટેવ પાડી ગઇ છે. પરિણામે સક્રિય થવું, વિરોધ કરવો, પહેલ કરવી — એવી વૃત્તિઓ નથી વિકસી. ભૂકંપે પહેલી વાર લોકોને સક્રિય થવાની ફરજ પાડી. વહીવટની નીંભરતાએ લોકોને ત્રસ્ત કર્યા. એટલે પહેલે તબક્કે જબરા વિરોધો થયા. રેલીઓ નીકળી, માગણીઓ થઇ, સંગઠનો થયાં. લાગ્યું કે હવે કચ્છ જાગૃત થાય છે. પણ ફરી, નેતૃત્વના અભાવે, આ જાગૃતિ અને ગુસ્સો ઠંડાં પડતાં ગયાં. નેતૃત્વ તો ચૂંટણીલક્ષી અને પક્ષીય ધોરણે થઇ ગયું હોવાથી તેમના માટે પ્રજા ગૌણ છે. એટલે પ્રજાના પ્રશ્નો - પક્ષને અનુકૂળ ન હોય તો તેવા પ્રત્યે ધ્યાન નથી અપાતું. સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રમાંથી પણ કોઇ પ્રભાવક નેતૃત્વ ઊભું નથી થયું. આ તો કલેક્ટર શ્રી પ્રદીપ શર્મા આવ્યા અને તેમની અંગત ધગશે ખૂબ કામો થયાં અને તે પ્રજાને અનુકૂળ રહ્યાં, માટે યથાશક્તિ વિકાસ થયો. બાકી રાજકીય-સામાજિક નેતૃત્વનો ફાળો શૂન્ય રહ્યો. શર્માના ગયા પછી બધું જ ઠપ થઇ ગયું. આજ સુધી! **પ્રજા જાહેર માધ્યમો દ્વારા ગુસ્સો વ્યક્ત કરે છે. પણ પહેલ કરવાના અભાવે ખૂબ ધીમાં કામો થાય છે.**

એકંદરે અવલોકન કરાય તો આ દસકા દરમિયાન ભૌતિક અને માળખાકીય વિકાસ ખૂબ થયો છે, જેણે સામાજિક અને આર્થિક માનસમાં પરિવર્તન કરવાની શરૂઆત કરી દીધી છે. આર્થિક સંદર્ભમાં થોડું વિશાળ માનસ થાય છે, પણ રાજકીય પ્રભાવોથી સામાજિક સંકુચિતતા અને ઝનૂન વધ્યાં હોવાથી તે વિશાળતાને અવરોધે છે. **ચૂંટણીલક્ષી પર્યાવરણે જ્ઞાતિવાદ અને ધર્મઝનૂનને વધાર્યાં છે.** ઉદ્યોગોના પ્રભાવે નાણાકીય-વેપારી માનસ વધ્યું છે. બધી જ બાબતો પૈસાના સંદર્ભમાં જોવાય છે. તેનો પ્રભાવ સંબંધો પર પડે છે. કાયદો વ્યવસ્થા પણ તેના પ્રભાવથી નબળા રહ્યા છે. જાગૃતિ અને સક્રિયતાનો અભાવ સુધારાને અમલી બનાવવામાં અવરોધરૂપ બને છે. નૈતિક નબળાઇઓ હવે ઝડપથી પ્રગટ થાય છે. યુવા માનસને તે અયોગ્ય રીતે પ્રભાવિત કરે છે. એક બાજુ ખૂબ વિશાળતા અને પુષ્કળ પ્રત્યાયન દેખાય છે, તો બીજી બાજુ અસહિષ્ણુતા અને સંકુચિતતા પણ વિકસતાં દેખાય છે.

પણ આ બાબતે નવાઇ પામવા જેવું કે ગભરાવા જેવું નથી. દરેક જગ્યાએ વિકાસના શરૂઆતના તબક્કામાં આવા ફેરફારો અનિવાર્ય હોય છે. ગરીબ, અભાવગ્રસ્ત પ્રજા અચાનક સમૃદ્ધિ તરફ આગળ વધે છે, ત્યારે પ્રથમ તો સામે છેડે જતી હોય છે. વર્ષોનો અભાવ તેને પરિગ્રહી બનાવે છે. પણ સમય જતાં તેને તથ્યો સમજાય છે અને તે સ્વસ્થ થવાનો પ્રયાસ કરે છે. ભારત પાસે સાંસ્કૃતિક વારસો છે જે તેને સ્વસ્થ રાખવામાં મદદ કરતો રહ્યો છે. **અત્યારે થોડાં વર્ષ જૂનાં-નવાં વચ્ચે સંઘર્ષ ચાલશે. આખરે તો નૂતનતા જ આગળ વધશે.** કચ્છમાં પણ આવું જ બનશે. હા, વડીલો, આગેવાનો, વિચારકો, કેળવણીકારો સતત **જો નવી પેઢીને સ્વસ્થ, વિશાળ, મૂલ્યનિષ્ઠ માર્ગદર્શન આપશે, તો તે પેઢીની સ્વસ્થ દષ્ટિ વિકસશે.** ઉદ્યોગો અને તેના દ્વારા થતો વિકાસ તો પોતાની રીતે જ વિકસે. પણ ત્યારે સમાજના મહાજનોનું નેતૃત્વ મહત્ત્વનું બને છે. મહાજનોની માનસિકતા સ્વસ્થ અને સમતુલિત હશે, તો ગમે તેવી ઊથલપાથલ આવશે, તો પણ સમસ્યાઓ વધારે આગળ નહીં વધે. એટલે આવનારા સમયમાં કચ્છ વિકાસ સાથે સ્વસ્થ થઇને આગળ વધશે કે વધારે અસ્વસ્થ થશે, **તેનો બધો જ આધાર વડીલો અને મહાજનો પર હશે.**

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

*બુદ્ધિપૂર્વક કામ કરવાથી સફળતા જરૂર મળે છે.*

# કચ્છની નવી વૈશ્વિક ઓળખાણ : એક વિશ્લેષણ

● અનુવાદ : નવીન પટેલ ●

**ભારતનો સૌથી મોટો બીજા નંબરનો જિલ્લો એટલે પાંજો કચ્છ** જે આજે વૈશ્વિક સ્તરે દુનિયાની નજરોનું કેન્દ્ર બની રહેલ છે. કચ્છ પોતાના કિંમતી સાંસ્કૃતિક વારસા, ભવ્યાતિભવ્ય ભૂતકાળ અને એનાથી પણ વધારે વ્યાપારિક સાહસિકતા ધરાવતા 'કચ્છી માડુ'ને કારણે જે જગવિખ્યાત બની ગયેલ છે. **કેટલીય કુદરતી સંપત્તિ કચ્છને મળેલ છે** તેના પર દૃષ્ટિ કરીએ તો વિવિધ સ્થાનો પર ડુંગરાળ પ્રદેશ, વણખેડ્યો લાંબો સાગર કિનારો, લાંબો રણ પ્રદેશ, ખનિજોથી ભરપૂર પાતાળ, એકરો સુધી પથરાયેલ ઘાસિયા મેદાનો — આ બધું એક જ પ્રદેશમાં હોવું તેને એક કુદરતી કરિશ્મા તરીકે ઓળખી શકાય. આવા કુદરતી ભંડારોએ કચ્છને દુનિયાભરમાં પ્રખ્યાત બનાવેલ છે. અહીંના ઇતિહાસને વિસ્તૃત રીતે જાણવા દુનિયાભરના જિજ્ઞાસુઓ આવતા રહે છે અને હડપ્પિયન સંસ્કૃતિથી લઇને આજનો કચ્છી માડુ એ બધાને માટે એક અજાયબી જ બની રહેલ છે.

આઝાદી પૂર્વેથી કચ્છમાં પાસે કરાંચી, માંડવી, મુન્દ્રા તથા લખપત જેવાં બંદરીય શહેરો હતાં જેઓ દુનિયાભરના દેશો સાથે સંપર્કમાં હતા. ભાગલા બાદ પાકિસ્તાનમાં ધંધાકીય પરિસ્થિતિઓ સારી નથી રહેવાની તેનો તાગ આ ધંધાદારી પ્રજાને આવી જતાં ત્યાંના કચ્છીઓએ ભારત ઉપરાંત અખાતી દેશો, આફ્રિકા, યુરોપ ભણી સ્થળાંતર કર્યું. આ મહેનતુ પ્રજાએ જ્યાં જ્યાં વસવાટ કર્યો ત્યાં વ્યાપારિક શાખ પ્રાપ્ત કરીને ખાલી ધન પ્રાપ્તિ પણ કરી. આ બધાની વચ્ચે પોતાના માદરે વતનને કદી ન ભૂલનારો કચ્છી માડુ સમયાંતરે કચ્છની મુલાકાત લેતો રહે છે અને કચ્છના વિકાસ અને પ્રગતિમાં શક્ય એટલો ફાળો નોંધાવે જ છે આને કારણે કચ્છ સૂકો પ્રદેશ હોવા છતાં હંમેશાં ભીનાં હૈયાંનો પ્રદેશ રહ્યો છે.

● **આજના કચ્છનું વૈશ્વિકીકરણ :**

ખનિજનો ખજાનો : કચ્છની ધરતીને કુદરતે વિશાળ ખનિજ સંપત્તિ બક્ષી છે. જેને કારણે કચ્છને હંમેશ માટે સમૃદ્ધિનું વરદાન મળેલ છે. બેન્ટોનાઇટ, બોક્સાઇટ, લાઇમસ્ટોન, લિગ્નાઇટ, ચાઇના ક્લે, નમક, ખનીજ તેલ, નેચરલ ગેસ તથા જીપ્સમનાં ભંડારો કચ્છમાં છે. ઔષધીય વનસ્પતિ કચ્છનું નૈસર્ગિક સૌંદર્ય છે. કચ્છનું બેન્ટોનાઇટ દુનિયામાં ઉચ્ચતમ કક્ષાનું ગણાય છે તથા દેશ-વિદેશમાં તેની ખૂબ જ માંગ છે. કચ્છનાં ખનિજો આજે સરકારી આવકનાં સ્રોતોમાં મોટો હિસ્સો ધરાવે છે.

આ ખનિજોને કારણે ખનિજનું ખોદકામ, તેના વિવિધ ઉત્પાદન, વેચાણ, ટ્રાન્સપોર્ટેશન જેવા વિવિધ કક્ષાએ નોકરીની વિપુલ તકો ઊભી થયેલ છે. તે ઉપરાંત ચાઇના ક્લે, બોક્સાઇટ તથા એલ્યુમિના તેની ગુણવત્તાને કારણે તુરંત વેચાઇ જાય છે. લિગ્નાઇટનો કોલસો તો એટલા વિપુલ પ્રમાણમાં છે કે ક્યારેક રોજની ૧૦૦૦ ટ્રકો ભારતભરમાં તેને લઇ જાય છે. આ બધાને કારણે કચ્છનાં ટ્રાન્સપોર્ટ ઇન્ડસ્ટ્રીઝમાં ખૂબજ સકારાત્મક અસરો થઇ છે. આજે આશાપુરા ગ્રૂપ કચ્છમાં બેન્ટોનાઇટનાં સન્માનીય એક્સપોર્ટર તરીકે જાણીતા છે. આ વર્ષે, જાણીને ગર્વ થશે કે જે બેન્ટોનાઇટ દુનિયાભરમાં જાય છે તે 'કચ્છી ક્લે' (કચ્છની માટી) તરીકે ઓળખાય છે. તેવી જ રીતે બોક્સાઇટને લગતો મોટો એલ્યુમિના પ્રોજેક્ટ શરૂ થઇ ચુકેલ છે તથા ચીન જોડે આ બાબતે વ્યાપારીક સમજૂતી પણ થયેલ છે.

આજે સાંઘી સિમેન્ટ તથા જયપી સિમેન્ટનાં પ્લાન્ટો કાર્યરત થઇ ગયા છે અને નજીકના ભવિષ્યમાં અન્ય સિમેન્ટ પ્લાન્ટો શરૂ થઇ રહ્યા છે. **લાઇમ સ્ટોન તથા જીપ્સમ પાવડર ઘરઆંગણે મળતા કચ્છમાં સિમેન્ટ પ્લાન્ટોમાં મોટી કમાણી થઇ શકે છે.** ભવિષ્યમાં કદાચ કચ્છ વિશ્વમાં સૌથી મોટા સિમેન્ટ ઉત્પાદન કરતા વિસ્તાર તરીકે ઓળખાય તો નવાઇ નથી. રાસાયણિક ઉદ્યોગો માટે કચ્છનો દરિયા કિનારો ખૂબ જ ઉપયોગી સાબિત થાય તેમ છે. વિશાળ દરિયાકાંઠાને કારણે 'કેમિકલ વેસ્ટ'ને દરિયામાં પધરાવી શકાય તેમ છે. પર્યાવરણીય મુદ્દાઓનું સમાધાન થતાં આ ઇન્ડસ્ટ્રીઓ માટે કચ્છમાં મોટો પ્લાન્ટ આવવાની શક્યતા છે. વિશાળ દરિયાકાંઠાનો ઉપયોગ કરીને સુઝલોન દ્વારા પવનચક્કીઓનાં ઉપયોગથી વીજ ઉત્પાદન થઇ રહેલ છે આજે ૪૦૦ ઉપરાંત પવન ચક્કીઓ કાર્યરત છે અને વધુને વધુ આવી રહેલ છે. આ પવન ચક્કીઓને સરેરાશ ૧૫-૨૦ કિ.મી.ની ઝડપથી ફૂંકાતા પવનનો લાભ મળે છે.

દરિયાલાલની મહેરબાની હજી આગળ વધે છે અને નમક તથા જીપ્સમ બન્ને અહીંથી દુનિયાભરમાં જાય છે. તે ઉપરાંત વર્ષો જૂનો ધંધો છે માછલી પકડનારનો જેમાં ફીશીંગ કંપનીઓ સેંકડો લોકોને રોજગારીઓ પૂરી પાડે છે. કચ્છનાં હાલના બે પ્રખ્યાત બંદરો મુન્દ્રા તથા કંડલા ભારતની શાન છે. આયાત-નિકાસમાં આ બન્ને બંદરો દેશને મોટો ફાળો આપી રહેલ છે.

'સાંઘી સિમેન્ટ'નો સિમેન્ટ પ્લાન્ટ એશિયામાં સૌથી મોટો છે. જેમાં અહીંના જ ખનિજો વપરાય છે. તેમની પોતાની જેટી પરથી દુનિયાભરમાં તેમનો સિમેન્ટ પહોંચે છે.

બે અન્ય આવા જ મેગા સિમેન્ટ પ્લાન્ટ કચ્છમાં આવી રહ્યા છે. બ્રોમીનનાં ઉત્પાદનમાં પણ સાગરનો ફાળો છે અને તેનો ઉપયોગ એગ્રોસેલ ઇન્ડસ્ટ્રીઝે લઇને મોટો ઉદ્યોગ આપેલ છે. બ્રોમીન 'ફ્લેમપ્રુફીંગ' ઇન્ડસ્ટ્રીઝ

*મુશ્કેલીઓ વચ્ચે તક છુપાયેલી હોય છે.*

માટે ખૂબ જ ઉપયોગી છે તથા દુનિયાભરમાં નિકાસ થાય છે. કંડલા પોર્ટ નજીક નવા બની રહેલ 'ટીમ્બર ઝોન'ને કારણે કચ્છની આર્થિક ક્ષમતા હજુ વધશે એવી આશા છે.

૨૦૦૧ના ભૂકંપ બાદનાં દાયકામાં કચ્છમાં થઇ રહેલ નવ નિર્માણની નોંધ વૈશ્વિક સ્તરે લેવાઇ રહી છે. સરકારી નીતિઓ, યોજનાઓ તથા અન્ય આકર્ષણોને લીધે મોટા ઉદ્યોગોએ કચ્છમાં ડેરો જમાવ્યો છે. આને કારણે રાસાયણિક, ટ્રાન્સપોર્ટ, સ્ટીલ, ઇલેક્ટ્રોનિક્સ, સિમેન્ટ, ઓટોમોબાઇલ, પવન ઊર્જા, સીરામિક્સ, સ્ટીલ પાઇપ, પ્લાયવુડ, ફૂડ પ્રોસેસિંગ જેવા અનેક ઉદ્યોગો ખીલ્યા છે. આને લીધે વિદેશી ભંડોળ પણ વિપુલ પ્રમાણમાં ઊભું થયેલ છે તથા કચ્છની પ્રગતિમાં આમાંના ઘણા ઉદ્યોગોએ ભાગ ભજવ્યો છે.

ભૂકંપ પછીની ગતિવિધિઓ તથા પ્રગતિને દુનિયા અચંબાથી નિહાળી રહી છે. **કચ્છનું આખે આખું માળખું નવું રૂપ અને રંગ ધારણ કરીને દુનિયા સમક્ષ આવી ગયેલ છે.** ભૂકંપ બાદ શરૂ થયેલ કચ્છની નવી ઓળખ તથા 'ભૂકંપ રાહત કાર્ય'ને સ્થાને જાણે શરૂ થયેલ નવનિર્માણને કારણે આજે કચ્છ અર્થતંત્રને ઘરમૂળથી બદલી દેનાર, એક ઊપજ કરનાર ભારતની મૂળભૂત ગણાતી યુનિટ બની ગયેલ છે. **કચ્છનાં રસ્તાઓ, વાહન વ્યવહાર, રેલવે, વિમાની સેવા, વીજળી તથા પાણીની વર્ષો જૂની સમસ્યાઓનો જાણે અંત આવી રહેલ જણાય છે.** માનવીય વિકાસમાં મહત્ત્વની ગણાતી દરેક સેવા આજે કચ્છમાં ઉપલબ્ધ છે. **આજે કચ્છને 'ઇન્ડસ્ટ્રીયલ આઇલેન્ડ'નું બિરૂદ પણ અપાય છે** અને આ બધા માટે જવાબદાર એકજ વ્યક્તિ છે, તે છે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી. જેમની દૂરંદેશીને કારણે કચ્છના પ્રદેશમાં રહેલી ખૂબીઓ દુનિયાની નજરે ચડી તથા દુનિયાભરનાં કચ્છીઓને એક મહત્ત્વની વ્યાપારિક પ્રજા તરીકે એક નવી દૃષ્ટિથી જોવામાં આવી.

● **મોજ-મસ્તીનું વ્યાપારીકરણ :**

પ્રવાસનને કચ્છમાં ખૂબજ મોટો ફાયદો મળ્યો છે. ગુજરાત સરકાર તરફથી શરૂ કરાયેલ કચ્છના રણોત્સવ તથા કચ્છ કાર્નિવલને કારણે કચ્છને એક પ્રતીકાત્મક ઓળખ મળેલ છે. દુનિયાભરનાં સહેલગાહ માણનારા લોકોને કચ્છે એક આલ્હાદક રોમાંચિત કરે એવો સંદેશ મોકલ્યો છે કે આવો અને કાર્નિવલને માણો અને સફેદરણમાં રાત્રી સફરમાં નવું જીવન અનુભવો. ટેન્ટસીટીમાં નયનરમ્ય વ્યવસ્થા તથા અન્ય સગવડોને કારણે પ્રવાસનને ભારે પ્રોત્સાહન મળેલ છે.

કચ્છની રાજધાની ભુજમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની હોટલોમાં સિઝનમાં રૂમો મળવા મુશ્કેલ હોય છે. પ્રિન્સ તથા પ્રિન્સ રેસીડેન્સી, ઇલાર્ક, મંગલમ, ઓએસીસ, કેબીઅવ, સેવન સ્કાય, સ્ટાર — આ બધી ૩-સ્ટાર કક્ષાની હોટલો ભૂકંપ પછી બની છે. ભુજ આજે હવાઇ, રોડ તથા રેલ માર્ગે વિશ્વ સાથે જોડાઇ ગયેલ છે. ભૂતકાળનું કચ્છ જે એક અંધકાર ભર્યો ખૂણો હતો અને મનીઓર્ડર પર નભતા ગામ હતા તે આપખૂદ બનવાની દિશામાં ધસી રહેલ છે.

સામાજિક સંસ્થાઓની દરમિયાનગીરીથી કચ્છની પરંપરાગત કલાઓનાં કારીગરોને ખૂબ જ સારું રોજગાર મળતું થયેલ છે તથા દુનિયાભરમાં તેમની કલાની કદર પણ થઇ છે. કેટકેટલાંય વર્ષોથી સચવાઇ રહેલી કચ્છની કલાઓનું મૂલ્ય આજે અંકાઇ રહ્યું છે તથા આ કલાઓના વ્યવસાયિક તાલીમ કેન્દ્રો પણ શરૂ કરાયેલ છે.

ગુજરાત સરકાર દ્વારા નર્મદા યોજનામાં આગળ વધવાના કારણે આ વિસ્તારમાં પાણીની સમસ્યા હલ થઇ જશે એવું લાગે છે. વાસ્મો તથા સહજાનંદ ટ્રસ્ટ જેવી સંસ્થાઓને કારણે ઘણાં ગામોમાં પાણી પહોંચતું થતા કુટિર ઉદ્યોગોને પણ ઘણી રાહત મળી છે. જ્યોતિગ્રામ યોજનાને કારણે ગામડાંઓમાં ૨૪ કલાક અવિતરિત વીજળી મળી રહે છે. તદ્ઉપરાંત નવા 'સેઝ'ની જાહેરાતને કારણે પણ હજી વધુ વિદેશી ભંડોળ કચ્છમાં ઠલવાશે.

**સમગ્ર ગુજરાતમાં કચ્છ જિલ્લાની બેંકોમાં સૌથી વધુ રોકાણ થાય છે.** આનું કારણ કચ્છી એન.આર.આઇ. છે. તદ્ઉપરાંત ઔદ્યોગિક પરિસ્થિતિને કારણે ઊભરી આવેલ નવી બેંકોની જરૂરિયાતે નવી યુવાપેઢી માટે આ ક્ષેત્રનાં દ્વાર ખોલી નાખ્યાં છે. આજે મોટા ભાગની બેંકોની શાખાઓ કચ્છમાં છે જે કચ્છના યુવાનો માટે રોજી-રોટીનું સાધન બની ગયેલ છે. રેલવેમાં ખાનગી ભાગીદારીને કારણે અદાણી તથા કંડલા પોર્ટ સુધી રેલવે પહોંચી ગઇ છે.

ભુજ - મુંબઇ વચ્ચે જુદી જુદી એરવેઝના વિમાનો ઊડી રહ્યા છે. ભુજના એરપોર્ટને આંતરરાષ્ટ્રીય બનાવવાની પહેલ થઇ રહી છે. મેડિકલ ક્ષેત્રે અદાણી ગ્રૂપ દ્વારા તથા અન્યો દ્વારા પણ મેડિકલ કોલેજ તથા હોસ્પિટલ નજીકના ભવિષ્યમાં શરૂ થશે જેને કારણે મેડિકલ ટુરિઝમનો મોટો સ્કોપ છે.

**કચ્છમાં ભૂકંપ બાદ ૨૦૦૧માં ૩૫ હજાર કરોડનું રોકાણ ટેક્ષ હોલીડેને કારણે થયેલ** અને આજે બીજા ૭૫ હજાર કરોડના રોકાણના એમ.ઓ.યુ. થઇ ગયેલ છે. ભૂતકાળમાં કચ્છને થયેલ અન્યાયોનો જવાબ આજે મળી ગયેલ છે અને કચ્છે એ સાબિત કરેલ છે કે ગુજરાતની પ્રગતિમાં કચ્છનો ફાળો અનિવાર્ય છે. કંડલા તથા મુંદ્રાના અદાણી પોર્ટે બધાંજ શિખરો સર કરીને નવાં પરિમાણો ઊભાં કર્યા છે. મુંદ્રા પોર્ટે છેલ્લા ૬ વર્ષમાં ૧૨ જેટી બનાવી છે. જેને કારણે પોર્ટનું કામ અનેકઘણું ઝડપી બન્યું છે.

વિદ્યુત મથકોના મસમોટા પ્રોજેક્ટ આવી રહ્યા છે જે ફક્ત કચ્છ નહિ સમગ્ર પશ્ચિમ ઝોનની જરૂરિયાતો પૂરી પાડશે.

**યુરો સિરેમિક, વેલસ્પન, યુરો મલ્ટીવિઝન, અદાણી ગ્રૂપ** હજી પોતાના ધંધાઓ વિકસાવી રહ્યા છે. આ છે કચ્છનું ગ્લોબલાઇઝેશન - વૈશ્વિક સ્તરે કચ્છની લેવાતી નોંધ. સ્થાનિક સ્તરે નાના-મોટા પ્રશ્નો ઊભા હશે પણ કચ્છીઓ સંગઠિત થઇ રહેલ ઔદ્યોગિકીકરણમાં ભાગ લઇ પ્રગતિ કરે એવી અપેક્ષા છે. જે કચ્છીઓ આમાં કોઇ ભાગ નહિ ભજવે એમને કદાચ કચ્છને ભૂલી જવું જ પડશે. **કચ્છનું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ છે એમાં કોઇ શક નથી** અને જ્યાં સુધી કચ્છીઓના મનમાં માતૃભૂમિ માટે લાગણી છે ત્યાં સુધી એની સંસ્કૃતિને ભય નથી.

*મૂળ લેખ (અંગ્રેજીમાં) : રમેશ ભટ્ટ*
*અનુવાદ : નવીન પટેલ*

*આશા એવો તારો છે જે રાત્રે તથા દિવસે સતત દેખાય છે.*

# કચ્છી હસ્તકલા ઉદ્યોગની વિશિષ્ટતા

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ •

એક સામાન્ય સમજણ મુજબ ‘હાથની કળા એટલે હસ્તકલા’. માનવીએ પોતાની બુધ્ધિશક્તિ અને આવડત દ્વારા કલા કૌશલ્ય ખીલવ્યા છે. જે આવડત કેટલીક જાતિઓમાં વંશ પરંપરાગત ઊતરી આવેલ છે. તેને સ્પેશિયલ એબિલીટી પણ કહે છે. **કચ્છીઓ પાસે પણ હસ્તકલા કસબની વિરાસત છે.** કચ્છના આર્થિક પરિપ્રેક્ષ્યમાં તેનો ફાળો બહુવિધ છે. હસ્તકલામાં વણાટકામ, માટીકામ, ધાતુકામ, જરીકામ, ભરત-ગુંથણકામ, ચિત્રકામ, મોતીકામ, મીનાકામ, કાષ્ઠકલા આદિનો સમાવેશ થાય છે. હસ્તકલાનું ગામડાં તથા શહેરોમાં પણ સ્થાન છે. આ હાથ કારીગરી લોકો પોતાના ઘરમાં જ કરતા હોય છે કે જેમાં કુટુંબના સભ્યો જોડાતા હોય છે. તેથી તેને ગૃહ ઉદ્યોગ કે કુટિર ઉદ્યોગ પણ કહે છે. ફુરસદના સમયે ઘરના લોકો આ અંગેનું કાર્ય ઊંડા રસથી કરે છે. સ્વરોજગારીનું હસ્તકલા ક્ષેત્ર અજોડ ક્ષેત્ર છે.

૧૯મી સદીમાં ઈરાન, અરબસ્તાન આદિ આપણી હસ્તકલા જેવી કે મીનાકામ, હાથીદાંત તેમજ સુડી-ચપ્પા, કટારીકામ અને મશરૂ ઈલાયચા કાપડનાં બજારો હતાં. પરંતુ કચ્છ રાજ્યની જકાત નીતિ તેમજ અંગ્રેજ સરકારની નીતિરીતિથી ૨૦મી સદીમાં હસ્તકલા ઉદ્યોગને ફટકો પડ્યો. આઝાદી બાદ ૧૯૬૦માં જિલ્લા ઉદ્યોગ સહકારી સંઘ તથા ઈ.સ. ૧૯૭૮માં હસ્તકલા નિગમ તથા ઊન વિકાસ નિગમની કચેરીઓ ભુજમાં શરૂ થતાં આ ઉદ્યોગોમાં પુનઃ પ્રાણ પુરાયા. અવાર નવાર મુંબઈ, દિલ્હી આદિ શહેરોમાં ભરાતા હસ્તકલાનાં પ્રદર્શનોએ કચ્છી કારીગરોને પ્રોત્સાહિત કર્યા. આજે તો રણોત્સવ જેવા કાર્યક્રમોને કારણે કચ્છી હસ્તકલા દેશ અને દુનિયામાં ચોમેર પ્રસરી ગઈ છે. કચ્છી કલા કૌશલ્યને આગવાં પ્રોત્સાહન પ્રાપ્ત થયાં છે. આવા કસબીઓને નિયમિતપણે રોજગારી અને માર્કેટિંગ મળે એ હેતુથી મિશમ મંગલમે કમર કસી છે. નવી દિલ્હી સ્થિત ફેબ ઇન્ડિયા કંપની સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આ કામમાં કચ્છની હસ્તકલા સાથે સંલગ્ન સંસ્થાઓ કલારક્ષા, ખમીર અને શ્રુજન યોગદાન આપશે.

- **કચ્છી લીંપણ શિલ્પ :**

**કચ્છનું લીંપણ શિલ્પ એ કચ્છની આગવી કલા છે.** ગ્રામ્ય વિસ્તારોમાં બન્નીના મુસ્લિમો, કચ્છી રબારીઓ અને હરિજનો પોતાના ખોરડાં અને ભૂંગાની ભીંતો પર માટીનું શિલ્પ કામ કરે છે. તળાવની માટીના ભુક્કામાં ગધેડાની લાદ મિશ્રિત કરી દીવાલો લીંપે છે. જેના પર વિવિધ આકૃતિઓ ઉપસાવવામાં આવે છે. જે નયનરમ્ય હોય છે. ભૂંગાના કોઠલા, આરિયા, ગોખલા તથા અનાજ ભરવાની કોઠીઓ પર પણ સુશોભનો આ માટીમાં રંગ ભેળવીને કરે છે. સૂર્ય-ચંદ્રની આકૃતિઓ, ઊંટ, ઘોડા, હાથી, બળદ આદિનું ચિત્રણ કરતા હોય તો મુખ્ય દરવાજા પર વિવિધ તોરણોનાં ચિત્રણ કરતા હોય છે. આ ચિત્રણમાં વચ્ચે આભલાં પૂરે છે. રબારીઓ શિલ્પમાં ગોપીઓના રાસ, પનિહારી, વીંછી, મોર, કાનુડો, મહિયારીના ચિત્રણ કરે છે. ભુજોડી, ટુંડાવાંઢ, બોચા, ગડો જેવા રબારી કોમના ગામોમાં આ શિલ્પ અર્થાત લીંપણ શિલ્પ દશ્યમાન થાય છે. કચ્છી કમાંગર વર્ગની દીવાલ પરની ચિત્રણ કલા વારસાગત કલા છે. જે લુપ્ત થતી જાય છે.

- **કચ્છી ધડકી :**

કચ્છના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં કન્યાના લગ્ન પ્રસંગે આ ગામડાંઓમાં કરિયાવર રૂપે અપાતી ચીજ વસ્તુઓમાં એક સુશોભિત ‘ધડકી’ અપાય છે. ગોરેવાલી, ધ્રોબાણા, બન્ની, ધોરડો, હોડકો, સુમરાસર, રાપર આદિ વિસ્તારોમાં આ કલા વિશેષ વિકસી છે. ઘરમાં પડેલા જૂનાં વસ્ત્રોમાંથી સુંદર એક સરખા ટુકડાઓ કાપી અને વેસ્ટમાંથી બેસ્ટનો સંદેશો આ ધડકી આપે છે. રંગબેરંગી દોરાથી આ ટૂકડાઓને સીવીને વચ્ચે આભલાં પણ ટાંકે છે. કોઈ ચોરસ તો કોઈ વળી પગથિયાં જેવી આકૃતિ સર્જે છે. કાપડના ટૂકડાને સાદી રીતે ગોઠવી અને સીવવામાં આવે તેને ‘સેવામૂટી’ કહે છે. કાપડના વિવિધ ટુકડાઓને કાપીને વિવિધ ભાતોમાં સીવવામાં આવે તે ‘પેચવર્ક’ અને સીવણ દ્વારા ચતુષ્કોણ આકૃતિ તૈયાર કરાય તેને ‘કબીરા વર્ક’ કહેવાય છે. પેચ વર્કનો ઉપયોગ થેલા, પીલો કવર, ગાદીના કવર, ઊંટ બળદની ઝૂલ્યોમાં થાય છે. આપર, કણબી, જાટ આદિ સ્ત્રીઓ આવાં પેચવર્ક કરે છે.

- **કચ્છી કુંભારી કલા :**

કચ્છની આ કલા માંડવી તાલુકાના ગુંદિયાળી, ખાવડા, લોડાઈ, ઝીંકડી આદિમાં સવિશેષ જોવા મળે છે. સ્વરોજગારીનું આ ક્ષેત્ર અત્રે વ્યાપક છે. પરંપરાગત તાવડી, માટલી, માટલાં, કોઠીઓ, રમકડાંની સાથે

સાથ હવે તો પેન સ્ટેન્ડ, ફ્લાવર પોટ, ચકલીઘર, ડેમેરેટીવ પોટ શોકેસમાં મૂકી શકાય તેવી માટીની અનેક વસ્તુઓ બનાવે છે. ભુજ શહેરના સરપટગેટ બહારના વિસ્તારમાં કુંભારોના નિવાસ સ્થાનોમાં આજે પણ નવરાત્રિ પ્રસંગે રંગબેરંગી ગરબા, કોડિયાં તથા માટલાં અને દિવાળી પ્રસંગે માટીનાં રમકડાં બનાવાય છે.

**● કચ્છની ધાતુ કલા :**

કચ્છનો સૂડી-ચપ્પુ ઉદ્યોગ વર્ષોથી જાણીતો છે. તે એટલે સુધી કે કચ્છમાંથી સગાસંબંધીને મળવા જતા લોકો ખાસ તેમના માટે સૂડી-ચપ્પુ લઇ જાય તો વળી કેટલાક સગા સંબંધીઓ આ વસ્તુઓ મંગાવે પણ ખરા. ખાસ કરીને નાના રેહા, અંજાર, ભુજ, મોટા રણ વિસ્તારમાં તેના ઉત્પાદન કેન્દ્રો છે. તલવાર તથા નાની મોટી કટારીઓ પણ બનાવાય છે. સૂડી ચપ્પાને આકર્ષક બનાવવા માટે માછલી, પેન, પિસ્તોલ, ચાવી, બૂટ વગેરે આકારો અપાય છે. સૂડીમાં ઘૂઘરીઓ જડવામાં આવે છે. દોડતા ઘોડાના આકાર, મયૂર આકાર મુખ્ય છે. લોખંડ અને પિત્તળમાંથી તાળાં પણ બનાવાય છે. જે ઘણાં મજબૂત હોય છે. ભારતના મેપના આકારના, કમળના આકારનાં તાળાં મ્યુઝીયમમાં છે. ભુજમાં તાળા બનાવવાનો ઉદ્યોગ આજે પણ છે. કેટલાક કૃષિકારો માટેનાં ઓજારો બનાવે છે.

**● કચ્છી રોગાન કલા :**

કપડાં પર રંગ વડે આકૃતિ પાડવાનું કામ એ રોગાન છપાઇ તરીકે ઓળખાય છે. કચ્છમાં નિરોણા ગામ જાણીતું છે. આ વ્યવસાયિક કલામાં ખત્રી લોકો જોડાયેલા છે. કાપડ પર ભૌમિતિક ભાતો તથા કુદરતી દૃશ્યો તેઓ આલેખે છે. કચ્છમાં ભરતગૂંથણ પ્રવૃત્તિ વેગવંતી બની રહી છે. ખાસ કરીને બાંધણી ઉદ્યોગ અર્થાત કચ્છી બાંધણી જગમશહૂર બની છે. તેમાંય સુતરાઉ કરતાં સિલ્કની બાંધણીનું ચલણ ખૂબ જ વધ્યું છે. આ ઉપરાંત કચ્છી અજરખ-બારીકની આઇટેમો, કચ્છી ડ્રેસ મટીરિયલ્સનાં બજારો ગરમ છે. તો દીવાનખાના માટે કચ્છી વોલપીસની પણ બોલબાલા છે.

**● કચ્છી ચર્મ કલા-લાખકામ-જરી અને મીનાકામ**

ચામડાનાં નાનાં મોટાં પાકીટો અને તે પર ડિઝાઇનો ઉપસાવનાર વર્ગ, બેલ્ટ બનાવનાર, પગરખાં અને જાત જાતની મોજડીઓ બનાવનાર વર્ગ કાર્યરત છે. મોબાઇલ કવર બનાવનારા તથા લાખકામ, જરીકામ કરનાર વર્ગ ઓછો છે. સોનાની વીંટી, નેકલેસ, ઇયરીંગ પર મીનાકામ થતાં એ કારીગર વર્ગની સંખ્યા માંગના સંદર્ભમાં ઘટી છે.

કચ્છ મહિલા વિકાસ સંગઠન, વિવેકાનંદ ગ્રામોદ્યોગ, વિવેકાનંદ ટ્રેનિંગ અને રિસર્ચ સેન્ટર, ઝૂરા સોઢા કેમ્પ, કચ્છી મહિલા સંગઠનો, ભુજ મહિલા મંડળ આદિ સંસ્થાઓ કચ્છની આ ભાતીગળ અને વંશ પરંપરાગત હસ્તકલા પ્રવૃત્તિઓને સક્રિય રીતે પ્રોત્સાહિત કરતી રહે છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

# કચ્છના અંતિમ રાજવી મહારાઓ મદનસિંહજી

કચ્છના પ્રજાવત્સલ ભૂતપૂર્વ રાજવી, ટેનિસના શ્રેષ્ઠ ખેલાડી અને ઉત્તમ રાજદ્વારી મહારાઓ મદનસિંહજી સાહેબનો જન્મ ૧૨ ઓક્ટોબર, ૧૯૦૯ના રોજ કચ્છમાં થયો હતો. રાજ પરિવારના અંગત શિક્ષકોએ તેમને શિક્ષણ આપ્યું હતું. એમણે બાળપણથી તેમના દાદા મહારાઓ ખેંગારજી ત્રીજા (શાસનકાળ : ૧૮૭૬-૧૯૪૨)ની તાલીમ લીધી હતી. ખેંગારજીનો એમના પર અદ્દભુત પ્રેમ હતો. એમના પિતા મહારાઓ વિજયરાજજી ઉર્ફે માધુભા સાહેબ (શાસનકાળ : ૧૯૪૨-૪૮) જ્યારે જ્યારે દેશ વિદેશના પ્રવાસે જતા ત્યારે ત્યારે રાજ્ય વહીવટનું સુકાન યુવરાજ કુમાર મદનસિંહના હાથમાં સોંપી જતા. એ વખતે પણ તેમણે પોતાની જવાબદારી સંપૂર્ણ સમજદારીથી અદા કરી હતી. આથી એક યુવરાજ તરીકેના ઉચ્ચ ગુણોનો તેમનામાં આવિર્ભાવ થયો હતો.

કચ્છમાં તેઓ મેઘરાજજી બાવા તરીકે પણ ઓળખાતા હતા. યદુવંશી ક્ષત્રિય રાઓ ખેંગારજી પહેલા (શાસનકાળ : ૧૫૧૦-૮૬)ના જાડેજા રાજવંશના ૧૭માં વંશજ અને કચ્છના રાજ્યકર્તાઓની પરંપરામાં અંતિમ રાજવી મદનસિંહજીનાં લગ્ન કિશનગઢ (રાજસ્થાન)ના રાજકુમારી રાજેન્દ્ર કુંવરબા સાથે થયાં હતાં. તેમને સંતાનોમાં ત્રણ કુંવરો અને બે કુંવરી છે. મદનસિંહજીના સંસર્ગમાં આવનાર વ્યક્તિને તેમની ખેલદિલી, ખાનદાની તથા સૌજન્યનો પરિચય થયો. તેમનો વતનપ્રેમ અને સાહિત્યપ્રેમ બધે જ જાણીતો છે. તેમના વ્યક્તિત્વમાં ગંભીરતા, સંસ્કારિતા અને ઉદારતા વણાયેલી હતી.

વિજરાજજી ર૬મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના અવસાન પામતાં ૪થી માર્ચ, ૪૮ (સંવત ૨૦૦૪ના મહાવદ-૯, ગુરુવાર)ના દિને મદનસિંહજી સાહેબનો રાજ્યાભિષેક થયો હતો. તેઓ બહુ થોડો સમય (૬૯ દિવસ) રાજગાદીએ રહ્યા. **પોતાના ટૂંકા રાજ્યકાળ દરમિયાન તેમના ઉપર ઘણા અગત્યના કૂટ પ્રશ્નોનો નિકાલ કરવાની જવાબદારી આવી હતી. અને તે તેમણે ખૂબીથી નિભાવી હતી. તેના રાજઅમલ દરમિયાન કચ્છના રાજવહીવટને એક તદ્દન નવો જ વળાંક મળ્યો હતો.** મદનસિંહજીએ સમય અને પ્રજાનો અવાજ પારખી જઇને ૯મી માર્ચ, ૪૮ના દિને કચ્છને જવાબદાર રાજ્યતંત્ર આપવાની જાહેરાત કરી મહારાઓ અને કચ્છી પ્રજાકીય પરિષદના આગેવાનો સરદાર પટેલને મળવા દિલ્હી ગયા, આખરે લાંબી વિચારણાના ફળસ્વરૂપ ૪થી મે, ૪૮ના દિને ભારતના ગવર્નર જનરલ અને મહારાઓ વચ્ચે સહમતિ કરાર થયા. જેના પર ગવર્નર જનરલ વતી તત્કાલીન ભારત સરકારના રાજ્ય ખાતાના સચિવ વી.પી. મેનને અને કચ્છના મહારાઓ અને તેમના વંશજો વતીથી મદનસિંહજીએ હસ્તાક્ષરો કર્યા. આ સહમતી કરારને અનુલક્ષીને ૧લી જૂન, ૧૯૪૮ના દિવસે કચ્છ રાજ્યનો ભારતની સાથે વિલય થયો. દેશને આઝાદી મળતાં મદનસિંહજીએ સત્તાનાં સૂત્રો ભારત સરકારને સોંપ્યાં અને કચ્છનું હિંદી સંઘમાં ‘ક’ વર્ગના રાજ્ય તરીકે વિલીનીકરણ થયું હતું. કચ્છને ‘ક’ રાજ્યનો દરજ્જો અપાવવામાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. વિલય પછી મહારાઓશ્રીને વાર્ષિક વળતર એટલે કે સાલિયાણા રૂપે રૂપિયા આઠ લાખ રાજ્યની તિજોરીમાંથી ચૂકવવા તેમજ આ રકમને કરમુક્ત રાખવા સંમતિ સધાઇ હતી. ૧૯૭૦ની સાલથી સાલિયાણાં બંધ કરવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો હતો. વિલીનીકરણ વખતે ભાયાતો સહિત દરેકને મદનસિંહજીએ યાદ કર્યા અને તેમનું દેવું માફ કરવામાં આવ્યું. રાજ્યના નોકરો તેમજ પ્રજાના કલ્યાણાર્થે વિશેષ પગલાં તેમણે લીધાં. પ્રિવીપર્સમાંથી દર વર્ષે કચ્છમાં શૈક્ષણિક અને તબીબી કાર્યો માટે સરકારને રૂપિયા પચાસ હજાર ફાળો આપતા રહ્યા હતા. પ્રિવીપર્સ બંધ થતાં તેમણે સખાવતી ટ્રસ્ટની રચના કરી અને લોકોપયોગી કાર્યો ચાલુ રાખ્યાં હતાં.

ગાંધીજીના અસ્થિભસ્મને ગાંધીધામ લઇ આવી આદિપુરમાં ગાંધી સમાધિમંદિરની સ્થાપના કરવામાં તેઓએ મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. **સિંધી ભાઇઓને કંડલા પાસે વસાવવા તેમણે (તેમના શાસનકાળ દરમિયાન) જોઇતી જમીન વિનામૂલ્યે ભેટ તરીકે આપી દીધી** અને ગાંધીધામ-આદિપુર શહેર તથા એસ.આર.સી.ની રચના શક્ય બની. એમણે કંડલાનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું. આદિપુરમાં એક ચોકને તેમની સ્મૃતિમાં નામ અપાયું છે.

૧૯૫૬ના કચ્છના ભૂકંપ સમયે તથા અવારનવાર દુષ્કાળોમાં, ૧૯૬૫ અને ૭૧ની કચ્છ સીમા પરના યુદ્ધ પ્રસંગોએ, મદનસિંહજીએ કચ્છી પ્રજાના હિતમાં અનેક કાર્યો કર્યા - કરાવ્યાં. કચ્છનું હિત અને હુંભ એમના હૈયે સતત રમતી હતી. એમણે ભુજના રાજપૂત છાત્રાલય અને અન્ય જાહેર ટ્રસ્ટો માટે વિશાળ મિલકતો છૂટી કરી. રાજપૂત મહિલાઓ અને બાળકો માટેનું સખાવતી ટ્રસ્ટ વગેરે આમાંનાં થોડાંક છે. **‘મહારાઓ ઓફ કચ્છ આયનામોલ ટ્રસ્ટ’ સ્થાપી કચ્છની પ્રજાને અર્પણ કર્યો.** મહારાઓ શ્રી મદનસિંહજી મ્યુઝિયમ ૧લી જાન્યુ. ૭૭ના ખૂલ્લું મૂકાયું અને ૧૯૮૨ આયના મોલના છેલછતર ઉપર ‘કલા અટારી’ની પ્રતિષ્ઠા કરી શરદબાગને પણ પ્રજા માટે મૂક્યો. **કચ્છ અને કચ્છી પ્રજા પ્રત્યેનો તેમનો અતૂટ નાતો એમની ઉદારતા અને સખાવતોમાં છલકાય છે.** તેમણે દુલેરાય કારાણી સાહિત્ય

*એવો પણ સમય આવે છે જ્યારે અજ્ઞાન પણ વરદાન સાબિત થાય છે.*

પ્રકાશન ટ્રસ્ટને સારું એવું દાન કરેલું તથા કચ્છી કવિઓનું સન્માન કરીને પોતાનો સાહિત્ય તથા કચ્છી ભાષા પ્રત્યેનો પ્રેમ પ્રદર્શિત કર્યો હતો. **માંડવીનો પોતાનો જૂનો મહેલ (મોલાત) કન્યા કેળવણીની પ્રવૃત્તિ માટે તેમણે ભેટ આપેલ છે.**

મહારાઓ મદનસિંહજીએ યુરોપ, અમેરિકા તથા આફ્રિકા સહિત વિશ્વયાત્રા અનેકવાર ખેડી હતી. તેઓ પ્રતિભાવંત ટેનિસ ખેલાડી રહી ચૂક્યા હતા. **તેમણે ઇંગ્લેન્ડમાં રમાતી વિમ્બલડન ટેનિસ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.** ત્યાં તેઓ ૧૯૩૪થી ૩૭ વચ્ચે પુરુષોની સીંગલ્સ અને ડબલ્સમાં રમ્યા હતા. 'ટેનિસના રણજી' ગણાયા છે. ૧૯૩૭માં કોલકાતા ખાતે યોજાયેલી ઇસ્ટ ઇન્ડિયા ટેનિસ ચેમ્પિયનશીપમાં તેમણે બ્રિટનના લશ્કરી અધિકારી ડી.એ. હોજીસને સીધા સેટથી હરાવીને સનસનાટી મચાવી હતી. ટેનિસ અને ક્રિકેટની કેટલીક સ્પર્ધાઓ કચ્છમાં તેમની છત્રછાયામાં યોજાઇ હતી. શિકાર અને પ્રવાસનો રજવાડી શોખ ધરાવતા હતા. ભારતીય દર્શનશાસ્ત્રમાં તેઓ રુચિ ધરાવતા હતા. કચ્છ રાજ્યનું વૈધાનિક ચલણ કોરી અને પાંચિયા મહારાઓશ્રીના નામ સાથે અનુક્રમે રૂપા અને સોનામાં ઢાળવામાં આવતું હતું. આ ચલણની વિશેષતા એ હતી કે ભારતને સ્વતંત્રતા મળ્યા પછી પણ એકમાત્ર રાજાશાહી સ્વતંત્ર ચલણ આ જ હતું. આ ચલણી સિક્કાઓની એક બાજુ કચ્છની રાજમુદ્રા અને બીજી બાજુ 'જય હિન્દ' શબ્દો અંકિત કરાયા હતા. **સિક્કા વિષેની આ વિરલ ઘટના ગણાય છે.**

મદનસિંહજીએ પંડિત નહેરુના નેતૃત્વ નીચે પાંગરતી વિદેશ નીતિના એક સારથિ જેવા ભારતના વિદેશ ખાતાના એલચી બનીને કચ્છના રાજવી કુટુંબને દેશની લોકશાહી વ્યવસ્થામાં પ્રતીક રીતે સમ્મિલિત કરી દીધા હતા. ઇંગ્લેન્ડમાં ભારતીય ઉચ્ચાયોગમાં માનદ્ મંત્રી-ઑનરરી મિનિસ્ટર (૧૯૫૨-૫૭) તરીકે નોર્વેમાં સર્વપ્રથમ ભારતીય એલચી (એપ્રિલ '૫૭થી ઓક્ટો '૬૦) તરીકે અને તે પછી બોલિવિયા, ચીલી તથા કોલંબિયા માટેના ભારતીય એલચી તરીકે (૧૯૬૦-૬૨) કાર્યરત રહી દેશને નોંધપાત્ર રાજનૈતિક સેવાઓ પૂરી પાડી હતી. પ્રથમ વડાપ્રધાન પં. નહેરુ અને છેલ્લા ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટબેટન સાથે તેમને મૈત્રીભર્યા સંબંધો હતા.

**સુવર્ણ નિયંત્રણ ધારા વેળાએ પોતાની માલિકીનું એક લાખ ગ્રામ સોનું સ્વૈચ્છિક રીતે ભારત સરકારને સુપરત કરીને તથા ૧૯૬૫માં કચ્છની રણ સીમાએ પાકિસ્તાને આક્રમણ કર્યું ત્યારે ભારત સરકારને કચ્છની સરહદો વિશે ઉપયોગી માહિતી પૂરી પાડીને દેશપ્રેમનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું હતું.** તેઓ પોતાની મિલકતોનો પ્રમાણિકતાથી વેરો ભરતા હતા તેથી ભારતના સહુથી વધુ આવકવેરો ભરનારા દેશના દસ શ્રીમંતોમાં એમનો સમાવેશ થતો હતો. આ બધી બાબતોને લઇને તેમણે નખશિખ રાષ્ટ્રવાદી અને ચુસ્ત કાનૂનપ્રિય હોવાની છાપ ઉપસાવી હતી. તેમણે તેમનાં સંસ્મરણો આલેખતું પુસ્તક દુલેરાય કારાણીના સહયોગથી 'વતનનો વાર્તાલાપ' (૧૯૭૬) નામે પ્રગટ કર્યું હતું. અંતિમ કચ્છાધિપતિ, એક આદર્શ સ્પોર્ટસમેન તથા ઉત્તમ રાજદ્વારી વ્યક્તિ તરીકે ખ્યાતિ મેળવનાર મહારાઓશ્રી મદનસિંહજીનું ૨૧મી જૂન, ૧૯૯૧ના વહેલી પરોઢે લંડન ખાતે ૮૨ વર્ષની જૈફ વયે દેહાવસાન થયું હતું. આવા રાષ્ટ્રપ્રેમી અને કચ્છપ્રેમી રાજવી તેમની જિંદગીના અંતિમ દિવસોમાં મિલકતની વહેંચણી અંગે કૌટુંબિક તકરારનો ભોગ બન્યા હતા અને **ઇંગ્લેન્ડમાં મૃત્યુ બાદ તેમનો મૃતદેહ આઠ દિવસ સુધી લંડનમાં પડી રહ્યો હતો.** છેવટે એ વખતના વિદેશમંત્રી માધવસિંહ સોલંકીના પ્રયાસોથી એમના પાર્થિવ દેહને ઇંગ્લેન્ડથી કચ્છ લવાયો હતો અને નવમા દિવસે તા. ૨૯મી જૂન, ૧૯૯૧ના ભુજ મધ્યે રાજવીઓની છતરડી પાસે લશ્કરી માન સાથે અંતિમ સંસ્કાર કરાયા હતા. ■

## જો આ જીવન ફરી જીવવા મળે તો

પ્રસિદ્ધ લેખક શ્રી પન્નાલાલ પટેલને કોઈએ પૂછ્યું : 'જો આ જીવન ફરી મળે તો તમે કેવી રીતે જીવવાનું પસંદ કરો?' તેમણે કહ્યું, 'પ્રશ્નનો જવાબ સીધો આપવાને બદલે હું અહીં એક દંતકથા ટાંકવાનું વધારે પસંદ કરું છું.'

એક મોચીને પોતાના જીવનથી કંટાળો આવે છે. એને થાય છે કે, 'સવારમાં ઊઠ્યા ત્યાંથી તે રાતે સૂઈ જઈએ ત્યાં સુધી ચામડાં જ ચૂંથવાનાં....? લાવ કાશીમાં જઈને કરવત મૂકાવી નવો અવતાર માગી લઉં.'

મોચી કાશીએ ગયો. ગંગામાં નાહીને કરવતના ગાળામાં માથું નાખીને ઊભો રહ્યો. કરવત ચાલકે પૂછ્યું, 'બોલ ભાઈ, શાનો અવતાર લેવો છે?'

મોચીને હવે જ ખ્યાલ આવ્યો. બ્રાહ્મણનો અવતાર માગવાનું મન થયું. બીજી બાજુ એનું દિલ માન્યું નહિ. એને થયું, બ્રાહ્મણ થઈશું તો શિયાળો હશે તોયે વહેલા ઊઠીને નહાવું પડશે. નાહ્યા વગર ખવાય જ નહિ. ભિક્ષા માંગીને પેટ ભરવાનું! ના, ભાઈ ના, વાણિયાનો અવતાર માંગીએ. પણ એમાંય વિચાર કરતાં વાંધો લાગ્યો. દાંડી મરડીને લોકોને ધૂતવાનું ને પાપનો પૈસો ભરવાનું કામ! ના ભઈ ના. રાજપૂતનો અવતાર માંગીએ. તરત જ પોતે મનોમન બોલી પડ્યો : 'અલ્યા, કેડે તલવાર બાંધવાની ને લોગીમાં અવતાર જવાનો!' આપણે તો ખેડૂતનો અવતાર માંગીએ કે.... ત્યાં તો એ અધવચ્ચે જ બબડી પડ્યો. 'અલ્યા, દુઃખના દાડા હાથે કરીને શું કામ માંગે છે? આમ નીચે જીવવાનું ને ટાઢ, તડકા ને વરસાદની લાહ્યમાં દિવસરાત લોહીનું પાણી જ કર્યા કરવાનું! એ બધા કરતાં તો આપણે જે છીએ તે જ શું ખોટા છીએ? છાંયડે બેસીને મજાનાં પગરખાં....

પણ હવે કરવતના ગાળામાં નાખેલું માથું પાછું કઢાય તેમ હતુ નહિ! ઘાંટા પાડી કરવતિયાને કહ્યું : 'મેલ કરવતિયા કરવત કે પાછા મોચીના મોચી!'

જીવનની બાબતમાં આવું જ છે.

*સાભાર : 'પરિત્રાણ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

# ગરીબના બેલી

• ડૉ. આઈ.કે. વીજળીવાલા •

'ક્યાંથી આવો છો?' દર્દીના સગાને મેં પ્રશ્ન કર્યો.

'મહુવાથી, સાહેબ!'

'તમને તમારા બાળકને શું દરદ છે તેનો ખ્યાલ છે ખરો?'

'ના સાહેબ!' એમના અવાજમાં વિનમ્રતા અને ધ્રાસકો બંને વ્યક્ત થતાં હતાં.

'તમને કોઇ ડોક્ટરે કાંઇ પણ જાણ કરી છે?'

'અમને મહુવામાં બાળકોના ડોક્ટરસાહેબે એવું કહેલું કે બાળકની કમરમાંથી પાણી કાઢીને તપાસ કરવી પડશે. મગજનું કંઇક દરદ છે એવું કીધું છે. પણ દરદનું નામ નથી પાડ્યું.' દર્દીના સગાએ જવાબ આપ્યો.

'તમે શું થાવ એના?'

'ઈ મારો દીકરો છે સાહેબ!'

'હમ્મ્ ..મ.!' હું વિચારમાં પડી ગયો. આમ જોઇએ તો મહુવાના બાળરોગ નિષ્ણાતે સાચું જ કહેલું. મહુવા અમારા ભાવનગર શહેરથી ૯૦ કિલોમીટર દૂર આવેલ તાલુકામથક છે. બાળકના રોગનું નામ તો જ પાડી શકાય જો એના કમરના પાણીની તપાસ કરવામાં આવે. અને એ માટે એની આંખની તપાસ જરૂરી હતી. એ પછી એનું સીટીસ્કેન કરાવવાની જરૂર પણ પડી શકે. મેં બાળકને ફરી એક વાર બરાબર તપાસ્યું. પછી એના સગાને મારી પાસે બેસાડીને બરાબર સમજાવ્યું, 'જુઓ ભાઇ! તમારા બાળકની તપાસ પરથી એને મગજમાં પાક અથવા તો ગાંઠ થઇ હોય તેવું બની શકે. અથવા તો સાથોસાથ મગજમાં પાણી પણ ભરાયું હોય. એટલે એના કમરના પાણીનો રિપોર્ટ જરૂરી બનશે. પણ તે પહેલાં તમે એની આંખની તપાસ કરાવતા આવો. અત્યારે સાંજના છ વાગ્યા છે. જો આપણે ઝડપથી બધું કામ પતાવી શકીએ તો રાત પહેલાં નિર્ણય પર આવી શકીશું.' આટલું કહીને મેં એમને બાળકની આંખની તપાસ માટે મોકલ્યા.

લગભગ ૪૫ મિનિટ પછી એ પાછા આવ્યા. જેની કઠણાઇ માંડી હોય તેને પૂરી હેરાનગતિમાંથી જ પસાર થવાનું રહેતું હોય છે. આ દર્દીની બાબતમાં પણ એવું જ થતું હોય તેમ લાગ્યું. એની આંખની નસો એવું બતાવતી હતી કે મગજમાં અત્યંત ઊંચું દબાણ છે. કાં તો એ વધારે માત્રામાં ભરાયેલ પ્રવાહીને લીધે હોય અથવા તો મગજમાં અડ્ડો જમાવીને બેઠેલ કોઇ ગાંઠ-બાંઠ હોય. આવાં બાળકો કે જેને મગજમાં દબાણ ખૂબ જ વધી ગયું હોય તેમને કમરના પાણીની તપાસ પૂર્વે સીટીસ્કેન (CT Scanning) નામની તપાસ કરવી ફરજિયાત બની જાય છે. આ તપાસ અત્યંત જરૂરી છે પણ ખૂબ જ ખર્ચાળ છે. અમારા શહેરમાં આવાં બે મશીન કાર્યરત છે. એક ટ્રસ્ટ હોસ્પિટલમાં અને બીજું પ્રાઇવેટમાં. નવાઇની વાત તો એ છે કે ટ્રસ્ટ હોસ્પિટલ હોવાં છતાં મગજના સીટી સ્કેનનો ભાવ પ્રાઇવેટ જેટલો જ છે! અને એ ભાવ છે દવા નાખીને સીટીસ્કેન કરવાના ૧૪૦૦/- એક હજાર અને ચારસો રૂપિયા. આ ભાવ વિચાર્યા પછી દર્દીના સગા સામે જોઇએ તો એવો પ્રશ્ન થાય કે એની પાસે મહુવા પાછા જવાનું ટિકિટ ભાડું હશે કે કેમ? એમાં આવી મોંઘી તપાસ તો કરાવવી કઇ રીતે? અને સીટીસ્કેન વગર જો કમરના પાણીની તપાસ કરવામાં આવે તો અમુક કિસ્સામાં મોટા મગજનું નાના મગજ તેમજ શ્વસનતંત્રનાં કેન્દ્રો પરનું દબાણ વધી જવાથી બાળકનું મોત પણ થઇ શકે. શું કરવું એ પ્રશ્ન આવી પરિસ્થિતિમાં સતાવે એ સ્વાભાવિક હતું. છતાં જાણ કરવા ખાતર પણ મારે એમના સગા સાથે વાત તો કરવી જ રહી. એટલે વિચારોની ઘટમાળમાંથી બહાર આવીને મેં કહ્યું, 'એના મગજનો ફોટો જેને અમે સીટીસ્કેન કહીએ છીએ તે કરાવવો પડશે. અને એ માટે લગભગ દોઢ હજાર રૂપિયા જેવો ખર્ચ થશે. અને એ પછી જ આપણે એના નિદાનમાં આગળ વધી શકીશું. હું અહીંનાં એક જાણીતી ટ્રસ્ટ હોસ્પિટલનું ફોર્મ ભરી આપું છું. તમે ત્યાં જઇને સીટી સ્કેન કરાવી લો. એના મગજના પાણીની તપાસ પણ એ પછી જ શક્ય બની શકે.' મેં ભરેલું ફોર્મ એમની તરફ લંબાવતાં કહ્યું.

'પણ સાહેબ! મારા દીકરાને મગજમાં થયું છે શું તે તો બરાબર કહો. મને ખૂબ ચિંતા થાય છે.' બાળકના પિતાએ હજુ સુધી અમે કરેલી વાતોમાં પોતાને ઝાઝી સમજણ પડી નથી એવું સ્પષ્ટ કર્યું. **આમ પણ અમારી મેડિકલ ભાષા સમજવી થોડીક અઘરી હોય છે. એટલે દર્દીના સગાને એ સમજી શકે તેવી રીતે કહેવું જરૂરી બની જતું હોય છે.** મેં પણ મારાથી બને તેટલી સરળ ભાષામાં એને કહેવાનો પ્રયત્ન કરી જોયો, 'જુઓ ભાઇ! તમારા બાળકને મગજમાં દબાણ ખૂબ વધી ગયું છે. કાં તો એ પાણીના લીધે હોય અથવા તો મગજમાં કેન્સર કે ટીબીની ગાંઠ પણ હોઇ શકે. ક્યારેક કોઇક બાળકને મગજમાં પાક જે મેનિન્જાઇટિસ તરીકે ઓળખાય છે તે હોય તો પણ આવાં જ લક્ષણો ઊભાં થાય. આપણે સીટી સ્કેન દ્વારા એમાંનું કયું કારણ છે એ જાણી શકીએ. અને જુઓ અત્યારે સાંજના સાત વાગી ગયા છે. તમે લોકો જલદી નીકળો, નહીંતર રાત્રે પાછો ઇમર્જન્સી ચાર્જ આપવો પડશે. ઉતાવળ કરવાનો મેં ઇશારો પણ કર્યો.'

પણ પેલા ભાઇ તો જાણે આ બધું કાં તો સાંભળ્યું જ ન હોય અથવા તો એ બધું સાંભળીને એ ઠરી ગયા હોય, આઘાત પામ્યા

*વાતચીત કે વિવાદ માટે વ્યક્તિએ પોતાના જ્ઞાનને વિકસાવવું પડે છે.*

હોય તેમ હાથમાં સીટી સ્કેનનું ફોર્મ પકડીને ઊભા હતા.

'અરે ભાઇ! તમે લોકો જલદી નીકળો, મોડું થશે તો નાહકના વધારે પૈસા ભરવા પડશે.' મારાથી બોલાઇ ગયું.

'સાહેબ! મારી પાસે ફક્ત ૪૦૦ રૂપિયા ખિસ્સામાં છે.' એ માણસે અત્યંત અવઢવ સાથે કહ્યું, 'અને મારી જોડે બીજાં બે છોકરાં પણ છે. જો આની તપાસમાં બધું ખરચી નાખું તો બીજા બેઉને ખવડાવીશ શું? અને તમે કીધું તેમ ૧૪૦૦ રૂપિયા વગર તો આ તપાસ થાશે પણ નહીં. તો મારે હવે શું કરવું તે નથી સમજાતું.'

એની વાત તો સાચી હતી. આવા વખતે ભલભલા ખેરખાંઓની બુદ્ધિ પણ બહેર મારી જતી હોય છે. તો આ વખાનો માર્યો માનવી તો શું વિસાતમાં?!

'ભાવનગરમાં જે તમારા સગા રહે છે તેને તમે કહી જોયું?' મેં પૂછ્યું. 'બને તો એમની પાસેથી લઇ આવો. સગાઓ આવા સમયે તો કામમાં લાગતાં હોય છે.' મારી ઓપીડીમાં લગભગ રોજ આવો પ્રશ્ન ઉપસ્થિત થતો જ હોય છે. એટલે મેં દર્દીના સગાને ઉપાય બતાવ્યો.

એ માણસ કંઇ ન બોલ્યો. એણે હાથમાંના ફોર્મ સામે જોઇને એક ઊંડો નિસાસો નાખ્યો. એના મોંના ભાવ જ એ શું કહેશે તેની ચાડી ખાતા હતા છતાં એ બોલ્યો, 'સાહેબ! આ ૪૦૦ રૂપિયા પણ વ્યાજે લાવ્યો છું. મારાં બધાં સગાં પાસે માગી જોયા, પણ કોઇનેય પડી નથી. બધાંએ આપવાની ના પાડી દીધી. ખરાબ વખત હાલતો હોય ત્યારે કોઇ મદદ કરતું નથી. અને ગરીબ માણસનું તો આમેય કોઇ હોતું નથી. મારી દશા જો આજે સારી હોત તો મારો દીકરો આમ હેરાન...' એના કંઠમાં ભરાઇ આવેલ ડૂમો એણે ન કહેલા શબ્દો સ્પષ્ટપણે કહી દેતા હતા.

મારા મગજમાં પણ મારા બાળપણના ગરીબાઇના એ દિવસો આવી ગયા. જ્યારે પાકી ગયેલા ખરજવાથી પીડાતી મારી નાની બહેનને મારા બાપુજી ભાવનગર લઇ જતા અને ડોક્ટર પોતાની ફી પૂરેપૂરી વસૂલ કરતા. પછી એ બહેન રિક્ષાના પૈસાના અભાવે ઘડીક ખોડંગાતી ચાલતી તો ઘડીક બાપુ એને ઊંચકીને ચાલતા એમ ભાવનગરના દીવાનપરા રોડથી છેક બસ સ્ટેન્ડના ત્રણેક કિલોમીટર એ બંને કાપતાં દવાઓ પણ પાંચ દિવસની લખી હોય તેમાંથી ફક્ત બે દિવસની લેવી પડતી. **ગરીબાઇને કારણે દરદ લંબાતું પણ પૈસા હોય જ નહીં ત્યાં ખરચવા કઇ રીતે?** આ માણસની વાતથી મારી આંખો સામે એ ભૂતકાળના દિવસો તાદશ બની ગયા. અંદરથી કોઇ જાણે બોલ્યું કે, **ખરેખર! ગરીબ માણસનું કોઇ જ નથી હોતું. એણે તો એકલે હાથે જ બધી સરહદો પર લડવાનું હોય!** વિધાતા તેમજ સમાજ અને સમસ્યાઓ, એ બધાં સામે એણે બિચારાએ તો એકલા હાથે જ ઝઝૂમવાનું!

થોડીવાર એક પ્રકારની ગંભીર શાંતિ મારી ઓફિસમાં છવાયેલી રહી. આવે વખતે મદદ માટે એક જગ્યા મને હંમેશાં સાથ આપતી. અને એ જગ્યા હતી મારું પોતાનું ખિસ્સું! મેં રૂપિયા ૨૦૦૦ કાઢીને દર્દીના સગાના હાથમાં મૂક્યા. આભાર માનીને પેલા ભાઇ સીટી સ્કેન કરાવવા ગયા.

'ખરેખર સાહેબ! ગરીબ માણસનું કોઇ જ નથી હોતું!' આ આખું દશ્ય જોઇને મારી સામે ઊભેલાં એક સિંધી બહેન બોલી ઊઠ્યાં. એક હાથે પોતાના બાળકનો હાથ પકડી રાખી બીજા હાથે એમણે પોતાની આંખો લૂછી.

જે ટ્રસ્ટ હોસ્પિટલમાં મેં સીટી સ્કેન માટે દર્દીને મોકલ્યો ત્યાં સર્વિસ કરતા ડોક્ટરો પોતાનું ગરીબ દર્દી માટેનું ફંડ ચલાવે છે. ટ્રસ્ટ તો જે કોઇ ટ્રસ્ટને મદદ કરે તેને જ મદદ કરે! કોઇ બેંક કે સંસ્થાએ જો ટ્રસ્ટને દાન આપ્યું હોય અને ટ્રસ્ટને મદદરૂપ થયા હોય તો એ સંસ્થા કે બેંકના કર્મચારી (જેને ઘણી વખત મદદની જરૂર પણ નથી હોતી!) તેને ફીસમાં ખૂબ રાહત અપાય. ગરીબ માણસોએ સંસ્થાના દર્દી બનવા સિવાય બીજું કંઇ પણ કર્યું ન હોય એટલે ટ્રસ્ટમાં એમને સીધી મદદ અપાતી નથી. પરંતુ ત્યાં કામ કરતા ડોક્ટરોથી આવા ગરીબ માણસોનું દુઃખ નહીં જોઇ શકાવાને લીધે એક ડોક્ટર ફંડ ઊભું કરેલું છે. જે ફંડમાં દરેક ડોક્ટર પોતાના ઇન્સેન્ટિવ્સમાંથી મળતા પૈસામાંથી અમુક ભાગ જમા કરાવીને આવા માણસોને જરૂરિયાત વખતે મદદ કરે!

આવા ઉમદા કામના પ્રણેતા ડૉ. સુરાના સાહેબ જે ત્યારે સીટી સ્કેન વિભાગના હેડ હતા તેમનો મેં સંપર્ક કર્યો. આ બાળકને જો કંઇ પણ રાહત આપી શકાય તો આપવા માટે વિનંતી કરી જોઇ. ઉત્તમ ડોક્ટર હોવા ઉપરાંત ડૉ. સુરાના સાહેબ મુઠ્ઠી ઊંચેરા માનવી પણ છે. એમણે રાહત આપશું એમ કહ્યું એટલે સમજવાનું કે એ દર્દીને હવે એમના તરફથી રાહત મળવા અંગે કોઇ જ શંકા રહેતી નહોતી. એમના તરફથી 'રાહત મળશે'ના શબ્દોએ મને ખૂબ જ રાહત પહોંચાડી. હું ફરીથી મારા કામે વળગ્યો.

એક કલાક પછી સીટી સ્કેન લઇને પેલા ભાઇ પાછા આવ્યા. મારા હાથમાં રિપોર્ટ મૂકીને મને કહે કે, 'સાહેબ! ત્યાંના ડોક્ટર સાહેબે ૧૪૦૦ રૂપિયાને બદલે ૬૦૦ રૂપિયાનો ચાર્જ જ લીધો. એટલે તમે જે ૨૦૦૦ રૂપિયા આપેલા તેમાંથી ૧૪૦૦ રૂપિયા વધ્યા છે. લ્યો!' એ માણસે પૈસા પાછા આપવા હાથ લંબાવ્યો. પણ મારું ધ્યાન એના બાળકના મગજનો રિપોર્ટ જોવામાં હતું. રિપોર્ટ જોતાં જ મારી શંકા સાચી પડ્યાનો પુરાવો જોઇને ધ્રાસકો પડ્યો. એ છોકરાના મગજમાં ત્રણ મોટી ગાંઠ હતી. આજુબાજુના કોષોમાં સોજો પણ ખૂબ જ આવેલો હતો. મગજનાં વચ્ચેનાં ખાનાંઓ જે વેન્ટ્રિકલ્સ તરીકે ઓળખાય છે તેમાં પાણી પણ ઘણી ઊંચી માત્રામાં ભરાયું હતું. આ બાળકની ભાવનગર ખાતે સારવાર શક્ય નહોતી. વધારે સારવાર માટે એને અમદાવાદ જવાની જરૂર પડે તેમ હતું. અને હવે અમદાવાદ જવા માટે પણ ફરીથી એ જ સવાલ ઉપસ્થિત થતો હતો : પૈસા! અમદાવાદ જવા માટે પણ એ માણસને પૈસાની જરૂર પડવાની જ હતી. **દુનિયાનો દરેક પ્રશ્ન જેમ પૈસાને લીધે છે તેવી જ રીતે દરેક પ્રશ્નનો હલ પૈસા આસપાસ જ ઘૂમરાતો હું અનુભવી રહ્યો હતો.** છતાં

*પોતાની જાત પર જે હસી શકે છે, એની પાછળ એની ગેરહાજરીમાં બીજા કોઇ તેની પર હસતા નથી.*

એમને જાણ કરવાની ફરજ સમજી મેં કહ્યું, ‘જુઓ ભાઇ! હમણાં એ પૈસા તમારી પાસે જ રાખો. એ તમને કામ લાગશે!’

‘પણ સાહેબ!’ એની ગૂંચવણ સમજી શકાય તેવી હતી.

‘જુઓ! તમારા બાળકના મગજમાં ત્રણ મોટી ગાંઠ નીકળી છે. એ ઉપરાંત પાણી પણ ખૂબ જ ભરાયું છે. એનો ઉપાય હવે અહીં શક્ય નથી. એ માટે તમારે એને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લઇ જવો પડશે. જો છોકરાની મા સાથે હોય તો તમે અહીંથી સીધા અમદાવાદ જવા માટે રવાના થઇ જાવ!’ મેં શક્ય તેટલા ટૂંકાણમાં રોગની ગંભીરતા સમજાવી તેમને અમદાવાદ જવા સમજાવ્યું.

‘છોકરાંવની મા તો ગયા વરસે જ ટીબીના રોગમાં ગઇ!’ એ મરદ માણસની આંખોના ખૂણે વાદળો ઊમટી રહેલાં દેખાતાં હતાં. ‘અને આ ત્રણેય છોકરાંવની જવાબદારી પણ મારા માથે જ છે. ગરીબાઇને લીધે મારું કોઇ સગું હવે સંબંધ પણ નથી રાખતું અને મદદ પણ નથી કરતું. બધાંને એવી બીક લાગે છે કે હું એમની પાસે પૈસા માગીશ તો’ અને બેચાર મિનિટ અટકીને એણે કહ્યું, ‘અને આ શિયાળાની ટાઢમાં ન્યાં જાવું પણ કેમ? બીજાં બાળકોને કંઇક ઓઢાડવું તો પડશે ને? મારી પાસે તો...’ એને આગળ કંઇ બોલવાની જરૂર જ નહોતી.

મારા માણસને બોલાવીને મેં ઇન્ડોર પેશન્ટ્સ માટેના ધાબળામાંથી ચાર ધાબળા મગાવ્યા. મારા ખિસ્સામાં બીજા દોઢેક હજાર રૂપિયા હતા એ પણ એને આપી દીધા. ‘જો ભાઇ! તારી પાસે ત્રણેક હજાર રૂપિયા તો થઇ ગયા. ટાઢનો સવાલ પણ હલ થઇ ગયો. હવે અત્યારે બાર વાગ્યાની બસમાં અહીંથી જ તમે લોકો અમદાવાદ જવા રવાના થઇ જાઓ. આમેય મહુવા તમારે કોઇને જાણ કરવા જવાનું તો છે જ નહીં. સવાર પડતાં જો અમદાવાદ પહોંચી જશો તો સારવાર જલદી શરૂ થઇ જશે.’

હવે એ માણસ સંમત થયો. યોગાનુયોગ પેલાં સિંધી બહેન એ સમયે જ એના બાબાનો રિપોર્ટ કઢાવીને આવ્યાં હતાં. આ આખો જ પ્રસંગ એમની નજર સમક્ષ ભજવાયો. આંખમાં આંસુ સાથે એ ઊભાં હતાં. હું અમદાવાદ હોસ્પિટલ પર ચિઠ્ઠી લખતો હતો એટલી વાર એ બહાર જતાં રહ્યાં. મને લાગ્યું કે કદાચ મારી સામે એ રડવા નહીં માગતાં હોય.

પેલા ભાઇ એમના બાળકની ચિઠ્ઠી લખાવીને ગયા. લગભગ અર્ધા કલાક પછી પેલાં સિંધી બહેન પાછાં અંદર આવ્યાં. પોતાના બાળકની દવા લખાવીને ગયાં. હું વિચારમાં પડી ગયો. કેવું વિચિત્ર કહેવાય. આ માણસનાં સાચાં સગાંઓને એના દુઃખ માટે એક પાઇની પણ હમદર્દી નથી જ્યારે સાવ અજાણી એક સ્ત્રી એની માટે આંસુ સારી શકે છે! ખેર! આ બધી વિચિત્રતાઓનો સરવાળો એટલે જ દુનિયા! આખો પ્રસંગ હું મમળાવતો બેઠો હતો ત્યાં જ મારા પટાવાળાએ અંદર આવીને મને કહ્યું, ‘સાહેબ! આ પેલાં સિંધી બહેન હમણાં બહાર ગયાં ને?’

‘હા! તો તેનું શું?’

‘એમણે પોતાના પર્સમાં જેટલા પૈસા હતા ને એ બધા બહાર જઇને પેલા ભાઇને આપી દીધા! પછી તો એ બહેનને રડતાં જોઇને બીજા બધા દર્દીઓનાં માબાપને પણ ખબર પડી. એટલે બધા પોતપોતાની પાસેથી પૈસા આપવા માંડ્યા. એ બહેન પછી તો આજુબાજુના મેડિકલ સ્ટોર્સમાં જઇને પૈસા માગી આવ્યાં. બીજા બે-ત્રણ દર્દીઓનાં સગાંએ પણ પોતાની પાસે હતા તેટલા બધા પૈસા આપી દીધા. થોડીક વારમાં તો પેલા માણસને બધાંએ થઇને બીજા અઢી હજાર રૂપિયા ભેગા કરી દીધા.’

હું આશ્ચર્યચકિત થઇ ગયો. એકબીજાનું ગળું કાપીને પણ આગળ વધી જવા માગતા માણસનો આવો પણ એક ચહેરો હોય છે ખરો! એ સાંજ અમારા માટે અદ્‌ભુત રહી.

એ ઘટનાના બાર દિવસ પછી ફરીથી પેલો માણસ મારી ચેમ્બરમાં દાખલ થયો. એના બાળકના માથા પર પાટો અને એની માથે ટોપી પહેરાવેલી હતી. એ છોકરાનું ઓપરેશન થઇ ગયું હતું. આંખમાં ઝળઝળિયાં સાથે એણે હાથ જોડ્યા. એ કંઇ બોલી ન શક્યો પણ મને એના ન બોલાયેલા બધા જ શબ્દો સ્પષ્ટ સંભળાતા હતા. એના માટે શબ્દોનું માધ્યમ જરા પણ જરૂરી નહોતું. બાળકનો રિપોર્ટ બતાવીને એણે વિદાય લીધી. **એ સમયે મારી અંદરથી કોઇક જાણે કે મને પૂછી રહ્યું હતું કે, ‘કોણ કહે છે કે ગરીબ માણસનું કોઇ નથી હોતું. બોલ! કોણ કહે છે કે ગરીબનો બેલી કોઇ નથી?!’**

*લેખકના પુસ્તક*
*‘સાઇલન્સ પ્લીઝ!’ માંથી સાભાર*

## હિંમતે મર્દા તો મદદે ખુદા

**(અનુસંધાન : પાના નં.-૫૨ ઉપરથી ચાલુ)**

ઠેકાણે પ્રૌઢ, સ્વસ્થ ને સ્થિર ગતિ આવી. ઉછળકૂદ ઓછાં થયાં ને છાંટાં નરમ થયાં. બિચારું વારિ! વાવમાં હોય તો અવાડામાં આવે ને! ક્યારો પાણીથી ભરપૂર ભરેલો હોય, સૂર્ય તાપે સૂકાતાં કરચલિયાળ બની સાવ સુસ્ત થઇ જાય તેવું જ પાણીનું થયું. ઝૂંપડાની અંદર ગરવાના કોડ તો ઘરે રહ્યા, સાવ નમાલું થઇ, નીચી નજરે, ઢીલી પુંછડીએ ફૂટપાથની કોર પકડી ચુપચાપ મુડદાલશું વહેતું રહ્યું. કિશોર વિજયી મુદ્રાથી એને જોતો રહ્યો. હાથમાં ગમેલો, પાણીને ઉપહાસભરી નજરે જોતો ને સંતોષની એક અજીબ મુદ્રા વદન પર લાવતો કિશોર મનમાં જડાઇ ગયો.

તંદ્રા તૂટી. બસ જીવંત થઇ, સરકી. છોકરો સરકતો ગયો. ડોકું ખેંચી જોતો રહ્યો. એના ચહેરા પરની સંતોષ મુદ્રા માણતો રહ્યો. મનમાં જ વધ્યો, હિંમતે મર્દા તો મદદે ખુદા.

*૫૦/૪, રામસદન, પહેલો માળ,*
*બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા, મુંબઇ-૪૦૦ ૦૧૯.*

# અન્યો માટે નિષ્કામભાવે ઘસાવાની વૃત્તિ : યૌવનનો સાર્થક વપરાશ

• સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા •

આંબાની ગોટલી... આંબો ખવાઇ ગયા પછીની નકામી વસ્તુ... એને એમને એમ રોડ ઉપર ફેંકવામાં આવે તો વેડફાય છે... ગોટલીના ટૂકડા કરી મીઠુ લગાવી ખવાય ત્યારે વપરાય છે **પણ એજ ગોટલી ફળદ્રુપ જમીનમાં દાટવામાં આવે ત્યારે વવાય છે.**

વેડફાટ, વપરાશ અને વાવણી આ ત્રણ અવસ્થા જેમ ગોટલીમાં સંભવિત છે એમ જ શક્તિના ખજાના સ્વરૂપ યુવાનીમાં પણ સંભવિત છે. યૌવનની શક્તિઓ જ્યારે પરપીડન માટે પ્રયોજાય ત્યારે એ એના વેડફાટરૂપ બને છે. અંધ-અપંગ-વિકલાંગોની ક્રૂર ઠેકડી, માર્ગે જતી યુવતીઓની અશ્લીલ મશ્કરી કે વૃદ્ધજનોને વાતે વાતે હડધૂત, ચૂપ કરી દેવાની વૃત્તિ આ બધી બાબતો યૌવનનો વેડફાટ છે. એજ યૌવનની શક્તિઓ જ્યારે સેવામાં પ્રયોજાય છે ત્યારે એ બની જાય છે સાર્થક વપરાશરૂપ. ભરચક ટ્રાફિક વચ્ચે માર્ગ ઓળંગવા મૂંઝવણ અનુભવતા અંધજન કે વૃદ્ધની લાકડી બનીને એને દોરી જવાની-સામે પાર મૂકી આવવાની વૃત્તિ, અન્ય ખાતર નિષ્કામપણે ઘસાઇ છૂટવાની વૃત્તિ કે આપત્તિ સમયે અન્યોની વહારે ઘસી જવાની વૃત્તિ, એ યૌવનનો સાર્થક વપરાશ છે.

અને એજ યૌવનની શક્તિ જ્યારે સ્વ-પર કલ્યાણની સાધનામાં પ્રયોજાય છે ત્યારે એ બની જાય છે વાવણીરૂપ. પ્રભુ મહાવીર દેવે ત્રીસ વર્ષની ભરયુવાનીમાં સ્વ-પર કલ્યાણ સાધનાનો માર્ગ સ્વીકાર્યો એ શક્તિઓની વાવણી હતી. **વાવણીમાં પરિણામ એ આવે છે કે જેટલું વવાય એના કરતાં અનેકગણો એનો વિસ્તાર, વળતર મળે.** સ્વ-પર કલ્યાણ સાધના જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે અને સિદ્ધિને વરે ત્યાં પણ આ સ્થિતિ સર્જાય છે - શક્તિઓ અનેકગણી નહીં અનંતગણી થઇને મહોરે. જૈન પરિભાષામાં આને અનંતવીર્ય કહેવાય છે.

પસંદગી આપણા હાથમાં છે. શું પસંદ કરીશું વેડફાટ, વપરાશ કે વાવણી? વેડફાટ એ નિમ્ન સ્તરની વસ્તુ છે, માટે એ ન જ જોઇએ. વાવણી શ્રેષ્ઠ સ્તરની બાબત છે માટે એ આજે નહિં તો એક સમયેય આત્મસાત કરવા જેવો આદર્શ છે. જ્યારે વપરાશ એ આજેય આત્મસાત થઇ શકે એવા તબક્કાની બાબત છે.

એવા અનેક કિસ્સાઓ આજની સ્વાર્થમય આબોહવા વચ્ચેય મહોરેલા નિહાળવા મળે છે કે જેમાં તે-તે વ્યક્તિએ પોતાની યુવાની સેવા દ્વારા વાપરી હોય અને એય બિલકુલ નિસ્વાર્થભાવે અને છતાં અચાનક એવું બને કે એના પરિણામમાં તદ્દન અનઅપેક્ષિતપણે **'સેવા આપે મેવા'** એ પંક્તિને અનુરૂપ ફળ પણ મળે. આ બાબતની પ્રતીતિ નીચેના મજાના સેવાના કિસ્સામાં દૃષ્ટિગોચર થાય છે.

એક અમેરિકન નાટ્યગૃહનો યુવાન મેનેજર. એના નાટ્યગૃહમાં એક વૃદ્ધા એક ચોક્કસ કલાકારનું નાટક જોવા અવશ્ય આવે અને એનું કારણ એ હતું કે એ એકાકી વૃદ્ધાને પેલા કલાકારમાં પુત્રનાં દર્શન થતાં હતાં. ટિકિટ માટે લાંબી લાંબી કતાર હોય તોય એ વૃદ્ધા પેલા કલાકારનું નાટક જોવાની હઠ મૂકતી નહિં. ઘણાંને એની ઘેલછામાં પાગલપણાનાં દર્શન થતાં. એકવાર તો એ વૃદ્ધા લાઇનમાં લાંબો સમય ઊભા રહેતાં ચક્કર ખાઇને પડી ગઇ. મેનેજરને એ વૃદ્ધાની લગનીની અને કલાકાર પ્રત્યેના એના પુત્રવત પ્રેમની ખબર પડી. એને નિસ્વાર્થભાવે વૃદ્ધાને સહાયરૂપ થવાની ભાવના જાગી. એણે વૃદ્ધાને પ્રાથમિક ઉપચાર દ્વારા ભાનમાં લાવી અલગથી પોતાની કેબિનમાંથી એના માટે નાટક જોવાની સગવડ કરી આપી.

પછી તો આવું લગભગ દરેક વખતે થવા લાગ્યું. પેલી પાગલપનની ઘેલછા ધરાવતી વૃદ્ધા હરવખતે મેનેજરની કેબિનમાં આવી જાય અને મેનેજર પણ એને તમામ સુવિધા કરી આપે. મેનેજરના યુવાન મિત્રો ઘણીવાર એની ઠેકડી ઉડાડે કે કેમ આ ડોશીની પાછળ આટલો ઘસાય છે? શું એ તને દલ્લો આપી જવાની છે? મેનેજર ઉત્તર આપે કે મને એના દલ્લાની કોઇ અપેક્ષા નથી પણ મારી આપેલ સુવિધા, સવલતને કારણે એના ચહેરા પર જે આનંદ અને પ્રસન્નતા પથરાય છે એજ મારે મન મોટો દલ્લો છે...

પણ... એક દિવસ મેનેજરના મિત્રો અને ખુદ મેનેજર વિસ્મિત થઇ જાય એવા સમાચાર આવ્યા. સમાચાર એ હતા કે પેલી વૃદ્ધા મૃત્યુ પામી હતી અને એણે બનાવેલા 'વિલ'માં કરોડો ડોલરની સંપત્તિ એ પોતાના આત્મીય મેનેજરને નામે કરી ગઇ હતી. પાગલ જણાતી વૃદ્ધા આટલી શ્રીમંત હશે અને આટલી અખૂટ લાગણી ધરાવીને અદ્‌ભુત બદલો વાળશે એવી તો મેનેજરને કલ્પના પણ ન હતી. **પણ આ હતો નિસ્વાર્થ સેવાવૃત્તિનો ચમત્કાર.**

આવો મિત્રો... આપણે પણ સેવાનો આ મહિમા સમજીને યુવાનીને સેવા દ્વારા વાપરી જાણીએ તો અચ્છા અચ્છા મહાનુભાવો પણ શિર ઝુકાવવા તૈયાર થઇ જશે એ સેવા ભાવનાને.

આપણાં કચ્છી જૈન સેવા સમાજમાં પણ કેટલાય આવા નિસ્વાર્થભાવે સેવામાં પરોવાયેલા યુવાનો પડ્યા છે જેઓ પોતાના કામધંધાને પણ પડખે મૂકી આવી સેવા પ્રવૃત્તિમાં ઝુકાવે છે અને અન્યોને મદદરૂપ થાય છે અને એય કોઇપણ જાતની અપેક્ષા વગર.

સમાજની ઘણી બધી પ્રવૃત્તિઓ આ સેવાયજ્ઞના ભાગરૂપ જ થાય છે. **પ્રભુ આ નિષ્કામ સેવાનો બદલો સમય આવે અવશ્ય જ આપશે એમાં કોઇ શંકાને સ્થાન નથી.** યુવાન મિત્રો, આળસ છોડી આગળ આવી, આવી સેવા પ્રવૃત્તિઓમાં ઝુકાવે અને પોતાની યુવાનીને વાવણીમાં પલટે એજ અંતરાત્માની અભ્યર્થના.

*કોઈની ભૂલ પર નારાજ થતા પહેલાં આપણી દસ ભૂલોને પણ ગણી લો.*

# હિંમતે મર્દા તો મદદે ખુદા

• ડો. ગિરીશ વીછીવોરા •

રાત આખી વરસાદ વરસ્યો. મુશળધાર. ઠંડક હતી. એસી બંધ હતું. બારીઓ ખુલ્લી હતી. વરસાદે જ જગાડ્યો હશે. જેવો જાગ્યો કે વરસાદનો રવ ધ્યાનમાં આવ્યો. એ રવ હતો? પ્રકૃતિ ગાંડીતૂર થાય છે ત્યારે એનું રૌદ્ર સ્વરૂપ જોવું એ એક લહાવો. આજુબાજુનાં મકાનોનાં બારીબારણાનાં છજા પર પડતા વરસાદનો અવાજ વિવિધતાસભર હતો. છજાનો અવાજ એમના પોતની ચાડી ખાતો હતો. વાયરાની લહેરખીએ ડોલતાં તરુવરો પોતાના નોખા ધ્વનિનું મેળવણ કરે. સામેના મકાનના પ્રાંગણમાં લવ-કુશ જેવાં બે નાળિયેરીનાં ઝાડનાં પાંદડાં પોતાના કર્કશ કકળાટે સરગમમાં નિજીસ્વરનું મીઠું મુકાવતાં હતાં. અવારનવાર સળસળાટ કરતી વીજળીની લહેરખી, ફોટોફ્લેશની જેમ ઝબૂકતી, નાસતાં નાસતાં આખા પરિવેશનો ચોટડુક ઉઠાવ ઉપસાવતી હતી. ધુમાડો અગ્નિની ખાતરી કરાવે તેમ થોડીક પળને મેઘગર્જના સંભળાય. મેઘગર્જના કેવીક હશે એનો અંદાજ વીજળીના સબાકાથી આવી તો ગયો જ હોય. સહેજસાજ ચમકતી નાસતી વીજળી ઘરડા સિંહની ડણક જેવી મેઘગર્જના સંભળાવે, તો હજારો સૂર્ય જેવી ક્ષણિક પ્રકાશઆભા પ્રસરાવતી સહેજ ગભરાવતી દામિનીની પછવાડે કોઈ ભૂરાયા સાંઢ જેવી છીંકોટા મારતી, ધૂળની ડમરી ઊઘડતી, હાંજા ગગડાવતી મેઘગર્જના સંભળાય. લાગે, આભ ફાટ્યું.

એ વિચાર સાથે વાસ્તવિકતા પણ મોં ફાડી સામે ઊભી રહી. નીચાણવાળી જગ્યામાં પાણી ભરાય. મુંબઈનાં થોડાક વિસ્તાર જળબંબાકાર થવા માટે પ્રખ્યાત છે. કિંગ્સસ... એમાનું એક. એમ તો ખાસું દૂર. જળાશયનો જળરાશિ પોતાની શાખા પ્રશાખા આજુબાજુ ફેલાવે તેમ પાછળનું પાણી અમને થોડો લાભ આપે. રસ્તા પર પાર્ક કરેલી મોટરોને પજવે. મોટર માલિકના ખભે માથું ટેકવી રડે. હિબકાં ખાય. બિચારો માલિક. દિલાસા સિવાય શું આપી શકે. ઘણા વર્ષોના અનુભવથી ભરાતા પાણીને વર્ષાની માત્રાથી ગાડીને ખસેડવાના સમય અંદાજ આવે. મનમાં ઉચાટ રહે. બાલ્કનીમાં વાછટ થોડુંક પાણી લાવે. દવાખાનાનું છાપરું કેટલું ગળશે, કેટલા ચુવાક થશે એની અવઢવ મનને ક્યારેક ઘેરી લે. આજે એવું જ થયું. **થોડીવાર વર્ષાનું રૌદ્ર રૂપ માણતાં માણતાં આ દુન્યવી ગડમથલે કબજો લઇ લીધો.**

સ્વસ્થ થયો. પોતાના પર જ હસ્યો. આવા વિચાર મગજનો કબજો લઇ લે છે એટલે સાવ શહેરી થઇ ગયો? કે ઉંમરની અસર વર્તાતી થઇ? મનોમન હસ્યો. બધું ખંખેરી પથારીમાં પડયો રહ્યો. ચાદર ઓઢી લીધી. આંખો બંધ કરી વર્ષાના રવને માણતો રહ્યો. રવની વિવિધતાએ બીજા બધા વિચાર ફગાવી દીધા. તંદ્રામાં સરી ગયો.

તંદ્રામાં જ એક દશ્ય ઉપસ્યું. વર્ષાની હેલીએ જનજીવન ખોરવી નાખ્યું હતું. વાહનવ્યવહાર લગભગ બંધ હતો. રડીખડી આવતી એક બસમાં ચડી બેઠો. બસમાં થોડાંક છડિયા બારીની સીટ પકડી બેઠો. બસ હળવે હળવે હાલે. પાણીમાં છમકારા કરતી, છોળો ઉછાળતી, છેલછબીલી છોકરીની જેમ અંગડાઇ લેતી હલતી રહે. ક્યારેક ઝોકું ખાઇ લે. ક્યારેક આજુબાજુનાં વાહનો સામે છીકારો કરે, ક્યારેક રીતસર હડી કાઢે, તો ક્યારેક હઠીલા બળદની જેમ ત્રાગું કરી સરિયામ રસ્તા વચ્ચે સોડ તાણી લે. બસની એ વિવિધ અદા પર ફિદા હતો. એનાં નખરાં પર ઓવારી જતો હતો, ત્યાં જ તે ઊભી રહી ગઇ. ઊભી જ રહી. હરામ બરોબર એક તસુ હલી હોય. એનાં શ્વાસોશ્વાસ અસ્તવ્યસ્ત થયાંને થોડીવારે બંધ પડ્યા. બસના શબ પર સવાર થયેલા મેં બારી બહાર ડોકિયું કર્યું. ફૂટપાથની કોરને બસ વચ્ચે બે ગજનું અંતર હશે. ફૂટપાથ પર ઝૂંપડાની કતાર. એકમેકની ઝૂંપડાસાંકળ રચી સંઘબળનો પરચો બતાવી રહી હતી. ફૂટપાથની કોરે વહી જતું વર્ષાવારિ સહેજે અલમસ્ત હતું ને સૌની છેડછાડ કરતું ભાગતું હતું. મારી બારી સામેના ઝૂંપડાનો દરવાજો વારિના વિચારતંતુમાં કેન્દ્રિત હશે તે ક્યારેક થોડું ઠેકી ઝુંપડાની અંદર ગરતું હતું. ઝુંપડાના દરવાજામાં એક કિશોર હાથમાં એલ્યુમિનિયમનો ગમેલો લઇ એને તગેડવા તત્પર થઇ ઊભો હતો. પાણીને આવાહ્ન દેતો હોય કે જોઉં તો ખરો, શી તારી મજાલ. અંદર ગયો તો ટાંટિયા તોડી નાખીશ. અલમસ્ત વહેતું વારિ. એને એવો જ છોકરો પડકારે તો પછી થવાનું હોય તે જ થયું. પાણી અંદર ધસે ને કિશોર ગમેલાથી ઠસ. શરૂઆત મંદ્ર સપ્તકથી જ થઇ. કોઇ મહાન કલાકાર વેગવેગળીતાનો લઇ રાગની જમાવટ કરતો હોય તેમ ગમેલાની ભરઠાલ ચાલી. ગતિ વધતી ગઇ. માતેલા આખલા જેવા વહેતા પાણીને કોઇ પડકાર ફેંકે તે કેમ ચાલે.

પાણી વધ્યું. ગમેલાએ ગતિ વધારી. દ્રુત ગતિ જોઇ લો. ‘બેઉ બળિયા, બાથે વળિયા’નો નરસૈંયો યાદ આવ્યો. છોકરો મચક નો’તો આપતો. પાણીનો ફૂંફાડો વધતો જતો હતો. બસ ગાઢ નિદ્રામાં સરી પડી હતી. અનિમેષ નેતે એ દ્વંદ્વયુદ્ધ જોઇ રહ્યો હતો. પાણી તો પરતંત્ર. વરસાદ વરસે એ પ્રમાણે એનું ગજું ને છજું. વરસાદને થયું, આ પાણી જરા વધારે છકી ગયું લાગે છે. એના મગજમાં ભરાયેલી રાઇને રદ કરવી જોઇએ. **એણે ચાલ બદલી. પોતાનો ખુદનો મેઘ રાગ છેડી બેઠો. એ રાગની ગંભીરતા એના આખા દેહમાં પ્રસરી ગઇ.** ઠમક, ઠુમકને

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)

*પ્રાર્થના માણસને દુષ્ટતાથી દૂર રાખે છે.*

# "શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ"નો

# ઇતિહાસ

## પ્રકરણ-૪

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## સમાજની ઝોળી છલકાવતા દાનવીરો અને શ્રી કચ્છી જૈન ભવન, પાલડીનું બાંધકામ

તા. ૨૪-૨-૧૯૯૪ના મંગળ દિવસે, પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સૂચિત વિવિધલક્ષી સંકુલના પાયાના ભૂમિપૂજનનો કાર્યક્રમ ખૂબજ ઉત્સાહભર્યા અને રોમાંચક વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના શુભેચ્છકોએ દાનની હેલી વરસાવીને સ્થાનિક કાર્યકરોમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને સૌને પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્થાની અત્યાર સુધીની કામગીરી અને હવે પછીના કાર્યક્રમો માટે કાર્યકરોની સંઘબળની ભાવનાથી ઉપસ્થિત મહેમાનો પ્રભાવિત થયા હતા. અને એક પછી એક શરૂ થયેલ દાનની સરવાણીઓએ વાતાવરણમાં રોમાંચકતા લાવી દીધી હતી.

એકંદરે માતબર રકમની ઓફરોથી, નીચે મુજબના દાનવીરોએ સમાજની ઝોળી છલકાવી દીધી હતી અને આપણાં કાર્યક્રમમાં વેગ પૂર્યો હતો.

| ક્રમ | દાનવીરનું નામ | નકરાની વિગત |
|---|---|---|
| ૧. | શ્રી જગશીભાઇ જેઠાભાઇ છેડા (લાયજા મુંબઇ) | સાંસ્કૃતિક કેન્દ્ર |
| ૨. | શ્રી માવજી ધારશી ફુરિયા (મેરાઉ) | પ્રેરક |
| ૩. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા (તુંબડી) | મેડિકલ ચેકઅપ સેન્ટર |
| ૪. | શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી (નાના ભાડિયા-મુંબઇ)<br>(ચોક્કસ રકમ કચ્છમાં વિવેકાનંદ ફાઉન્ડેશનની પ્રવૃત્તિમાં ખર્ચવાની શરતે) | નામની કોઇપણ તકતી વિના |
| ૫. | શ્રી મુરજીભાઇ ચાંપશી સાવલા (તુંબડી-ખેડા) | જૈન આરાધના કેન્દ્ર |
| ૬. | શ્રી હીરજીભાઇ પાસુભાઇ શાહ (શેરડી-અમદાવાદ) | નવા સંકુલમાં સમાજની ઓફિસનો રૂમ |
| ૭. | શ્રી પદમશી કાનજી મૈશેરી (રાપર ગઢવાળી મુંબઇ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં મોટો રૂમ |
| ૮. | સ્વ. પ્રેમચંદ માણેકચંદ મહેતા પરિવાર<br>હસ્તે શ્રી રમેશ પ્રેમચંદ મહેતા (બિદડા-કચ્છ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં મોટો રૂમ |
| ૯. | શ્રી મેઘજીભાઇ કચરા છેડા (લાયજા-અમદાવાદ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં મોટો રૂમ |
| ૧૦. | શ્રી લક્ષ્મીચંદ વેરશી મસાલાવાલા (ડુમરા-મુંબઇ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં મોટો રૂમ |
| ૧૧. | શ્રી બાબુલાલ કેશવજી શાહ (કપાયા) | સંકુલનો ઓફિસ રૂમ |
| ૧૨. | શ્રી કાનજીભાઇ રવજી પરિવાર (નાની ખાખર-મુંબઇ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં નાનો રૂમ |
| ૧૩. | શ્રી વેલજી કોરશી સાવલા પરિવાર<br>હ. શ્રી રામજીભાઇ અને દામજીભાઇ (તુંબડી-મુંબઇ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં નાનો રૂમ |
| ૧૪. | શ્રી માલશીભાઇ મેઘજી ચરલા (આધોઇ-મુંબઇ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં નાનો રૂમ |
| ૧૫. | શ્રી ચાંપશીભાઇ દેવશી નંદુ (બેન્ઝરવાળા) (કકરવા-(ભચાઉ)-મુંબઇ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં નાનો રૂમ |
| ૧૬. | શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચા (ફતેહગઢ-અમદાવાદ) | મેડિકલ ચેકઅપ સેન્ટરમાં નાનો રૂમ |
| ૧૭. | શ્રી મણિલાલ કુંવરજી ગોસર (ગોધરા) | લિફ્ટ માટે |
| ૧૮. | શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા (તલવાણા) | રૂમ ૫૨ નામની તખતી |
| ૧૯. | શ્રી મણિલાલ પ્રેમચંદ વસા (મુંદ્રા) | રૂમ ૫૨ નામની તક્તી |

*જિંદગી એટલે મોટાભાગના લોકો માટે આદર્શ અને શક્ય વચ્ચે સમાધાન.*

| | | |
|---|---|---|
| ૨૦. | શ્રી રવજીભાઇ દેવરાજ શાહ પરિવાર (રામાણિયા) | રૂમ ૫૨ નામની તક્તી |
| ૨૧. | શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા (નવાવાસ) | રૂમ ૫૨ નામની તક્તી |
| ૨૨. | શ્રી ગાલા ટેક્ષટાઇલ્સ (નાના ભાડિયા) | રૂમ ૫૨ નામની તક્તી |
| ૨૩. | શ્રી રવિલાલ રાયશી શાહ (માંડવી) | રૂમ ૫૨ નામની તક્તી |
| ૨૪. | શ્રી ગીરીશભાઇ દામજી પોલડિયા (તલવાણા) | રૂમ ૫૨ નામની તક્તી |
| ૨૫. | શ્રી કાનજીભાઇ કાંતિલાલ મહેતા (ઝરપરા-મુંબઇ) | ૭ ભેટ કૂપન |
| ૨૬. | શ્રી મૂલચંદ કરમચંદ શેઠ (મુંદ્રા - મુંબઇ) | ૫ ભેટ કૂપન |
| ૨૭. | શ્રી ખીમજી ભારા પરિવાર હ. શ્રી બાબુભાઇ મેઘજી શાહ (લાકડિયા-મુંબઇ) | ૫ ભેટ કૂપન |
| ૨૮. | શ્રી ઉમરશી પાસુભાઇ શાહ (શેરડી-સાંગલી) | ૫ ભેટ કૂપન |



વર્ષ ૧૯૯૪નાં જૂન અને જુલાઇનો 'મંગલ મંદિર'નો ૨૦૦મો અંક દ્વી-શતાબ્દી વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો તથા તા. ૧૭-૯-૯૫ના દિવસે આપણાં ભવનનાં ચાલુ બાંધકામમાં પાલડી ખાતે એક નિઃશુલ્ક તબીબી પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મંગલ મંદિરનો ઓક્ટોબર/નવેમ્બરનો અંક દીપોત્સવી અંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

૧૯૯૧થી ૧૯૯૫ સુધીમાં નીચે મુજબનાં હોદ્દેદારો રહ્યા હતા.

૧૯૯૬ના વર્ષ દરમ્યાન રાબેતા મુજબની પ્રવૃત્તિઓ ચાલતી હતી. સાથે સાથે "શ્રી કચ્છી જૈન ભવન"નું બાંધકામ પણ પૂર્ણતાને આરે હતું. તેથી તેના ઉદ્‌ઘાટનની તૈયારીઓ જોરશોરથી શરૂ કરવામાં આવી. ભવનનાં મુખ્ય નામ માટે રૂા. ૫૦૦૦/- ની એક એવી ૨૫૦૦ કૂપનો છપાવવામાં આવી હતી તથા સમગ્ર ભવનનાં રૂમો સહિત અલગ અલગ વિભાગોનાં નકરા નક્કી કરવામાં આવ્યા હતા. આ ભવન માટે દાન મેળવવા માટે સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી મુરજી નરસી શાહ, શ્રી હીરજી પાસુભાઇ શાહ, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી શાંતિલાલ છગનલાલ શાહ, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા, શ્રી બંસીલાલ મગનલાલ ગડા તથા અન્ય ઘણાજ કાર્યકરોએ ખૂબજ સખત મહેનત કરી હતી.

આ અંદાજે ૧૫,૦૦૦ ચોરસ ફૂટના પ્લોટ ઉપર ૨૮,૦૦૦ ચોરસ ફુટનું બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં બેઝમેન્ટ હોલોપ્લિન્થ તથા તેના ઉપર ૪ માળ બનાવવામાં આવ્યા છે. આ ભવ્ય ભવનમાં ત્રણ વિભાગોનું આયોજન કરવામાં આવ્યું છે. બીજા અને ચોથા માળે માતુશ્રી કંકુબહેન કાનજીભાઇ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન જેમાં એટેચ્ડ રૂમ તથા બે ડોરમેટરીઓ છે. ત્રીજા માળે મેડિકલ સેન્ટર જેમાં શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા (તુંબડીવાળા) મેડિકલ ચેકઅપ સેન્ટર તથા અનેકવિધ મેડિકલ પ્રવૃત્તિઓ થાય છે. ફિઝિયોથેરાપી - એક્સ-રે - આયુર્વેદ, પેથોલોજી લેબ, સોનોગ્રાફી તથા બીજા અનેક વિભાગોનાં કન્સલ્ટીંગ ડોક્ટરો પોતાની સેવાઓ આપે છે.

પ્રથમ માળે શ્રી પ્રેમજી જેઠાભાઇ છેડા (લાયજાવાળા) સાંસ્કૃતિક કેન્દ્ર આવેલ છે. લગભગ ૫૦૦૦ ફુટ વિસ્તાર ધરાવતો આ હોલ સમાજને ખૂબજ ઉપયોગી થઇ રહ્યો છે. અત્રે અવાર નવાર વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને આપણે જે વર્ષોથી એક સ્વપ્ન સેવેલું કે "આપણો પણ એક ભવ્ય હોલ હોય જ્યાં આપણો વાર્ષિક સ્નેહ મિલન યોજી શકીએ" તે અહીં સાકાર થયેલ છે. આ ભવનમાં આવનાર અતિથિઓ માટે એક નાનકડી કેન્ટીનનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ ભવનનાં પ્લાનિંગ તથા આર્કિટેક્ચરનું કામ અમદાવાદનાં જાણીતા આર્કિટેક્ટ શ્રી મયંકભાઇ ગજ્જરને સોંપવામાં આવેલું જ્યારે સ્ટ્રક્ચરલ ડિઝાઇનનું કામ પ્રખ્યાત સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ શ્રી એન.કે. શાહે કરેલ છે. બાંધકામ ત્રણ તબક્કે વિવિધ કોન્ટ્રેક્ટરોએ પૂરું કરેલ છે.

ઉપર મુજબ એક ભવ્ય ભવનનું બાંધકામ પૂર્ણ થઇ ઉદ્‌ઘાટનનાં આરે આવી ઉભું રહ્યું અને અંતે તા. ૨૫-૧-૯૭ અને તા. ૨૬-૧-૯૭નો બે દિવસનો ઉદ્‌ઘાટન સમારંભનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો. ભારતભરમાંથી આ ભવનનાં ઉદ્‌ઘાટનમાં ભાગ લેવા આપણાં કચ્છી જૈન ભાઇઓને આમંત્રણો મોકલવામાં આવ્યાં હતાં. લગભગ ૫૦૦૦ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવી હતી.

*(ક્રમશઃ)*

# નવજાગૃત વાડિયા ગામની મૌન સામાજિક ક્રાંતિના શુભ-આરંભની અનન્ય કંકોતરી

• પ્રવીણચંદ્ર શાહ •

સાવ તાજી ટપાલમાં શુભલગ્નની એક કંકોતરી મળી છે. એંસી વરસને ઉંબરે પહોંચેલા આ લખનારને આવી કંકોતરી જિંદગીભરમાં અત્યાર સુધીમાં ક્યારેય મળી નથી, એવી આ અનન્ય કંકોતરી છે.

આ કંકોતરીને 'અનન્ય' ગણવાનાં ત્રણ-ચાર કારણો છે :

(૧) કોઇ એક જ દીકરી (કે દીકરા) માટે નહીં, પણ એક સાથે ૭ (સાત) દીકરીઓનાં સમૂહ લગ્નો અને ૮ (આઠ)ની સમૂહ સગાઇ (વેવિશાળ)ની શ્રીફળ વિધિ — એમ એક સાથે ૧૫ (પંદર) દીકરીઓનાં શુભ અવસરનાં નીમિત્તનું એમાં ઇજન છે.

(૨) આ પંદરે પંદર દીકરીઓને પોતાની જનેતા માતા કોણ છે તેની પાકી ખબર છે પણ તેમના શારીરિક (બાયોલોજિકલ) પિતા કોણ છે કે હતા તેની જરાય ખબર નથી. માત્ર દીકરીઓને જ નહીં, એમને જન્મ આપનાર ખુદ જનેતાઓને પણ ખબર કે જાણકારી નથી કે એમની પુત્રીઓના પિતા કોણ હતા, કે તેનું નામ સુદ્ધાં શું હતું, કારણકે ફરજિયાત વેઠવા પડેલા વેશ્યા-વ્યવસાય દરમ્યાનના કયા પુરુષ-ગ્રાહકો સાથેના શરીર-સંબંધમાંથી આ પુત્રીઓ પેદા થઇ છે.

(૩) આ પંદર દીકરાઓના નિજી પરિવારના કોઇ વડીલો કે સગાં-સંબંધીઓમાંના કોઇએ આ નિમંત્રણ-કંકોતરી મોકલી નથી, કારણ કે એવી એમની આર્થિક પહોંચ નથી, અને એમની સામાજિક-રૂઢિગત પ્રતિકાર સામર્થ્ય જાગૃતિનું કોડિયું હજુ તાજું જ પેટાયું છે એને ધગધગતી ઝળહળતી મશાલ બનાવવાની કૃતનિશ્ચયી વિચરતા સમુદાય સમર્થન મંચ વતી સર્વસુશ્રી અને સર્વશ્રી મિત્તલ પટેલ, શારદા ભાટી, માધવ રામાનુજ, લીલાધર ગડા, પ્રબોધ જોષી, પારૂલ દાંડીકર, ગીતા ગાલા અને એમના સાથી- સહકાર્યકરોનું આ નિમંત્રણ છે. શુભ અવસરમાં ૧૦મી માર્ચ, ૨૦૧૨ને શનિવારે રાત્રે ૮-૩૦ના સંગીત સંધ્યા છે. હસ્તમેળાપ તથા સગાઇ-શ્રીફળ વિધિ ૧૧ માર્ચ, ૨૦૧૨, રવિવાર, સવારે ૧૦-૩૦ ના સમયે છે અને ૧૧ વાગ્યે જમણ છે.

(૪) શુભ સ્થળ : ગામ વાડિયા, તાલુકો-બ્લોક થરાદ, (ડિસ્ટ્રીક્ટ) જિલ્લા બનાસકાંઠા, ગુજરાત છે. સંપર્ક મોબાઇલ નંબર ૦૯૦૯૯૯૫૦૧૧ યા (છેલ્લા બે ડીજીટ ૧૩, ૧૪, ૧૯ છે. આયોજક-સંસ્થાનું સરનામું 'વિચરતા સમુદાય સમર્થન મંચ' સદ્‌વિચાર પરિવાર કેમ્પસ, કોર્ટયાર્ડ મેરિઓટ હોટેલ પાસે, રામદેવનગર ક્રોસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ. પીનકોડ - ૩૮૦ ૦૧૫ છે.

શુભ અવસર-નિમંત્રણ કંકોતરીમાં 'હરખનાં તેડાં' શીર્ષક હેઠળ નિમંત્રકોએ નોંધ્યું છે. વાડિયાની વીતક કથાથી આપ પરિચિત હશો ('કચ્છ મિત્ર'ની આ કોલમના નિયમિત વાચકોને યાદ હશે કે ૧૭ ઓક્ટોબર, ૨૦૧૦ની આવૃત્તિમાં સાચા બાપના નામ વગરનું સ્વર્ણિમ ગુજરાતનું ગામ વાડિયાની સત્યકથા - એ શીર્ષક હેઠળ આ લખનારે એક આખો લેખ લખેલો) તેનો સંક્ષિપ્ત સારાંશ એ હતો અને છે કે ઉત્તર ગુજરાતના બનાસકાંઠાનું એક ગામ વડગામા છે જે ગુજરાત-રાજસ્થાનને જોડતા હાઇવે પરનું છે. વડગામા ગામ થરાદથી પંદરેક કિ.મીટરે છે. થરાદની પાસે આવેલા ગામનું નામ વાડિયા છે. આ વાડિયા ગામની તમામે તમામ મહિલાઓ પોતાના પરિવારજનોનું પેટ ભરવા માટે પોતાનાં શરીર, પોતાની કાયા વેચે છે. એ બધા ઘરના પુરુષ પોતાની મા, બહેન કે દીકરી માટે ગ્રાહક લઇ આવવા વાડિયા ગામના હાઇવે પર ઊભા રહી ગ્રાહક પકડે છે. છેલ્લાં લગભગ પચાસ-સાઠ વરસોથી વાડિયા ગામની મહિલાઓ, જેઓ સરાણિયા કોમ-સમુદાયની છે, એમણે પરિવારની આજીવિકા માટે વેશ્યા થવાનું જ પસંદ કરવું પડ્યું છે. આ મહિલાઓને એમના આ ધંધામાંથી મુક્ત કરાવવા માટે રાજ્ય સરકારે કેટલીક વખત લૂલા-લંગડા પ્રયત્નો કરી જોયા છે પણ અધિકારી-અમલદારોના નિરુત્સાહ અને પૂર્વગ્રહોને કારણે અને ગામની વસ્તીની રૂઢિચુસ્તતા અને નિઃસહાયતાને કારણે આવા લંગડા પ્રયાસો નિષ્ફળ થતા રહ્યા છે.

શુભ અવસર-કંકોતરીના નિમંત્રકોએ કંકોતરીમાં નોંધ્યું છે કે, "વિચરતા સમુદાયોની વ્યથાનો અંત ક્યારે, એ સતત મૂંઝવતા પ્રશ્નોનું સર્વાંગી નિરાકરણ (તો જ્યારે થાય ત્યારે ખરું) પરંતુ પીડા હળવી કરવાના પ્રયાસો જરૂર કરી શકાય. આવા એક પ્રયાસની ફળશ્રુતિને વધાવવાનો આ સોહામણો પ્રસંગ આવ્યો છે. આર્થિક સંકડામણને કારણે સરાણિયા સમુદાયની કેટલીક દીકરીઓને અનિચ્છાએ અને પરાણે અનીતિના વ્યવસાયમાં ધકેલવામાં આવે છે. અહીં મોટા ભાગની દીકરીઓની સગાઇ કે લગ્ન થતાં નથી પરંતુ, નાની ઉંમરે જ તેમને દેહ વ્યાપારમાં ધકેલવામાં આવે છે. હા,

*આશા એટલે ખરાબમાં ખરાબ સંજોગોમાં પણ આનંદિત રહેવાની શક્તિ.*

એક વાર જો દીકરીની સગાઈ કે લગ્ન થાય તો તેને દેહ વ્યાપારમાં ધકેલવામાં આવતી નથી... અમે વાડિયાની દીકરીઓની સગાઈ કે લગ્ન થાય તે માટેના પ્રયત્નો છેલ્લાં પાંચેક વર્ષોથી કરીએ છીએ. આ વર્ષે એક સાથે સાત દીકરીઓનાં લગ્ન તથા આઠની સગાઈ-શ્રીફળ વિધિ થવાની છે. આ દીકરીઓના માવતરની આર્થિક સ્થિતિ નબળી છે. એમની મૂંઝવણને દૂર કરવા આપ સૌ સ્વજનોનો સહયોગ અનિવાર્ય છે. ... આપનો સ્નેહ, વિચરતા અને વિમુક્ત સમુદાયો સાથેનાં કામોમાં અમને હંમેશાં મળ્યો છે. આ અનોખા અને પવિત્ર ઉત્સવમાં આ દીકરીઓને આશીર્વાદ આપવા તથા ઉત્સવને દીપાવવા આપને ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ... આપનું યથાકિંચિત અનુદાન આવકાર્ય છે..."

આ અનન્ય લગ્ન-સગાઈ નિમંત્રણ પત્રિકાની સાથે વિચરતા સમુદાય સમર્થન મંચ-રજિસ્ટર્ડ ટ્રસ્ટના પ્રમુખશ્રી માધવ રામાનુજ, પ્રખર સમાજ-ચિંતક, સાહિત્યકાર, કવિ અને માનવતાવાદી પ્રવૃત્તિઓના ગુજરાતભરમાં સુપ્રતિષ્ઠિત અગ્રણી છે. ટ્રસ્ટના અથાક, ધૈર્યવાન, ઝૂઝારૂ મંત્રી બહેન મિત્તલ પટેલ છે, જેમણે માણસાઈના દીવા ખ્યાત સ્વ. રવિશંકર મહારાજે કંડારેલી કેડીને રાજમાર્ગ બનાવવામાં પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ હોમી દીધું છે. ચાર બીજા ટ્રસ્ટીઓ છે જેમાંના લીલાધર ગડા, કચ્છના સેવાક્ષેત્રે જ માત્ર નહીં, પણ બિહારના પૂર કે ઇન્ડોનેશિયાની સૂનામી દરમ્યાન પણ વિક્રમસર્જક સેવાઓ પ્રદાન કરવાની સાથે, અને ઉપરાંત કચ્છની ભોજાય હોસ્પિટલ અને ભચાઉ હોસ્પિટલોના ટ્રસ્ટી છે, ભોજાય ખાતે શારીરિક-બૌદ્ધિક વિકાસની જરૂરિયાતવાળા કિશોર-કુમાર છોકરાઓના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું 'માનસ મંદિર' વિકસાવી રહ્યા છે. આ બધુંય અધૂરું હોય તેમ ભોજાયમાં કરોડોના રોકાણવાળી સ્પેશિયલ આઇ (આંખ)ના રોગોની હોસ્પિટલના આયોજનને અમલી બનાવી રહ્યા છે. ઉપરાંત તાજેતરમાં બિદડા નજીક પાંચેક-કરોડના આયોજનવાળી કિશોરીઓ માટેની એક ઔદ્યોગિક તાલીમ અને સંસ્કાર શાળાનો શુભ આરંભ કરી પણ દીધો છે. બીજા ત્રણ ટ્રસ્ટીઓ સર્વશ્રી પ્રબોધ જોશી, ગીતાબહેન ગાલા અને પારૂલબહેન દાંડીકર પણ વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા અને બીજી સંસ્થાઓ દ્વારા પરિણામલક્ષી, નક્કર સેવાઓ પ્રદાન કરી રહ્યા છે. આપણી બધાની ફરજ બને છે કે, આવા સેવાધારીઓના આર્થિક સહયોગ દ્વારા આપણી શુભેચ્છા સા-મે-થી આવકારે ત્યારે આપણે ફૂલ




કે ફૂલની પાંખડી અર્પણ કરવાનો સંતોષ અને ગૌરવ પ્રાપ્ત કરીએ.

વાડિયાની ૧૫ દીકરીઓનાં લગ્ન અને સગાઇ-શ્રીફળ, વાડિયાથી આરંભાયેલ અહિંસક, સમાન-સમાજલક્ષી, પ્રગતિશીલ, સામાજિક શાંત ક્રાંતિનો પ્રારંભ છે. પ્રારંભના નાજુક કોડિયાની આ પવિત્ર જ્યોત છે, જે નિશ્ચિત જ સામાજિક ઝળહળતી જાગૃતિની મશાલમાં પરિણમશે.

આ દરમ્યાન આ અનન્ય કંકોતરીની સામે ઋજુહૃદયી કવિ, શ્રી માધવ રામાનુજનું, વાડિયા ગામની દીકરીની વ્યથાનું શાબ્દિક કન્યાદાન ન હોત તો વિસ્મય થાત જ. સદ્ભાગ્યે, એ પણ નિમંત્રણ-કંકોતરી સાથે છે એ હૃદયસ્પર્શી, કરુણાસભર કાવ્ય-બયાનના કેટલાક અંશો, જે વાડિયા ગામની કોઇ એક કન્યાની માતા તરફના યાતના-મનોભાવો વ્યક્ત કરે છે, તેના કેટલાક અંશોથી આ કંકોતરી-લેખ આટોપીશું :

મા,

હું તારું વહાલ છું કે પછી છું તારી વ્યથા અથવા તો તારી મજબૂરી... હા, મા, મારો જન્મ તારી મજબૂરી! હું તારા વાત્સલ્યનું નહીં, તારા વ્યવસાયનું પરિણામ છું, મા!

... પણ, એમાં હું તારો કોઇ વાંક જોતી નથી - પેટની ભૂખ ક્યારે અને કઇ રીતે શરીરની ભૂખ બની જાય છે, એનું આપણે જીવતું જાગતું ઉદાહરણ છીએ... અને પછી તો એ જ પરંપરા, એ જ વ્યવહાર, એ જ આપણું નસીબ, એજ આપણી ઓળખ બની રહ્યું...

... સમાજે પણ શું કર્યું? અજવાળામાં આપણને અવગણ્યા ને અંધારામાં આપણને આવકાર્યા... એ અજવાળાં-અંધારાનાં અભિશાપમાંથી મુક્તિનું પરોઢ ઊગ્યું છે, મા! તેં મારાં લગ્ન નિરધાર્યાં છે... તેં મારા લગ્નનાં મૂરત જોવડાવ્યાં છે... હવે તારે આંગણે મંડપ બંધાશે, મા! ચોરીના પાવન અગ્નિના ઝળહળતા અજવાળે તું કન્યાદાન કરીશ... 'તું કન્યાદાન કરીશ' એમ એટલા માટે કહું છું કે મારે તો, અમારે તો, આપણે તો, હોય છે કેવળ માતા... તું મારી માતા છે એ જેટલું સાચું છે, તેટલું જ સત્ય એ પણ છે કે મને કે તને, મારા પિતા કોણ હશે એની ક્યાં ખબર છે!... અને સાંભળ, મા! મારા અંતરમાં આજ સુધી ધરબી રાખેલી એક વાત કહું? સાંભળ મા! આજ સુધી એકે એક માણસમાં મેં મારા પિતાને જોવાનો પ્રયત્ન કર્યો છે! ... પણ હું તને ધિક્કારતી નથી, મા!, તારા તો પગ ધોઇને એ ચરણામૃત હું લઇશ ને પાવન થઇશ, મા! ... તેં આપણા

*નિરાશાવાદી માણસ બીજાના સદ્ગુણ જોતો નથી, પણ બીજાના દુર્ગુણ જોવાનું એ ચૂકતો નથી.*

## માન્યતાની બીજી બાજુ

# વૈશ્વિકીકરણમાં પ્રાદેશિક ભાષાઓની આહુતિ

• મુરજી ગડા •

આજકાલ ભારતના બધા પ્રાંતોમાં વત્તેઓછે અંશે પ્રાદેશિક ભાષાઓને બચાવવાની - ટકાવવાની ચળવળ ચાલે છે. ઘણા લોકો પોતાના મત અને મુરાદ પ્રમાણે એમાં પોતાનું યોગદાન આપે છે. એના માટે વિવિધ કાર્યક્રમો યોજાય છે અને લેખ લખાય છે. ગુજરાતમાં આ ઝુંબેશ કદાચ વધુ પ્રમાણમાં છે. એ હેતુથી વડોદરામાં એ માટેના આંતરરાષ્ટ્રીય સંમેલનો યોજાયા છે.

આવી ચળવળમાં લોકોના પોતાની માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને ગૌરવ છતો થાય છે. આ લાગણીની કદર કરીએ તોય વાસ્તવિકતાને અવગણી ન શકાય. **ગમે તેટલી નિષ્ઠાથી નાની પ્રાદેશિક ભાષા બચાવવાના પ્રયત્નો કરવામાં આવે તોયે, લાંબાગાળે પ્રાદેશિક ભાષાઓનું ભાવિ ધૂંધળું દેખાય છે.**

લોકો કાંતો વૈશ્વિકીકરણ સમજતા નથી કે હજી એને સ્વીકારવા તૈયાર નથી. વૈશ્વિકીકરણનું આ સુનામી એટલું જબરદસ્ત છે કે સો વરસ પછીની દુનિયા માની ન શકાય એટલી અલગ હશે.

ભૂતકાળમાં કુટુંબો સંયુક્ત હતાં અને દુનિયા વિભક્ત હતી. હવે કુટુંબો વિભક્ત થઇ રહ્યાં છે અને દુનિયા સંયુક્ત થઇ રહી છે. બીજા વિશ્વયુદ્ધના અંત સાથે વૈશ્વિકીકરણનું નવું મોજું શરૂ થયું છે અને છેલ્લા ત્રણ દાયકાથી એણે વેગ પકડ્યો છે. એનું એક પાસું એ છે કે લોકો પ્રવાસ, વ્યાપાર, શિક્ષણ, સ્થળાંતર, દેશાંતર જેવાં કારણોને લીધે વધુ ભાષાઓ શીખવા લાગ્યા છે. એના પહેલાં બહુ ઓછા લોકોને પોતાની માતૃભાષા ઉપરાંત બીજી કોઇ ભાષા આવડતી હતી. હવે બે કે તેથી વધુ ભાષાઓ જાણનાર લોકોની સંખ્યા ઘણી વધી છે અને હજી વધતી જશે. પરિણામે માતૃભાષા પરનું અવલંબન ઓછું થતું જાય છે. માણસ કામચલાઉ ધોરણે ઘણી ભાષાઓ જાણી સમજી શકે છે પણ પારંગત તો એક-બેમાંજ થઇ શકે છે. એની પસંદગી જરૂરત પ્રમાણે વધુ પ્રચલિત અને સમૃદ્ધ ભાષા પ્રત્યે ઢળે છે.

**કોઇપણ ભાષાનું મહત્ત્વ કે અગત્યતા તે કેટલા લોકોની માતૃભાષા છે, માત્ર એનાથી ન થઇ શકે.** એ માટેના બીજા પણ કેટલાક માપદંડ છે. એ ભાષાના મૂળ પ્રદેશની બહાર એનો ફેલાવો કેટલો છે, જેમની એ માતૃભાષા ન હોય એવા કેટલા લોકો એ ભાષા સારી રીતે સમજી, બોલી, વાંચી શકે છે, એમાં કેટલા દૈનિક, સામયિક, પુસ્તકો બહાર પડે છે, એમાં કેટલી ફિલ્મો બને છે અને જોવાય છે વગેરે બાબતો એ ભાષાની "પહોંચ" બતાવે છે. પહોંચને લીધે પ્રભાવ વધે છે.

ચીનમાં વપરાતી, બહાર ચીની કહેવાતી મેન્ડરીન ભાષા દુનિયામાં સૌથી વધુ લોકોની માતૃભાષા છે એ વાત ખરી પણ ચીનની બહાર કેટલા લોકો એ જાણે છે કે જાણવા ઇચ્છે છે? માતૃભાષાને ધોરણે સ્પેનીયનો બીજો, અંગ્રેજીનો ત્રીજો અને હિંદીનો ચોથો નંબર આવે છે. હિંદીની હાલત પણ ચીની જેવી છે. આ બન્ને ભાષાઓની પહોંચ ઓછી હોવાથી એમનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ ઓછો છે.

અંગ્રેજીની પહોંચ અને પ્રભાવના બે દાખલા જોઇએ. જ્યારે ભારત અને ચીન વચ્ચે કોઇ વેપારી કે રાજદ્વારી કરાર થાય છે ત્યારે એ હિન્દી કે ચીનીમાં નહીં પણ અંગ્રેજીમાં થાય છે. એ જ પ્રમાણે ખાડી દેશો હોય કે જાપાન - કોરિયા હોય, એમની સાથેનો આપણો વ્યવહાર અંગ્રેજીમાં જ થાય છે. આ બધું આપણે સ્વેચ્છાએ કરીએ છીએ. માત્ર આપણેજ નહીં, દુનિયાના બહુમતી દેશ એકબીજા સાથેનો વ્યવહાર અંગ્રેજીમાં કરે છે. આનું કારણ દેખીતું છે. મોટાભાગના દેશોમાં અંગ્રેજી જાણનાર વર્ગ જેટલી સહેલાઇથી મળી રહે છે એટલી સહેલાઇથી બીજી કોઇ ભાષા જાણનાર નહીં મળે. અંગ્રેજીની પહોંચ અને પ્રભાવનો બીજો દાખલો છે એમાં પ્રકાશિત થતા છાપા, સામયિક, પુસ્તકો અને ફિલ્મોની સંખ્યા અને ગુણવત્તાનો. બીજી કોઇ ભાષા એની નજીક પણ નથી આવી શકતી.

સત્તરમી અને અઢારમી સદીમાં, જ્યારે ભારત દુનિયાનું સૌથી સમૃદ્ધ અને શક્યતઃ શક્તિશાળી રાષ્ટ્ર હતું ત્યારે, જો બધે છવાઇ ગયું હોત તો આજે અંગ્રેજીને બદલે હિન્દી-ઉર્દુની બોલબાલા હોત. આપણે મંદિરો અને મહેલો બાંધવામાંથી ઊંચા નહીં આવ્યા. અંગ્રેજીનો પ્રભાવ સ્વીકારવામાં ઘેલછા છે કે એનો આંધળો વિરોધ કરનારમાં ઈર્ષા છે તે એક ચર્ચાનો વિષય છે. એના માટે અલગ લેખ જોઇએ.

ભૂતકાળ અને વર્તમાનની વાત છોડીને ભવિષ્યની શક્યતાઓ તપાસીએ. આજે દુનિયામાં જે ૬૦૦૦-૭૦૦૦ "જીવંત" ભાષા-બોલીઓ છે તેમાંથી મોટાભાગની મુખ્ય પ્રવાહથી દૂર રહેતી આદિવાસી પ્રજાની બોલીઓ છે. જેમાં લખાણ થતું હોય એવી ગણનાપાત્ર ભાષાઓ તો સેંકડોમાં છે, હજારોમાં નથી. એક લાખથી વધુ લોકો વાપરતા હોય એવી ભાષાઓ ૪૦૦થી પણ ઓછી છે. એક કરોડથી વધુ લોકોની હોય એવી ભાષાઓ માત્ર ૬૫ જેટલી છે.

*અવિદ્યા વિઘ્નરૂપ છે. તે દૂર થાય તો સર્વ જગત બ્રહ્મરૂપ છે એવું જ્ઞાન થાય.*

આદિવાસીઓ હવે ઝડપથી મુખ્ય પ્રવાહમાં ભળવા લાગ્યા છે. આધુનિક સગવડોનું આકર્ષણ બધાને સરખું છે. ઘણાને પોતાની પરંપરાનું વળગણ હવે એટલું રહ્યું નથી. ઝડપી શહેરીકરણ અને શહેરમાં રહેલી કમાણીની તકો એમાં અગત્યનો ભાગ ભજવે છે. જે જાતિઓ મુખ્ય પ્રવાહમાં જલદી ભળશે તેઓ નવી ભાષા અપનાવશે અને એમની બોલી જલદી લુપ્ત થશે. પછી વારો આવશે મુખ્ય પ્રવાહમાં ભળેલ હોવા છતાં જેમાં ખાસ લખાતું ન હોય એવી ભાષા-બોલીઓનો. ગુજરાતની કચ્છી બોલી એમાંની એક છે એની વાત કરીએ.

જેમણે ધંધાર્થે કચ્છ છોડ્યું એમણે નવા પ્રદેશની ભાષા શીખી, અપનાવી અને રોજિંદા વ્યવહારની મુખ્ય ભાષા બનાવી. એમના માટે કચ્છી અંગત સંબંધો વચ્ચે વપરાતી બીજી ભાષા બની ગઇ. ભૂકંપ પછી કચ્છ બહારના લોકો મોટા પ્રમાણમાં કચ્છમાં રહેવા આવ્યા તેઓ ગુજરાતી કે હિન્દીમાં વ્યવહાર કરે એટલે સ્થાનિક લોકોને પણ ગુજરાતી વાપરવી પડે. આમાંથી ક્યારેક મિશ્ર ભાષા ઉભરી આવે છે. આ કુદરતી ક્રમ છે. એક ભાષાનું સંકોચન બીજી ભાષાનો ફેલાવો બને છે.

દરેક કચ્છીનું શિક્ષણ અન્ય કોઇ ભાષામાં થાય છે. શિક્ષણની ભાષા એમની મુખ્ય ભાષા બની જાય એ સ્વાભાવિક છે. માતૃભાષા અને મુખ્યભાષા એક ન હોય એવું હવે સામાન્ય બની ગયું છે. પરિણામે માતૃભાષાનું મહત્ત્વ ઓછું થાય છે. શિક્ષણ અને ઔદ્યોગિકીકરણને લીધે કચ્છની કાયાપલટ થઇ રહી છે. એ રીતે કચ્છી ભાષાની (બોલી) પણ કાયાપલટ થઇ એ ધીરે ધીરે ગુજરાતીમાં ભળી જશે. સવાલ માત્ર સમયનો છે.

ભાષાની લુપ્તિ એટલે લુપ્ત થનાર ભાષા વાપરનારાઓનું બીજી મોટી અને સમૃદ્ધ ભાષામાં ભળી જવું. નાનું ઝરણું પોતાનું પાણી નદીમાં ઠાલવીને સુકાઇ જાય એના જેવી જ વાત છે. આમાં ગુમાવવાની સાથે મેળવવાનું પણ છે. કચ્છી માણસ ગુજરાતી અપનાવે એટલે વીસ લાખના બદલે છ કરોડ લોકો સાથે સંવાદ કરી શકે. શિક્ષણ શક્ય બને. ગુજરાતી સાહિત્યનો વિશાળ ખજાનો એના માટે ખૂલે.

ભાષાનો વિલોપ વાર્ષિક ધોરણે નહીં પણ પેઢી દર પેઢીના ધોરણે થાય છે. વળી એ તબક્કાવાર થાય છે. પહેલાં એ મુખ્ય ભાષા મટી બીજી ભાષા બને છે. પછી એ માત્ર અંગત સંબંધો વચ્ચે વપરાય છે. અંતે બોલી નામશેષ થાય છે. જોકે નવી ટેકનોલોજીને લીધે હવે બોલીને સી.ડી. પર અંકિત કરીને સાચવી શકાય છે પણ વ્યવહારમાં બચાવવું અઘરું છે. જે ભાષામાં લખાયું છે તે ભાષાઓ લખાણો દ્વારા સચવાય છે. પ્રાચીન ભારતની પાલી અને અર્ધમાગધી આના દાખલા છે. એ પણ બચાવી નથી શકાઇ, માત્ર સચવાઇ છે.

દુનિયા ઘણી ઝડપથી બદલાઇ રહી છે. ૩૦૦-૪૦૦ પ્રસ્થાપિત ભાષાઓ પર રાજકીય પ્રવાહોની અસર વધારે હશે. ધીરે-ધીરે આ સંખ્યા પણ નાની થતી જશે. બાકી રહેનારમાંથી મુખ્યત્વે જે તે દેશની રાષ્ટ્રભાષાઓ હશે. કારણ કે રાષ્ટ્રભાષાઓને એમની સરકારનું પીઠબળ હોય છે. એ રાષ્ટ્રનું ગૌરવ મનાય છે. એ ધોરણે પ્રમાણમાં નાની એવી શ્રીલંકાની સિંહાલી કે નેપાળી ભાષાનું આયુષ્ય ગુજરાતી કરતાં લાંબુ હોઇ શકે છે, જો આ રાષ્ટ્રો ત્યાં સુધી સ્વતંત્ર રહે તો! **(અંગ્રેજી વાપરતો સૌથી મોટો દેશ અમેરિકા, એકમાત્ર દેશ છે જેની સત્તાવાર કોઇ રાષ્ટ્રભાષા નથી!)**

નાની પ્રાદેશિક ભાષાઓ લુપ્ત થવા સાથે બાકી રહેનાર ભાષાઓ વધુ મોટી અને સમૃદ્ધ થશે. એમાં સમાનાર નાની ભાષાના કેટલાક શબ્દપ્રયોગો, સાહિત્ય વગેરે પોતાની મેળે ઓતપ્રોત થશે. વૈશ્વિકીકરણની નાની આવૃત્તિ જેવું હિંદીનું રાષ્ટ્રીયકરણ ભારતમાં થઇ રહ્યું છે. દેશમાં હિંદી ફેલાવાનો સરકારનો ૫૦ અને ૬૦ના દાયકાનો પ્રયાસ ખાસ સફળ ન થયો. એ કામ આજે બોલીવુડ, ટેલીવુડ અને શહેરીકરણ કરી રહ્યું છે. હિંદી અંગ્રેજી મિશ્રિત “હિંકલીશ” મહાનગરોમાં વિકસવા લાગી છે.

**વૈશ્વિકીકરણનું એક પાસું છે લોકોનું એકીકરણ.** આ સારી વાત છે. સંસ્કૃતિ, ધર્મ, ભાષા, જાતિ વગેરેના ભેદભાવ તો મોટાભાગના ઝગડાઓના મૂળમાં છે. આ ભેદભાવ જેટલા ઓછા થાય એટલા ઝગડાના કારણ ઘટે. આનો મતલબ એમ નથી કે ભાષાઓ લુપ્ત થવાથી ઝગડા મટી જશે. એકીકરણને લીધે લોકો વચ્ચેની ગેરસમજો ઓછી થાય. વાડાબંધીના નામે ઉશ્કેરનારને સાથ આપનાર ઓછા થાય.

ભાષાનું ગૌરવ અને ભાષાના ઝનૂન વચ્ચે પાતળી ભેદરેખા છે. મુંબઇમાં દેખાતું મરાઠીનું “મહત્ત્વીકરણ” આ ભેદરેખા ઓળંગતું હોય એમ લાગે છે. ગૌરવ ક્યાં પૂરું થાય અને ઝનૂન ક્યાં શરૂ થાય એ કોણ નક્કી કરે? કોઇ કરે તોયે ઝનૂનીઓને કોણ રોકી શકે?

મૂળ વાત ભાષાને બચાવવાની છે. એ કેટલી વાજબી છે, કેટલી જરૂરી છે અને કેટલી શક્ય છે એ વિષે કોઇની વાતોમાં આવ્યા વગર દરેકે શાંતિથી વિચારવાનું છે. બહારનું કોઇ બળજબરીથી આપણી માતૃભાષાને મિટાવવા માગતું હોય એને અટકાવવા આપણાથી શક્ય એટલું બધું કરી છૂટીએ. પણ કાળચક્રને લીધે એના પોતાનાં સંતાનો માતૃભાષાને છોડવા ઇચ્છતાં હોય ત્યારે એને ટકાવી રાખવાના થોડા લોકોના પ્રયાસથી ખાસ ફરક ન પડે.

ભાષા બચાવવાનું કામ કોઇ એક વ્યક્તિ, કુટુંબ કે સંસ્થાના ગજા બહારની વાત છે. એકીકરણના મુખ્ય પ્રવાહની વિરુદ્ધ જવું ખૂબ અઘરું હોય છે. જે પેઢી પૂરી તાકાતથી માતૃભાષાને બચાવવાની કોશિશ કરે તે ભાષાનો વિલોપ એક પેઢી દૂર ઠેલી શકે. આવતી પેઢી કઇ રીતે વિચારશે તે કોણ જાણે છે!

વિશ્વની દરેક વસ્તુની એક્સપાયરી ડેટ છે. સંસ્કૃતિઓ અને સામ્રાજ્યો લુપ્ત થયાં છે. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી બધા નાશવંત છે એના કરતાં વધુ ભાષા-બોલીઓ લુપ્ત થઇ ચુકી છે. આ ક્રમ ચાલુ રહેવાનો છે. તેથી “ભાષા બચાવ” ઝુંબેશમાં કેટલી શક્તિ, સમય અને સંપત્તિનું રોકાણ કરવું એ દરેકની સમજ પર આધાર રાખે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)**

*દરેક માણસમાં અજ્ઞાન હોય છે, પણ દરેકનું અજ્ઞાન જુદી જુદી જાતનું હોય છે.*

## કચ્છી માડુ

# શ્રી દિનેશ ત્રિવેદી : એક આદર્શવાદી વ્યક્તિ

● સુપાર્શ્વ મહેતા ●

*(નોંધ : અમદાવાદથી પ્રસિદ્ધ થતા અખબાર 'ગુજરાત સમાચાર'માં પ્રગટ થયેલા લેખનો લગભગ સંપૂર્ણ ભાગ 'મંગલ મંદિર'ના વાંચકો માટે અત્રે પુનઃ પ્રકાશિત કર્યો છે.)*

ડૉ. મનમોહન સિંહની કેબિનેટના એકમાત્ર કચ્છી પ્રધાન દિનેશ ત્રિવેદી તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીની ધૂનનો ભોગ બન્યા છે. અગાઉ કેન્દ્રના ઘણા પ્રધાનોએ ભ્રષ્ટાચારના આક્ષેપો હેઠળ રાજીનામાં આપ્યાં હોય તેવું બન્યું છે. સ્વ. લાલબહાદુર શાસ્ત્રી જ્યારે રેલવે પ્રધાન હતા ત્યારે એક ગમખ્વાર અકસ્માતની જવાબદારી સ્વીકારીને તેમણે રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ રામનાઇક, લાલુપ્રસાદ યાદવ, નીતિશ કુમાર, મમતા બેનરજી વગેરે પ્રધાનોના રાજમાં ઘણા રેલવે અકસ્માતો થયા, પણ તેની જવાબદારી સ્વીકારીને કોઇ પ્રધાને રાજીનામું આપ્યું નથી. દિનેશ ત્રિવેદીને રેલવે પ્રધાન તરીકે રાજીનામું આપવાની ફરજ પડી છે, કારણ કે તેઓ મમતા બેનરજીના ખોફનો ભોગ બન્યા છે. રેલવે બજેટમાં ભાડાં વધારવાને કારણે કોઇ પ્રધાને રાજીનામું આપવું પડ્યું હોય તેવી આ પહેલવહેલી અજીબ ઘટના છે.

સ્વ. લાલબહાદુર શાસ્ત્રીને બાદ કરતાં અત્યાર સુધી જેટલા રેલવે પ્રધાનો આવ્યા છે તેમણે રેલવે તંત્રનો ઉપયોગ ઉતારુઓને સુવિધા આપવાને બદલે પોતાના વિસ્તારના મતદારોને આકર્ષવા માટે કર્યો છે. રામવિલાસ પાસવાન અને લાલુપ્રસાદ યાદવ રેલવે પ્રધાન હતા ત્યારે બિહારની રાજધાની પટનાને અને અન્ય શહેરોને જરૂર હોય કે ન હોય તો પણ થોકબંધ ટ્રેનોની લહાણી કરવામાં આવી હતી. મમતા બેનરજી રેલવે પ્રધાન બન્યાં ત્યારે રેલવેના અર્થતંત્રની હાલત કફોડી હતી. તેની ચિંતા કર્યા વગર મમતાએ પશ્ચિમ બંગાળમાં લ્હાણી કરવાનો નિર્ણય કર્યો હતો. આ મુજબ હાવરાને સંખ્યાબંધ નવી ટ્રેનો મળી હતી અને રેલવેના અનેક પ્રોજેક્ટો પશ્ચિમ બંગાળમાં નાખવામાં આવ્યા હતા. મમતા બેનરજીની વોટ બેન્ક ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકો છે. તેમને ખુશ કરવા મમતાએ મોંઘવારી વધતી હોવા છતાં રેલવેનાં ભાડાંઓ વધારવાનું ટાળ્યા કર્યું હતું. એક તબક્કો એવો આવી ગયો કે જો રેલવેની આવક ન વધે તો તેણે પણ એર ઇન્ડિયાની જેમ સરકાર પાસે ભીખ માંગવી પડે તેમ હતું. આ પરિસ્થિતિમાંથી રેલવેને બહાર લાવવા દિનેશ ત્રિવેદીએ ભાડા વધારાની દરખાસ્ત કરી તો તેમણે નોકરી ગુમાવવી પડી હતી.

૬૧ વર્ષના કચ્છી માડુ દિનેશ ત્રિવેદીએ રાજીનામું આપતી વખતે જે વચનો ઉચ્ચાર્યા તે બે લીટીઓની વચ્ચે વાંચવા જેવાં છે. તેમણે કહ્યું હતું કે, "ભારતમાં આપણને માનવીય જિંદગીની બહુ કિંમત નથી. મુંબઇની લોકલ ટ્રેનમાં દરરોજ ૧૦ માણસો મરે છે. આ મોત અટકાવવા રેલવે આધુનિકીકરણની આવશ્યકતા છે. આ બાબતમાં ચીન ભારત કરતાં ૫૦ વર્ષ આગળ છે. આ બાબતમાં મારો આદર્શ જાપાન છે. જ્યાં છેલ્લાં ૪૭ વર્ષમાં એક પણ રેલવે એક્સિડન્ટ નથી થયો. આપણે ત્યાં દરેક બાબતમાં રાજકારણ રમાય છે. હકીકતમાં વહીવટીતંત્ર રાજકારણથી મુક્ત હોવું જોઇએ. રેલવે રાષ્ટ્રીય સંપત્તિ છે અને તેનો એ રીતે જ ઉપયોગ થવો જોઇએ."

હવે ભૂતપૂર્વ રેલવે પ્રધાન બની ગયેલા દિનેશ ત્રિવેદીનો બાયો-ડેટા તપાસતાં ખ્યાલ આવે છે કે રાજકારણના જંગલમાં તેઓ ભૂલા પડી ગયેલા પ્રતિભાસંપન્ન આદમી છે. દિનેશ ત્રિવેદીનાં મા-બાપ કચ્છથી સ્થળાંતર કરીને કરાંચી રહેવા ગયાં હતાં. ઇ.સ. ૧૯૪૭માં ભારતના ભાગલા પડ્યા ત્યારે તેઓ કરાંચી છોડીને ભારતમાં આવી ગયા હતા. છેવટે તેઓ દિલ્હીમાં રહેવા લાગ્યાં હતાં, જ્યાં દિનેશનો જન્મ થયો હતો. થોડા સમય પછી દિનેશના પિતા હીરાલાલે કોલકાતાની હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કંપની માટે કામ કરવાનું શરૂ કરતાં તેમનો પરિવાર કોલકાતા શીફ્ટ થયો હતો. દિનેશને ભણવા માટે હિમાચલ પ્રદેશની એક બોર્ડિંગ સ્કૂલમાં મૂકવામાં આવ્યો હતો. બોર્ડિંગ સ્કૂલમાં ભણીને દિનેશ કોલકાતા પાછો આવ્યો હતો અને ત્યાંની વિખ્યાત સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ભણવા લાગ્યો હતો. દિનેશ ત્રિવેદી સેન્ટ ઝેવિયર્સમાંથી સ્નાતક થઇને અમેરિકા ભણવા ગયા અને ત્યાંની ટેક્સાસ યુનિવર્સિટીમાંથી એમબીએની ઉપાધિ તેમણે મેળવી હતી. અમેરિકા જવા માટે તેમણે ૨૦,૦૦૦ રૂપિયાની લોન લીધી હતી.

દિનેશ ત્રિવેદી ઇ.સ. ૧૯૭૪માં એમબીએ થઇને શિકાગોની ડેટેક્સ કંપનીમાં બે વર્ષ માટે નોકરી કરતા હતા. તેમણે શિકાગોમાં રામકૃષ્ણ મિશનની એક જાહેરાતમાં સ્વામી વિવેકાનંદનું ચિત્ર જોયું એટલે તેઓ તેમના જીવનથી પ્રભાવિત થયા હતા. એક તબક્કે તો તેમણે સંસારનો ત્યાગ કરીને સાધુ બનવાનો વિચાર પણ કર્યો હતો પણ શિકાગોના એક સ્વામીએ જ તેમને તેમ કરતા વાર્યા હતા.

અમેરિકામાં બે વર્ષ નોકરી કરીને દિનેશ ત્રિવેદી પાછા ભારત આવ્યા. તેમણે બાળપણથી વાયુદળમાં પાઇલોટ બનવાનું સપનું જોયું હતું. આ માટે તેઓ પાઇલોટ બન્યા પણ પરિવારજનોની અનિચ્છાને કારણે એરફોર્સમાં જોડાયા નહીં. તેમને ફિલ્મમાં અભિનય કરવાનો શોખ જાગ્યો એટલે પૂનાની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં એડમિશન લીધું. તેમને લાગ્યું કે અહીં બહુ

*વાત્સલ્ય દોષોને ગળી જાય છે, સંખ્ય દોષોને સહન કરે છે, જ્યારે પ્રેમ તો દોષોને જોતો જ નથી.*

યાંત્રિકતા છે એટલે ત્યાં ભણવાનું છોડી દીધું. દિનેશ ત્રિવેદીને રવીન્દ્ર સંગીતમાં ઊંડો રસ પડ્યો એટલે તેઓ સિતાર વગાડતાં પણ શીખ્યા. દિનેશ ત્રિવેદી જ્યોતિષશાસ્ત્રમાં પણ રસ ધરાવે છે. મંગળના ગ્રહની અશુભ અસરથી મુક્ત થવા તેઓ પોતાના જમણા હાથની આંગળીમાં મંગળના ગ્રહની લાલ વીંટી પણ પહેરે છે. ભારતના રાજકારણમાં પ્રવર્તમાન ભ્રષ્ટાચારથી દિનેશ ત્રિવેદી તંગ આવી ગયા હતા. આ ભ્રષ્ટાચારનો મુકાબલો કરવા તેમણે કોલકાતામાં એક કોન્ઝ્યુમર પ્રોટક્શન સેન્ટર નામની બિન સરકારી સંસ્થા શરૂ કરી અને અદાલતમાં જાહેર હિતની અરજીઓ કરવા લાગ્યા. આ દરમિયાન તેમને જાણવા મળ્યું કે રાજકારણમાં ગુનાઇત તત્ત્વોની બાબતમાં છાનબીન કરવા માટે સરકાર તરફથી વોહરા કમિશનની રચના કરવામાં આવી છે. આ કમિશને તેનો અહેવાલ આપી દીધો હતો, પણ સરકારે આ અહેવાલ દબાવી રાખ્યો હતો. આ અહેવાલ પ્રગટ કરાવવા તેઓ સુપ્રીમ કોર્ટ સુધી લડ્યા અને જીત્યા. આ જીતને કારણે કેન્દ્રમાં માહિતી મેળવવાના અધિકાર બાબતની ઝુંબેશ પ્રબળ બની અને છેલ્લે એ કાયદો આવ્યો.

દિનેશ ત્રિવેદીએ પોતાની રાજકીય કારકિર્દીનો પ્રારંભ ઇ.સ. ૧૯૮૦માં કોંગ્રેસ પક્ષમાં જોડાઇને કર્યો. કોંગ્રેસમાં તેમને સંતોષ ન થયો એટલે ઇ.સ. ૧૯૯૦માં તેઓ જનતા દળમાં જોડાયા. ઇ.સ. ૧૯૯૮માં મમતા બેનરજીએ કોંગ્રેસમાંથી છૂટા પડીને તૃણમૂલ કોંગ્રેસની સ્થાપના કરી ત્યારથી તેઓ તૃણમૂલમાં જોડાયા અને તેના પ્રથમ મહામંત્રી બનીને મમતા બેનરજીનો વિશ્વાસ સંપાદન કર્યો. ઇ.સ. ૧૯૯૦થી ૨૦૦૮ સુધી તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે સંસદમાં રહ્યા. ઇ.સ. ૨૦૦૯માં તેઓ બરાકપોર લોકસભાની બેઠકમાં તૃણમૂલની ટિકિટ પર ચૂંટણી લડ્યા અને જીતી ગયા. ઇ.સ. ૨૦૦૯માં તેઓ મનમોહન સિંહના પ્રધાનમંડળમાં આરોગ્ય ખાતાના રાજ્ય પ્રધાન તરીકે જોડાયા ઇ.સ. ૨૦૧૧માં તેમને અણ્ણા હજારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાં જોડાવાની એટલી પ્રબળ ઇચ્છા થઇ ગઇ હતી કે એ માટે તેઓ પ્રધાનપદ છોડવા માટે પણ તૈયાર થઇ ગયા હતા ઇ.સ. ૨૦૧૧માં મમતા બેનરજી પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન બન્યાં ત્યારે દિનેશ ત્રિવેદી કેન્દ્રમાં રેલવે પ્રધાન બન્યા.

દિનેશ ત્રિવેદી કેન્દ્રમાં રેલવે પ્રધાન તરીકે માંડ એક વર્ષ રહ્યા છે. આ દરમિયાન તેમણે રેલવેના આધુનિકીકરણની અનેક યોજનાઓ બનાવી છે. તેમના માટે જાપાનની રેલવે આદર્શ છે. જાપાનના સહયોગથી ભારતમાં બુલેટ ટ્રેન શરૂ કરવા માટે તેમણે અથાક પ્રયત્નો કર્યા છે. તેમણે તૈયાર કરાવેલા અહેવાલ મુજબ ભારતીય રેલવેનું સંપૂર્ણ મોર્ડનાઇઝેશન કરવું હોય તો તેના માટે ૧૪ લાખ કરોડ રૂપિયાની મૂડીની જરૂર છે. આ રકમ માત્ર ઉતારુ ભાડા વધારીને આવી શકે નહિ તેની તેમને પણ ખબર છે. આ મૂડી સરકારે જ રેલવેને આપવી જોઇએ એવી તેમની માગણી હતી. રેલવેનું આધુનિકીકરણ કરવામાં આવશે તો જ તેની સલામતી વધી શકશે એમ તેઓ માનતા હતા.

ભારતીય રેલવેના સંચાલનમાં અર્થકારણનો વિચાર ઓછો કરવામાં આવે છે અને રાજકીય દાવપેચ વધુ ખેલવામાં આવે છે. દિનેશ ત્રિવેદી રેલવેના સંચાલનને રાજકારણથી સંપૂર્ણપણે મુક્ત અને પ્રોફેશનલ બનાવવા માંગતા હતા. આ માટે રેલવે બોર્ડનું પુનર્ગઠન કરવાની યોજના પણ તેમણે વિચારી રાખી હતી. ભારતીય રેલવેમાં ખાનગીકરણ કરીને બહારની મૂડી લાવવાના પણ તેઓ હિમાયતી હતા. રાજકારણના દાવપેચ રમવામાં નિષ્ફળ જવાના કારણે દિનેશ ત્રિવેદીને રેલવે પ્રધાન તરીકે રાજીનામું આપવાની ફરજ પડી છે. રેલવે પ્રધાન તરીકે દિનેશ ત્રિવેદીની વિદાયને કારણે રેલવેના બજેટનું ગૂંચવાયેલું કોકડું ઉકલી જવાનું નથી. મમતા બેનરજીની માંગણી, આ બજેટમાં કરવામાં આવેલો ભાડા વધારો સંપૂર્ણપણે પાછો ખેંચી લેવાની છે. મમતા બેનરજીની નજર આવતા વર્ષે પશ્ચિમ બંગાળમાં આવી રહેલી પંચાયતોની ચૂંટણીઓ પર છે. મમતા બેનરજી પોતાની ગરીબોના બેલી તરીકેની છાપ કાયમ રાખે તો આ ચૂંટણીઓ આસાનીથી જીતી શકે તેમ છે. આ છાપ ટકાવી રાખવાના સાધન તરીકે રેલવે બજેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

*સૌજન્ય : 'ગુજરાત સમાચાર'*

## વૈશ્વિકીકરણમાં પ્રાદેશિક ભાષાઓની આહૂતિ

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

આજે આંતરપ્રાંતીય અને આંતરરાષ્ટ્રીય લગ્નો વધી રહ્યાં છે. શિક્ષિત યુગલોના આવા લગ્નોમાં બન્ને જણ પોતાની પ્રાદેશિક ભાષા છોડીને હિંદી કે અંગ્રેજીને અપનાવે એ શક્ય છે. એમનાં બાળકોની માતૃભાષા કઇ? એમના માટે માતૃભાષા/પિતૃભાષા શબ્દ નિરર્થક બની જાય છે. **એજ રીતે વધુ ભાષાઓ જાણનાર શહેરનિવાસી માટે પણ માતૃભાષા કરતાં મુખ્યભાષા વધારે મહત્ત્વની બને છે.**

ગુજરાતીને હાલ કંઇ જોખમ નથી. સમૃદ્ધ કુટુંબનાં બાળકો અંગ્રેજી સ્કુલમાં જઇ ગુજરાતીથી વિમુખ થાય છે એ વાત સાચી છે. બીજી બાજુએ કચ્છીઓ અને અન્ય પછાત વર્ગો ગુજરાતીમાં શિક્ષણ લઇ એને સમૃદ્ધ કરે છે. ગુજરાતીમાં આજે પહેલાં કરતાં વધારે વર્તમાનપત્રો, સામયિકો અને પુસ્તકો બહાર પડે છે તેમજ વંચાય છે. અત્યારે તો એનો શ્રેષ્ઠ સમય ચાલી રહ્યો છે.

આઠ-દસ પેઢીઓ પછી જે પણ થવાનું હશે એને અત્યારથી બદલી ન શકાય. જ્યારે પણ ગુજરાતી લુપ્ત થવાને આરે હશે ત્યારે બીજી પ્રાદેશિક ભાષાઓની પણ એજ હાલત હશે. ત્યારે ભારત સાચા અર્થમાં અખંડ દેશ બનતો હશે. એ સમય રાજી થવાનો હશે, અફસોસ કરવાનો નહીં. ગુજરાતીના સંદર્ભમાં અત્યારની "ભાષા બચાવો" ઝુંબેશ વાણી-વિલાસથી વધુ ન પણ હોય! **ભાષાને બચાવવા કરતાં જંગલો, પાણીના સ્રોત, ખનિજ તેલ, અન્ય ખનિજ પદાર્થો, પર્યાવરણ વગેરે જેવી કુદરતી સંપત્તિ બચાવવાની તાતી જરૂર છે.** એ પ્રત્યે દુર્લક્ષ સેવશું તો ભાષાને બચાવવા માટે આપણા વંશજો નહીં રહે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

*પોતાના દુ:ખને જે જીરવી શકે*
*પણ બીજાના દુ:ખને*
*જે જોઈ ન શકે એ સજ્જન.*

*ભગવાનની નિષ્કામ ભક્તિ અનેક સિદ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ આપે છે.*

# ત્યાગમૂર્તિ કોમલ સાવલા

**• કનૈયાલાલ જોશી •**

*(મુંબઈથી પ્રસિદ્ધ થતા અખબાર 'જન્મભૂમિ'માં પ્રગટ થયેલ લેખ 'મંગલ મંદિર'ના વાચક વર્ગ માટે પુનઃ પ્રકાશિત કરેલ છે.)*

જગતના બે ધનાઢ્યો બિલ ગેટ અને વોરેન બુફેએ પોતાની સંપત્તિનો અમુક હિસ્સો દાન કરી નાખ્યો અને એ પછી બન્ને દાનવીરો વિશ્વના શ્રીમંતોને આવું કરવા સમજાવે છે. ભૌતિક સુખ અને સાચું સુખ એ બેનો ભેદ જે પામી ગયો એ જ ત્યાગનું બેનમૂન દૃષ્ટાંત બેસાડી શકે.

આવા અતિશ્રીમંત તો નહીં છતાં સુખી કહી શકાય એવી વ્યક્તિ પોતાનું સઘળું દાનમાં આપી દેવાનો નિર્ધાર કરે ત્યારે તેણે કરેલા દાનનું મહત્ત્વ કદાચ બિલ ગેટ અને બુફેના દાન કરતાંય વધી જાય. ગર્વ સાથે કહેવું પડે કે આ માણસ કચ્છી માડુ છે અને તેણે કરેલાં દાનના ઉદ્દેશને પાર પાડવા પાછળ આખા પરિવારની ભૂમિકા છે.

એમનું નામ કોમલ મૂરજી સાવલા. એમની વય ૫૬ની થઈ. બે વર્ષ પહેલાં નિવૃત્તિ લીધી. એ પછી પોતાની સંપત્તિમાંથી માનવકલ્યાણ મંદિર ખડું કરવાનું શરૂ કરી દીધું છે. એમનું મૂળ વતન બિદડા (કચ્છ) એટલે એમણે પ્રવૃત્તિ કેન્દ્ર માટે બિદડા પર પસંદગી ઉતારી. ત્રણ એકર જમીન ખરીદ કરીને એ જગ્યાએ 'માવતરનો માળો' નિર્માણ કરશે. આ નામ પરથી ઉદ્દેશનો થોડો ખ્યાલ આવી જાય. વડીલોનું નિવાસ બનવાનું છે. પણ કોમલભાઈની કલ્પના પ્રમાણે આ માત્ર નિરાધાર માટેનું સ્થાન કે વૃદ્ધાશ્રમ નહીં હોય. સ્ટાર ગ્રેડની બેજોડ સંસ્થા બનશે. ઈકોફ્રેન્ડલી વાતાવરણ હશે અને સંસ્થા સંપૂર્ણપણે આત્મનિર્ભર બને તેવા પ્રયાસ કરવા છે. વળી, સમયની માગ પ્રમાણે સંસ્થામાં સુધારા વધારા અને ઉમેરા થતા રહેશે.

કોમલ સાવલાએ વિસ્તારથી વાત કરતાં કહ્યું, પરિવારનું માતૃવંદના ટ્રસ્ટ છે તેના બેનર હેઠળ માવતરનો માળો ઊભો કરાશે. એક વૃદ્ધ અને બીજાં બાળકો માટે કંઈક કરી શકાય એટલે સંસ્થામાં વૃદ્ધ વડીલો અને બાળકોને સ્થાન અપાશે.

૪૫ હજાર ચો. ફૂટનું બાંધકામ કરાશે. જેમાં વડીલો માટે ૫૦ રૂમ અને બાળકો માટે ૧૦થી ૧૫ રૂમ ફાળવાશે. ૧૦૦ વડીલ અને ૫૦ બાળકને આશ્રય આપી શકાશે. ભોજનશાળા, મેડિકલ સારવારની સુવિધા, લાઈબ્રેરી, મંદિર, ઈન્ડોર સ્પોર્ટસ વગેરે માટે સગવડો હશે. પાંચ હજાર ચો. ફૂટનું રીક્રિએશન સેન્ટર બનશે, જ્યાં બાળકો માટે વોકેશનલ કોર્સીસ ચાલશે. વાલીઓમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો અહીં કરાશે. બિદડામાં કુલ સાત સ્કૂલ છે. તેના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર અને શિક્ષણ માટે જરૂરી સાધનો પૂરાં પાડવા ઉપરાંત જે તે સ્કૂલમાં ટોઈલેટ કે પાણી જેવી પાયાની સવલતો વિકસાવાશે. જાન્યુઆરી, ૨૦૧૩માં વડીલ વિભાગ શરૂ થઈ જશે.

એમણે કહ્યું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થઈ જશે, પણ નિભાવ માટે સહાય લેવી પડશે. અલબત્ત, સંસ્થાને સ્વનિર્ભર કરવા યોજના વિચારી છે. તે પ્રમાણે ઉદ્યોગપતિઓનો સહયોગ જરૂરી બન્યો હશે.

સંસ્થા તેમની પ્રોડક્ટનું ઉત્પાદન સંભાળશે અને પ્રોડક્ટ ઉદ્યોગપતિ બાયબેક કરે એવી કલ્પના છે. આ સિવાય કચ્છનું મડવર્ક વખણાય છે. તેમાંથી કોર્પોરેટ જગતને ચાલે તેવી વસ્તુઓનું ઉત્પાદન કરી શકાય. આ બધી બાબતમાં સંબંધિતો સાથે વાતચીત ચાલી રહી છે.

એમણે કહ્યું, મારો જન્મ અને ઉછેર બેલગામમાં. ત્યાં ટેક્ષટાઈલ ઉદ્યોગ હતો, જે બધું બંધ કરી દઈને ૩૫ વર્ષ પહેલાં મુંબઈ આવ્યો. મુંબઈમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રી નાખી. મને વાંચનનો બહુ શોખ. મરાઠી સાહિત્ય ઘણું વાંચ્યું છે પુ.લ. દેશપાંડે, રમેશ મંત્રી, વી.સ. ખાંડેકર જેવા લેખકોનું બધું સાહિત્ય વાંચ્યું છે. હમણાં સુધા મૂર્તિ અને લીલાધર ગડાનાં બે પુસ્તક 'પગમેં ભમરી' વાંચ્યાં. જેમાંથી મને પ્રેરણા મળી. મારી મિલકતમાંથી મારા એક પુત્ર હિરલ અને પુત્રી પિન્કીને તેનો હિસ્સો આપી દીધો છે મુંબઈના ફ્લેટ સહિત બાકીનો તમામ હિસ્સો હું દાન કરવા માગું છું. મારી ઈચ્છા એવી છે કે બન્નેના જીવનનો અંત આવે ત્યાં સુધીમાં બધું જ જનહિતાય ખર્ચાઈ જવું જોઈએ. અમે જઈએ ત્યારે અમારું બેલેન્સ શૂન્ય થઈ જવું જોઈએ. અમે બન્નેએ દેહદાન કર્યું છે. અમારું કણકણ વસુંધરાને અર્પી દેવું છે.

કોમલ સાવલાએ કહ્યું, મારા વડીલોનું ગામ બિદડા તો પચાસ વર્ષ પછી જોયું. ગામ જોયું નહોતું એટલે ખેંચાણ નહોતું. ગામમાં દીક્ષાનો પ્રસંગ હતો. દીક્ષાનો વરઘોડો નીકળ્યો, જે આખા ગામમાંથી પસાર થયો. અમે બન્નેય વરઘોડાની સાથે ફર્યા, ગામ જોયું એટલે લાગણી બંધાઈ, એટલે બિદડામાં જ પ્રવૃત્તિ કરવાનું નક્કી કર્યું.

હું સ્પષ્ટપણે માનું છું કે આપણા વડીલો છે તે મિલકત છે તેમની પાસે અનુભવનું ભાતું છે એટલે તેમને રિચાર્જ કરીને સિનિયર સિટીઝનની બ્રિગેડ ઊભી કરવી છે. આગળ જતાં બિદડાના વિકાસ માટે બિદડા વિકાસ મંચ સ્થાપીશું. દર ત્રણ મહિને દાતાને હિસાબ મળી જાય તેવી વ્યવસ્થા કરવી છે.

તેમણે કહ્યું કે મારા આ પ્રોજેક્ટમાં મારા પરિવારના પ્રત્યેક સભ્યનું યોગદાન છે. મારી પત્ની મંદાકિનીએ તકતી નહીં મૂકવાની સલાહ આપી, મેં સ્વીકારી લીધી. એની દલીલ છે કે આપણાં મા બાપ માટે કંઈ કરીએ તો તેનાં આપણે ગીત નથી ગતાં. વડીલો આપણાં માબાપ છે. એમના પર તકતીનો ભાર શા માટે નાખવો મારી દીકરી પિન્કીએ આખો પ્રોજેક્ટ તૈયાર કરવામાં મદદ કરી. મારા પુત્રએ મારી યોજના માટે સંપૂર્ણ સંમતિ આપી.

મારા પ્રોજેક્ટ માટે ચંદ્રકાંત ગોગરી સ્થાપક ટ્રસ્ટી બન્યા છે. લહેરી દેઢિયા (ટુંડા) સહયોગ આપે છે.

**સૌજન્ય : 'જન્મ ભૂમિ'**

*ઉતાવળે ગુસ્સામાં કરેલું કામ નાશ નોતરે છે.*

# શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર - લૂણી

• અશોક મહેતા •

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર - લૂણી અથવા "લૂણી પાંજરાપોળ"નું નામ કચ્છમાં કોણે નહીં સાંભળ્યું હોય? કચ્છમાં અને અન્યત્ર જે રીતે પાંજરાપોળોનો વિકાસ થયેલ છે તેનાથી હટકે - કંઇક અલગ આ પાંજરાપોળે કરી બતાવ્યું છે. સામાન્યપણે આપણે જે રીતે જોઇએ છીએ તે રીતે પાંજરાપોળનો વ્યવહાર એટલે માત્ર ખર્ચનું જ સાધન અને તેનાથી કોઇ આવક થઇ શકે જ નહીં, તે પ્રકારનો રહેવા પામેલ છે. પરંતુ કચ્છની ૮૦ પાંજરાપોળમાંથી લૂણી પાંજરાપોળે રાહ બદલી, સારી ઓલાદોની ગાયોને ઉછેરી, તેમાંથી ઉત્પન્ન થતાં દૂધમાંથી તેમજ છાણ તથા મૂત્રમાંથી વિવિધ ઔષધિઓ બનાવી, તેના વેચાણમાંથી પણ આવક ઊભી કરવા એક આદર્શ પ્રયાસ કરી રહેલ છે. આજે ત્યાં લગભગ ૯૫૦ જેટલાં ઢોર ઉછરી રહેલ છે.

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર-લૂણીની સ્થાપના તા. ૧૬-૧૦-૮૬માં કરવામાં આવી. આજે તે એક રજિસ્ટર્ડ ચેરિટેબલ સંસ્થા છે. ટ્રસ્ટ મંડળ ૧૨ વ્યક્તિઓનું બનેલું છે. તેના ચેરમેન તરીકે શ્રી વશનજીભાઇ પ્રેમજીભાઇ સોની બિરાજે છે. તેઓ શરૂથી જ એટલે કે છેલ્લાં ૨૬ વર્ષથી આ સંસ્થાનું ચેરમેનપદ સંભાળી રહ્યા છે.

લૂણી પાંજરાપોળની શરૂઆત તા. ૭-૨-૧૯૮૭ના ૭ ઢોરથી કરવામાં આવેલ હતી. આજે આ પાંજરાપોળમાં ઢોરની સંખ્યા લગભગ ૯૫૦ જેવી થવા જાય છે. અહીં બીમાર પશુ-પક્ષી માટે ઇન્ડોરની સગવડતા ધરાવતી હોસ્પિટલની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અહીં ડોક્ટર લગભગ ૨૪ કલાક ઉપસ્થિત રહે છે. જાન્યુઆરી ૧૯૯૦થી ફરતા દવાખાનાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે જે આજુબાજુના ૪૦ ગામ તેમજ અન્ય ૭ પાંજરાપોળની પણ દેખરેખ રાખે છે. ડોક્ટર તથા હરતા ફરતા પશુ દવાખાનાની સગવડ દરેક ગામને તથા પાંજરાપોળને નિયમિતપણે દરરોજ મળતી રહે છે. તદ્ઉપરાંત કોઇપણ સ્થળેથી કહેણ આવે તો તે સ્થળે તરતથી પહોંચી જવાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

પશુઓમાં પણ વિવિધ પ્રકારના રોગો થાય છે, જેવા કે સ્નાયુતંત્રના રોગ, શ્વસનતંત્રના રોગ, અસ્થિભંગ, જખમ,



**શ્રી વશનજીભાઈ સોની**
**તેમને મળેલ 'કચ્છ ગૌરવ પુરસ્કાર' સાથે**

ચર્મરોગ, પ્રજનનતંત્ર, મૂત્રતંત્ર, બળિયા, મૂડાઇ (હોર્ન કેન્સર), આંચળના રોગો, આફરો (ગેસ ચડી આવવો), તાવ આવવો વગેરે, વગેરે. આ બધા રોગની જરૂરિયાત પ્રમાણે અહીં સારવાર કરવામાં આવે છે.

ઉપરોક્ત માવજત માટે આ પાંજરાપોળે પૂરતા સ્ટાફની વ્યવસ્થા રાખેલ છે. બે વેટરનરી ડૉક્ટર, એક બી.આર.એસ., એક પશુપાલન ગ્રેજ્યુએટ (નર્સિંગ પ્રકારનું કામ), જરૂરી મજૂર, સાફ સફાઇવાળા, બે એમ્બ્યુલન્સ વાન, એક ટેમ્પો, એક સ્કૂટર, બે ડ્રાઇવર વગેરે લોકો સેવામાં અહીં દિવસ-રાત કાર્યરત રહે છે.

અહીંની ગોશાળામાં કાંકરેજ ઓલાદની ૩૩ ગાયો વસાવવામાં આવેલ છે કે જેનાથી દર મહિને અંદાજિત ૪૫૦૦ લિટર દૂધના વેચાણ માટે વ્યવસ્થા કરવામાં આવે છે. હાલે આ પાંજરાપોળને સ્થાનિક રૂા. ૨૦/- પ્રતિ લિટર આવક પ્રાપ્ત થાય છે. અન્ય તરફ એક પશુ દીઠ માસિક રૂા. ૭૫૦/- થી રૂા. ૮૦૦/- નો ખર્ચ આવે છે ટોટલ ૯૫૦ પશુઓની ગણનાએ માસિક ખર્ચ રૂા. ૭,૬૦,૦૦૦/- જેટલો થવા જાય છે.

પશુ સંવર્ધન કાર્ય પર અહીં પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

આ પાંજરાપોળની મુખ્ય વાત તો એ છે કે અહીં પંચગવ્ય આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિથી લગભગ ૪૦ જાતની દવાઓ બનાવવામાં આવે છે કે જે શરીરના વિવિધ રોગો સામે કામિયાબ નીવડેલ છે. નિષ્ણાત વૈદ્યરાજના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવતી આ દવાઓની જરૂરિયાત કાયમ માટે ઊભી રહે છે. આ દવાઓના વેચાણ માટે કોઇ એક કંપનીને સોલ સેલિંગ એજન્સી આપવામાં આવેલ છે કે જેના કારણે અંદાજિત વાર્ષિક વેચાણ રૂા. ૩૦ લાખ જેટલું થવા જાય છે.

ગૌછાણ તથા ગૌમૂત્રનો સંગ્રહ કરી તેનો દવામાં અથવા અન્ય રીતે પણ વેચાણ કરવામાં આવે છે કે જેના કારણે ઉપયોગી ન હોય તેવાં પશુઓનો પણ નિભાવ કરવા થોડીક આવક ઉપજી શકે છે. આ બધાના ઉપયોગથી સારી જાતનું ફ્લોર ક્લીનર પણ અહીં ઉત્પન્ન કરવામાં આવે છે.

આ ગૌશાળાને ગુજરાત સરકારના ગૌસેવા આયોગ દ્વારા વાર્ષિક અંદાજિત રૂા. ૧૦ લાખ જેટલી સહાય પ્રાપ્ત થાય છે.

વર્ધમાન જીવદયા કેન્દ્ર-લૂણીની ભવિષ્યની યોજનાઓ પણ અત્યારથી જ વિચારાયેલ છે. કિટ નિયંત્રક, પ્રવાહી ખાતર,

*ઈશ્વરની કરણીમાં આસ્થા રાખો અને ધીરજ રાખો.*

મીથેન ગેસ/ગોબર ગેસ, બળદ ચાલિત વીજળી, કમ્પોઝડ ખાતર, સજીવ ખેતી, ડેરી ઉદ્યોગ, ગૌમૂત્ર બેંક, ગોબર બેંક, દાણ-ખાણ ઉત્પાદન કેન્દ્ર (કેટલ ફીડ ફેક્ટરી), પશુઓ માટે ઔષધો, મિનરલ મિક્ચર જેવી અનેક નવી યોજનાઓનો જ્યારે અમલ થઇ શકશે ત્યારે લૂણી પાંજરાપોળે કરેલ કાર્યો અદ્વિતીય ગણાશે.

પાંજરાપોળો વર્ષોથી કચ્છ, ગુજરાત અને અન્યત્ર ચલાવાય છે પરંતુ હજુ સુધી કોઇ પણ પાંજરાપોળે આ પ્રકારની પહેલ કરી હોય તેવું ધ્યાનમાં નથી. માત્ર એક લૂણી પાંજરાપોળ જ નવી દષ્ટિથી કાર્ય કરી રહેલ છે.

પરંતુ આ કાર્યના સ્વપ્નદ્રષ્ટા કોણ? જવાબ એવો આવે છે કે તેની સ્થાપનાથી જ એટલે કે છેલ્લાં ૨૬ વર્ષથી જેઓ તેના ચેરમેનપદે બિરાજે છે તે શ્રી વશનજીભાઇ પ્રેમજીભાઇ સોની અને તેના સહકાર્યકરો/ ટ્રસ્ટીશ્રીઓ.

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર-લૂણીની કામગીરી જોઇ તેઓને અનેક સર્ટિફિકેટ અને શિલ્ડ મળી ચૂકેલ છે. વિશ્વ કચ્છી અષાઢી બીજ-કચ્છી નવા વર્ષ (તા. ૨૪-૬-૨૦૦૯)ના દિવસે લખપત તાલુકાના ઝારા ડુંગર ખાતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ હસ્તે શ્રી વશનજીભાઇ સોનીને તેમની અત્યાર સુધીની કામગીરી બદલ "કચ્છ ગૌરવ"નું શિલ્ડ મળી ચૂકેલ છે.

એક હકીકત એ છે કે ૧૦૦ પશુ દીઠ ૪૦ એકર જેટલી ગૌચર જમીન હોવી જોઇએ પરંતુ અત્યારની રાજકીય પરિસ્થિતિમાં આ શક્ય નથી. લૂણી પાંજરાપોળ પાસે ૯૫૦ પશુ સામે માત્ર ૪૦ એકર જ જમીન છે. ૧૦ એકર જમીનમાં લીમડાનાં ઝાડ ઉછેરવામાં આવેલ છે અને ૩૦ એકર જમીનમાં સૂકી ખેતી કરવામાં આવે છે. લૂણી પાંજરાપોળ ગામના મહાજનની ૫૦૦ એકર જમીન મેળવી તેમાં ઘાસ ઊગાડે છે. આ પ્રક્રિયા બદલ મહાજન દર એકરે રૂા. ૧૦૦૦/- વાર્ષિક લૂણી પાંજરાપોળને ચૂકવી તેને મદદરૂપ થયેલ છે.

શ્રી વશાનજીભાઇ ખૂબજ સાદગીભરી જિંદગી તો જીવી રહેલ છે પરંતુ પોતાનો પૂરતો સમય માત્ર આ પ્રવૃત્તિ પાછળ જ ફાળવતા હોવાથી શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર હજુ પણ ઉન્નત કામગીરી કરી બતાવશે તેવી માન્યતા તેમના સંપર્કમાં આવનાર દરેકના મનમાં પેદા થયેલ છે.

લૂણી પાંજરાપોળના જીવદયાનાં આ કાર્યોને નિહાળી દરેક જીવદયાપ્રેમી તેને પૂરતો સહકાર આપે તેવી અપિલ સાથે આ લેખ અત્રે સમાપ્ત કરીએ.

*૨૦૩, સવિતા એન્કલેવ,*
*સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## વી.આર.ટી.આઈ. - માંડવી, કચ્છ

**(અનુસંધાન : પાના નં.-૬૪ ઉપરથી ચાલુ)**

ભૂગર્ભ જળને વાપરતા કુલ ૧૭૫૧ બોરવેલ અને કૂવાઓ છે.

એ રીતે આ બે વર્ષના કામની મૂલવણી કરીએ તો લોકો જાતે પોતાના ગામનું વિસ્તારનું આયોજન અને અમલીકરણ કરતા થયા. ગામડાની (માંડવી શહેરની વસ્તી બાદ કરતા) ૭૦,૦૦૦ની વસ્તીમાંથી લગભગ ૫૦ ટકા લોકો સક્રિય થયા. જૂથ તરીકે પોતાપણાની ભાવના જન્મી. વરસાદી પાણીના સંગ્રહની કામગીરીને કારણે ભૂગર્ભના જળ ઊંચા આવ્યા / ગુણવત્તામાં સુધારો થયો. નવા પાકો પણ લેવામાં આવ્યા.

ખેડૂતોએ પોતાનું સંગઠન બનાવી પ્રોડ્યુસર કંપની બનાવી. યુવા પેઢી આ કામમાં ભાગીદાર અને માર્ગદર્શક પણ બની. ખેતીમાં વધારેને વધારે વૈજ્ઞાનિક અભિગમ અપનાવાયો. પાણીનો કાર્યક્ષમ ઉપયોગ અને સમાન વહેંચણી થઈ. ઊભી થયેલ અસ્ક્યામતોની જાળવણીની જવાબદારી લીધી. બહેનોની ખૂબ સરસ ભાગીદારી રહી.

ગામનું વેસ્ટ વોટર પણ સમજદારીથી ખેતીમાં વપરાયું. આ બધા કામોનો ખર્ચો ૮ કરોડ રૂપિયાનો થયો. જેમાં લોકોની ભાગીદારી પણ આવી ગઈ. ખાસ તો આ રીતે નદી પર કામ થવાથી એક સરસ સંસ્કૃતિ ઊભી થતી દેખાય છે.

હવે એજ રીતે અમે કચ્છની ૯૭ નદીઓ પર આયોજન શરૂ કર્યું છે. આ ૯૭ નદીઓના પટ એટલે કચ્છની ૨૦ લાખ હેક્ટર જમીન અને એમાં પડતું ૨૦ લાખ હેક્ટર ફુટ પાણીની સાચવણીની શક્યતા. ખાસ તો પાંચ વર્ષની અંદર લોક ભાગીદારી અને જવાબદારીથી કામ પૂર્ણ થઈ જાય. ક્યાંય કોઈ બેજવાબદાર કાર્ય થવાની શક્યતા ન રહે.

*વી.આર.ટી.આઈ. - માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.*
*નાગલપુર રોડ.*
*ફોન : (૦૨૮૩૪) ૨૨૩૨૫૩, ૨૨૩૬૩૪*

- ★ થઈ ગયેલા પાપોથી છૂટકારો મેળવવો છે? પશ્ચાતાપનું જળ લાવો. પાપ કરતાં જ અટકવું છે? શરમનું જળ રાખો.
- ★ પૈસા સાથે જીવનારો સજ્જન બન્યો રહે એ હજુય શક્ય છે. પણ પૈસા માટે જ જીવનારો દુર્જન બન્યા વિના ન રહે.
- ★ દુ:ખમાંથી સુખમાં જવું એ કદાચ શાંતિ છે પણ દુર્ગુણોમાંથી સદ્‌ગુણોમાં જવું એ તો ક્રાંતિ છે.
- ★ ઉદારતા વગરની દોલત નકામી, અમી વગરની આંખ નકામી, માણસાઈ વગરનો માણસ નકામો છે.
- ★ ક્રોધથી તમે કોઈને દબાવી શકશો, પણ પોતાના બનાવી નહીં શકો.
- ★ હૈયું જો રાખવું હોય હળવુંફૂલ, તો કદી ન જુઓ કોઈની ભૂલ.

# શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઈન્સ્ટીટ્યૂટ માંડવી - કચ્છ

'મંગલ મંદિર'માં "નર્મદા યોજના માત્ર રળિયામણું સ્વપ્ન?" લેખ વાંચ્યો અને એના પ્રતિભાવરૂપે કચ્છમાં ૩૭ વર્ષથી શરૂ કરેલ કામોની વાત લખવાની ઈચ્છા થઈ છે.

એક જવાબદાર કચ્છી ઉદ્યોગગૃહ તરીકે ૩૭ વર્ષ પહેલાં કચ્છમાં આવીને કામ શરૂ કર્યું, ત્યારે કચ્છ એક દુકાળિયા વિસ્તાર તરીકે જ ઓળખાતો હતો. અમે પ્રશ્નો સમજવા કચ્છમાં ફર્યા, લોકોને મળ્યા, ઘણાં બધાંને લાગતું કે બહારથી નહેર વાટે પાણી આવે તો જ ઉગારો થાય. પણ કેટલાક મિત્રો મળ્યા જેમને સમજ હતી અને શ્રદ્ધા હતી કે જો દરિયામાં વહી જતું પાણી ગ્રામ્ય સ્તરે નાના ચેક ડૅમો બાંધીને સંગ્રહવામાં આવે તો ચોક્કસ ફાયદો થાય. કંઈક બહારના નિષ્ણાતોની પણ સલાહ લીધી અને બાજુના ગામમાં લોકો સાથે ચર્ચા કરી, એમની સમજ અને જવાબદારીભર્યો સાથ મેળવી એક ડૅમ બાંધવાની શરૂઆત કરેલી. બીજે વર્ષે એમાં વરસાદના પાણી સરસ રીતે ભરાયા. ગામના ખેડૂતોએ આજુબાજુના વિસ્તારને પાણી પહોંચાડ્યું અને સરસ પાક લઈ શક્યા. એમનો ઉત્સાહ વધ્યો અને આસ્તે આસ્તે એ નદી પર ૭ ડૅમ બંધાયા. ગામના ઠીક ઠીક ખેડૂતોના ખેતરોમાં સરસ પાક ઉગ્યો. ગામના ખેત મજૂર ભાઈ બહેનોને પણ કામ મળ્યું. આ સુખદ અનુભવના આધારે બીજા કચ્છી મિત્રોને પણ પોતાના ગામોમાં આવા કામો કરવા પ્રેરણા મળી. કંઈક સરસ સ્વપ્નું કચ્છ માટે દેખાવા માંડ્યું. બહુ જ ટૂંકા સમયમાં એમાં વાપરેલ પૈસા ઉગી નીકળતા દેખાયા.

આ સુખદ અનુભવની રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય સરકાર સુધી પણ નોંધ લેવાણી અને આવા પ્રોજેક્ટો માટે પૈસા પણ ફાળવવામાં આવ્યા. આ કામ વ્યવસ્થિત રીતે આગળ વધારવા "શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ"ની સ્થાપના કરી અને ત્યાંના યુવાનો બીજા ગામના લોકોને આમાં સાંકળવાની કામગીરી બજાવતા થયા. એમાં પાક ઉત્પાદન સાથે પશુઓ માટે પણ પાણી અને ચારાની સુવ્યવસ્થા ઊભી થઈ. ગામની બહેનોને પણ સગવડતા વધી. પણ ખ્યાલ આવ્યો કે ખેડૂતોને હજી વધારે કાર્યક્ષમ કરવા એમની બધી જરૂરિયાતોને સમયસર અને સાચું માર્ગદર્શન અને માલસામાન પૂરું પાડે એવી સંસ્થાની પણ જરૂરિયાત હતી. એટલે અમે "ઍગ્રોસેલ સર્વિસ સેન્ટર" શરૂ કર્યું. એક ફેમિલી ડૉક્ટર જેવો એ ભાગ ભજવી શક્યા. એ સ્વનિર્ભર પણ બની શકી.

આસ્તે આસ્તે આને કારણે હરીયાળી પણ વધતી ગઈ. ગામલોકો વધારે સ્વનિર્ભર થતા ગયા. વધારે જવાબદારી લેતા થયા. ખારાશવાળા પાણી પણ સારા થતા ગયા. કામનો વ્યાપ પણ વધારી શકાયો. આર્થિક લાભમાં દેખાણું. લગભગ બે વર્ષમાં તો આ કામમાં વપરાયેલ પૈસા ઉત્પાદન રૂપે પાછા મળી જતા. કોઈક ગામના લોકો તો બેંક લોન લઈને પણ પાણી માટેના આવા ડૅમ સ્વજાળવણીથી બાંધતા થયા અને એ રીતે આસ્તે આસ્તે મુંદ્રા, માંડવી, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકા સુધી કામનો વિસ્તાર વધી રહ્યો હતો. પણ ૨૦૦૯માં એક નવો અનુભવ થયો. ૨૬ જૂને એક રાતમાં ૮ ઈંચ વરસાદ પડ્યો. પછી બે મહિના સૂકા ગયા. પછી ઓગસ્ટની આખરમાં ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ પડી ગયો. અમને ખ્યાલ આવ્યો કચ્છમાં પણ અસંતુલિત હવામાનની અસર આવી ગઈ છે. અહીં પણ હમણાથી જ વધારે વ્યાપકતાથી વિચારો કરવા પડશે. એટલે અમે અમારી રૂકમાવતી નદીના વ્યાપ - બેઝીનને સમજી, ત્યાંના સમગ્ર ૪૬ ગામોની જમીનમાં પણ સાચવવા માટે નિષ્ણાતો સાથે ત્યાંના જ યુવાનોને કેળવણી આપી કામ શરૂ કર્યું. માર્ચ મહિના સુધી અભ્યાસ પૂર્ણ થયો. અમારા વડીલ અનંતભાઈને યોજના બતાવી. એમને બહુ ગમ્યું. અને આ નદી પર જ ૫૧ ડૅમ ૫.૫ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવાનું નક્કી કરાવ્યું.

૪૬ ગામના લોકો સાથે યોજનામાં ભાગીદારી થઈ અને તરત અમલીકરણ શરૂ થયું. આટલા બધા ડૅમ બન્યા. જૂના ડૅમો પર પણ ધ્યાન રખાયું. જમીનોની પણ સરખી જાળવણી થઈ અને એટલે સરસ રીતે પાણી જળવાયું. પાણીની ગુણવત્તા પણ સુધરી.

રૂકમાવતી રીવર બેઝિન મેનેજમેન્ટ કાર્યક્રમના વિસ્તારને આંકડાની રીતે જોઈએ તો માંડવી અને ભુજ બે તાલુકાના કુલ ૪૬ ગામોનો સમાવેશ થાય છે. આ ગામોની વસતિ ૧,૦૮,૦૩૩ની આસપાસ છે. કુલ પશુધન જોઈએ તો ૫૩,૮૭૮ છે. નદીના બંને કાંઠાની બેઝલાઈન પ્રમાણે કુલ ૫૯,૦૭૫ હેક્ટર જમીન છે. જેમાં ખેતીની જમીન ૩૩,૪૭૩ હેક્ટર, પિયત જમીન ૧૦,૨૬૮ હેક્ટર, ખેડવાલાયક પડતર જમીન ૫,૬૪૯ હેક્ટર, જંગલ વિસ્તાર હેઠળ જમીન ૪,૨૮૨ હેક્ટર ઉપરાંત અન્ય જમીન રોડ, રસ્તા, ગામતળ વગેરેમાં ૧૫,૬૭૧ હેક્ટર જમીન છે. નદીની કુલ લંબાઈ સામત્રાથી માંડવી સુધીની જોઈએ તો ૫૦ કિ.મી. જેવી થાય છે.

આ જમીન વિસ્તારમાં પાણી સંગ્રહ માટે નાના-મોટા કુલ ૪૦૩ સ્ટ્રક્ચરો જેમાં ચેકડેમ, સીમ તળાવ અને ગામ તળાવ છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૩ ઉપર)**

*પ્રાર્થના સવારની ચાવી અને સંધ્યાકાળની સાંકળ છે.*

# કમરનો દુખાવો - મનોદૈહિક લક્ષણ

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

• **કેસ સ્ટડી :**

૩૨ વર્ષની નિહારિકાને ચાર વર્ષથી કમરમાં દુઃખાવો થતો હતો. દુઃખાવો ધીમે ધીમે વધતાં કમરથી પગમાં નીચે સુધી થતો હતો. જમણા પગમાં જ દુઃખાવો થતો હતો. દુઃખાવો નસમાં થતો હતો એવું નિહારિકાને લાગતું હતું. થોડુંક જ કામ કરવાથી, વધારે સમય એક જ સ્થિતિ (પોઝીશન)માં બેસવાથી કે ઊભા રહેવાથી દુઃખાવો વધી જતો હતો. પગમાં ઝણઝણાટી થતી હતી. જમણો પગ સૂઇ જતો હોય એમ લાગતું હતું.

શરૂઆતમાં દુઃખાવો મામૂલી, થોડો જ હતો. નિહારિકાથી સહન ન થાય ત્યારે દર્દનાશક દવાઓ (pain killer) લઇ લેતી. જેને લીધે રોજિંદું કામ કરી શકતી હતી. દુઃખાવો વધતાં તથા પગમાં પ્રસરતા ડોક્ટરને બતાડ્યું.

ઉપરોક્ત લક્ષણોની સાથે નિહારિકાને શરીરમાં નબળાઇ લાગતી હતી. ખૂબજ થાક લાગતો હતો. માથું ભારે ભારે લાગતું હતું. છાતીમાં ઘણી વખત દુઃખાવો થતો હતો. ભૂખ ઓછી લાગતી હતી. પેટ ભારે લાગતું હતું. ઊંઘ મોડેથી આવતી હતી. વચ્ચે વારંવાર ઊંઘ ઊડી જતી હતી.

વૈદ્યકીય તપાસ (બ્લડ પ્રેશર, હૃદયના ધબકારા, નાડી, ફેફસાં, પેટ વગેરે) બધી જ નોરમલ આવી. લેબોરેટરી તપાસ (લોહીની, સંડાસ, પેશાબ) પણ નોરમલ આવી. બ્લડ સુગર, થાઇરોઇડ હોર્મોન્સ પણ નોરમલ હતાં. હાડકાંના સ્પેશિયાલિસ્ટ ડોક્ટરનો (ઓર્થોપેડિક સર્જન) અભિપ્રાય લીધો. મણકાના હાડકાંનો એક્ષ-રે કરાવ્યો. કમરના મણકાનો એમ.આર.આઇ. કરાવ્યો. હાડકાંના સ્પેશિયાલિસ્ટ ડોક્ટરે કમરમાં એલ-૪ એલ-૫ (L4-L5)માં સ્લીપ ડીસ્કની તકલીફનું સાથે નિદાન કર્યું. સારવારમાં દર્દનાશક દવાઓ (pain killers), સંપૂર્ણ આરામ (બેડ રેસ્ટ - Complete bed rest) માટે સલાહ આપી દુઃખાવામાં રાહત મળતાં કસરત (physio-therapy) ચાલુ કરી. ધીમે ધીમે નિહારિકાએ પોતાનું રોજિંદું કામકાજ શરૂ કર્યું. છએક અઠવાડિયા બાદ ઓફિસમાં કામ પર જઇ શકી.

ચારેક મહિના બાદ ફરીથી દુઃખાવો ઉપડ્યો. આ વખતે દુઃખાવો પહેલાં કરતાં વધારે હતો. બીજા હાડકાંના સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને બતાડ્યું. ફરીથી બધી તપાસ કરી એમ.આર.આઇ. પણ કર્યું. "સાયેટિકા" (Sciatica)નું નિદાન કર્યું. ફરીથી દર્દનાશક દવા શરૂ કરી, સંપૂર્ણ આરામની સલાહ આપી. થોડોક આરામ થયો. ઓપરેશનની પણ સલાહ આપી. અપેક્ષા પ્રમાણે રાહત ન મળી.

દુઃખાવો ચાલુ રહેતાં હાડવૈદ્યને બતાવ્યું. નવસારી જઇ હાડવૈદ્ય પાસે લાત મરાવી. માલીશ કરાવ્યું. પરિણામ શૂન્ય. આર્યુવેદિક ડોક્ટરને બતાડ્યું. વાત અને વાયુની તકલીફ છે. સારવારથી રાહત ન મળી. આમ ને આમ ચાર વર્ષ નીકળ્યાં.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઇ.પી.એસ.
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાકૃષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઇ.પી.એસ., બાળ મનોચિકિત્સક*
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

• **કમરના દુઃખાવાને લીધે જીવનશૈલી** (Quality of Life) **પર નકારાત્મક અસરો :**

**(૧) વ્યવસાયિક ક્ષેત્ર :**

(અ) કમરના દુઃખાવાને લીધે કામમાં ધ્યાન (concentration), એકાગ્રતા ઓછી થઇ ગઇ હતી. (બ) કામની ઝડપ ઓછી થઇ ગઇ હતી. (ક) કામમાં ભૂલો થતી હતી. નિહારિકાની નિપુણતા ઓછી થયેલ. (ડ) ઓફિસમાં રજાઓ વધી ગઇ હતી. અનિયમિત થઇ ગઇ હતી. આ બધાને લીધે બોસનો નિહારિકા પરનો કામનો વિશ્વાસ ઓછો થઇ ગયો હતો.

નિહારિકાના ભવિષ્ય માટે વ્યવસાયિક ક્ષેત્રની પ્રગતિ તથા બઢતી માટે આથી નકારાત્મક અસર પડતી હતી.

**(૨)** કૌટુંબિક ક્ષેત્ર : નિહારિકાની તબિયતની પતિને ખૂબ ચિંતા રહેતી હતી. પતિ સતત સ્ટ્રેસમાં જીવતો હતો. એને એસિડિટીની બીમારી થયેલ તથા વજન ખૂબ ઓછું થઇ ગયું હતું.

**(3)** સામાજિક ક્ષેત્ર : કૌટુંબિક તથા સામાજિક પ્રસંગોમાં નિહારિકા તથા એના પતિ કમરના દુઃખાવાને લીધે હાજરી આપી શકતા ન હતા. આથી કુટુંબમાં નિહારિકાની છબી અતડી, અભિમાની સ્વભાવની છે એવી પડી હતી.

આ દરમ્યાન (૧) વડીલ હિતેચ્છુ ઘરે આવ્યા. જ્યારે નિહારિકાને રડતી જોઇ તથા નિહારિકાએ નકારાત્મક (આ બીમારીમાંથી હું બહાર નહીં આવું) વિચારો અને મરવાના

*જીવન એટલે પ્રેમ અને શ્રમની સરિતાઓનો સંગમ.*

વિચારો (આના કરતાં મરી જવું સારું) પ્રદર્શિત કર્યા જેને લીધે એમણે મનોચિકિત્સકને (લેખકનો અભિપ્રાય લેવાની સલાહ આપી (૨) પતિએ ઇન્ટરનેટ પર કમરના દુઃખાવો અને મન તથા સ્ટ્રેસ વિષેનો લેખ વાંચ્યો આને લીધે લેખકનો અભિપ્રાય લીધો.

- **મનની તપાસ :**

ઊંડાણમાં જતાં મનના લક્ષણો વિષેની જાણકારી મળી જે નીચે મુજબ છે.

નિહારિકાનો મુડ (મિજાજ) હતાશા હતો. ઉલ્લાસ પ્રેરક બનાવોથી પણ ઉદાસી દૂર થતી ન હતી. મોજશોખના (નાટક, પિક્ચર, બહાર ફરવા જવાનું) વિષયોમાંથી રસ ઊડી ગયો હતો. વારંવાર રડવું આવતું હતું. આત્મવિશ્વાસ ખૂબ જ ઓછો થઇ ગયો હતો. પોતાનાથી આ કામ નહીં થઇ શકે એવી ભાવના હંમેશાં રહેતી હતી. નકારાત્મક, ખોટા વિચારો આવતા હતા. નજીવી બાબતોમાં નિહારિકા ચીડાઇ જતી હતી. અપરાધભાવથી પીડાતી હતી. ‟પોતાને લીધે બધા દુઃખી છે. મારે લીધે બધાને સહન કરવું પડે છે આના કરતાં મરી જવું વધારે સારું” એવા આત્મહત્યાના વિચારો આવતા હતા.

- **નકારાત્મક પ્રસંગો :**

કમરમાં દુઃખાવો શરૂ થયો એની પહેલાંના પ્રસંગો નીચે પ્રમાણે હતા જેની નિહારિકાના મન પર ઊંડી નકારાત્મક અસર પડેલ.

(૧) નિહારિકાનો સ્વભાવ બધાને મદદ કરવાનો હતો. ઓફિસમાં પણ પોતાનું કામ ઘણી વખત બાજુ પર મૂકી અન્ય સહકર્મચારીઓને મદદ કરતી. એક સહકર્મચારીની મમ્મીને હોસ્પિટલમાં દાખલ કરેલ ત્યારે બે રાત નિહારિકા હોસ્પિટલમાં રહેલી તથા એ માટે ઓફિસમાં રજા લીધી હતી. એ સહકર્મચારીને પોતાનું થોડું કામ કરી આપવા વિનંતી કરેલ કારણકે એને અર્જન્ટલી બહાર જવાનું હતું ત્યારે એ સહકર્મચારીએ ‘મારી પાસે ટાઇમ નથી’ એમ કહી બહાનું બતાવ્યું અને એ સમયે એ પિક્ચર જોવા ગઇ. આ પ્રસંગના પંદર દિવસ પછી કમરમાં દુઃખાવો પ્રથમ વખત શરૂ થયો.

(૨) નાની બહેનની સગાઇમાં નિહારિકાએ સક્રિય ભાગ લીધો હતો. થોડા સમયમાં જ સગાઇ તૂટી ગઇ. આથી નિહારિકાના મનને ઊંડો આઘાત લાગ્યો હતો. એને એમ થયેલ કે મારે લીધે સગાઇ તૂટી ગઇ છે. હું જ જવાબદાર છું. મેં યોગ્ય તપાસ કરી ન હતી. એનાં મમ્મી-પપ્પાએ સમજાવ્યું કે એમાં તારો કોઇ દોષ નથી. તું આના માટે જવાબદાર નથી છતાં પણ નિહારિકાના મનમાંથી અપરાધભાવ (guilt feeling) ઓછી ન થઇ. આ પ્રસંગ બાદ કમરનો દુઃખાવો ખૂબ જ વધી ગયો હતો. (બીજી વખતનો દુઃખાવો જ્યારે બીજા હાડકાના સ્પેશિયાલિસ્ટ ડોક્ટરને કનસલ્ટ કર્યા હતા)

(૩) ઓફિસમાં અલગ અલગ પ્રોજેક્ટ પૂરો કરવાની અંતિમ તારીખો (deadline) વખતે સ્ટ્રેસ વધી જતો. ઓફિસમાં વધારે સમય બેસવું પડતું તથા એના સ્વભાવને લીધે એ પ્રોજેક્ટોની ચિંતા વધી જતી. આ વખતે એના કમરનો દુઃખાવો વધી જતો હતો.

ઉપરોક્ત પ્રસંગો પરથી જાણકારી મળે છે કે જ્યારે જ્યારે નિહારિકામાં સ્ટ્રેસનું પ્રમાણ વધી જતું ત્યારે ત્યારે કમરમાં દુઃખાવાનું પ્રમાણ વધી જતું. સારવારમાં ફક્ત કમરના દુઃખાવા પ્રત્યે ધ્યાન અપાતું. શરીર પ્રત્યે ધ્યાન અપાતું પરંતુ સ્ટ્રેસના નિવારણ પ્રત્યે ધ્યાન ન અપાતું.

- **નિદાન :**

નિહારિકા મનની બીમારી - હતાશાની બીમારીથી પીડાતી હતી. માનસિક પરિબળ (વ્યક્તિત્વ, અભિગમ) તથા સામાજિક ઘટનાઓનું સમન્વય થતાં બીમારી થયેલ. બીમારીના એક લક્ષણ તરીકે કમરમાં દુઃખાવો (શારીરિક લક્ષણ) થયેલ.

- **સારવાર :**

(૧) દવાઓ : હતાશા પ્રતિરોધક તથા સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ શરૂ કરી. બે અઠવાડિયામાં તો લક્ષણોમાં રાહત મળી. રડવાનું બંધ થયું. વિચારોમાં પણ ફરક થયો. ઊંઘ નોરમલ થઇ. (વધારે

### દર્દીના શબ્દોમાં દર્દીની કહાણી

આમને આમ ત્રણ વર્ષ વિત્યાં... પગદંડીમાં ડૉ. સાહેબનો Weakness પરનો કેસ વાંચ્યો... અને તરત જ એમનો સંપર્ક કર્યો...

ડૉ. ની કેબિનની અંદર જતાં પહેલાં મારામાં જીવવાની, જીવન માટેની, સંબંધો માટેની લાગણીઓમાં શૂન્યતા આવી ગઇ હતી.

કેબિનમાં પ્રવેશ્યા બાદ ડૉ. સાહેબ સાથે વાત કરી. એમણે સાંત્વના આપી અને હિંમત વધારી. દવાઓ લખી આપી. કેબિનની બહાર આવ્યા પછી જે હું હતી તે કંઇક અલગ હતી.

● Weakness, ● negative thought, ● sleep, ● self confidence, ● ખાવામાં, ભૂખ – બધામાં ફરક પડવા લાગ્યો.

અને સૌથી વધારે અને મોટો ફરક કમરમાં પડ્યો. ઓડકાર આવતા બંધ થયા. ખભા અને નળી આગળના દુખાવામાં, માથાના દુખાવામાં ફરક પડ્યો. life વિશેના viewમાં ફરક પડવા લાગ્યો છે. confidence થોડો વધ્યો છે. Thanks to doctor. નકારાત્મક વિચારો, આત્મહત્યાના વિચારો, લોકોમાં ન જવાનો ડર બધામાં ફરક પડવા લાગ્યો. positvity એ રીતે વધી કે જીવન જ બદલાવા લાગ્યું. પોતાને હવે અરીસામાં જોવાનું મન થતું હતું. બહાર નીકળતી થઇ, લોકોને મળવા લાગી. self-confidenceમાં વધારો લાગ્યો.

રાતની ઊંઘમાં પણ ફરક પડ્યો. વિચારો અને સ્વપનાંઓ આવતાં અટક્યાં. peaceful sleep આવતી.

*સંતોષ કુદરતી દોલત છે, જ્યારે ઐશ્વર્ય કૃત્રિમ ગરીબી છે.*

નહીં)

છ અઠવાડિયામાં તો બધાં જ લક્ષણો કાબૂમાં આવ્યાં. દુઃખાવામાં પણ રાહત મળી. દર્દનાશક દવાઓ બંધ કર્યા બાદ પણ દુઃખાવામાં રાહત રહી.

(૨) કાઉન્સેલિંગ : કાઉન્સેલિંગમાં વિવિધ પ્રકારની પદ્ધતિઓનો ઉપયોગ કર્યો. જેવી કે ઈન્ટરપર્સનલ થેરાપી, ઍસરટીવ ટ્રેનિંગ, કોગ્નિટીવ બિહેવિયર થેરાપી, સ્ટ્રેસ મેનેજમેન્ટ વગેરે. વ્યક્તિત્વ, અયોગ્ય અભિગમ, વધારે પડતી લાગણીશીલતા, અપેક્ષાઓ વિશે ચર્ચા કરી યોગ્ય બદલાવ લાવવાની જરૂરત પર ભાર મૂક્યો.

પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રવૃત્તિનો, ક્ષમતાનો અને સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ "ના" કે "હા" કહેવાનો નિર્ણય લેવા વિષે ચર્ચા કરી. નિહારિકાએ સમજણપૂર્વક ફેરફારો કર્યા.

હકારાત્મક જીવનશૈલી અપનાવવા વિષે પણ ચર્ચા કરી.

આ સર્વેના પરિણામે બે મહિનાની સારવારમાં બધાં જ લક્ષણો દૂર થયાં. છેલ્લા એક વર્ષમાં કમરનો દુઃખાવો બિલકુલ થયો નથી. સકારાત્મક જીવન જીવી રહી છે તથા સગર્ભા (pregnancy) પણ થઈ છે.

## ● મન સ્ટ્રેસ અને કમરનો દુઃખાવોઃ

આધુનિક જીવનશૈલી તથા સંજોગોને લીધે મનની ઘવાયેલી લાગણીઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે આ ઘવાયેલી લાગણીઓ મનના અવયવો (લિમ્બિક સીસ્ટમ, હાઈપોથેલામસ, એમીગડેલા, પ્રીફ્રન્ટલ કોરટેક્ષ, હીપોકેમ્પસ વગેરે) પર નકારાત્મક અસર કરે છે આથી સ્ટ્રેસ હોરમોન્સ તથા રસાયણોનું પ્રમાણ અનેકગણી માત્રામાં તથા લાંબો સમય સુધી શરીરમાં રહે છે જે શરીરનાં અન્ય અવયવો (હૃદય, ફેફસાં, પાચનક્રિયાના અવયવો, સ્નાયુઓ, મગજ વગેરે) પર હાનિકારક અસર કરે છે. આ શરીરનાં અવયવોના નિયમિત કાર્યોમાં ખલેલ પહોંચે છે તથા શારીરિક બીમારી તથા શારીરિક લક્ષણો ઉત્પન્ન થાય છે.

નિહારિકાના કિસ્સામાં સ્ટ્રેસનું નિર્માણ નકારાત્મક પ્રસંગોને લીધે થયેલ. નિહારિકાએ એ પ્રસંગો પ્રત્યે નકારાત્મક પ્રતિક્રિયા દાખવેલ. આ સ્ટ્રેસની અસર કમરના સ્નાયુઓ પર થતાં સ્નાયુઓ સંકોચાય (Spasm) છે તથા દુઃખાવો ઉત્પન્ન થાય છે. દર્દનાશક દવાઓથી ફક્ત દુઃખાવો ઓછો થાય છે પરંતુ સ્ટ્રેસ નાબૂદ ન થવાથી દુઃખાવો ચાલુ રહે છે. સ્ટ્રેસનું પ્રમાણ વધતાં દુઃખાવો વધે છે મનની સારવારથી તથા સ્ટ્રેસની સારવારથી સ્ટ્રેસ કાબૂમાં આવે છે દુઃખાવો નાબૂદ થાય છે.

*(ક્રમશઃ)*

***વધારે પૈસા, જલદી પૈસા અને કોઈ પણ રીતે પૈસા અંતમાં દુઃખનું કારણ બને છે. જીવનમાં પૈસા કમાઓ, પરંતુ તબિયતના ભોગે નહીં. કારણ કે પહેલું સુખ તે નીરોગી કાયા છે. સૌપ્રથમ માનવી પૈસા કમાવવા પોતાનું શરીર બગાડે છે અને પછી શરીર સુધારવા પૈસા બગાડે છે!***

# EDUCATION & CAREER CHOICE

The right career depends on personality, abilities and one's own interest and to some extent on the resources and circumstances around us. Rapid technological development, economic and social evolutions and globalization have on one hand opened many new avenues of education while on the other hand have made life more complex because they are changing at a rapid pace. There is an enhanced focus on entrepreneurial, communication and interpersonal skill development. There are also increased linkages between public-private, formal - informal enterprises which is affecting the content of education.

Higher education is no longer a luxury but is essential for social and economic development of the self and society. A student on an average invests anywhere between 5 to 10 years of his life span and approximately anything between thousands to lakhs of rupees on higher education. He hopes to apply the knowledge gained for the rest 30 to 40 years of his active career life. His objective naturally is that this education gained should have a direct relation to the kind of job or business he performs, that he/she is happy, satisfied and successful in his work career, that he/she is comfortably able to satisfy his own needs and that of his family and above all that he is positively contributing to the growth of his self career and the society. Just as one finds many successful people in all fields and careers, there are also a good number of found in almost all careers who are misfits and therefore are not satisfied, neither motivated neither productive.

It is extremely important that the students choose their careers carefully weighing out the pros and cons of each and matching with their own qualities and resources so that they continue to be motivated and are successful throughout their career. Various stake holders such as parents and active social organizations have an important role to play in their careers. It is important to help students understand the different career opportunities and also help understand themselves. It is important to support the choices that they make and not impose personal unfulfilled choices on them which normally is a common tendency. It is important to guard students so that they do not get carried away be peer and family pressure, or by glamorous advertisements exhibited by some institutes in the pursuit of aggressive marketing of their courses as a response to cut throat competition by numerous institutes and universities which have mushroomed all over in the last decade. Sometimes overpaying careers may be chosen, may be genuine. So the dilemma of whether one is making the right choice continues amongst students and their family members.

The formal exposure to multidisciplinary career perspectives should ideally be an ongoing process right throughout school days. However it must definitely start when the student has reached standard VIII so that he or she is able to make well balanced wise choices. Formal seminars and workshops on careers help to get wealth of accurate and updated information to help make right choices. Experts from the various specializations introduce the field and provide valuable information on working conditions, personality traits required, work options, various courses required with their respective institutes, approximate cost involved etc. Today is a world of spcialization.

- **VARIOUS CHOICES :**

Careers in Acts cover designing, fashion technology and design, textile design, accessory and jewellery design, interior and exterior design, fine arts, cartoonist, photography, journalism, mass communication, electronic journalism, film making, advertising, public relations, Economics, Psychology, Social Work, Army, Navy & Air Force, Teaching, Sports &

*સૂક્ષ્મ દોષોને બાળવા માટે માનસિક તાપની જરૂર પડે છે.*

Physical Education, Library & Information Science, Special Education & Rehabilitation, Health Fitness Beauty, Foreign Languages, Media and Publishication, History, Archaeology, Archiving, Curating etc.

- **CAREERS IN ENGINEERING :**

Aviation, shipping, architecture, engineering & technology, mining, petroleum, plastic, polymer, rubber, mould, tool & die, ceramic, textile, packaging, leather, railway technician, Maritime, Granite (Cutting / Polishing), Printing, Pulp & Paper Engineering / Fibre / Wood Technology, Sugar / Oil / Food Technology, Industrial Technology, Nuclear Engineering, Defence Services, Merchant Navy, Computer Information Technology, Agriculture etc.

- **CAREERS IN SCIENCES :**

Chemistry, Physics, Geology, Mathematics & Statistics, Meteorology, Oceanography, Biological Science & Biotechnology, Genetic Science, Biochemistry, Microbiology & Bioinformatics, Anthropology, Home Science & Home Economics, Nutrition & Diet, Food Technology, Forensic Science, Environment Science, Food Processing and Technology.

- **CAREERS IN MEDICINE :**

MBBS / BHMS / BAMS, Dental Sciences, Paramedical Sciences, Nursing, Physical, Occupational, Orthotic And Prosthetic, Speech Therapy and Audiology, Medical Transcription, Healthcare and Hospital Management, Medical Technology - Radiography & Optometry, Pharmacy, Dark Room Assistance, Veterinary Science etc.

- **CAREERS IN FINANCE AND MANAGEMENT :**

Law and Related Options, Law & Company Secretary, Event Management, Human Resource / Personnel Management, Finance Management, Production & Material Management, Export Management, Health & Hospital Management, Technology Management, Professional Management, Cost & Management Accountants, Chartered & Cost Accounting, Finance Management & Analysis, Stock Broking & Investment Analysis, Banking, Insurance, Financial Planning, Company Secretary, Civil Service / Railway Services / Politics, Forestry Service, Foreign Trade, etc.

Psychometric test for each student means assessing ability or personality in a measured and structured way. Some psychometric tests are also used by employers to help them in their recruitment process. There are 3 main types of psychometric personality testing.

- **ABILITY :**

This is of three types.

**General intelligence tests :** these assess general ability (intelligence). They are not dependent on prior learning or knowledge but more on how good one is at solving problems using logical thinking.

**Specific ability tests :** attainment tests which examine the skills and knowledge one already possesses.

Aptitude tests which are more of a measure of one's potential for certain activities.

**PERSONALITY :** These are designed to measure aspects of one's personality. There are no right or wrong answers. They seek to present a picture of how a person will behave in particular circumstances.

**INTEREST :**

These inventories examine a person's interests.

Tests can be administered by pencil and paper or computer. Psychometric tests are very useful for self-assessment - they are quick to complete and give good information on which one can base decision making. These tests are administered and evaluated by selected career counselling professionals on students of standard Xth and XIIth and sometimes IXth and even graduates. The results of these tests are usually shared and discussed with every student and parents on a one to one basis. Career Guidance is provided based on test report and other background information of the student. ■

# વાર્તા : ચાંદની

● પ્રા. પૃથ્વી શાહ ●

'પપ્પા,' અશેષ બોલ્યો.

'જુઓને મમ્મી સામે ફૂટપાથ પર ઊભી છે.' અને અશેષ 'મમ્મી', 'મમ્મી' કહેતો દોડ્યો.

ચાંદની તરફ દોટ મૂકી રહેલા અશેષને એકદમ પકડી વિરલે કહ્યું : 'આવી રખડેલ સ્ત્રી તારી મમ્મી હોતી હશે? તારી મમ્મી તો થોડા દિવસમાં બતાવીશ.'

ચાંદનીના મગજમાં એક સામટા કેટલાય સણકા ઊઠ્યા. તેને આંખે અંધારાં આવવા લાગ્યાં. મોઢું ફેરવી રૂમાલથી આંખના ખૂણે આવેલ આંસુને લૂછ્યાં અને નજીકથી પસાર થતી ખાલી રિક્ષાને થોભાવી ચાંદની તેમાં ફસડાઇ હોય એમ બેઠી.

વિરલના મુખે શબ્દો સાંભળી તેને ઘણુંય થયું કે મોઢામોઢ સંભળાવી દઉં, 'યુવાનીના મહામૂલાં વરસો તારા સુખ માટે વિતાવ્યાં તેનો આ બદલો? મારા શરીરમાં રહેલા તારા શુક્રાણુને ભાડૂતી સ્ત્રીને આપી હું સુખચેનથી રખડતી ન હતી. તારાં તો પડખાં સેવ્યાં હતાં. અશેષને જન્મ આપવામાં તો મારા શરીરનો આકાર બદલાયો હતો. કેટલાય દિવસ મારા શરીર અને ખોરાક પર અસર રહી હતી. અશેષ જન્મ્યો એ દિવસે છ-છ કલાક ઓક્સિજન પર રહી હતી. તને પણ કેટલીય વખત હૂંફ, પ્રેરણા અને સાંત્વન આપ્યાં. આખરે એક સ્ત્રીની તારી નજરમાં આટલી જ કિંમત?' પણ કશોય પ્રતિભાવ આપ્યા વિના તે ત્યાંથી ચાલી ગઇ.

છેલ્લે ઘરમાંથી છૂટા પડ્યા એ પહેલાં ચાંદનીને નાની-નાની બાબતોમાં કેટલું બધું સાંભળવાનું થતું, 'આમ વારંવાર તારી બહેનપણીઓ એમના પતિઓ સાથે ઘેર આવે એ મને બિલકુલ પસંદ નથી.' 'મારી ઓફિસના હેડ ક્લાર્કને તે ચા પીવડાવી જ શા માટે?' 'મિ. જોશીને આમ આવકાર આપી હેત વરસાવવા પાછળ તારો શો આશય હતો?' 'આ મહિનાના હિસાબમાં સાત રૂપિયાનો મેળ કેમ બેસતો નથી?' 'જે ફિલ્મ મને નથી ગમતી એવી ફિલ્મ જોવાનો તને વિચાર આવી જ કેમ શકે?' 'બહેનપણીના લગ્નમાં જવાની પરવાનગી ન હતી છતાં ગઇ જ કેમ?'

વિરલના સુખ માટે ચાંદની કેટલી બદલાઇ ચૂકી હતી? તેણે પોતાના વિચારોને વિરલને અનુરૂપ બનાવ્યા હતા. વિરલના સંબંધીઓ-મિત્રોની તે સંપૂર્ણ કાળજી રાખતી હતી. વિરલના કહેવાથી નિયમિત ઘરખર્ચ નોંધવાનું શરૂ કર્યું હતું. નવી સાડીઓની ખરીદી બંધ કરી હતી. આસપાસનાં પડોશીઓ અને પોતાનાં સંબંધીઓને ત્યાં જવાનું પણ લગભગ બંધ કર્યું હતું.

અહંકાર ભૂલી, એકમેકના વિચારોને સમજી સુખેથી રહેવાની વિરલની ફિલસૂફી અશેષના જન્મ બાદ લુપ્ત થવા લાગી, એ વિચાર ચાંદનીને ઘણી વખત અંદરથી કોરી ખાતો હતો.

ચાંદનીના પિતાનું અકસ્માત અવસાન થયું હતું. એ દિવસોમાં જ વિરલ ગામમાં અધિકારી તરીકે આવ્યો હતો.

વિરલે એ દિવસોમાં ચાંદનીને આશ્વાસન આપ્યું હતું. વિમા અને પ્રોવિડન્ટ ફંડ વગેરે મેળવી આપવામાં અને તે રકમોના યોગ્ય રોકાણ માટે માર્ગદર્શન આપ્યું હતું. અવારનવાર તેણે ઘરકામ બાબત પૃચ્છા કરી હતી. આવી સહાનુભૂતિથી જ ચાંદની અને વિરલ વચ્ચે સંબંધ બંધાયો હતો. એ સંબંધ પાંગરીને અંતે પ્રેમલગ્નમાં પરિણમ્યો હતો. ચાંદનીની વિધવા માતાએ પણ તેની એકની એક દીકરીને આશીર્વાદ આપ્યા હતા.

એકવાર, લગ્ન પહેલાં ચાંદની અને વિરલ ફરવા નીકળ્યાં હતાં. એ સમયે એક મૃતદેહને ઊંચકીને કેટલાક ડાઘુઓ સ્મશાન તરફ જઇ રહ્યા હતા. ગામના એક સુખી ગણાતા માનવીના મૃત્યુના સમાચાર સાંભળી વિરલે કહ્યું હતું : **'ચાંદની, આ જિંદગીનો ક્યારેક આમ જ અંત આવી જાય છે, ત્યારે બીજાની કાંધના સહારે સ્મશાન પહોંચવું પડે છે. મને કોઇની પડી નથી એવું કહેનાર અહંકારીને પણ ચાર માણસોની કાંધ જરૂરી બને છે.** આપણે તો જિંદગીમાં જ અહંકારને વિસારે પાડી સુખી જિંદગી જીવવા, આપણા અને અડોશ-પડોશના, સંબંધીઓના સ્નેહાળ સંબંધો માટે પ્રયત્નશીલ રહીશું. બીજાના સુખે સુખી થવામાં અને દુઃખમાં સહભાગી થવામાં જ જિંદગીની સાર્થકતા રહેલી છે.'

એ દિવસોમાં ચાંદનીની માતા બીમાર પડી હતી. તેને ગર્ભાશયની તકલીફ હતી. ગર્ભાશય દૂર કરવું પડે એમ હતું. એ માટે ઓપરેશન જરૂરી હતું. ઘરની નજીકમાં આવેલ ડૉ. વાણીના સર્જિકલ નર્સિંગ હોમમાં ચાંદનીની માતાને સ્પેશિયલ રૂમમાં વિરલે દાખલ કરાવી આપી હતી. ઓપરેશનના દિવસે સવારથી સાંજ સુધી તેણે ચાંદનીની માતાની સેવા કરી હતી. ચાંદનીને તકલીફ ન પડે એટલે જાતે જ બજારમાં દોડી જઇ

સફરજન, ચીકુ વગેરે ફ્રુટ લઇ આવ્યો હતો. મુલાકાતીઓને આવકારી તબિયત અને ઓપરેશન બાબતે વિગતે વાત કરતો હતો. સૌની શુભ કામનાથી ચાંદનીની માતા ઝડપથી હરતી-ફરતી થઇ હતી.

થોડા દિવસ પહેલાં ચાંદનીની માતા ફરી બીમાર પડી હતી. ચાંદની માતા પાસે જવા અંદરથી તરફડી રડી હતી. તેણે કહ્યુંય ખરું : 'વિરલ, હવે માની તબિયત વણસી રહી છે. મને માનો સાદ સંભળાય છે, અને માની ચિઠ્ઠી પણ આવી છે. તો બે દિવસ જઇ આવું?'

'તને બુઢ્ઢી માની એટલી બધી ચિંતા હોય તો એને ઘેર જઇને જ રહે ને! એ બુઢ્ઢી તો હવે લાકડાં ભેગી થવા જેવી છે. ચાર દિવસ પછી તો તારા દિયરનાં લગ્ન છે. મા પાસે હાલ જઇ શકાય જ નહીં.'

ચાંદની જે ગોદમાં મોટી થઇ હતી. અને જે માએ તેને લાડ લડાવ્યાં હતાં, ભણાવી-ગણાવી હતી, પરણવા માટે ઉદારતાથી મંજૂરી આપી હતી એ માના પથારીવશ પરવશ અંતિમ દિવસોમાં ચાંદની તેની ચાકરી ન કરી શકી. ચાંદની કમને દિયરને પરણાવી આવી, મા પાસે બે દિવસ માટે વિરલની આનાકાની છતાં પણ ગઇ ત્યારે તો તેની અંતિમવિધિ થયે ચોવીસ કલાક થઇ ચૂક્યા હતા. એ વૃદ્ધાનાં અસ્થિફૂલ એકત્રિત કરવાની પણ કોઇએ તસ્દી લીધી ન હતી.

અશેષના જન્મ પહેલાં તો વિરલ કેટલી બધી જગ્યાએ ચાંદની સાથે જતો? સાંજે નિયમિત ઘેર આવી જતો. અવાર-નવાર બજારમાંથી મીઠાઇ-ફ્રુટ લઇ આવતો. ચાંદનીનો જન્મદિવસ યાદ રાખતો. જન્મદિવસની ભેટ સ્વરૂપે સાડી-ઘડિયાળ જેવી વસ્તુઓ આપતો. એ દિવસે સિનેમાની ટિકિટ પણ આવતી અને ચાંદનીની બહેનપણી, વિરલ, વિરલના મિત્રો, ચાંદની વગેરે સાથે જ જમતાં અને સાથે સિનેમા જોવા જતાં.

ચાંદનીને વાંચવાનો ભારે શોખ. વિરલ કહેતો, 'ચાંદની આમ ઘરમાં એકલી અટૂલી તારો સમય કેમ વ્યતીત થાય છે? તું લાઇબ્રેરીની સભ્ય થઇ જા. શહેરમાં બે ત્રણ મહિલા-મંડળો ચાલે છે, ત્યાં વિવિધ હરીફાઇઓ, પર્યટનો વગેરે કાર્યક્રમો થાય છે. ત્યાં જઇશ તો નવા સંબંધો બંધાશે.' વિરલ પણ 'આસપાસ', 'યુવદર્શન', 'ચાંદની' જેવાં મેગેઝિનો ઘેર લઇ આવતો.

ઘેર સંબંધીઓ મુલાકાતીઓ આવે ત્યારે પણ તે ચાંદનીના વખાણ કરતો : 'ચાંદની ભણતી ત્યારે પણ ખૂબ હોંશિયાર હતી. આ શો-કેઇસમાં રહેલા મોટાભાગનાં ઇનામો તેને જ મળેલાં. તમે કદી ચાંદનીના હાથે બનેલ દહીંવડાં ખાવાનો પ્રોગ્રામ બનાવો. એ સ્વાદ તો મને બીજે ક્યાંય ચાખવા નથી મળ્યો.'

અશેષના જન્મ પછી કોણ જાણે કેમ, પણ તે ચાંદની તરફ ઓછું ધ્યાન આપતો થયો હતો. હવે જન્મદિવસ યાદ રખાવવો પડતો, છતાં વિરલ કહેતો, 'આ ઉંમરે હવે જન્મદિવસ યાદ રાખવાથી શો ફાયદો? હવે તો તું અશેષની મા થઇ છે.'

અશેષના જન્મ પછી થોડાક મહિના સુધી દરરોજ સાંજે ઘરમાં નિયમિત પૂજા-આરતી થતાં. ઘીનો દીવો થતો. ધૂપ જલાવવામાં આવતો. અગરબત્તી કરવામાં આવતી. સંસ્કૃતના શ્લોકોનું પઠન અને હનુમાન-ચાલીસા તેમજ ગણપતિની સ્તુતિ થતી. પણ ધીરે-ધીરે પૂજા-આરતી વખતે ચાંદની એકલી જ ઘરમાં રહેતી અને તેના માટેય પૂજા-આરતી યંત્રવત બની ગયાં હતાં.

સહજ રીતે ચાંદની બોલી હતી : 'તમે આમ મોડા આવો છો તે મને તો ચિંતા થાય, એના કરતાં ક્યાંકથી ખબર મોકલાવતા હોય તો?'

'એટલે આ ઘરમાં તું કહે એમ મારે રહેવાનું? આજ સુધી તો તારી ઘણી નાની-નાની હરકતો સહન કરી છે. હવે તો તું આ ઘર છોડી જતી રહે. મને તારી લેશ પણ પડી નથી, સમજી? તારા જેવી તો કેટલીય સ્ત્રીઓ મને મળી રહેશે.' ગુસ્સામાં તાડૂકીને વિરલ બારણું ખુલ્લું મૂકી ઘરમાં જતો રહ્યો હતો.

ચાંદનીને વિરલ તરફથી મળતો પ્રેમનો ભાવ અને પ્રેમની આંખો તો અશેષના જન્મ પછી ઝડપથી લુપ્ત થવા લાગ્યાં હતાં. **ઘણો સમય તેઓ પતિ-પત્ની તરીકે જીવ્યાં હતાં. પરંતુ છેલ્લે-છેલ્લે ચાંદની માત્ર સ્ત્રી તરીકે જીવતી હતી.** અને વિરલ તેના ધણી તરીકે, માલિકીની ભાવનાથી વર્તતો હતો.

ચાંદનીના મનમાં ઊંડે-ઊંડે આશા હતી કે વિરલ અશેષને ખાતર પણ જૂના દિવસોમાં તેને ચાહતો હતો એમ ફરીથી ચાહશે. તેનો અહંકાર ભાવ દૂર થશે.

ચાંદની થોડા દિવસ તો તેની મા રહેતી હતી એ જૂના ઘરમાં એકલી-અટૂલી રહી. પણ તેનું મન અશેષ અને વિરલમાં ખોવાયેલું રહેતું. તેના માનસપટ પરથી વિરલ સાથે વિતાવેલા દિવસો અને અશેષને બન્ને જણાએ સાથે જે સ્નેહ આપ્યો હતો એ પ્રસંગોએ વિહવળ બનાવી હતી.

ચાંદની હવાફેર માટે આબુ ગઇ. વિરલ અને અશેષને તેણે આવતા જોયા. તેના હૈયામાં માતૃત્વ જાગ્યું. દોડીને અશેષને ચૂમી લેવાનું તેને મન થયું. પણ પોતાના વહાલા દીકરાને વિરલે કહેલા શબ્દોએ તેને નિષ્ઠુર બનાવી દીધી.

ચાંદની મનથી ભાંગી પડી. યુવાનીમાં મહાન થવાનાં કેટલાંય સ્વપ્ન તેણે સેવ્યાં હતાં. વિરલની પત્ની તરીકે આદર્શ ગૃહિણી થવા તેણે તેનાં સ્વપ્નને સરી જવા દીધાં. પરંતુ તેનું જીવન કંઇ પણ થયા વિના પુરુષના હાથે ખંડિત થઇ ચૂક્યું.

સવારમાં અવાવરુ કૂવામાંથી એક અજાણી સ્ત્રીની લાશ પોલીસે શોધી, જેના હાથ પર એક નામ કોતરેલું હતું 'વિરલ'.

*પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦,*
*ગાંધીનગર-૩૮૨ ૦૩૦.*

## બાલુડેં જયું ગાલિયું



**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

### બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફલેટ જે નીચે જુકો મારવાડી ભાઈ રેંતા સે હકડે શેખજી જાન ભચાયેલા પંઢજો લુઈ ડેંને ને શેખજી જાન ભચી વઈ. તડેં શેખ અનકે હકડી મર્સીડીઝ ગાડી ડેને વે ને મારવાડી ભાઈ બોરા રાજી રાજી થે વ્યા વા.

બઈવાર શેખ કે તકલીફ થઈ તેર પણ મારવાડી ભાઈ શેખ કે લૂઈ ડેનાં ને શેખજી જાન ભચે વઈ, પણ શેખ અનકે બઈવાર અધ કિલો લડુ જેને. અતરે મારવાડી બોરો ખારો થે વ્યો. શે શેખ એડો કુલા કેં તેંજી તપાસ ત કર.

બચુડો : (તપાસ કે ને ચેં) તડેં ખબર પઈ ક મારવાડી ચેંવે બઈયાર મુંકે મર્સીડીઝ કુલા ન ડેને... તેર શેખ ચેં પુત્તર મું મંજા હાણે મારવાડી જો લૂઈ અચે વ્યો આય.

### ખિલજા મ ભલા

પત્ની : (પતિને) ભગવાન.... મને સાતેય જન્મોમાં તમારી બત્ની બનાવે.

પતિ : ભગવાન કરે.... આ તારો સાતમો જન્મ હોય.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : દુનિયાનો સૌથી બુદ્ધિશાળી માણસ કોણ છે?

પતિ : હું મારા પોતાનાં વખાણ નથી કરતો.

પત્ની : તો સારું, એ બતાવો કે દુનિયાની સૌથી બેવકૂફ વ્યક્તિ કોણ છે?

પતિ : હું એ કહી તારું દિલ તોડવા નથી માંગતો.

☺ ☺ ☺ ☺ ☺

આદિત્ય : (ફોટોગ્રાફરને) મારો એવો ફોટો પાડી આપો કે એને જોઈ દુનિયાના લોકો દંગ રહી જાય. એ માટે મારે કેવો ફોટો પડાવવાનો....?

ફોટોગ્રાફર : મારી પાસે સરસ આઈડિયા છે. તું હાથી ઉપર શીર્ષાસન કર. એવો ફોટો હું તને પાડી આપીશ. પછી તું એ ફોટો ઊંધો કરી બધાને બતાવ્યા કરજે. લોકો તારી બહાદુરી જોઈ દંગ રહી જશે.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : તમારી માંદગીનું કોઈ ચોક્કસ કારણ નથી જડતું. કરાવેલા બધા રિપોર્ટથી પણ કાંઈ જાણી શકાતું નથી. કદાચ 'પીવાથી' આવું થતું હોય.

દર્દી : વાંધો નહીં સાહેબ... મારે ઉતાવળ નથી. તમને 'ઊતરી' જાય પછી આવીશ. ત્યારે યોગ્ય નિદાન કરજો.

☺ ☺ ☺ ☺ ☺

પ્રભાત : અલ્યા રોહન, આમને આમ ૪૦ વર્ષનો થયો. લગ્ન કેમ અટક્યાં છે?

રોહન : ઘણી છોકરીઓને પસંદ કરી, ઘરે જઈને મમ્મીને બતાવી. પણ મમ્મીને કોઈ ગમતી જ નથી.

પ્રભાત : તો પછી તારી મમ્મી જેવી છોકરી પસંદ કર.

રોહન : તો એ મારા પપ્પાને નથી ગમતી.

☺ ☺ ☺ ☺ ☺

મગન : એક કિલો ગાયનું દૂધ આપજો.

છગન : પરંતુ તમારું વાસણ તો ખૂબ જ નાનું છે.

મગન : ઠીક છે, તો બકરીનું દૂધ આપી દો.

☺ ☺ ☺ ☺ ☺

ટીચર : આઠના અડધા કેટલા થાય?

વિદ્યાર્થી : એ તો તમે કેવી રીતે અડધા કરો છો એના પર આધાર રાખે છે. જો હોરિઝન્ટલી કરો તો જવાબ ઝીરો આવે અને વર્ટીકલી કરો તો તેનો જવાબ ત્રણ આવે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : તું મારી એક પણ વાતમાં સહમત થતી નથી. શું હું મૂર્ખ છું?

પત્ની : સારું, ચાલો આ વાતમાં હું સહમત થાઉં છું.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : તેં નવીન વાનગી બનાવી છે તે કાચી કેમ છે?

પત્ની : મેં તો બરાબર બુકમાં જોઈને બનાવી છે પણ તેમાં ફક્ત ચાર જ વ્યક્તિ માટે સામગ્રી અને સમય હતો તે મેં અડધું કરી નાખ્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

હારેલા નેતાને એક વ્યક્તિએ પૂછ્યું : વડીલ, આપ દર વર્ષે ચૂંટણીમાં જીતો છો પરંતુ આ વખતે હાર્યા - તેનું શું કારણ?

નેતા બોલ્યા : આ વખતે મત-ગણતરી કરનારાઓએ સાચી જ ગણતરી કરી. તેથી જ મારે પરાજિત થવું પડ્યું છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*દુઃખોનું પોટલું ખભા પર લઈને ફરવાના બદલે ભગવાનને સોંપી દેવું જોઈએ.*

# ફ્લેશ ચેનલ

## ઈનોવેશનનો અભાવ

ભારતમાં આજે પણ મૂળભૂત જરૂરિયાત જેવી કે એજ્યુકેશન, હેલ્થ, કોમ્યુનિકેશન, ટ્રાન્સપોર્ટ, ઈન્ફોર્મેશનમાં ઈનોવેશનનો અભાવ જોવા મળે છે. અને આ ક્ષેત્રો આજે પણ એક ચેલેન્જરૂપ છે તેમ પદ્મભૂષણ એવૉર્ડ વિજેતા અને સાયન્ટિસ્ટ આર.એ. મશેલકરે ગુજરાતના વિવિધ ટેકનોલોજી વિદ્યાર્થીઓને તાજેતરમાં અમદાવાદ ખાતે જણાવ્યું હતું. ભારતમાં રહેલો મધ્યમવર્ગ અને ગામડાંના વ્યક્તિ માટે ઈનોવેશન થવા જોઈએ કારણકે આજે પણ વિશ્વકક્ષાએ ભારત વિકાસશીલ દેશોમાં ત્રીજા ક્રમે છે. તે કારણે એજ્યુકેશન અને હેલ્થમાં વધુ ઈનોવેશનની જરૂર છે. જ્યારે કોમ્યુનિકેશન, ટ્રાન્સપોર્ટ અને ઈન્ફોર્મેશન ક્ષેત્રે નવા ઈનોવેશનની ખાસ જરૂર છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

★

## અંતરિક્ષમાં કામ કરતી એક અનોખી લેબોરેટરી

કેપલર અંતરિક્ષ યાન હકીકતમાં એક લેબોરેટરી છે. જેને અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસાએ માર્ચ-૨૦૦૯માં લોન્ચ કર્યું હતું. તેનું નામ મહાન જર્મન ખગોળશાસ્ત્રી જોહાનિસ કેપલરના નામ પરથી રખાયું હતું. આ લેબોરેટરી નાસા દ્વારા આપણી આકાશગંગામાં રહેલા સૂર્ય ઉપરાંત બીજા તારાઓની આજુબાજુ ફરતાં પૃથ્વી જેવા અન્ય ગ્રહોની શોધ માટે ચલાવાયેલા કેપલર મિશનનો એક ભાગ છે. કેપલર યાનમાં એક ફોટોમીટર ફીટ કરેલું છે, જે આકાશગંગામાં એક ચોક્કસ ક્ષેત્રમાં રહેલા લગભગ દોઢ લાખ તારાના પ્રકાશ અને પડછાયા પર નજર રાખે છે. તેના દ્વારા મોકલવામાં આવતા ડાટાનું વિશ્લેષણ કરીને ગ્રહ જેવા એકમોની હાજરી જાણી શકાય છે. જો આ તારાની ચમકમાં ચોક્કસ સમયગાળામાં કોઈ પરિવર્તન આવે છે તો આ ઘટના તેની આજુબાજુમાંથી કોઈ ગ્રહના પસાર થવાનો સંકેત છે. આ અભિયાનમાં સૌપ્રથમ ઓછો સમયગાળો ધરાવતા ગ્રહો શોધાયા હતા. ત્યારબાદ આ મિશનના આગળ વધવાની સાથે જ લાંબો સમયગાળો ધરાવતા ગ્રહોના અસ્તિત્વની પણ જાણ થઈ. ગયા વર્ષે ડિસેમ્બર-૨૦૧૧ના અંત સુધી આકાશગંગામાં રહેલા આવા ૨૩૨૬ ગ્રહો શોધી શકાયા હતા. તેમાંથી ૨૦૭ પૃથ્વીના આકાર જેટલા, ૬૮૦ પૃથ્વીથી મોટા, ૧૧૮૧ નેપ્ચ્યુનના આકારના, ૨૦૩ ગુરુ જેટલા અને ૫૫ ગુરુથી મોટા હતા.

★

## કાળું નાણું

દેશનું કાળું નાણું પરદેશમાં પડ્યું છે. એ મેળવવામાં આપણી સરકારને કાયદાકીય અડચણો ભલે આવતી હોય પણ સરકાર કડક બને તો આપણા દેશમાંથી જ વિદેશમાં પડેલા કાળા નાણાં કરતા ઘણું વધારે કાળું નાણું મેળવી શકે તેમ છે. એનો પુરાવો આવકવેરા ખાતુ જે દરોડા પાડે છે એ ઉપરથી મળે છે.

ગયા એક વર્ષમાં એટલે ૨૦૧૧ના ડિસેમ્બર સુધીમાં આવકવેરા ખાતાએ દરોડા પાડીને રૂપિયા ૩૦ અબજ જેટલું કાળું નાણું બહાર કાઢ્યું હતું. આ ૩૦ હજાર કરોડ રૂપિયા રોકડા મળ્યા હતા.

૨૦૦૭-૦૮ના એક વર્ષમાં આવકવેરા ખાતાએ દરોડા પાડીને અંદાજે રૂપિયા ૭ અબજ રોકડા મેળવ્યા હતા અને ૨૦૦૯-૧૦ દરમ્યાન દરોડામાં રૂપિયા દસ અબજ મેળવ્યા હતા.

★

## વિમાનમાં યાત્રિકોને સુરક્ષા નિયમો

આમ તો વિમાનમાં એરહોસ્ટેસ યાત્રિકોની સુવિધાનો ખ્યાલ રાખતી હોય છે પરંતુ ફિલિપાઈન્સની એક વિમાનની કંપનીની એરહોસ્ટેસ યાત્રિકોને સુરક્ષા નિયમો ડાન્સ કરીને દર્શાવે છે. કંપની એવું માનતી હતી કે સુરક્ષા સંબંધી જાણકારી આપતા સમયે યાત્રિકો મોટેભાગે ગંભીરતાપૂર્વક ધ્યાન આપતા હોતા નથી. આથી આ કીમિયો અજમાવવામાં આવ્યો છે અને તે સફળ રહ્યો છે. મોટેભાગે આ એરહોસ્ટેસ લેડી ગાગાના ગીતો પર જ થિરકતી આવી છે.

★

## ઈન્ડેન ગેસ સિલિન્ડર – ૨૪ કલાકમાં ગમે ત્યારે બુકિંગ

મોબાઈલ ફોન પરથી ઈન્ડેન ગેસ સિલિન્ડર બુક કરી શકાય તેવી યોજના તાજેતરમાં રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા, જૂનાગઢ, જામનગર અને ભાવનગર શહેરોમાં અમલમાં લાવવામાં આવી છે. માર્ચ ૨૦૧૩ સુધીમાં સમગ્ર ગુજરાતના ૩૫ લાખ ગ્રાહકોને આ સુવિધા પૂરી પાડવાનું આયોજન છે. તેવી માહિતી આઈ.ઓ.સી.ના એક અધિકારીએ આપી હતી.


યોજના અનુસાર કંપનીના મોબાઈલ નંબર ૯૬૨૪ ૩૬૫ ૩૬૫ પર ફોન કરીને ગ્રાહકે પ્રથમ તેના મોબાઈલ નંબરની નોંધણી કરાવીને ગ્રાહક નંબર આપવાનો રહેશે. તે સાથે ગ્રાહકે પોતાના વિસ્તારના એજન્ટનું નામ પ્રથમ વખત આપવાનું રહેશે. આ રીતે કંપનીમાં એકવાર ગ્રાહકની વિગત નોંધ થઈ ગયા બાદ બીજી વખત માત્ર ફોન સંપર્ક કરવાથી બુકિંગ થઈ ગયાનો એસ.એમ.એસ. મળી જશે. આ પ્રથાના પરિણામે સ્થાનિકે એજન્ટનો ફોન ન લાગતો હોવાની તેમજ સિલિન્ડર બુક કરાવ્યા છતાંય તે ન મોકલતો હોવાની વગેરે ફરિયાદો ઓછી થશે, એમ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. ■

*ચંદ્ર અને ચંદન કરતાં પણ સજ્જનોની સંગતિ વિશેષ શીતળ હોય છે.*

## અદકેરા ગણાતાં દાર્શનિક સત્યોની સત્યતા કેટલી?

આજસુધી વિવિધ ધર્મો વચ્ચે જે પણ યુદ્ધો થયાં છે એનું મૂળ કારણ દરેક પક્ષની એવી માન્યતા છે કે, “અમારા ધર્મ પ્રણેતાને લાધેલું સત્ય સનાતન સત્ય છે, એટલે અમારી વિચારધારા સર્વશ્રેષ્ઠ છે.” શ્રી કીર્તિચંદ્ર શાહના પ્રતિભાવમાં આ ભાવ ડોકાઇ રહ્યો છે. આ બાબતે બુદ્ધ અને મહાવીરને સાચા ઠરાવવાના ઉત્સાહમાં ઇશુ, મહંમદ કે અન્ય કોઇને લાધેલાં “સત્યોને” ખોટાં ઠરાવાય છે. આ વાતે તો અગણિત લોકોએ જાન ખોયા છે. એવું પણ બની શકે કે દરેકની સમજમાં થોડું સત્ય હોય, થોડું અર્ધસત્ય હોય અને બાકીનું માન્યતા અને કલ્પનામાત્ર હોય.

આજની દુનિયાની સાત અબજની વસતિમાંથી છ અબજ લોકો પોતપોતાની ધાર્મિક માન્યતા પ્રમાણેના ઇશ્વરમાં માને છે. બાકી રહેતા સો કરોડમાં નાસ્તિકો, રેશનાલિસ્ટો, બૌદ્ધ, જૈન વગેરે બધા આવી જાય છે. જૈનોની સંખ્યા તો એક કરોડથી પણ ઓછી છે. મહાવીરે ભલે ઇશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કર્યો હોય, એમના અનુયાયીઓએ તો એમને જ ભગવાન બનાવી દીધા છે. તે ઉપરાંત ઘણા જૈન અન્ય દેવી-દેવતાઓમાં માને છે.




આ લખવાનો હેતુ એ નથી કે બહુમતી માનતી હોવાથી ઇશ્વરનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. એ કોયડો તો હજી અણઉકલ્યો જ છે.

આ વાત પુનર્જન્મની માન્યતાને પણ લાગુ પડે છે. દુનિયાની બહુમતી પ્રજા પુનર્જન્મમાં માનતી હતી. જો પુનર્જન્મનો આધાર જતો રહે તો કર્મનો સિદ્ધાંત આપણા અને આપણા વંશજોના માત્ર આજન્મ પૂરતો મર્યાદિત થઇ જાય છે. એની સાથે પુદ્‌ગલ, કર્મબંધન વગેરે બધું પાયા વગરનું થઇ જાય છે.

મુદ્દાની વાત એ છે કે આત્મા, પરમાત્મા, પુનર્જન્મ જેવા અમૂર્ત વિષયો, જેમના વિષે જુદી જુદી ધાર્મિક વિચારધારાઓમાં મતભેદ છે, જેનું કોઇ પ્રમાણ કે આધાર નથી એને સનાતન સત્ય ન ગણાય. એ દૃષ્ટિબિંદુ તત્કાલીન અને સ્થાનિક હોવાથી બધાની પોતપોતાની માન્યતા બની રહે છે, જેને આસ્તિકો શ્રદ્ધા કહે છે. ઉપરાંત એ વ્યક્તિગત ચિંતન-મનન-ગવેષણની મર્યાદા પણ સૂચવે છે. એને વૈજ્ઞાનિક ખોજ હરગિઝ ન કહેવાય.

વૈજ્ઞાનિક ખોજ કોને કહેવાય તે પ્રસ્તુત લેખમાં સમજાવ્યું છે. વૈજ્ઞાનિક નિયમ હકીકતમાં કુદરતના નિયમ છે જે સર્વકાલે, સર્વપ્રદેશે સરખા હોય છે. કોઇ વ્યક્તિએ તે બનાવ્યા નથી, માત્ર શોધ્યા છે અને આપણી ભાષામાં સમજાવ્યા છે. એ શોધનાર વૈજ્ઞાનિક કહેવાય છે. **આ કુદરતી નિયમોને આધારે માણસોને ઉપયોગી વસ્તુઓ બનાવનારને આપણે શોધક કહીએ છીએ.**

વેદિક સમયના બ્રાહ્મણો દ્વારા એમના માનીતા દેવ-દેવીઓને રીઝવવા કરાતા હોમ-હવન, યજ્ઞો, પશુબલિ, નરબલિ વગેરે ક્રિયાકાંડોની નિરર્થકતા જોઇ એને અટકાવવાનો હેતુ, બુદ્ધ અને મહાવીરના ચિંતન-મનનના કેન્દ્રસ્થાને હોવાની પૂરી શક્યતા છે. એની અસર એમની અહિંસાની સૂક્ષ્મ વ્યાખ્યામાં ચોખ્ખી દેખાય છે. અન્ય કોઇપણ ધાર્મિક વિચારધારાએ અહિંસાને આટલું મહત્ત્વ નથી આપ્યું.

આત્મા, પરમાત્મા, પુનર્જન્મ વગેરેને બાજુએ રાખીએ તો મહાવીરના અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ જેવા ઉચ્ચ કોટિના ઉપદેશને કેટલા લોકો સાચા અર્થમાં પાળે છે? જે પાળતા ન હોય એમને જૈન ગણાય?

આપણા મનમાં ઊઠતા કામ, ક્રોધ, લોભ, માયા વગેરે ભાવ ઉત્ક્રાંતિ દરમિયાન આપોઆપ આપણામાં ઉદ્‌ભવ્યા છે. એની પાછળનો એકમાત્ર હેતુ આપણી જાતને ટકાવી રાખવાનો અને વંશવેલો વધારવાનો છે. એની સામે ક્ષમા, ભાઇચારો, પ્રામાણિકતા, સહનશીલતા જેવા ભાવ માણસે સમૂહમાં રહેવા માટે જરૂરી હોવાથી વિકસાવેલા ગુણ છે. આ વિજ્ઞાન કે ધર્મનો નહીં પણ સમાજશાસ્ત્રનો વિષય છે. કોઇપણ ધર્મના ઉદયથી હજારો વરસ પહેલાં એ બનેલું છે. આ બધું મારા માર્ચ ૨૦૧૨ના લેખમાં વિગતવાર ચર્ચાયેલું છે. વૈજ્ઞાનિક સત્યો ક્યારેય પણ ફેંકાઇ કે બદલાઇ જતા નથી. માણસની સમજ વધતાં એ વધુ રીફાઇન કરાય છે, નિયમોના અપવાદો શોધાય છે જે પોતે નવા નિયમો પ્રમાણે જ વર્તે છે.

હજી થોડા સમય પહેલાં જ “ગુજરાત સમાચાર”માં સમાચાર હતા કે એક જૈન મુનિએ ૨૪૦ પાનાનું દળદાર પુસ્તક પ્રકાશિત કર્યું છે. જેમાં જૈન-દર્શન પ્રમાણે “સાચા ભૂગોળની” ચર્ચા કરવામાં આવી છે. એનો મુખ્ય મુદ્દો છે, “પૃથ્વી ગોળ નથી, પોતાની ધરી પર ફરતી નથી કે સૂર્યની આસપાસ પણ ફરતી નથી. બલ્કે સૂર્ય, ચંદ્ર, તારા વગેરે બધા સ્થિર પૃથ્વીની આસપાસ ફરે છે” વગેરે વગેરે.

સદીઓ પહેલાં ફેંકાઇ ચૂકેલી આવી માન્યતાઓને વળગી રહી, એકવીસમી સદીના કમ્પ્યુટર યુગમાં એનો પ્રચાર કરવા માટે કોઇએ ઘણો સમય, શક્તિ અને સંપત્તિ વેડફી નાંખ્યાં છે. જડતાનો આ સજ્જડ નમૂનો છે. આને જે કોઇ “સર્વકાલ / સર્વ પ્રદેશે અકબંધ દાર્શનિક સત્ય” માનતા હોય એમને કોઈ મદદ કરી શકે એમ નથી.

ભૂગોળ એક સ્વતંત્ર વિષય છે. જૈન ભૂગોળ, હિંદુ ભૂગોળ મુસ્લિમ ભૂગોળ જેવી અલગ ભૂગોળ ન હોય. ભૂગોળ ઉપરાંત ખગોળ, ગણિત, વિજ્ઞાન (એની બધી શાખાઓ સાથે) વગેરે સ્વતંત્ર વિષય છે જે સર્વકાલે સર્વપ્રદેશે સરખા જ હોય. **એમાં જ્ઞાનનો ઉમેરો થતો રહે છે જે બદલાવ નથી.** એ કોઇપણ ધર્મના ભાગ

*કોઈ રડતા બાળકને હસાવો તો એ પ્રભુની પ્રાર્થના છે.*

નથી. જ્યારે ઇતિહાસ, રાજકારણ અર્થશાસ્ત્ર અને ધર્મ સુદ્ધાં સમાજશાસ્ત્રના ભાગ છે. એ પ્રદેશ પ્રમાણે જુદા હોઇ શકે છે અને સમય પ્રમાણે બદલાઇ પણ શકે છે.

હવે વાત રહી ઇશ્વરનો ઇન્કાર કરવામાં રહેલી આધ્યાત્મિક હિંમતની. માનવ જીવનમાં દખલગીરી કરનાર, ભક્તો માટે કુદરતના નિયમોને બદલનાર, ખુશામત પ્રિય, પક્ષપાતી એવા ઇશ્વરના સ્વરૂપનો ઇન્કાર તો અમે ઘણા વખતથી કરતા આવ્યા છીએ. **એટલું જ નહીં, શરીરથી અલગ એવા અમર આત્મા અને પુનર્જન્મનો પણ અમે ઇન્કાર કર્યો છે.** એને હિંમત ગણો, મૂર્ખાઇ ગણો કે બીજું કંઇ ગણો, એની આકરી કિંમત પણ ચૂકવીએ છીએ. પ્રચલિત માન્યતાથી જુદું કહેનાર દરેક નાના મોટાને ઘણું સહેવું પડ્યું છે એનો પણ ખ્યાલ છે. સત્યની શોધ અને સ્વીકારનો માર્ગ સહેલો હોવાની અપેક્ષા ક્યારેય પણ રાખી નહોતી.

ધાર્મિક માન્યતાઓમાં એવી પણ બેહૂદી વાતો છે જે લોકલાગણીને ધ્યાનમાં રાખી છાપી શકાય એમ નથી, એટલે સમાન વિચારધારી મિત્રવર્તુળોમાં જ ચર્ચાય છે.

પ્રતિભાવના લખાણના લંબાઇની મર્યાદા ધ્યાનમાં રાખી અટકવું પડે છે. જો કે જરૂર પ્રમાણે આ વિષયો ભવિષ્યના લેખોમાં ચર્ચાતા રહેશે.

*મુરજી ગડા - વડોદરા*

• • • • •

## માર્ચ અંકના લેખ

'મંગલ મંદિર' માર્ચ અંકમાં શ્રી મુરજીભાઇ ગડાએ સરસ વિષયની ચર્ચા છેડી છે અને આરોગ્યની વાતને મહત્ત્વની ગણાવી છે. એ જાણવું રસપ્રદ થશે કે વર્ધમાન મહાવીરના આચારના નિયમો- ખાસ કરીને ખાણી-પીણીના નિયમો લગભગ બધા આરોગ્યલક્ષી જ છે. **ધર્મને તો સાથે એટલા માટે જોડવામાં આવેલ છે કે જો તેમ કરવામાં ન આવે તો લોકો આવા નિયમોનું પાલન ન કરે.** છેવટે પુણ્યની અને પરલોકે સદ્‌ગતિની લાલચે લોકો આ નિયમો પાળે છે અને તેટલે અંશે રોગમુક્તિનો લાભ મેળવે છે. દા.ત. માત્ર એક ગરમ કરેલા પાણીના નિયમનો જ માત્ર વિચાર કરીએ તો તેવા પાણીથી કેટલાય પ્રકારના પાણીજન્ય રોગ થતા નથી. અન્યથા પાણી ગરમ કરવાથી તો અબજો કરોડ બેક્ટેરિયાઓની હિંસા થાય છે. છતાં માનવ આરોગ્ય માટે આ નિયમ અતિ લાભદાયક છે. આવા ઘણા નિયમો વિશે લખી શકાય. દવાઓની જરૂરત રોગ થયા પછી પડે છે. પણ ગરમ પાણી, આયંબિલ, રાત્રિ ભોજનનો ત્યાગ, ચોમાસામાં થોડા (ખરેખર થોડા) ઉપવાસ બરાબર સમજીને વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે તો માણસ ઠીક ઠીક તંદુરસ્ત રહી શકે છે. આયુર્વેદનું પણ લક્ષ્ય તો રોગ થાય જ નહિ એવી જીવન વ્યવસ્થા ગોઠવવાનો છે.

છતાં એટલું તો કબૂલ કરવું પડે કે રોગોના આધુનિક ઉપચાર પદ્ધતિનો પૂરો યશ પશ્ચિમના તે વિષયના નિષ્ણાતોને જ જાય છે. શ્રી મુરજીભાઇનો આખો જ લેખ - અન્ય વિષયો સહિત - ઉત્તમ.

'આંજો કાગર' વિભાગમાં શ્રી કીર્તિભાઇ શાહનો પત્ર છે. કાઉસ્સગ્ગ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે બાબતો દાર્શનિક નથી પણ લૌકિક ક્રિયાકાંડ છે. કબૂલ કે એથી ઘણા ફાયદા છે પણ એને દાર્શનિકતા સાથે સંબંધ નથી. દાર્શનિક એટલે જીવ, જગત, ઇશ્વરને પ્રકૃતિના સ્વરૂપ, બંધારણ અને પરસ્પરના સંબંધોનું તત્ત્વજ્ઞાન. ઘણાને એ જાણીને નવાઇ લાગશે કે દાર્શનિક તત્ત્વજ્ઞાનનો એક પણ સિદ્ધાંત સાબિત કરી શકાતો નથી એટલે એ વિષયમાં અત્યાર સુધીમાં હજારો ગ્રંથો લખાયા છે અને સતત ખંડન-મંડન ચાલ્યા જ કરે છે. **દાર્શનિક તત્ત્વજ્ઞાનનો એક પણ સિદ્ધાંત નિરપેક્ષ સત્ય (AbsoluteTruth) નથી.** બધાજ ધર્મોના બધાજ સિદ્ધાંત સાપેક્ષ સત્ય (Relative Truth) છે. અને પરિણામે બધાજ સિદ્ધાંતો દેશ-કાળ-પરિસ્થિતિની જરૂરિયાત મુજબ પડકારપાત્ર અને પરિવર્તનપાત્ર છે. Changable & challengable છે. જો કે આ વાત શ્રદ્ધાળુ ધાર્મિક (પછી તે ગમે તે ધર્મનો કે ગમે તે સંપ્રદાયનો હોય) લોકોને ગળે નહીં ઊતરે. એક દૃષ્ટાંત લઇએ. વૈદિક થીયરી મુજબ જીવાત્મા મુક્તિ પામે છે ત્યારે તે મહાસાગરમાં બુંદ મળી જાય તેમ-જ્યોતમાં જ્યોત મળી જાય તેમ- પરમાત્મામાં વિલીન થઇ જાય છે તેનું પછી સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી.

જૈન થીયરી મુજબ જીવાત્મા મુક્તિ પછી પણ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે- અનંતકાળ-અમર્યાદકાળ સુધી. તમે જોશો કે આ બન્નેમાંથી એકપણ થીયરી સાબિત થઇ શકે એવી નથી. આવું જ અન્ય બધા જ સિદ્ધાંતો બાબત સમજવું. નૈતિકતાની વ્યાખ્યા પણ દેશકાળ અનુસાર જુદી જુદી છે. કર્મનો સિદ્ધાંત પણ સંપૂર્ણપણે સાચો છે તથા સંપૂર્ણ રીતે ખોટો છે એવું એકમતે સાબિત કરી શકાતું નથી.

**'મંગલ મંદિર'માં આવા વિષયોની ચર્ચા ચાલે છે તે ખરેખર ખૂબ ખુશીની વાત છે.** દાર્શનિક બાબતોમાં કશુંજ-ક્યારેય આખરી હોતું નથી.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## "મંગલ મંદિર"ના લેખ-માહિતી સરાહનીય

માહે ડિસેમ્બર-૨૦૧૧ તથા માહે જાન્યુ. ૨૦૧૨ ના મંગલ મંદિરમાં પ્રગટ થયેલ લેખો માટે થોડાક પ્રતિભાવ મૂકવાની લાલચ રોકી શકતો નથી.

સૌ પ્રથમ તો માસ ડિસે. ૨૦૧૧માં પ્રગટ થયેલ લેખો અંગે લખું તો....

તંત્રી-લેખ, કચ્છમાં સિંધુ નદીનાં પાણીનો ફરી પ્રવેશ, રોચક માહિતીપ્રદ અને શ્રી રોહન ઠક્કર અને તેમના પિતાશ્રી ડૉ. પી.એસ. ઠક્કરે ઉપગ્રહી તસવીરોને આધારે જે તારણ કાઢેલ છે તેને મંગલ મંદિરના પાને જનતા સમક્ષ મૂકવાનું કાર્ય સરાહનીય છે.

શ્રી ભરતકુમાર ઠાકરનો લેખ કચ્છનું શ્વેત રણ, સમગ્ર ભારતીયોને અને વિદેશીઓને કચ્છની મુલાકાત લેવા મજબૂર કરે

*સંવેદના એક એવી ભાષા છે જે બહેરા સાંભળી શકે છે અને મૂંગાં વ્યક્ત કરી શકે છે.*

તો નવાઇ ન જ લાગવી જોઇએ. ડૉ. ચંદ્રકાંત મહેતાનો લેખ, માળખાકીય શોષણના અંતની શરૂઆત, શ્રી મુરજી ગડાનાં લેખ અંગે એટલું જરૂરથી કહી શકાય કે ભલે મૂળભૂત શોષક પ્રણાલિઓમાં સુધાર જરૂર આવેલ છે, છતાં આ ક્ષેત્રમાં હજુ ઘણું બધું કરવાનું રહે છે અને દેશમાં અત્યારે ભ્રષ્ટાચારનો ભોરિંગ જે હદે ફેણ ચડાવીને ફૂંફાડા મારે છે તેને નાથવા પ્રજાએ અને આપણા કહેવાતા દેશ નેતાઓને ઊંઘ ઊડાડી જાગૃત થવાનું છે.

માહે જાન્યુ, ૨૦૧૨માં અંકમાં.... શ્રી શાંતિભાઇ સંઘવીનો લેખ, 'કોનો વિકાસ' શ્રી દીપક સોલિયાનો લેખ 'આમ સુપર પાવર ન બનાય', પ્રવાસીનો (ઘઉંનો જવારાથી કેન્સરમાં થતા ફાયદા વાળો લેખ) વગેરે લેખો અત્યંત અભ્યાસપૂર્ણ અને આમ જનતાને અધ્યયન કરી અમલમાં મુકવા સમાન અને ગાડરિયા પ્રવાહમાંથી બહાર આવી નવી કેડી કંડારવા કમર કસવા તૈયાર થવાનાં પૈગામ સરિખા છે.

*મુકુન્દ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

• • • • •

## કાર્યક્રમોનો સક્રિય પ્રચાર જરૂરી

સમાજ દ્વારા વર્ષ દરમિયાન અનેક સારા કાર્યક્રમો યોજાતા હોય છે, જેનો પ્રચાર સમાજના સભ્યો, તેમાં પણ જેઓ મંગલ મંદિર વાંચે છે તેઓ પૂરતો જ મર્યાદિત રહી જાય છે. આપણા સમાજનું નામ ભારતભરમાં સારી રીતે પ્રચલિત છે, ત્યારે કાર્યક્રમોનો પ્રચાર બહાર કોઇ જાતનો થતો નથી.

ભારતનાં અન્ય સ્થળોએથી ઘણી જ્ઞાતિઓનાં સામયિકો ગુજરાતીમાં પ્રગટ થાય છે અને એમાંનાં ઘણાંખરાં સામયિકો આપણે ત્યાં આવે પણ છે પણ તેમાં આપણા સમાજની વિવિધ પ્રવૃત્તિઓના અને કાર્યક્રમોના કોઇ સમાચારો આવતા નથી.

હવે જ્યારે સુવર્ણ જયંતી વર્ષ ઊજવી રહ્યા છીએ ત્યારે આવી પરિસ્થિતિ ન રહે એ ખાસ જોવું જોઇએ. અગાઉ સ્થાનિક પત્રકાર પરિષદો બોલાવેલ પણ મુખ્ય વર્તમાનપત્રોમાં ખાસ સમાચાર આવતા નથી એવો અનુભવ છે. કચ્છી જૈનોની વિવિધ જ્ઞાતિઓનાં મુખપત્રોમાં અગર આપણે સમાચારો મોકલીશું તો જરૂર તેઓ પ્રગટ કરશે.

આથી પ્રચાર સમિતિને અનુરોધ કે સુવર્ણ જયંતીના વિવિધ કાર્યક્રમોની ટૂંકી વિગત આ પ્રકારના વિવિધ સામયિકોમાં મોકલાવે અને સુવર્ણ જયંતી વર્ષ બાદ પણ આપણા અન્ય સારા કાર્યક્રમોની વિગત નિયમિતપણે મોકલતા રહે.

ખાસ કરીને મુંબઇથી પ્રગટ થતા ક.વી.ઓ. તથા ક.દ.ઓ. સમાજના તેમજ ગૂર્જર સમાજનું કચ્છ ગુર્જરી તેમજ કોલકાતાથી પ્રગટ થતું હલચલ, જે પૂર્વ તેમજ દક્ષિણ ભારત આવૃત્તિ દ્વારા લગભગ ગુજરાતીઓને પહોંચે છે, આવાં સામયિકોમાં નિયમિતપણે સમાચારો પ્રચાર સમિતિએ મોકલવા જોઇએ.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## "અંધશ્રદ્ધા : બધે જ લોલમલોલ"

માર્ચ-૨૦૧૨ના અંકમાં શ્રી શાંતિભાઇ સંઘવીનો લેખ "અંધશ્રદ્ધા વિરુદ્ધ શ્રદ્ધા" સો નહિં, સવાસો ટકા સાચી વાત કરે છે. આટલું સ્પષ્ટ અને સાદું લખાણ કરવા માટે ધન્યવાદ. છેલ્લાં સવાસો દોઢસો વરસોથી આ અંધશ્રદ્ધાને દૂર કરવાનું અખો, નર્મદ, રાજા રામમોહનરાય, સ્વામી દયાનંદ અને વિવેકાનંદ (એમના જન્મ દિવસને 'યુવાનોનો દિવસ' કહીને ઉજવણીઓ થાય છે, કેટલું વિરોધાભાસી) જેવા અનેક સુધારકો કહી કહીને ચાલ્યા ગયા, આપણે ન સુધર્યા. સમાજે તો પેલા લુચ્ચા-સ્વાર્થી સોળ સંસ્કારોના કર્તા બ્રહ્મ-બ્રાહ્મણોની ઘૂસાડેલી વાતોને જ માન્ય કરી લીધી છે. એમની કહેલી વિધિઓ અને કર્મકાંડને વળગી રહ્યો છે. આ કહેવાતી 'શ્રદ્ધા' એવી જડબેસલાક પેસી ગઇ છે કે પ્રજા સેંકડો વર્ષો સુધી ઘેનમાં રહેશે. આ ઘેનમાં રચ્યાપચ્યા લોકો, પૂજા-અર્ચના, જાપ, ધ્યાન, મંત્ર-તંત્ર, ઉપવાસ, યાત્રા, બાધા, આખડી, હવન, ગ્રહો, વાસ્તુ, ચોઘડિયાં, નંગો, રૂદ્રાક્ષ (જે ઠળિયું છે) અને શિરમોર જેવું અગડંબગડમ્ જ્યોતિષ (એને શાસ્ત્ર નહિ કહેવાય) વગેરેમાં ડૂબેલા છે. ઉપર કહ્યાં તે અને તેવા અનેક સુધારકોને આપણે મહાન ગણીને પૂજીએ છીએ, પણ તેમણે કરેલી એક પણ વાત માનતા નથી. **આ કહેવાતી અંધશ્રદ્ધાએ શ્રદ્ધાની સાથે ડરને સખત-સતત જોડી દીધો છે અને પામર પ્રજા ભયભીત થઇને, પરંપરાને પકડીને જ બીકની મારી એની એ જ જૂઠી શ્રદ્ધાને પકડી બેઠી છે.** કશુંક અશુભ થઇ જશે એવા ભયથી પાછું વળીને જોતાં જ નથી, બીજી વાત વિચારતા જ નથી. ધર્મ એટલે નીતિ, દયા, ઉદારતા, સહનશીલતા, કરુણા, મમતા એવી કોઇ વાત જ નથી!

નાનો હતો ત્યારે આ બધું જોઇને નવાઇ પામતો, દુઃખ થતું. પણ એવું માનતો કે ભણતર વધશે એટલે આ ધતિંગો ઓછાં થશે અને ૨૫-૫૦ વર્ષે નાબૂદ થઇ જશે. પણ હું ખોટો પડ્યો. પરંપરાનો ભરડો જબરો નીકળ્યો. વધુ ભણેલા તો વધુ ઘેનમાં છે. એ પાછાં બાદશાહી ઠાઠમાઠથી કમ્પ્યુટર સાથે ધૂણે છે! ૫૦ વર્ષ પહેલાંના ઓછા ભણેલા નાગરિક કરતાં આજનો વધુ ભણેલ યુવાન જરાયે જુદો નથી. નવાઇ લાગે અને દયા ઉપજાવે એવું આજે જોવું પડે છે. એકાદ બે દાખલાથી મારી વાત વધુ સ્પષ્ટ થશે. દા.ત. હોળી. હોળીમાં પાપ બળે, એવું અમે નાના હતા ત્યારે અમારા શિક્ષકો સમજાવતા. આજે તો પાપને બદલે દર વર્ષે કિંમતી લાકડાનાં જંગલનાં જંગલ બળે છે. અમે પર્યાવરણ શાળાઓમાં ભણાવીએ છીએ એવું કોઇ માને? વિકાસ માટે ઊર્જા જોઇએ. આપણે તો આવી કિંમતી ઊર્જાને વેડફી દઇએ છીએ, ભણેલાઓ! આપણાં ૭ લાખ ગામડાંઓ અને ૫-૭ હજાર શહેરોની હોળીઓ અને લાકડાનો હિસાબ માંડી જુઓ. સારું એવું જંગલ બળી ગયું હશે. એટલું જ નહિં, ધુમાડાના ગોટેગોટા દ્વારા ભયંકર ઝેર ફેલાવીએ છીએ. સમાજનું આ મોટું અહિત છે. આજે બાળકોની હોસ્પિટલોમાં ૩૦ ટકા દર્દીઓ શ્વાસના છે - તેમનાં માબાપોએ આ ધુમાડો શ્વાસમાં લીધો છે, માટે નવજાત શિશુને હુતાશનીના દર્શન માટે ધુમાડામાં ૭ ફેરા ફેરવાય છે. કેટલું ધૃણાત્મક!

*જીવનને સજીવન રાખવું હોય તો સંવેદનાને જીવતી રાખો.*

ખરેખર એ બાળકને ભવિષ્યનો શ્વાસનો દર્દી બનાવાય છે! આ વાતે કોઇ ભણેલો એકાદ પણ અપવાદ નથી, તેનો અફસોસ છે. હોળી જેવો જ બીજો નાનો દાખલો, મુહૂર્ત-ચોઘડિયાનો. મારા ભાઇ, આ ઢોંગ-ધતિંગ નથી તો શું છે? વિશ્વભરમાં દરરોજ, દર કલાકે હજારો ટ્રેનો (૩૦૦૦ તો ભારતમાં છે) દોડે છે. થોભી જઇને પાછી ઊપડે છે. બસો અને વિમાનો પણ એટલાં જ ઊડે છે. આ દરેકનું સમયપત્રક ચોઘડિયાં જોઇને બનાવે છે? કમુરતામાં બધાં રોકાઇ જાય છે? ૧૨.૩૯ના વિજય મુહૂર્ત વાળાઓનું માનીએ તો ટ્રાફિકમાં જબરી અરાજકતાને અંધાધૂધી ફેલાય. **ડગલે ને પગલે શુભ-અશુભની વાતો કરનાર આવી બીજી અનેક કર્મકાંડી ક્રિયાઓ એટલા માટે કરે છે કે બધા જ એવું કરે છે! પરંપરા છે, સતત થતી આવી છે.**

આવી બકવાસ માન્યતાઓ અને જૂઠી વિધિઓ ઉર્ફે કર્મકાંડની સામે બગાવત કરનારા ૫-૧૦ યુવાનો આગળ આવે તો એમની હિંમતને દાદ આપવી પડે. કોઇ યુવાનો, મંગલ મંદિરના માધ્યમ દ્વારા જાહેરાત કરશે? સમાજના કોઇ શિક્ષણપ્રેમીએ લેખ વાંચ્યો હોય તો આખેઆખો લેખ શાળાના પાઠ્યપુસ્તકોમાં સમાવી લેવાય તેવા પ્રયત્નો કરવા જોઇએ.

છેલ્લે વહાલા મુરબ્બી લેખકશ્રીને નમ્રતાપૂર્વક જણાવવાનું કે, જડ થઇ ગયેલી પ્રજાને એક હજાર શાંતિભાઇઓ પણ જગાડી શકે એવું લાગતું નથી. ફીલહાલ તો લખી લખીને હરખાવા જેવું છે કે મંગલ મંદિરના તંત્રીશ્રી આવી વાતો છાપે છે ને આપણા જેવા દુઃખી આત્માઓને એ રીતે પણ પ્રોત્સાહિત કરે છે. એટલે છેલ્લે તંત્રીશ્રીનો ઘણો આભાર. બાકી આપણે તો લગે રહો!

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

● ● ● ● ●

## ગામડાંઓમાં કુરિયર દ્વારા ટપાલ મોકલતા પહેલાં ચોકસાઇ કરો

આજકાલ કુરિયર દ્વારા ટપાલ મોકલવાની એક પ્રથા થઇ ગઇ છે. બધી કુરિયર કંપનીઓ પાસે ગામડાંઓ સુધી ટપાલ પહોંચાડવાની વ્યવસ્થા હોતી નથી. એટલે તેઓ ફોન કરી ટપાલ મંગાવી લેવા કહેતા હોય છે.

દા.ત. હું માંડવી તાલુકાના બિદડા ગામે રહું છું. જે માંડવીથી ૧૮ કિલોમીટર દૂર છે. મારા કેટલાક મિત્રો કુરિયર દ્વારા મને ટપાલ મોકલે છે, જે લેવા માટે મારે માંડવી સુધી જવું પડે છે, કારણ કે તેઓની સેવા ફક્ત મોટાં શહેરો સુધીની હોય છે.

ખરી રીતે આવી કુરિયર કંપનીઓએ જ્યાં એમની સેવા ઉપલબ્ધ ન હોય ત્યાંની ટપાલ તેઓએ સ્વીકારવી જ ન જોઇએ.

આથી ટપાલ મોકલનારે કુરિયર કંપનીમાં પૂરતી તપાસ કર્યા બાદ જ પત્રો મોકલવા અથવા પોસ્ટ દ્વારા મોકલવા.

*એલ.ડી. શાહ, કોટી વૃક્ષ અભિયાન - બિદડા, માંડવી, કચ્છ.*

● ● ● ● ●

## મેડિકલ સેન્ટરની પ્રશંસનીય કામગીરી

અત્રે ખાસ જણાવવાનું કે, અમારા પિતાશ્રી નવીનચંદ્ર મહેતાને તબીબી સારવાર અર્થે અમદાવાદ ખાતે લાવીને અમો શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના પાલડી અતિથિ ભવનમાં તા. ૨૮-૨-૨૦૧૨ ના આવ્યા હતા. અમદાવાદમાં અગાઉથી નક્કી કર્યા મુજબના એક યુનિટમાં સારવાર માટે લઇ જવાના સમયે શારીરિક સ્થિતિમાં અચાનક ગંભીર પરિવર્તન થતાં ભવનમાં જ અમારા પિતાશ્રીનું દુઃખદ અવસાન થયું હતું. **તેવા કપરા સંજોગોમાં આપના ટ્રસ્ટ સંચાલિત મેડિકલ સેન્ટરના ડોક્ટર અને સ્ટાફના સભ્યોએ અમને દરેક રીતે ઝડપી મદદ કરી હતી તે માટે અમો તેમના ખૂબ આભારી છીએ.**

તે સિવાય, સમાજના ઉપપ્રમુખ અને મેડિકલ સેન્ટરના કન્વીનર શ્રીમાન કાંતિલાલભાઇ સાવલા, સેન્ટરના અધિકારી શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા, શ્રીમતી દક્ષાબહેન, શ્રી રજનીભાઇ પારેખ તેમજ સમાચાર મળતાં જ તરત આવી પહોંચેલ શ્રી પરેશભાઇ મહેતાએ સમગ્ર હકીકત જાણીને ડોક્ટર્સ, મેડિકલ અને એમ્બ્યુલન્સ વાહન બાબતે તાત્કાલિક બધા પ્રકારની મદદ કરી હતી. અમારા કપરા સમયે શ્રીમાન કાંતિલાલભાઇએ જરૂરી સાંત્વના આપીને તરત જ બધી કામગીરી કરાવી આપી હતી. તે માટે અમે સૌના ખૂબજ આભારી છીએ.

આપના સમાજ દ્વારા આપ સૌ ઉત્તમ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યા છો. ઇશ્વર આપના સમાજ અને કાર્યકરોને આ રીતનાં કાર્યો કરતા રહેવાની વધારે શક્તિ આપે એવી પ્રાર્થના છે.

**આપના સમાજનું નામ હંમેશાં રોશન રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ.**

*મહેતા ગિતેશ નવીનચંદ્ર - નખત્રાણા વતી*
*વિનીત હરિલાલ પારેખ - અંજાર*

● ● ● ● ●

## બલસાણા યાત્રા પ્રવાસ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિના ઉપક્રમે દરેક કાર્યક્રમો, યાત્રા-પ્રવાસ કાબિલે દાદ સમાન હોય છે. એ પ્રકારના સિલસિલામાં બલસાણા યાત્રા-પ્રવાસનો ઉમેરો થયો છે. ખૂબ જ વ્યવસ્થિત અને આનંદમય એ પ્રવાસ હતો. વયસ્ક સમિતિના કાર્યકર્તાઓની મહેનત અને ધગશને ધન્યવાદ ઘટે છે.

તા. ૨૨-૨-૨૦૧૨થી ૨૬-૨-૨૦૧૨ દરમ્યાનના યાત્રા-પ્રવાસના પ્રથમ ચરણે બલસાણામાં નવા તથા જૂના જિનાલય, ડોડાઈઆય, ધુલિયા અને પારોલા જેવાં મનોગમ્ય સ્થળોએ સેવા પૂજન, નવકારશી, ભોજન, ચૌવિહાર અને આરતીનો લાભ લઈને સૌએ ધન્યતા અનુભવી હતી.

બીજા દિવસે શાંતિનાથ જિનાલય, અમલનેર, દેવલાલી - કલાપુણમ્ અને ત્યારબાદના દિવસે સંભવનાથ જિનાલય અને ધર્મચક્ર જેવાં પ્રસિદ્ધ સ્થળોએ દર્શન - પૂજન કર્યા બાદ સાપુતારા થઈને શ્રી બળેશ્વર પહોંચ્યા હતા. પ્રવાસના અંતિમ દિવસે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં કાચનું મંદિર, પંચકલ્યાણક અને ઓમકારેશ્વર જિનાલયમાં પ્રભુ-ભક્તિનો લાભ લઈને રાત્રિના સમયે અમદાવાદ પરત આવ્યા હતા. આ પ્રકારના કાર્યક્રમો અનુકૂળતાએ યોજાતા રહે તેવી લાગણી સૌએ વ્યક્ત કરી હતી. જે યાત્રા-પ્રવાસની સફળતા સૂચકનો પ્રતિસાદ કહી શકાય.

*અરવિંદભાઈ શેઠ - અમદાવાદ*

● ● ● ● ●

## સંસ્થામાં શરતી દાન શા માટે?

ઘણી સામાજિક સંસ્થાઓ અને તેના હોદ્દેદારો પોતાના સભ્યોના હિતાર્થે સેવાકીય પ્રવૃત્તિઓ કરતા હોય છે. બીજી તરફ, સારા ભંડોળ સાથે સ્થાપિત જે સંસ્થા હોય ત્યાં ફક્ત પોતાનું નામ કમાવવા ખાતર આજના આગેવાનો પાંચ-દસ લાખનું દાન આપીને તેવી સંસ્થામાં ઉચ્ચ હોદ્દો ગ્રહણ કરી લેતા હોય છે. ત્યારબાદ પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરીને પોતાના સ્વાર્થ પૂરતી સંસ્થાની કામગીરી ચલાવતા હોય છે. સામાન્ય રીતે આ પ્રકારના આગેવાનો સંસ્થામાં વાર-તહેવારે જ હાજરી આપતા હોય છે. ક્યારેક એવું પણ કરતા હોય છે કે સંસ્થામાં મોટી રકમવાળી નાની-મોટી કોઈ યોજનાઓ ઊભી કરીને, તેમાં પોતાની સખાવત દ્વારા પોતાનું વર્ચસ્વ વધારતા હોય છે. આ રીતે તેમની સખાવત શરતી દાન જેવું કહી શકાય. તે કેટલે અંશે ઉચિત કહી શકાય?

અગાઉના દાનેશ્વરીઓ આનાથી જુદી જ વિચારસરણી ધરાવતા હતા. તેઓ ખૂબ દીર્ઘદૃષ્ટિ અને સારી સૂઝબુઝવાળા હતા. તેઓ કદાપિ નામ વાસ્તે કામ કરતા નહિ. તેઓ શાળા, કોલેજ, હોસ્ટેલ, લગ્નવાડી, અતિથિગૃહો, ભોજનશાળા, સ્થાનકો વગેરે ઊભાં કરીને લાંબી નજર ધરાવતા હતા. તેઓએ રોપેલાં વૃક્ષોનાં ફળો આજે આપણે આરોગી રહ્યા છીએ. તેઓ બધા નિઃસ્વાર્થ, સાચા અને ખરા અર્થમાં નેતા હતા. તેઓ દરેકને ધન્યવાદ સાથે ખૂબ ખૂબ અભિનંદન.

આજના કહેવાતા સમાજનેતાઓ - સેવકોમાં આવી ભાવના ક્યાં છે? તેઓ પોતાની શરતો આધારિત, પોતાની પેનલ બનાવીને સત્તા કબજે કરવી એટલું જ ખ્યાલમાં રાખે છે. પોતાનાથી હલનચલન પણ થતી ના હોય, તો પણ હોદ્દા પર બેસી રહેતા હોય છે. માત્ર ફોનથી કામ કરતા હોય છે અથવા ઘરે બેસીને સહીઓ કરતા હોય છે. આવી રીતે સંસ્થા ચલાવવાનો શું મતલબ? આવી કામગીરી અને શરતી દાન આપનારાઓને સલામ!!

*માવજી કાનજી પાસડ - મુંબઈ*
*મો. ૯૩૨૪૬ ૧૨૧૬૦*

● ● ● ● ●

## 'મંગલ મંદિર' માર્ચ ૨૦૧૨નો અંક

'મંગલ મંદિર' માસ માર્ચ ૨૦૧૨નો અંક જોઇ, વાંચી આનંદ થયો.

**અંક અનેક રીતે સુંદર છે, છાપકામ, ડિઝાઇન, લેખો, સમાચારો, વાંચનસામગ્રી ભાષા રજુઆત વગેરે ખૂબજ પસંદ પડે તેવાં છે. કરેલી મહેનત પ્રશંસનીય છે.**

અંકમાંના લેખો (૧) માનવ વિકાસમાં ધર્મનો ફાળો કેટલો? (૨) અંધશ્રદ્ધા વિ. શ્રદ્ધા, (૩) નર્મદા યોજના વગેરે ખૂબજ પસંદ પડ્યા. લેખો વિચારણા પ્રેરક છે.

આપે મને અંક મોકલ્યો તેથી આનંદ થયો છે તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

*સી.એ. એમ.ટી. શાહ ('અબુધ'), બી.કોમ., એફ.સી.એ. - વડોદરા*

● ● ● ● ●

## ગાય અને તાજા જન્મેલા વાછરડાને નવજીવન

અબડાસા તાલુકાના ખારૂઆ અને ચીઆસર વચ્ચે આવેલા પાણીથી ભરચક એક ડેમની વચ્ચેના નાનકડા ટાપુ પર તાજેતરમાં એક ગાયે વાછરડાને જન્મ આપ્યો. હવે આ ગાય અને વાછરડાને કિનારા પર લાવવાનાં ગામ લોકોએ કરેલા બધા પ્રયાસો નિષ્ફળ ગયા હતા. આ વાતની ખબર ચીઆસર ખાતે નિવૃત્ત જીવન ગાળતા મૂળ વીઢનાં પણ મોસાળના ગામ ચીઆસર ખાતે રહેતા શ્રી ભરત હંસરાજ શાહને ખબર પડતાં, તેમણે શોખને ખાતર વસાવેલી નાનકડી બોટ લઇને ડેમ પર પહોંચી ગયા અને બોટ દ્વારા વાછરડાને અને ગામના લોકોની મહેનતથી ગાયને કિનારે લાવવાની એક ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી.

શ્રી ભરતભાઇની મદદ સમયસર ન મળત તો ગાય અને વાછરડા બેઉ અબોલ જીવોને બચાવવાનું કામ મુશ્કેલીભર્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ શ્રી ભરતભાઇની સાવધાનીની તારીફ કરીને આભાર માન્યો હતો.

*એલ. ડી. શાહ - બિદડા, કચ્છ*

● ● ● ● ●

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ભારતીય લોકકલાને જીવંત રાખવાના આશયથી લોક સંસ્કૃતિના કાર્યક્રમનું આયોજન થયું

પશ્ચિમની સંસ્કૃતિના આક્રમણ અને પ્રચાર માધ્યમોની ભરમાર વચ્ચે **ગ્રામ મનોરંજન કરનાર ગરીબ કલાકારોની આર્થિક સ્થિતિ ચિંતાજનક બની છે.** તેમની આ ગંભીર સમસ્યા તરફ કોઈ જોતું નથી ત્યારે એમના આંસુ લૂછવાના યત્કિંચિત પ્રયત્નોમાંથી જેનો જન્મ થયો છે એવા ગુજરાત લોકકલા ફાઉન્ડેશન, ગુજરાત લોકકલા કેન્દ્ર દ્વારા ભારતીય લોક કલાઓને જીવંત રાખવાના આશયથી તાજેતરમાં ટાગોર હોલ ખાતે હોળીને અનુલક્ષીને એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત અને રાજસ્થાન હંમેશાં લોક સંસ્કૃતિના કેન્દ્ર બિંદુ રહ્યાં છે. આ કાર્યક્રમમાં રાજસ્થાનની લાંગા માંગણીયાર લોકકલાકારોની એક મંડળીએ તેમજ ગુજરાતના લોક કલાકાર રાજશ્રીદેવી પરમારે અનુક્રમે સૂફી બંદીશો અને લોકગીતોની રજૂઆત કરી હતી.

આ પ્રસંગે રાજસ્થાની લોકકલા અને લોક સંગીતનો દુનિયાભરમાં ડંકો વગાડનાર શ્રી કમરુદ્દીનખાં અને લોક સંગીતના સંખ્યાબંધ કાર્યક્રમો પ્રસ્તુત કરનાર રાજશ્રીદેવી પરમારને લોકકલા ફાઉન્ડેશન તરફથી રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા. આ સિવાય ભાવનગરની કે.પી.ઈ.એસ. કોલેજના વિદ્યાર્થીઓએ ૨૦ ઉપરાંત ભારતીય લોકવાદ્યોની રમઝટ બોલાવીને દર્શકોનાં હૈયાંને હેલે ચડાવ્યાં હતાં.

**આ પ્રસંગે સુપ્રસિદ્ધ કટાર લેખક શ્રી કાંતિ ભટ્ટ મુંબઈથી ખાસ પધાર્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં જે પ્રખ્યાત હસ્તીઓ હતી તેમાં ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદના શ્રી મનુભાઈ શાહ એક હતા.** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના, શ્રી શાહ ઉપપ્રમુખ પણ છે.

*દિનેશ મહેતા*

## 'ડિઝાસ્ટર પ્રિવેન્શન' સાર્ક (SAARC) પ્રતિનિધિ મંડળ સાથે મિટિંગ

એક્શન ગ્રૂપ ઈન્ડિયા દ્વારા સાઉથ એશિયન એસોસિએશન ઓફ રિજનલ કો-ઓપરેશન (સાર્ક)ના કુલ આઠ દેશ પૈકી શ્રીલંકા, નેપાલ, ભૂતાન અને બાંગ્લાદેશનું એક પ્રતિનિધિ મંડળ માર્ચ માસના પ્રથમ સપ્તાહમાં અમદાવાદની મુલાકાતે આવ્યું હતું. આ પ્રતિનિધિ મંડળે ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ખાતે ડિઝાસ્ટર પ્રિવેન્શન સાથે સંકળાયેલી સ્થાનિક બિનસરકારી સંસ્થાઓ જોડે ચર્ચા કરીને તેમના દેશમાં ડિઝાસ્ટરના અનુભવો કહ્યા હતા. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (જી.એસ.ડી.એમ.એ.) અને મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓએ કરેલી ડિઝાસ્ટર મિટિગેશનની વાતથી સાર્ક દેશોના પ્રતિનિધિઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

જી.એસ.ડી.એમ.એ.ના સી.ઈ.ઓ.એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, દરેક દેશની ડિઝાસ્ટરની વિશેષતા હોય છે. ગુજરાતે સાઈક્લોન, ભૂકંપ, પૂર જેવી આફતોને ટાળવા માટે પૂરતી ટેકનોલોજી મેળવ્યા પછી **હવે ઈન્ડસ્ટ્રીયલ અને કેમિકલ ડિઝાસ્ટરની મિટિગેશન માટે તૈયાર રહેવું જોઈએ.** ગુજરાતની ધરતી હેઠળ ૧૮,૦૦૦ કિ.મી.ની ઓઈલ અને ગેસની પાઈપલાઈન છે. તેમાં કોઈ ડિઝાસ્ટર ન થાય તેની તકેદારી પણ રાખવી જોઈએ. શ્રીલંકન રેડક્રોસ સોસાયટીના અધિકારીઓએ કહ્યું હતું કે, **મારી પ્રથમ મુલાકાતમાં ગુજરાતે કરેલા ડિઝાસ્ટર મિટિગેશનના પ્રયત્નો જોઈને હું ખૂબ પ્રભાવિત થયો છું.** મિટિંગ દરમ્યાન વર્ષ ૨૦૦૧ના કચ્છ અને ગુજરાતના ભૂકંપના કારણે થયેલા નુકસાનની અને ત્યારબાદ થયેલ કામગીરી તેમજ ભૂકંપગ્રસ્ત વિસ્તારના મકાનોના બાંધકામની ટેકનિકલ સ્થિતિ વગેરેની રજૂઆત થઈ હતી. પોતાના પ્રતિભાવમાં પ્રતિનિધિ મંડળે જણાવ્યું હતું કે, આ મિટિંગમાં **તેમને ઘણી ઉપયોગી માહિતી જાણવા મળી છે અને તે માટે ગુજરાત અને ભારત પ્રત્યે ખાસ આભારની લાગણી વ્યક્ત કરી હતી.**

ઉપરોક્ત મિટિંગમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિ તરીકે શ્રી દિનેશ આર. મહેતાએ ઉપસ્થિત રહીને સાર્કના પ્રતિનિધિ-મંડળ સાથે અનૌપચારિક વાતચીતમાં વર્ષ ૨૦૦૧ના ભૂકંપના સમયે, સમાજે કચ્છ અને ગુજરાતમાં કરેલ કામગીરીની ઝલક આપી હતી.

*દિનેશ મહેતા*

## શ્રી કચ્છી વિશાળ ઓશવાળ જૈન સમાજ-સુરત

ઉપરોક્ત સંસ્થાના સંચાલન માટે 'માનદ સલાહકાર બોર્ડ' તેમજ કારોબારી સમિતિની આગામી ત્રણ વર્ષ માટે નીચે મુજબ સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

### માનદ્ સલાહકાર બોર્ડ

શ્રી પોપટભાઈ રવજી ગડા, શ્રી મનુભાઈ રામજી છેડા, શ્રી મનસુખભાઈ ગાંગજી છેડા, શ્રી જયંતભાઈ નાનજી છેડા, શ્રી પંકજભાઈ ફુલચંદ ગડા

### કારોબારી સમિતિ

| | |
|---|---|
| પ્રમુખ | : શ્રી અશ્વિનભાઈ પોપટલાલ ગડા |
| ઉપપ્રમુખ | : શ્રી અનિલભાઈ શાંતિલાલ ગાલા |
| ઉપપ્રમુખ | : શ્રી વસંતભાઈ લક્ષ્મીચંદ કારાણી |
| મંત્રી | : શ્રી ભરતભાઈ ખીમજી ગાલા |
| મંત્રી | : શ્રી મણિલાલભાઈ મેઘજી વીરા |
| મંત્રી | : શ્રી જયેશભાઈ દામજી વિસરીયા |
| ખજાનચી | : શ્રી ભાવેશભાઈ અરવિંદ ભેદા |
| સહખજાનચી | : શ્રી નિમિત્તભાઈ પ્રેમજી દેઢિયા |

*સભ્યો :* શ્રી ચિરાગભાઈ મહેન્દ્ર ગાલા, શ્રી કિશોરભાઈ ગાંગજી છેડા, શ્રી ભરતભાઈ વેરશી સાવલા, શ્રી દિપીનભાઈ જયંતી ગાલા, શ્રી વીરેનભાઈ ચંદ્રકાંત ગાલા, શ્રી ભોગીલાલભાઈ રવજી રાંભિયા, શ્રી જિજ્ઞેશ તલકચંદ ગોગરી ■

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. (૧) વિદ્યાલય, (૨) ઘર (પાના : ૫૫)

૨. મેરીકાની. એ જાડા બરછટ કાપડનું નામ છે. અમેરિકામાં બનતું હતું. (પાના : ૩૯)

૩. ડિસેબલ્ડ - અપંગ. એમના પ્રત્યેનું આપણું વલણ નિરાશાજનક છે. (પાના : ૩૭)

૪. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ. (પાના : ૧૪)

૫. કોઈ પણ ભગવાન માટે માણસના દિલથી ચડિયાતું કોઈ મંદિર નથી અને શ્રદ્ધાથી.... (પાના : ૧૮)

૬. તમારે લીધે દુનિયામાં કોઈ સુધાર આવ્યો હોય તો જીવન સાર્થક થયું ગણાય. (પાના : ૨૫)

૭. પ્રથમ સોપાનનું નામ માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન. તા. ૧-૬-૧૯૮૬. (પાના : ૩૨)

*માસ ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી નીચે મુજબ છે.*

૧. શ્રીમતી નયના એ. ગાલા - અમદાવાદ
૨. શ્રીમતી જ્યોતિબહેન એલ. શાહ - અમદાવાદ
૩. શ્રીમતી મીનાક્ષી રજનીકાંત પારેખ - અમદાવાદ
૪. શ્રીમતી અલકા એ. સંઘવી - અમદાવાદ
૫. શ્રી જિતેન્દ્ર ઠાકરશી શાહ - મુંદ્રા
૬. વર્ષાબહેન રવિલાલ પારેખ - અમદાવાદ
૭. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ

*માસ જાન્યુઆરી-૨૦૧૨ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારના પાછળથી આવેલાં નામ નીચે મુજબ છે.*

૧. નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ
૨. જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ

**માસ માર્ચ-૨૦૧૨ના અંકના પ્રશ્નો નીચે મુજબ છે. બધા પ્રશ્નોના ખરા ઉત્તર આપનારનાં જ નામો 'મંગલ મંદિર'ના અંકમાં પ્રસિદ્ધ થશે. આ માટે જવાબ મોકલવાની આખરી તા. ૨૦-૪-૨૦૧૨ છે.**

૧. પીપા ભગતની કઈ પંક્તિ સદા યાદ રાખવા જેવી છે?

૨. મનુષ્યે સમૂહ જીવનમાં રહેતાં કેવા ભાવ કેળવ્યા હતા?

૩. સન ડાયલ બ્રિજ કયા રાજ્યમાં આવેલો છે? તેનું નિર્માણ કયા વર્ષમાં કરવામાં આવ્યું હતું? કેટલા ફૂટ લાંબો છે?

૪. ભારતીય રૂપિયાનું ચલણ ભારત સિવાય બીજા કયા દેશમાં વાપરવામાં આવ્યું હતું?

૫. દુનિયામાં વધુમાં વધુ કોલસા કયા બંદરથી આયાત કરવામાં આવે છે? ને ભવિષ્યમાં કયો લક્ષ્યાંક પૂર્ણ કરવા ધારે છે?

૬. દિલીપભાઈ આશર કયા રમતના નિષ્ણાત છે? તેઓ હાલ ક્યાં વસે છે? તેમજ તેઓનું મૂળ વતન કયું છે?

*ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*માર્ચ – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.*

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ભરત રાયચંદ ખોના — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- ઠક્કર એન.પી.એન. શાળા — મેઘપર, અંજાર, કચ્છ
- હીરાચંદ વેલજી છેડા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- ચંદ્રકાંત પ્રાણજીવન મહેતા — નવાપુરા, માંડવી, કચ્છ
- જયંતીલાલ એસ. શાહ — આદિપુર, કચ્છ
- શૈલેષ વી. બકાણિયા — ભાવનગર
- હરિલાલ એન. શાહ — કલકત્તા

#### ૨ વર્ષનું લવાજમ

- ચંદુભાઈ સી. શાહ — અંજાર, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- દિવ્યાબહેન શરદ શાહ — શાસ્ત્રીનગર, અમદાવાદ
- શૈલેષ મોહનલાલ શાહ — અંજાર, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- રમેશચંદ્ર એલ. શાહ — માંડવી, કચ્છ
- પરેશ શરદભાઈ શાહ — બેંગ્લુરુ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- દિનેશભાઈ ત્રેવડિયા — માટુંગા, મુંબઈ
- ભાવના મહેન્દ્ર વોરા — જામનગર
- રતિલાલ શાહ — થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર
- રાજેન્દ્ર એ. શાહ — સુરત
- રીટાબહેન છાબરિયા — આંબાવાડી, અમદાવાદ
- મુકુંદ કે. મહેતા — આદિપુર, કચ્છ
- રમણિકલાલ રતનશી — થાણા, મહારાષ્ટ્ર

#### 3 વર્ષનું લવાજમ

- પદમશી ખેતશી ગાલા — થાણા, મહારાષ્ટ્ર
- ખીમજી મેઘજી સાવલા — વિદિશા, મધ્યપ્રદેશ
- મણિલાલ વીરજી દેઢિયા — કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ
- પરેશ પ્રેમજી ગાલા — વડોદરા
- મેહુલ લલીત વોરા — વાસણા, અમદાવાદ
- ચીમનભાઈ આર. સંઘવી — રાઉરકેરા, ઓરિસ્સા
- પ્રદીપ રતિલાલ સંઘવી — ચેન્નાઈ

#### ૫ વર્ષનું લવાજમ

- સુરેશ એચ. શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- હસમુખ એચ. શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લમવાજમની વિગત

### માર્ચ-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | કાસ્પ ગુજરાત પ્રોજેક્ટ | લાકડિયા, ભચાઉ (કચ્છ) |
| ૨. | કાસ્પ ગુજરાત પ્રોજેક્ટ | મોરબિયા વાસ, રાપર (કચ્છ) |
| ૩. | પ્રદીપ ધરમશી મહેતા | રાપર (કચ્છ) |
| ૪. | ડી.વી. બુચિયા | ગાંધીધામ, કચ્છ |
| ૫. | વિનોદ બી. દોશી | માંડવી (કચ્છ) |
| ૬. | ભાવેશ એસ. પંડ્યા | નવાપુરા, માંડવી (કચ્છ) |
| ૭. | રસીલાબહેન ડી. પંડ્યા | મણિનગર, અમદાવાદ |
| ૮ | રાજેન્દ્રભાઈ રાવળ | મુબારકપુર, ગાંધીનગર |
| ૯. | અમિષા નીલેશ સાવલા | ખેરવાડી, મુંબઈ |
| ૧૦. | દિનેશ પ્રેમજી દેઢિયા | પાર્લા (ઈસ્ટ), મુંબઈ |
| ૧૧. | ભાઈલાલ મેઘજી છેડા | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૨. | ભગવાનજી વેલુભા ઝાલા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | શાંતિલાલ મૂલજી છેડા | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | સૂરસેન વી. શાહ | કલકત્તા |
| ૧૫. | હિંમતલાલ શાહ | રાઉરકેલા (ઓરિસ્સા) |

### એપ્રિલ-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | છગનલાલ મેઘજી દેઢિયા | રાજકોટ |
| ૨. | ઉદયભાઈ ભટ્ટ | ભુજ |
| ૩. | જુમખલાલ ચુનીલાલ શાહ | ભુજ |
| ૪. | જિતેન્દ્ર ઠાકરશી શાહ | ભુજ |
| ૫. | સોમચંદ વી. ધરમશી | તલવાણા, કચ્છ |
| ૬. | હરીશચંદ્ર નાનચંદ શાહ | માંડવી, કચ્છ |
| ૭. | પ્રણય મફતલાલ શાહ | વાસણા, અમદાવાદ |
| ૮. | નીતિન વેલજી પાલાણી | સેટેલાઈટ, અમદાવાદ |
| ૯. | વર્ષાબહેન પારેખ | ગાંધીનગર |
| ૧૦. | ડૉ. ઠાકરશી મૈશેરી | આણંદ |
| ૧૧. | રાયચંદ રતનશી નાગડા | ફોર્ટ, મુંબઈ |
| ૧૨. | મણિલાલ આસુ ગાલા | દાદર, મુંબઈ |
| ૧૩. | વિજય વર્ધમાન ખોના | ગોવંડી, મુંબઈ |
| ૧૪. | નિર્મળાબહેન આર. દંડ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | ભૂપેન્દ્ર જવેરચંદ મોમાયા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૬. | બિપિન પી. નાગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૭. | મહેન્દ્ર ચીમનલાલ જોટા | કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૮. | હંસરાજ વી. શાહ | કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૯. | શંકરભાઈ કે. ભાનુશાલી | થાણા, મહારાષ્ટ્ર |
| ૨૦. | કિશોર વી. શાહ | ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર |
| ૨૧. | હરીશ પદમશી લોડાયા | નાગપુર, મહારાષ્ટ્ર. |

# સાર સમાચાર

★ કેન્દ્ર સરકારે રાજ્યોને વિવિધ ૮ યોજના માટે રકમ ફાળવી હતી તેમાં રૂા. ૫૧,૦૦૦ કરોડનો કોઈ હિસાબ જ મળતો નથી એમ સી.એ.જી. (કેગ) રિપોર્ટ કહે છે. આ રકમ રાજકારણીઓ અને ઓફિસરો ખાઈ ગયા હશે.

*(ભૂમિપુત્ર, તા. ૧૬-૧-૨૦૧૨)*

★ વર્ષ ૨૦૦૩-૦૪માં માણેકપુર (ઉમરગાંવ) ગામે મુખ્યમંત્રીના હસ્તે ૪૦ ગામ માટેની પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત થયેલું. લોકો સુધી હજુ પાણી પહોંચ્યું નથી.

*('ગુજરાત મિત્ર', તા. ૧૪-૧-૨૦૧૨)*

★ દિલ્હીનાં શ્રીમતી અંજલિ ગુપ્તાએ 'ધી પાથ' નામની એક બિનસરકારી સંસ્થા (એન.જી.ઓ.) શરૂ કરી છે. વર્ષ ૨૦૦૮થી 'બુઝુર્ગો કી હમસફર' નામે વિશિષ્ટ સેવા શરૂ કરી છે. સંસ્થાને જુદી જુદી કંપનીઓએ પાંચ મોટર ગાડીઓ આપી છે અને તેનું સંચાલન ખર્ચ પણ તે કંપનીઓ જ ભોગવે છે. આ સંસ્થા સિનિયર સિટીઝનોને હોસ્પિટલ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન પહોંચાડવા જેવી તદ્દન મફત સેવા આપે છે. માત્ર એક ફોન (મો.) ૯૯૯૯૮ ૬૬૯૬૬ કરવાવો.

*('નયા માર્ગ', તા. ૧-૨-૨૦૧૨)*

★ દિલ્હીની કોર્પોરેટ હોસ્પિટલો દ્વારા હવે નર્સોને 'ગ્રુમિંગ કોર્સ' દ્વારા વધુ પેશ-એ-ખિદમત તથા ઓછી વાંધાજનક બનાવવા માટે પ્રોફેશનલ કન્સલ્ટન્ટ તરીકે 'મિસ ઈન્ડિયા સૌંદર્ય સ્પર્ધા'માં એટીકેટ અને મેનર્સ શીખવનાર કંપનીને કામ સોંપાયું છે.

*('નયા માર્ગ', તા. ૧-૨-૨૦૧૨)*

★ સપ્ટેમ્બર-૨૦૧૧માં મળેલ વિધાનસભામાં જણાવ્યા મુજબ ગુજરાત સરકારે રૂા. ૧૩૦૦ કરોડનું ગૌચર વેચી માર્યું છે. જેની બજાર કિંમત રૂા. દસ હજાર કરોડ જેટલી થવા જાય છે. તા. ૧૭-૫-૨૦૦૫ના રોજ ગુજરાત સરકારે કરેલા ઠરાવ મુજબ ૪૬ લાખ હેક્ટરથી વધુ જમીન સક્ષમ ખેડૂતો અને ઉદ્યોગોને ૨૦ વર્ષના ભાડાપટ્ટે અપાશે. પરંતુ આ જમીનો ઉદ્યોગોને જ આપવામાં આવે છે.

*('નયા માર્ગ', તા. ૧-૨-૨૦૧૨)*

★ હિંદની જેલોમાં સજા પામેલા કેદીઓની સંખ્યા છે ૧,૨૩,૯૪૧. જેમને સજા નથી થઈ એવા કેદીઓની સંખ્યા છે ૨,૫૦,૨૦૪. ઉપર જણાવેલ કેદીઓ પૈકી મહિલા કેદીઓની સંખ્યા છે ૧૫,૪૦૬. ઉપરાંત જેલમાં રહેલી ૧૬૬૫ મહિલાઓની સાથે તેમનાં બાળકોને પણ જેલમાં રહેવું પડે છે.

*('આઉટલુક' અઠવાડિક, તા. ૧૬-૧-૨૦૧૨)*

★ દિગંબર સંપ્રદાયના જૈન મુનિશ્રી તરુણવિજયજી મહારાજે પોતાની સલામતી માટે સશસ્ત્ર બંદૂકધારી અંગરક્ષકો રાખેલ છે. તેમની વિચાર ભિન્નતાના કારણે આમ કરવામાં આવ્યું હોય એવો સંભવ છે.

*('નિરીક્ષક', તા. ૧-૨-૨૦૧૨)*

★ હમણાં 'પદ્મશ્રી' એવૉર્ડનું લિસ્ટ બહાર પડ્યું. તેમાં આસામના વયોવૃદ્ધ ફોટોગ્રાફર સુનિલ જનાહનું નામ છે. આ સુનિલને અગાઉ ૧૯૭૨માં જ પદ્મશ્રી અપાઈ ચૂકેલ છે.

*('સંદેશ' પૂર્તિ તા. ૮-૨-૨૦૧૨)*

★ જાપાનની ફુકુશિમા દુર્ઘટના બાદ હવે જર્મની, ઈટાલી તથા સ્વિટ્ઝરલેન્ડમાં પણ વિરોધના કારણે પોતાની પરમાણું વીજ યોજના બંધ કરેલ છે. જાપાનમાં કુલ્લે ૫૪ યોજનામાંથી હાલે માત્ર ૧૧ યોજનાઓ જ ચાલુ છે અને તેને પણ બંધ કરવાની વિચારણા ચાલી રહી છે.

*('લોક સ્વરાજ', ફેબ્રુઆરી ૨૦૧૨)*

★ દુનિયાની શ્રેષ્ઠ એકસો યુનિવર્સિટીઓમાં હિંદુસ્તાનની એક પણ યુનિવર્સિટીનું નામ નથી.

*('સંદેશ', તા. ૧૦-૨-૨૦૧૨)*

★ હિંદના ૨૧ રાજ્યોના ૩૦૫ ન્યાયાધીશો સામેના તપાસના કેસ રાહ જોતા પડી રહ્યા છે.

*('વિવેકપંથી', જાન્યુઆરી-૨૦૧૨)*

★ ભારતીય મૂળના યહૂદી સંગીતકાર શ્રી ઝુબિન મહેતાને ઈઝરાઈલના 'પ્રેસિડેન્સ એવૉર્ડ ઑફ ડિસ્ટિન્ક્શન'થી સન્માનિત કરવામાં આવેલ છે.

*('સાધના', તા. ૧૮-૨-૨૦૧૨)*

★ વારાણસીના છતપુરમાં ૪૫ વર્ષના જૂના મદરેસામાં ૨૫૦૦ વિદ્યાર્થીઓ કુરાનની સાથે સાથે વેદ, ઉપનિષદ તથા ગીતાનું અધ્યયન પણ કરે છે. આ મદરેસામાં એક પણ હિંદુ વિદ્યાર્થી નથી. વેદ, ઉપનિષદ અને ગીતા વગેરે શીખવવા માટે હિંદુ શિક્ષકો રોકવામાં આવેલ છે.

*('સાધના', તા. ૧૮-૨-૨૦૧૨)*

★ ગુજરાત રાજ્યમાં હાલ એક કરોડ બાંસઠ લાખ બાળકો શાળાએ ભણવા જતાં નથી. અમદાવાદની લગભગ ૪૯૦ સરકારી શાળાઓમાં માત્ર એક જ શિક્ષક બધા વિષયો ભણાવે છે.

*('નયા માર્ગ', તા. ૧૬-૨-૨૦૧૨)*

★ નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન, રિસર્ચ એન્ડ ટ્રેનિંગના એક અભ્યાસ - રિપોર્ટ મુજબ ભાષા, વિજ્ઞાન અને ગણિતમાં ગુજરાતના વિદ્યાર્થીઓ ઘણા નબળા છે.

*('નયા માર્ગ', તા. ૧૬-૨-૨૦૧૨)*

★ સરેરાશ અમેરિકન લગભગ નાદાર જેવો બની ગયો છે. તેમની રોજગારી અને આવકનાં સાધન તેમના હાથમાંથી સરકી ગયા છે. લગભગ ૩૦ ટકા અમેરિકનો સરકાર દ્વારા ચલાવવામાં આવતા જાહેર રસોડામાં જ જમે છે.

*('અખંડ આનંદ', જાન્યુઆરી-૨૦૧૨)*

*સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.*

## શબ્દ રમત-૬૯

*સંકલન : સૂરજલાલ મહેતા*

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ | | ૭ | | ૮ |
| | | | | | | ૯ | | | | | | | | |
| ૧૦ | ૧૧ | | ૧૨ | | ૧૩ | | | ૧૪ | ૧૫ | | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | | | ૧૯ | | | | ૨૦ | | ૨૧ | | | | | |
| ૨૨ | | | | | ૨૩ | ૨૪ | | ૨૫ | | | | | ૨૬ | ૨૭ |
| | ૨૮ | ૨૯ | | ૩૦ | | | | | | ૩૧ | | ૩૨ | | |
| ૩૩ | | | | ૩૪ | ૩૫ | | | ૩૬ | | | | ૩૭ | ૩૮ | |
| ૩૯ | ૪૦ | | ૪૧ | | | | ૪૨ | | | ૪૩ | | | ૪૪ | |
| | ૪૫ | ૪૬ | | ૪૭ | | ૪૮ | | ૪૯ | | | | ૫૦ | | |
| ૫૧ | | ૫૨ | ૫૩ | | | | | | | ૫૪ | ૫૫ | | ૫૬ | |
| ૫૭ | ૫૮ | | | | ૫૯ | | ૬૦ | | ૬૧ | | | | ૬૨ | |
| | | | ૬૩ | | | | | | ૬૪ | | | | | |
| ૬૫ | | ૬૬ | | | ૬૭ | ૬૮ | | ૬૯ | | | | | ૭૦ | ૭૧ |
| | | | | ૭૨ | | ૭૩ | | | | ૭૪ | | ૭૫ | | |
| | | ૭૬ | | | | | | | | ૭૭ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૨-૪-૨૦૧૨)*

### આડી ચાવીઓ

૧. રોકડ સિલક, ખર્ચ જતાં બાકી વધેલી રકમ (૫)
૫. શાહજહાંએ કરાવેલું પ્રખ્યાત સિંહાસન (૫)
૯. લાલાશ, આછું રાતું (૩)
૧૦. માલ મિલકત, દોલત (૨)
૧૩. ધન, દ્રવ્ય (૨)
૧૪. મારું વૃંદાવન છે.... (૨)
૧૬. હેરાનગતિ, સતામણી (૪)
૧૮. અવાજ (૨)
૧૯. ઘેરા બદામી રંગની ગાય (૩)
૨૧. ભૂલ ભરેલું, જૂઠ્ઠું (૩)
૨૨. હંમેશાં (૨)
૨૩. પતરાળાંની હાર (૫)
૨૬. દાનવોનો શિલ્પી, શરાબ (૨)
૨૮. પારસીઓનું બેસતું વર્ષ (૪)
૩૧. પ્રધાન, શતરંજનું એક મહોરું (૩)
૩૪. મચકોડ, લચકાતી ચાલ (૩)
૩૬. મોટો ખાટલો (૩)
૩૭. ધોરણ, માપ (૩)
૩૯. અનુકૂળ વખત, લાગ (૨)
૪૧. દાળમાં વપરાતું એક ખાટું ફળ (૩)
૪૩. એક હિંસ્ર પ્રાણી (૨)
૪૪. સૂઝ, શોક (૨)
૪૫. માછલાં પકડવાની જાળી (૨)
૪૭. મનુષ્યનું શરીર (૫)
૫૨. લલાટ (૩)
૫૪. પ્રજાના પ્રતિનિધિની સભા, સંસદ (૪)
૫૭. સો હજાર (૨)
૫૯. શ્રાવણી પૂર્ણિમાને દિવસે ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ (૫)
૬૨. સ્થિતિ, હાલત (૨)
૬૩. તૈયાર, સજ્જ (૩)
૬૪. મોર (૩)
૬૫. નફો ચડાવ્યા વિનાનું (૪)
૬૭. તંતુ, દોરો, રેસો (૨)
૬૯. બાગ બગીચો (૨)
૭૦. ચૂંટણીનો મત (અં.) (૨)
૭૩. સંરક્ષણ, ઉગારો (૩)
૭૬. શરણે આવેલું, શરણાર્થી (૫)
૭૭. મહેનત, ફાંફાં (૫)

### ઊભી ચાવીઓ

૧. હાકેમ સાથે ઓળખાણવાળું (૫)
૨. પરિપૂર્ણ, ફલપ્રાપ્તિ (૨)
૩. વાનર (૨)
૪. લૂગડાં ઉપર વેલ-બુટ્ટી ભરવી (૩)
૫. રેશમનું રંગીન કપડું (૩)
૬. મર્મ, ભેદ, રહસ્ય (૨)
૭. બંદગી (૩)
૮. કાચનું નળાકાર પાત્ર (૩)
૧૧. બારીનો કાચ (૪)
૧૨. તંબૂરો (૪)
૧૩. રુદન, આક્રંદ (૩)
૧૫. એક કંદ (૩)
૧૬. બડાઈ (૪)
૧૭. શક, સંદેહ (૩)
૨૦. --- ધોરણ (૨)
૨૪. છૂટાછેડા, ફારગતી (૩)
૨૫. વરસાદ પછી જમીનનું સુકાવું (૩)
૨૭. કમળના ફૂલ જેવી કીર્તિ (૫)
૨૯. ધનદૌલત (૨)
૩૦. ... છાંડી જાને બાળા (૫)
૩૧. મોટાની સાથેનો સંબંધ - ઓથ (૫)
૩૨. સુંદર સ્ત્રી (૨)
૩૩. આબરૂ, વિશ્વાસ (૨)
૩૫. બગીચો, આનંદ (૩)
૩૮. પર્વત (૨)
૪૦. આફત, હાણ (૨)
૪૨. ... માતરમ્ (૨)
૪૬. નસીબ, પ્રારબ્ધ (અં.) (૨)
૪૮. ખેતરમા સારા પાક માટે વપરાતું (૩)
૪૯. કામવાસના (૩)
૫૦. ગંધ, વસવાટ (૨)
૫૧. આવ.... પકડ ગલા (૨)
૫૩. કન્યાને પરણતી વખતે પહેરવાનું સફેદ વસ્ત્ર (૪)
૫૫. મધુર ધ્વનિ (૪)
૫૬. વિક્રમ સંવતનો અગિયારમો મહિનો (૪)
૫૮. જાડા રગડાનો લેપ (૩)
૫૯. શૂરવીરતા, પરાક્રમ (૩)
૬૦. રસ્તો (૨)
૬૧. નાનો લીમડો, એક ગામ (૩)
૬૫. પશ્ચાતાપ, ખેદ (૩)
૬૬. એકદમ મારેલી ઝૂંટ (૩)
૬૮. લખાણ ભૂંસવાનું સાધન (૩)
૬૯. નાની વાવ (૩)
૭૧. બોગદું, ભોંયરું (૩)
૭૨. આસક્તિ, પ્યાર (૨)
૭૪. દીવાની જ્યોત (૨)
૭૫. સોનું (૨)

*મિત્રનો ધર્મ હાસ્યનો કોલાહલ વધારવામાં નથી, દુઃખનાં આંસુ લૂછવામાં છે.*

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. મોટામાં મોટી શાર્ક (માછલી) ૨૦ ફૂટ લંબાઇ અને ૨૨૬૮ કિલોગ્રામ વજનની મળી આવેલી છે.

શાર્ક વિશ્વભરમાં પ્રવાસ કરે છે અને બધા મહાસાગરોમાં જોવા મળે છે. શાર્કનાં બચ્ચાં માતાના ગર્ભમાં હોય ત્યારે એકબીજાને ખાઇ જતાં હોય છે.

બચી ગયેલાં પાંચ ફૂટ લાંબાં દસેક બચ્ચાં જન્મ લઇ શકે છે.

શાર્કની આંખો, કાન અને નાક ખૂબ જ શક્તિશાળી હોય છે. આંખો દ્વારા અનેક રંગો, કાન દ્વારા અવાજ અને નાક દ્વારા ઘણે દૂરથી લોહીની ગંધ પારખી શકે છે.

શાર્ક ૭૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે તરે છે.

શાર્ક માછલી ક્યારેય કોઇ રોગનો શિકાર બનતી નથી. કારણ કે તેની પાસે કેન્સર સહિતના મહત્ત્વના ગંભીર રોગોનો પ્રતિકાર કરનાર ઘટક તત્ત્વો ઉપલબ્ધ છે.

ગ્રે વ્હેલ દર વર્ષે સ્થાનાંતર માટે ૧૨૫૦૦ માઇલનું અંતર કાપે છે.

૨. એશિયામાં પાલતુ પ્રાણી તરીકે ઘોડાનો ઉપયોગ કદાચ ૪૦૦૦ વર્ષ કરતાં પહેલાં થયો હતો.

ઘોડો એક દિવસમાં દશ ગેલન પાણી પી શકે છે.

ઘોડાનું બચ્ચું જન્મે ત્યારબાદ એકથી બે કલાકમાં તે ઊભું થઇને ચાલવા લાગે છે.

ન્યૂયોર્ક સિટીના એક પ્રદર્શનમાં થમ્બ્લીના નામનો ૧૭ ઇંચ ઊંચાઇનો ઘોડો જોવા મળ્યો હતો.

ઘોડાનું આયુષ્ય આશરે ૨૫થી ૩૦ વર્ષ સુધીનું હોય છે. સૌથી લાંબુ આયુષ્ય ભોગવનાર ઘોડાનું નામ "ઓલ્ડ બિલી" હતું. જે ૬૨ વર્ષ જીવ્યો હતો.

૩. કીડી પોતાના વજન કરતાં પચાસ (૫૦) ગણું વજન ઊંચકી શકે છે. કીડીનું શરીર એક મિલિમીટર જેટલું હોય છે અને વજન એક મિલિગ્રામ જેટલું.

૪. બિલાડીના શરીરમાં ૨૩૦ હાડકાં હોય છે અને બિલાડીની પૂંછડીમાં ૨૩ હાડકાં હોય છે જેના વડે તે સમતોલન જાળવી શકે છે.

બિલાડીના કાનના સંચાલન માટે ૩૨ સ્નાયુઓ હોય છે.

બિલાડીની મૂછમાં ૨૪ વાળ હોય છે. બન્ને તરફ ૪-૪ની લાઇનમાં મૂછોના વાળ સ્વતંત્ર રીતે દિશા બદલી શકે છે.

બિલાડીનું હૃદય મિનિટમાં ૧૪૦થી ૧૮૦ ધબકારા મારે છે.

સૌથી વધુ ઊંઘનારા પ્રાણીમાં બિલાડી એક છે. જે ૨૪ કલાકમાં લગભગ ૧૬ કલાક જેટલું ઊંઘે છે. પરંતુ એ ઘસઘસાટ ઊંઘતી હોય તો પણ સહેજ પણ અવાજ થતાં જ સફાળી બેઠી થઇ કૂદકો મારી નાસી જાય છે.

૫. ફ્લેમિંગો ૫૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ઊડી શકે છે અને એક રાતમાં ૬૦૦ કિલોમીટર જેટલું ઊડાણ કરી શકે છે.

૬. ખિસકોલી ૩૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે.

૭. વિશ્વનું સૌથી ઊંચું પક્ષી ઉત્તર આફ્રિકાનું શાહમૃગ છે. તે ૨.૭૪ મીટર ઊંચું હોય છે. તેની ડોક ૧.૪ મીટર લાંબી હોય છે.

વિશ્વનું સૌથી નાનું પક્ષી ક્યુબા-પેરૂમાં થતું હમિંગ બર્ડ છે. તે ૫૭ મિલીમીટર લંબાઇ (એટલે બે ઇંચથી થોડું વધુ) અને માત્ર ૧.૬ ગ્રામ વજનનું હોય છે.

વિશ્વમાં સૌથી લાંબી ચાંચવાળું પક્ષી ઑસ્ટ્રેલિયન પેલિકન છે, જેની ચાંચ ૩૪ સેન્ટીમીટર લાંબી (લગભગ ૧૩ ઇંચ) હોય છે.

૮. કોડિયાક રીંછ જે માત્ર અલાસ્કામાં જ જોવા મળે છે તે આઠ ફૂટ લંબાઇ ધરાવે છે અને ૧૭૦૦ પાઉન્ડનું (લગભગ ૮૫૦ કિલોગ્રામ) વજન ધરાવે છે.

૯. પેન્ગ્વિન એક પ્રકારનું પક્ષી છે પણ તે ઊડી શકતું નથી. પણ પાણીમાં પોતાની પાંખો વડે તરી શકે છે અને પાણીમાં ડૂબકી મારી શકે છે. સાથોસાથ તે જમીન ઉપર પણ ચાલી શકે છે. પેન્ગ્વિન સાધારણ રીતે ગ્રૂપમાં જોવા મળે છે. તેઓ પીવાના પાણી તરીકે સ્નૉ (બરફ) નો ઉપયોગ કરે છે. પેન્ગ્વિન બે ઇંડાં મૂકે છે. નર ઇંડાંનું સેવન કરે તે દરમિયાન માદા પેન્ગ્વિન ખોરાકની શોધમાં જાય છે.

## શબ્દ રમત-૬૮નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉ | પ | પ્ર | મુ | ખ | | ચા | | આ | દ | ર | ભા | વ | | ક |
| મં | | ત | | લ | | રો | માં | ચ | | તિ | | બા | | દ |
| ગ | જ | | શ | | પ | ળી | | કો | મ | | મ | લ | ખ | મ |
| | મ | | ર | વા | શ | | ધી | | ગ | જ | બ | | લ | |
| દા | રૂ | | બ | | મ | ક | ર | બા | જ | | લ | | ક | ફ |
| | ખ | ડ | ત | લ | | પિ | તા | | | વિ | ક | ટ | | ના |
| શં | | ગ | | ક્ક | | લા | | સ | ળં | ગ | | સ | જા | |
| કા | થો | | માં | ડ | વ | | સ | હ | | ત | ન | | મ | ધ |
| | રો | ગ | | ખો | ખ | રું | | પ્ર | | વા | | લા | | ન |
| શી | | પ | સં | દ | | | દ | વા | | ર | મ | ત | લ | |
| ત | સ | | તુ | | મ | યૂ | રા | સ | ન | | ફ | | ખે | દ |
| | મી | | લ | લા | ટ | | ર | | વા | સે | લ | | શ | |
| વ | ર | દા | ન | | કું | તા | | રા | બ | | ર | | રી | મ |
| દ | | મ | | શો | | સ | મ | ય | | દુ | | જં | | હા |
| ન | | ન | જ | ર | યૂ | ક | | કો | | આ | વા | ગ | મ | ન |

*એ ધન કમાવવાનો કોઈ અર્થ નથી, જેને ભોગવવા તમારી પાસે સમય જ નથી.*

## ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૪નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૨. જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ

## માર્ચ-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૫નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. નયન મધુકાંત મોમાયા - અંકલેશ્વર
૨. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ

## વ્યાપારમાં નીતિ

'હિંદના દાદા' તરીકે ઓળખાતા દાદાભાઈ નવરોજી પોતાની કારકિર્દીના પ્રારંભમાં એક વ્યાપારી પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા હતા.

એ પેઢીને મુંબઈના એક વેપારી તરફથી દોરાનાં રીલો સપ્લાય કરવાનો મોટો ઓર્ડર મળ્યો.

દોરાનાં રીલો જોઈને દાદાભાઈને લાગ્યું કે આમાં સો ગજ દોરો લાગતો નથી. તપાસ્યું તો તેમાં એંસી ગજ દોરો નીકળ્યો! નીતિના માર્ગે ચાલનાર દાદાભાઈથી આવી છેતરપિંડી અને અનીતિ કેમ સહન થઈ શકે? દાદાભાઈએ કંપનીને આ સોદો રદ કરવા જણાવ્યું.

પણ ભાગીદારો શાના માને? જેમાં મોટા નફાની અપેક્ષા હોય એવો સોદો રદ કરવાનું તેઓ વિચારી પણ કેમ શકે? છતાં દાદાભાઈએ આગ્રહ કર્યો કે વેપાર અનીતિથી તો ન જ કરાય.

ભાગીદારોએ જણાવ્યું, 'જો વેપારી ઓછો દોરો નીકળ્યાની ફરિયાદ કરશે તો જે કંપની પાસેથી આપણે રીલો ખરીદ્યાં છે તેની પાસે નુકસાની પેટે રકમ વસૂલ કરીને એ રકમ મુંબઈના વેપારીને આપી દઈશું. પણ સોદો તો રદ નહીં જ થવો જોઈએ.'

નીતિવાન એવા દાદાભાઈને આથી મોટો આઘાત લાગ્યો. આવા અનીતિમય વેપાર કરતાં ભૂખે મરવાનું તેમને બહેતર લાગ્યું. આવી અનીતિથી કંટાળી દાદાભાઈ પેઢીમાંથી છૂટાં થયા.

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૨૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૪-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ મે-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

### ક્રમાંક - ૧૦૨૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | | | | ૨ | | | ૬ |
| | | ૩ | ૧ | | ૫ | | ૨ | |
| | | ૫ | | | ૯ | | ૩ | ૧ |
| ૩ | | ૯ | | ૫ | | ૬ | | |
| ૧ | | | ૪ | | ૬ | | | ૫ |
| | | ૪ | | ૩ | | ૨ | | ૭ |
| ૯ | ૮ | | ૫ | | | ૪ | | |
| | ૩ | | ૬ | | ૪ | ૫ | | |
| ૫ | | | ૮ | | | | ૭ | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૯ | | | | ૫ | | |
| | ૮ | | ૨ | ૫ | | | ૩ | |
| | | | | | ૮ | ૪ | ૨ | |
| | ૩ | ૬ | | | ૪ | ૭ | | |
| | | | ૭ | ૬ | ૩ | | | |
| | | ૨ | ૫ | | | ૧ | ૬ | |
| | ૯ | ૩ | ૮ | | | | | |
| | ૨ | | | ૭ | ૧ | | ૯ | |
| | | ૫ | | | | ૩ | ૧ | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૬ | ૪ | ૧ | ૨ | | | |
| | | ૨ | | ૭ | ૩ | | | ૬ |
| ૩ | | | | | | ૪ | | |
| ૯ | ૭ | ૩ | | | ૪ | | | |
| | ૧ | ૫ | | ૮ | | ૭ | ૪ | |
| | | | ૨ | | | ૧ | ૫ | ૯ |
| | | ૭ | | | | | | ૧ |
| ૧ | | | ૭ | ૨ | | ૩ | | |
| | | | ૯ | ૬ | ૧ | ૫ | ૨ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૧ | | | |
| ૪ | | | ૭ | ૮ | | | | ૨ |
| | ૭ | ૧ | ૬ | | | | ૯ | ૫ |
| | ૪ | | ૧ | | | ૨ | | ૭ |
| | ૧ | | ૪ | ૭ | ૨ | | ૬ | |
| ૨ | | ૭ | | | ૫ | | ૮ | |
| ૧ | ૬ | | | | ૩ | ૭ | ૨ | |
| ૫ | | | | ૪ | ૭ | | | ૧ |
| | | | ૯ | | | | ૪ | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૨૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૫ | ૯ | ૨ | ૧ | ૮ | ૪ | ૭ |
| ૪ | ૯ | ૨ | ૭ | ૬ | ૮ | ૩ | ૫ | ૧ |
| ૭ | ૧ | ૮ | ૩ | ૫ | ૪ | ૨ | ૯ | ૬ |
| ૬ | ૭ | ૩ | ૪ | ૯ | ૫ | ૧ | ૮ | ૨ |
| ૨ | ૪ | ૧ | ૮ | ૩ | ૬ | ૫ | ૭ | ૯ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૧ | ૭ | ૪ | ૬ | ૩ |
| ૯ | ૩ | ૭ | ૫ | ૪ | ૨ | ૬ | ૧ | ૮ |
| ૮ | ૫ | ૬ | ૧ | ૭ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૧ | ૨ | ૪ | ૬ | ૮ | ૯ | ૭ | ૩ | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૧ | ૪ | ૬ | ૫ | ૭ | ૮ | ૯ |
| ૯ | ૬ | ૫ | ૭ | ૮ | ૩ | ૧ | ૨ | ૪ |
| ૮ | ૪ | ૭ | ૧ | ૯ | ૨ | ૬ | ૫ | ૩ |
| ૬ | ૮ | ૪ | ૯ | ૭ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૮ | ૯ | ૭ | ૬ |
| ૫ | ૭ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ | ૮ |
| ૨ | ૧ | ૬ | ૮ | ૫ | ૪ | ૩ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૨ | ૩ | ૭ | ૫ | ૬ | ૧ |
| ૭ | ૫ | ૩ | ૬ | ૧ | ૯ | ૮ | ૪ | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૨ | ૯ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૯ | ૧ | ૩ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૭ | ૧ | ૬ | ૫ | ૮ | ૪ |
| ૬ | ૭ | ૪ | ૯ | ૮ | ૨ | ૩ | ૧ | ૫ |
| ૫ | ૧ | ૮ | ૬ | ૪ | ૩ | ૭ | ૯ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૫ | ૭ | ૧ | ૪ | ૬ | ૮ |
| ૩ | ૬ | ૭ | ૪ | ૨ | ૮ | ૯ | ૫ | ૧ |
| ૧ | ૪ | ૨ | ૩ | ૯ | ૫ | ૮ | ૭ | ૬ |
| ૮ | ૯ | ૫ | ૧ | ૬ | ૭ | ૨ | ૪ | ૩ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૬ | ૭ | ૯ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૮ | ૯ | ૭ | ૩ | ૫ | ૨ | ૪ | ૬ | ૧ |
| ૨ | ૫ | ૧ | ૮ | ૬ | ૪ | ૩ | ૯ | ૭ |
| ૭ | ૨ | ૪ | ૬ | ૩ | ૫ | ૮ | ૧ | ૯ |
| ૯ | ૮ | ૫ | ૧ | ૨ | ૭ | ૬ | ૩ | ૪ |
| ૬ | ૧ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૫ | ૨ |
| ૫ | ૬ | ૮ | ૨ | ૭ | ૯ | ૧ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૯ | ૫ | ૧ | ૩ | ૨ | ૮ | ૬ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૮ | ૬ | ૯ | ૭ | ૫ |

*આપણી કોઈપણ ક્રિયાથી કોઈને પણ કિંચિત માત્ર દુઃખ થવું ન જોઈએ.*



સંકલન : રજનીકાંત ધરમશી પારેખ
દિનેશ આર. મહેતા

★ **કંડલા સોલ્ટ લીઝ :** કંડલા પોર્ટ ટ્રસ્ટ સત્તાવાળાઓએ સોલ્ટ લીઝ હોલ્ડરોની જમીનો ખાલી કરાવવા માટે હાથ ધરેલી કાર્યવાહીને પડકારતી રિટ ગુજરાત હાઈકોર્ટે દાખલ કરીને તાજેતરમાં સ્ટે ફરમાવ્યો છે અને ચાર સપ્તાહમાં અરજદારોને યોગ્ય ફોરમ સમક્ષ રજૂઆત કરવા સૂચવ્યું છે. કંડલા પોર્ટ ટ્રસ્ટની જમીન પર વર્ષોથી મીઠું પકવતા લીઝ હોલ્ડરોની લીઝ રિન્યૂ નહીં કરવાનો નિર્ણય તા. ૨૬-૮-૨૦૧૧ના રોજ કર્યો હતો અને લીઝની જમીનનો કબજો લેવા માટે કાર્યવાહી હાથ ધરી નોટિસો પાઠવી હતી. આ કાર્યવાહીને ૩૨ અરજદારોએ હાઈકોર્ટમાં રિટ કરી તેની કાયદેસરતાને પડકારી હતી.

★ **અદાણીને કચ્છમાં જમીન :** ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં થયેલી ચર્ચા દરમ્યાન વિરોધ પક્ષે જણાવાયું હતું કે, અદાણીને કચ્છમાં મુંદ્રા અને અંજાર તાલુકામાં ૧૪૩૦૫.૪૯ એકર એટલે કે ૫,૬૫,૫૮,૦૦૦ ચો.મી. જેટલી જમીન લગભગ મફતમાં અપાયેલી છે. જેને કારણે ધાંધલ ધમાલનો દોર સતત ચાલુ રહ્યો હતો. જેમાં ચાર વખત ગૃહનું કામકાજ મુલતવી રહેવા સહિત દિવસભર ગૃહની કાર્યવાહી ખોરવાયેલી રહી હતી.

★ **કોડાય આવેલ હરભજન :** પોતાના શ્રદ્ધા કેન્દ્ર સમાન કચ્છમાં કોડાયની મુલાકાતે પહોંચી વિદ્યાચંદ્ર વિજયજી મ.સા.ના તાજેતરમાં આશીર્વાદ લેતાં ક્રિકેટ ટીમ ઈન્ડિયાના આધારભૂત ઑફ સ્પિનર હરભજનસિંહે કચ્છની આતિથ્ય સત્કારની ભાવનાને બિરદાવી રણ પ્રદેશની મુલાકાત કાયમ યાદ રહેશે તેમ ઉમેર્યું હતું. કચ્છમાં હરભજને ગાંઠિયા - જલેબી તેમજ પેંડાના સ્વાદની મજા લીધી હતી. અમદાવાદનો પાર્થિવ પટેલ પણ અગાઉ બે વખત કોડાય આવી ચૂક્યો છે.

★ **કચ્છમાં ૧૫૫ કરોડની વસૂલાત બાકી :** ગુજરાત રાજ્યમાં વિવિધ પ્રકારના ઉદ્યોગો સ્થાપનાર ૪૨૪ જેટલા કરોડપતિ ઉદ્યોગકારો પાસેથી છેલ્લા ત્રણ માસ દરમ્યાન કુલ રૂપિયા ૧૨,૪૭૫ કરોડ વેટ પેટે વસૂલવાના બાકી રહે છે. જેમાં કચ્છમાંની રૂા. ૧૫૫.૧૯ કરોડની રકમનો સમાવેશ થાય છે. ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં પોરબંદરના એક ધારાસભ્યશ્રીના પૂછાયેલા એક લેખિત પ્રત્યુત્તરમાં નાણામંત્રીશ્રીએ ઉપર મુજબ જણાવ્યું હતું.

★ **પંચરત્ન બિલ્ડિંગ :** કચ્છ અંજારમાં સાડીઓના સરોવર તરીકે પ્રખ્યાત થયેલી માલા શેરી ખાતે ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થયેલા પંચરત્ન કોમ્પ્લેક્સને અનેક વાદ-વિવાદો વચ્ચે કાયદાકીય દાવપેચ બાદ આખરે તોડી પાડવાનું તાજેતરમાં નક્કી કરાયું છે.

★ **કચ્છી કલાનાં ઓજસ :** જર્મનીમાં આયોજિત ક્રાફ્ટ મેળામાં કચ્છી વણાટકામનો ડંકો વગાડતા કારીગરો કુકમાના અમૃતભાઈ વણકર અને અબ્દુલ ખત્રીએ કચ્છી શાલ અને અજરખ પ્રિન્ટનાં બેનમૂન નમૂના રજૂ કર્યા હતા. તે કારણે ઈન્ડિયન કાઉન્સિલ લેટ જનરલ ઈન જર્મનીના હસ્તે ફેબ્રુઆરી માસમાં બંને કારીગરોનું વિશેષ સન્માન કરાયું હતું.

★ **ચતુર્વિધ સંઘનું સંમેલન :** શ્રી કચ્છ આઠ કોટિ મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ મુંબઈના ઉપક્રમે શ્રી ચતુર્વિધ સંઘનું અભૂતપૂર્વ સંમેલન તાજેતરમાં મુંબઈ ખાતે ભરાયું હતું. ૨૨ વર્ષના લાંબા ગાળા બાદ ભરાયેલા સંમેલનમાં બહોળી સંખ્યામાં શ્રાવક - શ્રાવિકાઓ ઉમટ્યાં હતાં.

★ **કચ્છની કોમી એકતા :** અંજાર ખાતે સ્વામિનારાયણ મંદિરના નિર્માણ અર્થે મુસ્લિમ સમાજના એક ભાઈએ રૂા. ૨૧ લાખનું દાન તાજેતરમાં જાહેર કર્યું હતું. સર્વેએ તેના ફાળાને કોમી એકતાનો બેનમૂન દાખલો ગણાવ્યો હતો.

★ **બન્ની વિસ્તારની ગૌચર જમીન :** બન્ની વિસ્તારમાં સરકાર દ્વારા ગાંડા બાવળ ઝોન ઊભો થઈ રહ્યો છે. તેની પાછળ લાંબા ગાળાની એક સુવ્યવસ્થિત મેલી મુરાદ દેખાઈ રહી છે અને તે છે આ વિસ્તારને ઉદ્યોગોના ચરણે ધરી દેવાની પેરવી. આ કારણે બન્નીના પશુપાલકોએ સ્વબળે તેનો વિરોધ કર્યો હતો. પ્રથમ પડતર જમીન ત્યારબાદ બંદરગાહો અને હજુ આગળ વધીને ગૌચરો, એક પછી એક સ્થળો ઉદ્યોગોના ચરણે અર્પણ થઈ રહ્યા છે. જેનો બન્નીવાસીઓએ વિરોધ કરવા તાજેતરમાં ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતેથી રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. બન્ની વિસ્તાર એટલે જ્યાં કુદરત મહેરબાન છે અને શ્રેષ્ઠ ઓલાદની ગાય-ભેંસનો ત્યાં ઉછેર કરીને દરરોજ એક લાખ લિટર જેટલું દૂધ ઉત્પાદન થાય છે.

★ **આઈ.સી.સી. એવૉર્ડ :** મૂળ માંડવીના પ્રતિષ્ઠિત ખીમજી રામદાસ પેઢીના મોભી અને ઓમાન ક્રિકેટના ચેરમેન કનક જી. ખીમજીનું આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈ.સી.સી.) દ્વારા ઓમાનમાં ક્રિકેટના વિકાસ માટેના નોંધનીય પ્રયાસો બદલ પેપ્સી આઈ.સી.સી. લાઈફ ટાઈમ સર્વિસ એવૉર્ડ - ૨૦૧૧થી તાજેતરમાં મસ્કત ખાતે સન્માન કરાયું હતું.

★ **કચ્છમાં નર્મદા :** રાપર વિભાગના ધારાસભ્ય બાબુભાઈ મેઘજી શાહે સિંચાઈ મંત્રીને પૂછેલા સવાલો અંગે મંત્રીએ જે જવાબો આપ્યા હતા તે અર્થે સરકારની દાનત જ નથી. છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છમાં પાણી પહોંચાડવા કે સાચવવા માટે કેટલાં નાણાં ખર્ચવામાં આવ્યાં છે તેના જવાબ પરથી સરકારની દાનત બહાર આવી ગઈ છે, તેમ તેમણે જણાવ્યું હતું. ૨૦૦૯થી ૨૦૧૧ સુધીમાં કચ્છમાં આ કામ પાછળ રૂા. ૭૫ લાખ ખર્ચવામાં આવ્યા છે જ્યારે ઉત્તર ગુજરાતના આંકડા માંગવામાં આવતાં ૨૦૧૨ સુધીમાં રૂા. ૨૩૦૦

*મદદની ભાવના નહીં રાખો તો તમને મદદ નહીં મળે.*

કરોડનો જંગી ખર્ચ નર્મદાના જળ સાચવવા પાછળ કરવામાં આવ્યો છે, એમ કચ્છના ધારાસભ્યશ્રીએ તાજેતરમાં જણાવ્યું હતું.

★ **અવશેષો મળ્યાં** : નખત્રાણા તાલુકાના ભડલી નજીક કોટડા (થરાવડા)માંથી હડપ્પીય વસાહતનાં પ્રમાણો ત્યાં ચાલતા ઉત્ખનના પ્રારંભે મળી આવતાં પુરાતત્ત્વવિદો ઝુમી ઊઠ્યા હતા. ચાર એકરના વિસ્તારમાં ફેલાયેલી વસાહતને ફરતે કિલ્લેબંધી દીવાલ મળી છે. આ હડપ્પીય વસાહતમાં નવ ખંડો પણ મળ્યા છે. તે ઉપરાંત ખનન દરમ્યાન તાંબાનાં આભૂષણો, તાંબાના ટુકડા સાથે તાંબુ ગાળવાની ભઠ્ઠીના અવશેષો પણ મળી આવ્યા છે.

★ **માનવતાનું ઉદાહરણ** : ભુજની રામકૃષ્ણ કોલોનીના મકાન નંબર-૫૭માં એકલાં રહેતાં એક વૃદ્ધા અત્યંત દરિદ્રતાસભર જીવન જીવી રહ્યાં છે, ઘરમાં પણ ગંદકી થઈ ગઈ છે, ખાવા અનાજનો દાણો પણ નથી – તે વિગતો ભુજનાં સોનીવાડ સ્થિત ભગવતી મંડળનાં રાજુભાઈ પુરુષોત્તમ જોશીને મળતાં તેમણે તાત્કાલિક અસરથી આ વૃદ્ધા જીવે ત્યાં સુધી બંને સમય ટિફિન પોતાના ઘરેથી રવાના કરવાની જાહેરાત કરી છે. તે સાથે મંડળના યુવાનોને વાત કરતાં ૨૫થી ૩૦ જણ વૃદ્ધ માતાજીના ઘેર પહોંચી ગયા. આખું ઘર ખાલી કરી ધોઈ, રંગરોગાન કરી દુર્ગંધવાળી ચીજ વસ્તુઓનો નિકાલ કરી નવી સ્વચ્છ ઘરવખરી, જરૂરી રાચરચીલું ગોઠવી વૃદ્ધાને પુનઃ તેમનાં જ ઘરમાં વસાવી માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

★ **પંચાહ્નિકા મહોત્સવ** : કચ્છ માંડવી શહેરમાં ૧૩૦ વર્ષ પ્રાચીન તીર્થ સ્વરૂપ ત્રિ-શિખરીય શ્રી અજિતનાથ જિનાલયના જીર્ણોધ્ધાર બાદ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા, અજિતનાથ મહાપૂજન, કુંભ સ્થાપના, અખંડ દીપક સ્થાપના, જવારારોપણ, નવગ્રહ પૂજન, અષ્ટ મંગલ પૂજન વગેરે ભક્તિમય કાર્યક્રમોનું તાજેતરમાં આયોજન થયું હતું. આ પ્રસંગે રંગ મંડપમાં કળશના દાતા માંડવી અચલગચ્છ જૈન સંઘ, કનિષ્ક દીપેશ મુનવર હસ્તે જયાબહેન માણેકજી પદમશી મૈશેરી, લક્ષ્મીચંદ ઉમરશી મૈશેરી, સૂર્યદર્શન માણેકજી પદમશી મૈશેરી, શાંતિ કળશ - નેણબાઈ ઉમરશી મૈશેરી વગેરે દાતાશ્રીઓએ જુદા જુદા પ્રસંગોનો લાભ લીધેલ હતો.

★ **ઘોરાડ પક્ષી** : ભારતના રાષ્ટ્રીય પક્ષી તરીકે જેના નામની ભલામણ કરવામાં આવી હતી તે ઘોરાડ પક્ષી હાલ કચ્છમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઝઝુમી રહ્યું છે. નલિયાના ઘાસિયા મેદાનોમાં તેમજ અબડાસા પંથકમાં જોવા મળતા ઘોરાડ પક્ષીની સંખ્યા ઘટીને માત્ર દસ થઈ ગઈ હોય, તેવી ચોંકાવનારી વિગતો તાજેતરમાં બહાર આવી છે.

★ **પરેશ રાવલની વાત** : કચ્છ પાસે જેટલી તાકાત છે એટલી હિંદુસ્તાનમાં કોઈ પાસે નથી. કચ્છની પ્રજા પાસેથી ઘણું શીખવાનું છે એવી વાત તાજેતરમાં હિંદી ફિલ્મોના મશહૂર ગુજરાતી અભિનેતા પરેશ રાવલે ભુજ ખાતે ઉચ્ચારી હતી. ભુજ વિશે પોતાના વિચારો દર્શાવતાં કહ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં શહેર કોસ્મોપોલિટન બની જશે.

★ **કચ્છી ચેર પુરસ્કારો** : કચ્છ યુનિવર્સિટી દ્વારા સ્થાપિત કચ્છી ચેરના સમારંભમાં કચ્છનું નામ રોશન કરનારી નીચે મુજબની સંસ્થાઓ અને વ્યક્તિઓનું વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના મેડલ, સ્મૃતિ ચિહ્ન અને પુરસ્કારથી સન્માન કરાશે.


- ★ ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છી ચેર (કે.એસ.કે.વી. કચ્છી ચેર) : અંતર્ગત તેજપાલ ધારશી નાગડા 'તેજ'ને કચ્છરત્ન પારિતોષિક ૨૦૧૧-૨૦૧૨ (સાહિત્ય) તેમજ નીચે મુજબ દરેકને 'કચ્છ રત્ન' પારિતોષિક.
- ★ 'સૃજન' સંસ્થાને (હસ્તકલા)
- ★ 'યૂરો' ઈન્ડસ્ટ્રીઝને (ઉદ્યોગ)
- ★ સુલેમાન જુમા પરિવારને (સંગીત)
- ★ બિદડા સર્વોદય ટ્રસ્ટને (સમાજસેવા)
- ★ તોલાણી ઈન્સ્ટિટ્યૂટને (શિક્ષણ)
- ★ સર્વોદય સ્પોર્ટસ સેન્ટરને (રમતગમત)
- ★ વી.આર.ટી.આઈ.ને (કૃષિ)
- ★ ભારતીય સંસ્કૃતિ દર્શનને (સંસ્કૃતિ)
- ★ ગાઈડ સંસ્થાને (પર્યાવરણ)

★ **કચ્છ માટે નવી ટ્રેનો** : તાજેતરમાં રજૂ થયેલા રેલવે બજેટમાં કચ્છને ત્રણ નવી એક્સપ્રેસ ટ્રેનોની, તેમજ કચ્છમાં કોચનું ઉત્પાદન એકમ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. નવી ટ્રેનોમાં બાંદ્રા (ટી) - ભુજ એ.સી. એક્સપ્રેસ (સપ્તાહમાં ૩ વખત), ગાંધીધામ - બાંદ્રા (ટી) એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા મોરબી, શાલીમાર - ભુજ એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા બિલાસપુરનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથોસાથ ગાંધીધામ, કંડલા ડબલ લાઈનનું કામ આ વર્ષમાં પૂરું કરવામાં આવશે તેમજ ગેજ કન્વર્ઝન માટેના સર્વેની દરખાસ્તોમાં ગાંધીધામ, અંજાર, મુંદ્રા લાઈનનો સમાવેશ થાય છે.

★ **બાગાયતી પાર્ક** : કચ્છ પ્રદેશમાં કલ્પનાથી વિપરીત ખેતીના પપૈયાં, કેળાં, કેસર કેરી અને દાડમના બાગાયતી પાકો થતા નજરે જોઈને નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રીએ તાજેતરમાં દેવપર-માંડવી ખાતે કહ્યું હતું કે 'કચ્છનાં જળ, જમીન અને હવામાન બાગાયતી પાક માટે સાનુકૂળ હોઈ અહીં ખેડૂતોની મહેનત અને માવજતથી સર્વશ્રેષ્ઠ ફળનું ઉત્પાદન શક્ય થયું છે.'

★ **ત્રણ પમ્પિંગ સ્ટેશન** : ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં જળ સંપત્તિ મંત્રીએ જણાવ્યું હતું કે કચ્છ શાખા નહેર ડાઉન સ્ટ્રીમમાં હોવાથી કચ્છને લિફ્ટ કરીને પાણી પહોંચાડવા માટે નહેર ઉપર રૂા. ૫૧૮ કરોડના ખર્ચે ત્રણ સૂચિત પમ્પિંગ સ્ટેશનોનું બાંધકામ આગામી વર્ષે પૂર્ણ કરાશે. આ કામગીરી પૂર્ણ થતાં નર્મદાનું ૧૮૪૮ કરોડ લિટર પાણી પ્રતિદિન લિફ્ટ કરીને કચ્છને પહોંચાડવામાં આવશે. આ ઉપરાંત ૧ મિલિયન ફીટ પાણી કચ્છને આપવા માટેની વ્યવસ્થા પૂર્ણ થઈ ગઈ છે પરંતુ કચ્છને આ પાણી કેવી રીતે આપવું તેનું આયોજન કરી અમલવારી માટે આગળ વધી રહ્યા છીએ તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું. ■

*એ લેખક સૌથી સારું લખે છે, જે પોતાના વાચકોનો સૌથી ઓછો સમય લઈ તેમને વધુ જ્ઞાન આપે છે.*




## અવસાન નોંધ

- **પ્રવીણભાઈ પ્રેમજી લોડાયા** (સુજાપુર) અમદાવાદ (ઉં.વ.-૬૫) સોમવાર, તા. ૧૨-૩-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયા છે.
- **હિંમતલાલ (બાબુભાઈ) કેશવજી શાહ** (ભુજ) અમદાવાદ (ઉં.વ.-૯૨) સોમવાર, તા. ૧૯-૩-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયા છે.

*સદ્ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

# સાભાર સ્વીકાર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને અલગ અલગ ખાતામાં પ્રાપ્ત થયેલ દાનની વિગત અત્રે પ્રસ્તુત છે. સર્વ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.**

## વૈયાવચ્ચ વિભાગ

| | | | |
|---|---|---|---|
| નિખિલભાઈ ફુરિયા | | રૂા. | ૧૦૦ |
| નિયમ ગાંધી | | રૂા. | ૫૦ |
| અભય કારાણી | | રૂા. | ૫૦ |
| જ્યોતિબહેન આર. ગાલા | | રૂા. | ૬૫૦ |
| મૌલિક જે. વોરા | | રૂા. | ૧૧૦ |
| ધીરેન ગાલા | - મુંબઈ | રૂા. | ૨૫૦ |
| નેહલ ડી. શાહ | - ભુજ | રૂા. | ૫૦ |
| પ્રવીણભાઈ દંડ | - મુંબઈ | રૂા. | ૫૦૦ |
| જિતેશભાઈ મોરબિયા | | રૂા. | ૫૦ |
| ચંદનજી ભવાનજી મૈશેરી | - અમદાવાદ | રૂા. | ૨૦૦૦ |
| જુલી બી. શાહ | | રૂા. | ૧૦૦ |
| સંજય દેવજી મહેતા | | રૂા. | ૫૦ |
| વિપુલ પ્રફુલ શાહ | - માંડવી | રૂા. | ૧૦૦ |
| અજય પોપટલાલ સલિયા | - મુંબઈ | રૂા. | ૨૫૦ |
| નીલેશ ચમનલાલ શાહ | - ગાંધીધામ | રૂા. | ૬૦૦ |
| કાશી દેવચંદ ગાલા | - ભુજ | રૂા. | ૨૦ |
| પદમશીભાઈ લોડાયા | - કલકત્તા | રૂા. | ૧૦૦૦ |
| નવીન હેમરાજ વધાણ | - ભુજ | રૂા. | ૧૦૦ |
| ફોરમ ચંદ્રકાંત શાહ | - ભુજ | રૂા. | ૧૦૦ |
| વિશાલ હરીશ શાહ | - પાલિતાણા | રૂા. | ૧૦૦ |
| કિરણ ગમ્મતલાલ | - માંડવી | રૂા. | ૫૦૦ |
| ઉત્તમચંદ વી. દેઢિયા | - મુંબઈ | રૂા. | ૫૦ |
| દીપચંદ લાલજી લોદરિયા | - ભુજ | રૂા. | ૧૦૦ |
| નીતિન જગશી સોની | - મુંબઈ | રૂા. | ૫૦૦ |
| વિનય હર્ષદ શાહ | - ભુજ | રૂા. | ૫૦ |
| | **કુલ.....** | **રૂા.** | **૮૩૯૦** |

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

| | | | |
|---|---|---|---|
| રવિલાલ શાહ | - અમદાવાદ | રૂા. | ૫૦૦ |
| નિખિલ નવીન વોરા | - ગાંધીનગર | રૂા. | ૧૦૦ |
| અરવિંદ મોતીલાલ ગાલા | - મુંબઈ | રૂા. | ૫૦ |
| પ્રકાશ ફુરિયા | - ભુજ | રૂા. | ૧૦૦ |
| ભાવિન સંઘવી | - ભુજ | રૂા. | ૫૦ |
| કાંતિભાઈ અર્જુન જાગાણી | - મુંબઈ | રૂા. | ૨૫૦ |
| કેવલ નવીન શાહ | - મુંબઈ | રૂા. | ૨૫૦ |
| શશીકાંત શાહ | - ચેન્નાઈ | રૂા. | ૫૦૦ |
| પારસ વી. શાહ | - કોઈમ્બતુર | રૂા. | ૧૦૦ |
| ગિરીશ લોડાયા | - મુંબઈ | રૂા. | ૫૦ |
| રાજેન્દ્ર વસા | - ગાંધીનગર | રૂા. | ૭૦ |
| પંકજ શાહ | - હૈદ્રાબાદ | રૂા. | ૨૫૦ |
| ગુલાબચંદ છેડા | - વૈરાવળ | રૂા. | ૧૦૦ |
| શૈલેષ રતનશી નાગડા | - મુંબઈ | રૂા. | ૫૦ |
| મહેશ નાનાલાલ વોરા | - માધાપર | રૂા. | ૧૦૦ |
| પ્રેમજી જીવરાજ સાવલા | - મુંબઈ | રૂા. | ૨૫૦ |
| રાજેન્દ્ર રતિલાલ શાહ | - બુરહાનપુર | રૂા. | ૩૦૦ |
| સુનિલ વ્રજલાલ સંઘવી | - બેંગ્લોર | રૂા. | ૫૫૦ |
| મનોજ ભવાનજી દેઢિયા | - ગાંધીધામ | રૂા. | ૫૦ |
| ગૌરવ પંકજ ગાંધી | - અંજાર | રૂા. | ૨૫૦ |
| સમીર શાહ | - માંડવી | રૂા. | ૧૦૦ |
| ધીરેન ભાણજી ગડા | - મુંબઈ | રૂા. | ૨૫૦ |
| તારાચંદ પ્રેમચંદ છેડા | - વલ્લભવિદ્યાનગર | રૂા. | ૩૦ |
| હેમંત હરિલાલ શાહ | - રાઉરકેલા | રૂા. | ૫૦૦ |
| એક સદ્ગૃહસ્થ | - મુંબઈ | રૂા. | ૫૦ |
| રમેશ ધારશી છેડા | - મુંબઈ | રૂા. | ૧૦૦ |
| નીતિનભાઈ મોરબિયા | - ભુજ | રૂા. | ૨૫૦ |

| | | | |
|---|---|---|---|
| • વિજય કરમશી છેડા | - અંજાર | રૂા. | ૫૦ |
| • શાંતિલાલ મોરારજી વીરા | - મુંબઈ | રૂા. | ૫૦૦ |
| • જયકુમાર મોહનલાલ શાહ | - ભુજ | રૂા. | ૨૫ |
| • મહેશ જગજીવન દોશી | - સુરત | રૂા. | ૧૦૦ |
| • વેલજી શામજી નાગડા | - કલીકટ | રૂા. | ૧૦૦૦ |
| • બિપિન જાદવજી મહેતા | - માધાપર | રૂા. | ૫૦ |
| • વિરલ અશોક શાહ | - ભુજ | રૂા. | ૧૦૦ |
| • શૈલેષ તલકશી ગાલા | - મુંબઈ | રૂા. | ૧૦૦ |
| • રાયચંદભાઈ શાહ | - મુંબઈ | રૂા. | ૧૦૦ |
| • નીરવ મહેન્દ્ર વસા | - અમદાવાદ | રૂા. | ૫૦૦૦ |
| • વિપુલ પ્રાણલાલ શાહ | - માંડવી | રૂા. | ૨૦૦ |
| • યતીન શિવજી લોડાયા | - બુરહાનપુરા | રૂા. | ૫૦ |
| • અજય પોપટલાલ સાલિયા | - મુંબઈ | રૂા. | ૨૫૦ |
| • નીરવ હસમુખ મોરબિયા | - ભુજ | રૂા. | ૧૦૦ |
| • ગુલાબ લક્ષ્મીચંદ ખોના | - મુંબઈ | રૂા. | ૧૦૦ |
| • ચંદ્રકાંત કેશવલાલ વોરા | - ભુજ | રૂા. | ૧૦૦ |
| • અભય ચમનલાલ શાહ | - માધાપર | રૂા. | ૫૦ |
| | **કુલ......** | **રૂા.** | **૮૭૭૫** |

## કેળવણી સહાય ફંડ

| | | | |
|---|---|---|---|
| • આશાબહેન પરેશ ગાલા | - મુંબઈ | રૂા. | ૫૦૦ |
| • પ્રશાંતભાઈ શાહ | - ભુજ | રૂા. | ૮૦૦ |
| • જયંત વીરજી દેઢિયા | - મુંબઈ | રૂા. | ૧૦૦૦ |
| • સુનીલભાઈ મહેતા | - ગાંધીધામ | રૂા. | ૧૦૦૦ |
| | **કુલ.....** | **રૂા.** | **3300** |

## તબીબી સહાય ફંડ

| | | | |
|---|---|---|---|
| • જયંત વીરજી દેઢિયા | - મુંબઈ | રૂા. | ૧૦૦૦ |
| • રીટાબહેન કોઠારી | - | રૂા. | ૫૦૧ |
| | **કુલ.....** | **રૂા.** | **૧૫૦૧** |

*દાન કેટલું આપ્યું, શું આપ્યું એ ક્યારેય પણ મહત્ત્વનું નથી. પરંતુ તેની પાછળની ભવ્ય ભાવના જ હંમેશાં મહત્ત્વની છે. આપ સૌ આગળ આવશો.... અમારા આ અભિયાનની મંજિલમાં આર્થિક સહયોગ આપીને.... કદમ મિલાવશો!!!*

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જિંદગી પણ કેવી કમાલની છે પહેલાં આંસુ આવતાં ને મા યાદ આવતી,*
*હવે મા યાદ આવે છે ને આંસુ આવી જાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *દ્વારા આયોજિત*

## સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ

### શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમો અને તેના પાસનું વિતરણ

**કાર્યક્રમોની ઝલક**

૧. ગાંધીનગર ખાતે "મંજુલ-હરખ ધામ" - સિનિયર સિટીઝન હોમનું દીપ પ્રાગટ્ય **(પાસની જરૂર નથી.)** ........ સવારે ૯.૦૦ કલાકે

૨. શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું ઉદ્‌ઘાટન - લોકાર્પણ **(પાસની જરૂર નથી.)** ........ સવારે ૧૧.૦૦ કલાકે

૩. ટાઉન હોલ ખાતે "સુવર્ણ જયંતી મહોત્સવ" સમારોહનો દબદબાભેર પ્રારંભ **(પાસ જરૂરી છે.)** ........ બપોરે ૩.૦૦ કલાકે

૪. શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે ડીનર **(પાસ જરૂરી છે.)** ........ સાંજે ૬.૩૦ કલાકે

૫. શ્રી જયશંકર સુંદરી હોલ ખાતે મનોરંજન કાર્યક્રમ **(પાસ જરૂરી છે.)** ........ રાત્રે ૯.૦૦ કલાકે

***અમદાવાદ ગાંધીનગર સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સર્વ સભ્ય પરિવારજનોને ઉપરોક્ત કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.***

### ● પાસની વિતરણ વ્યવસ્થા ●

- ટાઉનહોલ ખાતેના ઉપરોક્ત કાર્યક્રમના પાસ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી તા. ૨૫-૩-૨૦૧૨ના સવારે ૧૧.૦૦થી સાંજે ૬.૦૦ કલાક દરમ્યાન સમાજના દરેક સભ્ય પરિવારજનોએ વહેલા તે પહેલાના ધોરણે આપવાનું ચાલુ છે.
- ટાઉન હોલ ખાતે મહેમાનો અર્થે તેમજ અન્ય અનામત રાખવામાં આવેલ બેઠક સિવાયની બેઠકો પર બપોરે ૨.૪૫ કલાક સુધીમાં પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવાનું આવશ્યક છે.
- ટાઉન હોલ ખાતેના કાર્યક્રમમાં નાનાં બાળકોને પ્રવેશ નિષેધ છે.
- કાર્યક્રમના અંતે પ્રથમ ૨૦૦ એન્ટ્રીમાંથી લક્કી ડ્રો યોજીને ઈનામ અપાશે.
- તા. ૧૪-૪-૨૦૧૨ના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સાંજના ડીનર માટેના પાસ તેમજ તે દિવસે રાત્રિના જયશંકર સુંદરી હોલ ખાતે આયોજિત મનોરંજન કાર્યક્રમના પાસ ટાઉન હોલના કાર્યક્રમમાં હાજર રહેનારને જ ટાઉન હોલ પર તા. ૧૪-૪-૨૦૧૨ના બપોરે ૧.૦૦ કલાકથી ૨.૪૫ કલાક દરમ્યાન વ્યક્તિ દીઠ બંને કાર્યક્રમના એક-એક પાસ આપવામાં આવશે.
- જયશંકર સુંદરી હોલ ખાતેના મનોરંજન કાર્યક્રમમાં રાત્રિના ૮.૪૫ કલાક સુધીમાં પ્રવેશ પત્રના નંબર - રો મુજબ દરેકે પોતાની બેઠક ગ્રહણ કરી લેવા ખાસ વિનંતી છે.

***દરેક કાર્યક્રમમાં કાર્યકરોની સૂચનાનો અમલ કરીને યોગ્ય સહકાર આપવા સર્વેને ખાસ વિનંતી છે.***

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

### ● કાર્યક્રમ સ્થળનાં સરનામાં ●

| | | | |
|---|---|---|---|
| **(૧)** | **"મંજુલ-હરખ ધામ"** | : | સંસ્થાના અગ્રિમ કાર્યકર શ્રી હરખચંદભાઈ કે. સાવલા, પ્લોટ નં.-૭૪, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૧૯. ફોન : ૨૩૨૨૫૪૦૪, ૨૩૨૪૨૯૪૬ |
| **(૨)** | **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ** | : | અરિહંત નગર દેરાસરની સામે, ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલની પાસે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ |
| **(૩)** | **ટાઉન હોલ** | : | શેઠ મંગળદાસ ટાઉન હોલ, એમ.જે. લાઈબ્રેરી પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| **(૪)** | **જયશંકર સુંદરી હોલ** | : | હવેલી રોડ, રાયખડ - ખમાસા, અમદાવાદ-૩૮૦ ૦૦૧. |

*સ્વર્ગ-નરક આ દુનિયામાં જ છે અને કર્મ મુજબ મળે છે.*

# વસતિ પત્રક-૨૦૧૨

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

વસતિપત્રક સમિતિના સતત પ્રયાસના પરિણામે અમદાવાદ-ગાંધીનગર સ્થિત સમાજના નોંધાયેલા **કુલ ૭૯૫ સભ્ય પરિવારજનોમાંથી ૭૮૦ જેટલાં ફોર્મ આવી ગયાં છે.** બાકી રહેતા ફોર્મ પરત લેવાની છેલ્લી તારીખ ૨૯-૨-૨૦૧૨ રાખવામાં આવી હતી. હવે ખૂબ જુજ સંખ્યામાં ફોર્મ પરત લેવાનાં રહે છે. બાકી રહેતા થોડા ઘણાં પરિવારજનો પણ જરૂરી માહિતી સાથેનાં ફોર્મ પરત કરી શકે તે માટે હજુ એક તક આપવાનું નક્કી થતાં **હવે અંતિમ તારીખ ૨૦-૪-૨૦૧૨ રાખવામાં આવે છે.** અમને પૂરી શ્રદ્ધા છે કે, આ આખરી તકનો લાભ લઈને બાકી રહેતાં પરિવારજનો પોતાનાં ફોર્મ નિયત કરેલ સમય મર્યાદામાં અચૂક મોકલાવી આપશે. ત્યારબાદ આવેલ ફોર્મના નામનો સમાવેશ વસતિપત્રક-૨૦૧૨માં થશે નહીં અને તેવાં નામો 'મંગલ મંદિર'ના માત્ર મે-૨૦૧૨ના અંકમાં પ્રસિદ્ધ થશે.

દરેક પરિવારજનોનાં ફોર્મ નિયત કરેલી સમય મર્યાદામાં મળે તે અર્થે 'મંગલ મંદિર'માં સતત ત્રણ માસથી જાહેરાત પ્રકાશિત કરવામાં આવી છે. અને શક્ય અન્ય પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. **સમાજ પરિવારજનો દ્વારા આ પ્રકારની અગત્યની બાબતમાં સમયસર લક્ષ્ય અપાય તે ખૂબ જરૂરી છે.**

**જાહેરાત નોંધાવા ઝડપ રાખી.... સહકાર આપશો.**

સૂચિત વસતિપત્રક - ૨૦૧૨ આવતા લગભગ દસ વર્ષ સુધી દરેક પરિવારને ત્યાં સચવાશે. તેથી આપ તેમાં કોઈપણ પ્રકારની જાહેરાત આપશો તો આપના વ્યવસાય સંબંધિત પ્રચાર લગભગ સતત દસ વર્ષ સુધી થતો રહેશે. બીજી તરફ, આપની જાહેરાતના માધ્યમથી સમાજને તેનો કઠિન કાર્યભાર ઉઠાવવામાં આપનો પણ એક યાદગાર હિસ્સો રહેશે. તે બાબત ધ્યાનમાં લઈને આપના વ્યવસાય અંગેની જાહેરાત નોંધાવવા જરૂર સહકાર આપશો.

**વસતિ પત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.**

| જાહેરાતનાં પ્રકાર | ફુલ પેઈજ | ૧/૨ પેઈજ | ૧/૪ પેઈજ | ૧" સાઈઝ |
|---|---|---|---|---|
| ટાઈટલ કવર-૪ | રૂા. ૪૦,૦૦૦/- | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- | |
| ટાઈટલ કવર-૨ | રૂા. ૩૦,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૧૨,૫૦૦/- | |
| ટાઈટલ કવર-૩ | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- | |
| અંદરનું પાનું – મલ્ટી કલર | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૩,૫૦૦/- | |
| અંદરનું પાનું – સીંગલ કલર | રૂા. ૭,૫૦૦/- | રૂા. ૪,૫૦૦/- | રૂા. ૨,૫૦૦/- | |
| અંદરનું પાનું – બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૧,૫૦૦/- | |
| બોટમ પટ્ટી – બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | રૂા. ૧,૦૦૦/- |

<u>નોંધ</u> : *જાહેરાતની અંદાજિત સાઈઝ*

(૧) ફુલ પેઈજ : ૨૪.૫ x ૧૮ સે.મી.
(૨) હાફ પેઈજ : ૧૨ x ૧૮ સે.મી.
(૩) ૧/૪ પેઈજ : ૧૨ x ૯ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૨૩ x ૧.૭૫ સે.મી.

*જે પરિવારજનોએ પોતાનાં ફોર્મ નિર્ધારિત સમય-મર્યાદામાં મોકલાવી સહકાર આપેલ છે, તેમનો ખાસ આભાર માનવામાં આવે છે.*

**સૂરજલાલ મહેતા**
કન્વીનર વસતિપત્રક સમિતિ, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્મંત્રી, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ

*સંસારમાં બીજાઓને માટે જેવું કરશો પરિણામમાં તેવું જ પોતાને માટે થઈ જશે.*

# યુવા વિકાસ સમિતિ યોજે છે....

## કેરમ વર્કશોપ

તા. ૨૯-૪-૧૨ને રવિવારની સવારે ૯થી ૧૨ દરમિયાન કેરમ રમતની પાયાની સમજણથી માંડીને નીતિ નિયમોની સમજ માટે એક વર્કશોપનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન પાલડી મુકામે રાખવામાં આવેલ છે. આ વર્કશોપમાં ભાગ લેવા ઇચ્છુક સમાજના સભ્ય પરિવારના ૧૨ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યોએ રૂા. ૧૦૦/- (વર્કશોપમાં ભાગ લેનારને પરત) કાર્યાલયમાં ભરીને પોતાનાં નામ તા. ૨૫-૪-૨૦૧૨ સુધી નોંધાવવા વિનંતી છે. રકમ ભરપાઇ કર્યાની પહોંચ મેળવવાની રહેશે.

તા. ૬-૫-૧૨ રવિવારના કેરમ પ્રતિયોગિતાનું આયોજન પણ કરવામાં આવેલ છે. જેની માહિતી અલગથી આપવામાં આવેલ છે.

## ચેસ વર્કશોપ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના સભ્ય પરિવારના ૮ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યો માટે ચેસ રમતની પાયાની સમજણ તથા વિવિધ આંટીઘૂંટીઓને સમજાવવા માટે એક વર્કશોપનું આયોજન તા. ૭-૫-૨૦૧૨થી ૧૨-૫-૨૦૧૨ સુધી કરવામાં આવેલ છે.

***સમય :*** સવારે ૯થી ૧૨

***સ્થળ :*** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી

આ વર્કશોપમાં ભાગ લેવા ઇચ્છતા સભ્યોએ રૂા. ૧૦૦ (વર્કશોપમાં ભાગ લેનારને પરત) કાર્યાલયમાં જમા કરાવીને પોતાનાં નામ નોંધાવવા વિનંતી છે. રકમ ભરપાઇ કર્યાની પહોંચ મેળવવાની રહેશે.

ગત વર્ષની જેમજ આપણા સમાજના યુવાન, આંતરરાષ્ટ્રીય ચેસ ખેલાડી શ્રી ધીમંત પ્રકાશભાઇ શાહ તેમજ તેમની ટીમ આ વર્કશોપમાં આપને ચેસ રમતની વિવિધ આંટીઘૂંટીઓનું માર્ગદર્શન આપશે.

વેકેશન દરમિયાન બાળકો અને યુવાનો માટે આ અમૂલ્ય તક છે.

વધુ માહિતી માટે શ્રી વિશાલ શાહ (રાત્રે ૮થી સવારે ૮ દરમિયાન) નો સંપર્ક કરશો.

વર્કશોપના સમયે પોતાનું ચેસ બોર્ડ સાથે લાવવા વિનંતી.

## શ્રી પૃથ્વી નરેન્દ્રભાઇ શાહ ચેસ હરીફાઇ-૨૦૧૨

રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨ના સવારના ૯ કલાકે શ્રી પૃથ્વી નરેન્દ્રભાઇ શાહ ચેસ સ્પર્ધાનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા સમાજના સભ્ય પરિવારના ૮ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિએ પોતાનું નામ/ઉંમર/ફોન નં. કાર્યાલયમાં ફોન નં. ૨૬૫૮૧૫૦૧ ઉપર લખાવવાનાં રહેશે.

નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૧૦-૫-૨૦૧૨ છે.

## શ્રી પૃથ્વી નરેન્દ્રભાઇ શાહ કેરમ હરીફાઇ-૨૦૧૨

રવિવાર, તા. ૬-૫-૨૦૧૨ના સવારના ૯ કલાકે શ્રી પૃથ્વી નરેન્દ્રભાઇ શાહ કેરમ હરીફાઇનું શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ હરીફાઇમાં ભાગ લેવા ઇચ્છતા સમાજના સભ્ય પરિવારના ૧૨ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યએ પોતાના નામ/ઉંમર/ફોન નંબર કાર્યાલયમાં ફોન નં. ૨૬૫૮૧૫૦૧ ઉપર લખાવવાનાં રહેશે.

નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૩-૫-૨૦૧૨ છે.

નોંધ : સ્પર્ધાની શરૂઆતમાં નીતિ નિયમો સમજાવવામાં આવશે જેથી સમયસર હાજર રહેવું જરૂરી છે.

### બંને સ્પર્ધા માટેના નીતિનિયમો

★ ઉપરોક્ત બંને સ્પર્ધાઓમાં જણાવેલ વયમર્યાદા ધરાવતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સભ્ય પરિવારના સભ્યો જ ભાગ લઇ શકશે.

★ જરૂરી નીતિનિયમો સ્પર્ધા પહેલાં જણાવવામાં આવશે.

★ નિર્ણાયકોનો નિર્ણય સર્વેને મંજૂર રહેશે.

★ સ્પર્ધકોએ પ્રત્યેક સ્પર્ધા પ્રમાણે અલગથી નામ નોંધાવવાનાં રહેશે.

★ ઉપરોક્ત સ્પર્ધાઓના સમય, તારીખ વગેરેમાં જરૂરી ફેરફાર યુવા વિકાસ સમિતિ કરી શકશે.

## શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઇના વિજેતાઓ

પ્રથમ - જોલી આર. મહેતા (મધૂરતા)

દ્વિતીય - નીતિન એચ. સંઘવી (નેટ માફીયા)

તૃતિય - સલોની એન. લાલકા (હું)

વિજેતાઓને અભિનંદન અને ભાગ લેનાર સર્વે સ્પર્ધકોનો તેમજ નિર્ણાયકો શ્રી પંકજભાઇ બાવીશી તથા શ્રી ચેતનભાઇનો ખૂબ ખૂબ આભાર.

## નોટબુક - ફૂલસ્કેપ ચોપડા વિતરણ-૨૦૧૨

આગામી શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એટલે કે તા. ૨ જૂન, શનિવાર તથા ૩ જૂન રવિવારના સવારે ૯.૩૦ થી ૬ કલાક દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતેથી વિતરણ કરવામાં આવશે. આ યોજના અંતર્ગત પોતાના પાલ્યો માટે નોટબુક (સીંગલ લાઇન) તથા ફૂલસ્કેપ ચોપડા લેવા ઇચ્છતા વાલીઓએ પોતાનું નામ સરનામું-ફોન નંબર તથા વિદ્યાર્થીનું નામ-હાલનું ધોરણ અને આગામી ધોરણમાં જરૂરી નોટ-ચોપડા વગેરે માહિતી ફૂલસ્કેપ કાગળમાં વ્યવસ્થિત લખીને શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે તા. ૫-૫-૨૦૧૨ સુધી પહોંચાડવાની રહેશે.

*પ્રેમને સાકાર થવાનું મન થયું અને માતાનું સર્જન થયું.*

યાદ રાખો : ધોરણ ૧થી ૭ ના વિદ્યાર્થી દીઠ નોટબુક વધુમાં વધુ અઢી ડઝન (૩૦ નંગ)

ધોરણ ૮ થી ઉપરના વિદ્યાર્થી દીઠ ફૂલસ્કેપ ચોપડા વધુમાં વધુ અઢી ડઝન (૩૦ નંગ) અપાશે.

અરજી માટેની છેલ્લી તારીખ : ૫-૫-૨૦૧૨ છે.

## કારકિર્દી ઘડતર માટે માર્ગદર્શન

કોલેજના છેલ્લાં વર્ષોમાં મનોમંથન ચાલુ થઇ જાય છે. વાલી અને વિદ્યાર્થી બંને ભવિષ્યના નિર્ણય અંગે દ્વિધા અનુભવે છે. હજી વધારે ભણવું કે કોઇ સારી જગ્યાએ નોકરીએ લાગવું...? વધારે ભણવું તો કયો માસ્ટર કોર્સ કરવો? તેનાથી ભવિષ્યમાં કારકિર્દી માટે કેટલો લાભ મળશે? નોકરી સાથે ભણી શકાય તેવો માર્ગ કેવો રહેશે... સરકારી નોકરી સારી કે પ્રાઇવેટમાં ટાટા/રિલાયન્સ/મારૂતિ ઇન્ફોસિસ જેવા મોટા કોર્પોરેટ ગ્રૂપમાં જોડાવું સારું અથવા નાના-મધ્યમ કક્ષાના ઉદ્યોગો/વેપારી સંસ્થાઓમાં જોડાઇ અનુભવ પ્રાપ્ત કરીને ભવિષ્યમાં પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવો...?

આવા કેટલાય સવાલો આપણને મૂંઝવતા હોય છે.

આ બધા પ્રશ્નોના ઉત્તરો, શક્યતાઓ, સંભાવનાઓ ચકાસવા યુવા વિકાસ સમિતિ આપની સમક્ષ ૩ જૂન રવિવારે સવારથી સાંજ સુધીની વર્કશોપ લઇને આવે છે. જેમાં ઓડિયો-વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન, વાર્તાલાપ, રમતો વગેરેના માધ્યમથી તજજ્ઞો પાસેથી વિશેષ જાણકારી મેળવી બાયોડેટા બનાવવો, ઇન્ટરવ્યૂ કેવી રીતે આપવો ગ્રૂપ ડિસ્કશનમાં કેવી રીતે ભાગ લેવો વગેરે માર્ગદર્શન મેળવી આપના ભવિષ્યને સોનેરી બનાવવાની આ અમૂલ્ય તક અવશ્ય ઝડપી લેશો.

તો રાહ શેની જુઓ છો? જો આપ કોલેજના છેલ્લા વર્ષોમાં ભણતા હો, નોકરી ઇચ્છુક હો અથવા કારકિર્દીની શરૂઆતના તબક્કામાં હો અને નોકરી બદલવા માંગતા હો તો આ વર્કશોપ જરૂર.... જરૂર.... જરૂરથી એટેન્ડ કરજો. જેના માટે આપે સત્વરે રૂા. ૫૦/- શ્રી કચ્છી જૈન ભવન, પાલડી કાર્યાલયમાં ભરી આપનું નામ રજિસ્ટર કરાવી લેશો. મર્યાદિત બેઠકો હોવાથી વહેલી તકે રજિસ્ટ્રેશન કરાવવું તમારા હિતમાં રહેશે.

યાદ રાખો તા. ૩ જૂન રવિવાર

***સમય : સવારે ૯.૩૦ થી...***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન પાલડી***

વર્કશોપમાં ભાગ લેનાર માટે જમવાની વ્યવસ્થા સમિતિ દ્વારા કરવામાં આવશે.

***કન્વીનર : નવીન લાલકા, યુવા વિકાસ સમિતિ***

*ધન્ય છે તેને કે જેને આદર કરતા આવડ્યું છે પણ ઈર્ષ્યા કરતા નહિ, અનુસરતાં આવડ્યું છે પણ અનુકરણ કરતા નહિ, જે પ્રશંશા કરી જાણે છે પણ ખુશામત નહિ, જે આગેવાની કરી જાણે છે પણ કાવાદાવા નહિ.*

# શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

## વાઇટાલિટી શિબિરનું સફળ આયોજન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૧૫થી વધુ વયની વ્યક્તિઓ માટે તા. ૧૯-૨-૨૦૧૨ના શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા 'વાઇટાલિટી' ઉપર એક કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં સાઈકોલોજીસ્ટ શ્રી નંદક પંડ્યા દ્વારા 'જીવન વિકાસ કરવાની શક્તિ' ઉપર વિસ્તૃત ચર્ચા થઈ હતી.

જીવનમાં 'જીવન' એટલે વિકાસ કરવાની ક્ષમતા અને પ્રાણશક્તિ લાવવા માટે તેમણે વિભિન્ન માર્ગો બતાવ્યા. જેમ કે વાસ્તવિક્તાની નજીક આવી, પારદર્શકતા અને આત્મ સન્માન સાથે જીવવું, ખેદ અને અફસોસ કરવાને બદલે પોતાની જાતને અને બીજાને માફ કરવું, સુખ આપણી પસંદગીની વાત છે અને તેની બીજા સાથે વહેંચણી કરવાથી તે વધે છે. બીજાના સારા ગુણો તથા કાર્યને ફક્ત ઓળખવું જ નહિ, પરંતુ એણે તેમ શા માટે કર્યું તે સમજી તેને ધન્યવાદ દેવા, નોન જજમેન્ટલ એટિટ્યુડ કેળવવો, પોતાની જાત પર શંકા કરવાને બદલે તેનો સ્વીકાર કરીને પોતાની જાતને આપેલાં વચન પાળવાં, વગેરે બાબતે વિસ્તૃત છણાવટ કરી હતી.

ટૂંકમાં, જીવનની એક એક પળને સુખમય કેમ બનાવવી તેમજ આધ્યાત્મિક સુખની અનુભૂતિ ક્યાંથી અને કેવી રીતે મેળવવી, તેને મેળવવા માટે શું કરવું જોઈએ અને સ્વસ્થ, શાંત ચિત્તે આત્મ મનન કરી ભૂલ સુધાર સહિત જીવન માધુર્યને સારી રીતે માણવાની સમજ સહિત જીવન માણવાની કળાનું સુંદર નિરૂપણ તેમણે ઓડિયો વીડિયોના માધ્યમ દ્વારા સમાજના ૪૬ સભ્યો સમક્ષ કર્યું હતું.

***કન્વીનર : હીરેન કે. શાહ***
***શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

# યુવક-યુવતીઓ માટે પરિચય મિલન

સમિતિ દ્વારા લગ્નોત્સુક યુવક/યુવતીઓનો એક પરિચય મિલન કાર્યક્રમ તા. ૧૬-૧૨-૨૦૧૨ના શ્રી કચ્છી જૈન ભવન, અમદાવાદ ખાતે ગોઠવવાનું આયોજન કરેલ છે અને તેની વિગત સમાજના આખા વર્ષ દરમિયાનના સુવર્ણ જયંતી મહોત્સવ કાર્યક્રમમાં આપવામાં આવી છે.

ઉપરોક્ત કાર્યક્રમનો ખર્ચ રૂા. ૨.૫૦ લાખ અંદાજવામાં આવ્યો છે. તે માટે જણાવવાનું કે, શ્રી અનિલભાઇ રામજી હરિયા (બાડા) અમદાવાદ તરફથી રૂા. ૭૫ હજાર અને શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા) ગાંધીનગર/અમેરિકા તરફથી રૂા. ૫૦ હજાર, ઉપરોક્ત જણાવેલ કુલ ખર્ચની સામે આપવાની જાહેરાત થઇ છે. જેનો સ્વીકાર કરીને સમિતિ બન્ને મહાનુભાવોના પરિવારનો આભાર માને છે.

આ સાથે અન્ય દાતાશ્રીઓ, મહાનુભાવો અને હિતેચ્છુઓને પણ ખાસ વિનંતી છે કે ઉપર જણાવેલ સેવાકીય કાર્યક્રમમાં આપ પણ આપનો આર્થિક સહયોગ આપીને અમને પ્રોત્સાહિત કરશો. આ માટે સમિતિના કન્વીનરનો સંપર્ક કરી શકાશે.

***હીરજી પી. શાહ***
***કન્વીનર : પરિચય મિલન સમિતિ***

# તબીબી સેવા સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે 'આયુર્વેદ કેમ્પ'નું આયોજન અગાઉ તા. ૧૫-૪-૨૦૧૨ના કરવામાં આવ્યું હતું. પરંતુ આંખના મોતિયાનું નિદાન કેમ્પ પણ રાખવાનું હોવાથી ઉપરોક્ત તારીખના સ્થાને હવે તે બંને કેમ્પોનું આયોજન રવિવાર તા. ૨૨-૪-૨૦૧૨ના શ્રી કચ્છી જૈન ભવન, પાલડી સ્થિત મેડિકલ સેન્ટરમાં સવારે ૯થી ૧૨ દરમ્યાન કરવામાં આવ્યું છે.

## આયુર્વેદ ફ્રી કેમ્પ

એક વર્ષથી ઉપરની વયવાળી કોઈપણ વ્યક્તિ આ કેમ્પનો લાભ લઈ શકશે. તેમાં આયુર્વેદ નિષ્ણાત ડૉ. અમિતભાઈ ભટ્ટ (એમ.ડી. આયુર્વેદ) તથા ડૉ. સોનલબહેન શાહ (બી.એ.એમ.એસ.) નિદાન કરશે.

આ કેમ્પનો લાભ લેનારને સાત દિવસની દવા ફ્રી આપવામાં આવશે.

કેમ્પનો લાભ લેનાર ઈચ્છુકોએ ફ્રી રજિસ્ટ્રેશન માટે તા. ૯-૪-૨૦૧૨થી ૨૧-૪-૨૦૧૨ દરમ્યાન (રજાના દિવસ સિવાય) મેડિકલ સેન્ટરના કાઉન્ટર પર સંપર્ક કરવા વિનંતી છે.

## આંખના મોતિયાનું નિદાન કેમ્પ

આ કેમ્પમાં આંખના નિષ્ણાત ડૉક્ટર દેવલ શાહ (એમ.એસ.), ડૉ. લીના કોઠારી (એમ.એસ.) તથા ડૉ. જિગ્નેશ શાહ (એમ.એસ.) નિદાન કરશે. જે વ્યક્તિને આંખના મોતિયાનું ઑપરેશન કરાવવાનું નિદાન થશે તેમણે તે દિવસે જ ઑપરેશન માટે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમને એક માસના સમય દરમ્યાન આંખના મોતિયાનું ઑપરેશન કન્સેશનલ દરે કરી આપવામાં આવશે. સાધારણ રીતે ૧૦ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિ આ કેમ્પનો લાભ લઈ શકશે.

બંને કેમ્પ સંબંધી વધુ માહિતી માટે મેડિકલ સેન્ટરમાં રૂમ નંબર-૩૧૦ અથવા ૩૨૦માં મળવું.

*કન્વીનર : કાંતિલાલ સાવલા*

# લીલાબહેન નવીનચંદ્ર હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

## આગામી કાર્યક્રમ

★ તારીખ : શુક્રવાર, તા. ૪-૫-૨૦૧૨
★ સમય : ૧૨.૦૦ થી ૫.૩૦ બપોરના
(ગરમી અને તડકાથી બચવા)
★ સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન-પાલડી
★ વિષય : જીવન કૌશલ્ય
★ વક્તા : શ્રી નંદક પંડ્યા દ્વારા ઓડિયો-વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન
'માતૃત્વને સંલગ્ન જીવન કૌશલ્ય'

જીવન કૌશલ્યની વ્યાખ્યા - એવી આવડત કે જે જીવનભર જરૂરી અને ઉપયોગી છે. આ કૌશલ્યમાં વિચારવું, કામ કરવું અને અનુભવવું જેવી આવડતોનો સમાવેશ થાય છે.

(૧) Head (મસ્તક), (૨) Heart (હૃદય)
(૩) Hand (હાથ), (૪) Health (સ્વાસ્થ્ય)

આ 4H ના કૌશલ્ય દ્વારા આપણે સહુ

(એ) નિર્ણય શક્તિ
(બી) "સ્વ" અંગેનો હકારાત્મક અભિગમ
(સી) અન્ય વ્યક્તિઓ સાથે આત્મીયતા અને પ્રેમપૂર્વક વ્યવહાર
(ડી) વિવિધ સંબંધોમાં કટિબદ્ધતા અને બિનશરતી પ્રેમ
(ઇ) સતત બદલાતી દુનિયામાં કાર્યક્ષમતાપૂર્વક બધી જ પરિસ્થિતિઓમાં આનંદનું સર્જન
(એફ)જીવનને અર્થપૂર્ણ અને સંતોષકારક રીતે જીવવાની કળા મેળવી શકીએ.

તો ચાલો, માતૃદિનની ઉજવણી નિમિત્તે ગીતો, ટૂંકી વાર્તાઓ અને દૃશ્ય શ્રાવ્ય દ્વારા જીવન કૌશલ્યનાં વિવિધ સોપાનો સર કરીએ.

(ચૌવિહારની સગવડ રાખવામાં આવેલ છે.)

*કન્વીનર : સુલુબહેન શાહ*

*એક વાર સ્પેનમાં યુદ્ધ ચાલતું હતું. તે વખતે ફાસિસ્ટ સેનાએ મેડ્રિડ શહેરને ઘેરો ઘાલ્યો હતો. ઘેરો ઘણા દિવસ ચાલ્યો. શહેરની અંદર અનાજ ખૂટી ગયું. લોકો ભૂખમરાથી હેરાન પરેશાન થઈ ગયા. આવી કટોકટી સમયે એક દિવસ ફાસિસ્ટ લોકોએ માડ્રિડ શહેર ઉપર ઊંચી જાતની બ્રેડ ફેંકવાનું શરૂ કર્યું. ફાસિસ્ટ લોકો ભૂખે મરતા શહેરવાસીઓને આ પ્રકારે લલચાવીને પોતાના પક્ષમાં કરી લેવા માંગતા હતા.*

*પરંતુ માડ્રિડ વાસીઓ વિમાનમાંથી વરસાવાયેલી એ લોકોની પાંવરોટીને અડ્યા પણ નહીં. શહેરના વ્યવસ્થાપકોએ એ તમામ રોટી ભેગી કરીને કાગળોમાં બાંધીને શહેરની બહાર ફેંકાવી દીધી. એ બંડલોની સાથે માડ્રિડના નાગરિકોએ એક ચિઠ્ઠી પણ જોડી. એમાં લખ્યું, "માડ્રિડ શહેરને તમે ફાસિસ્ટો પાંવરોટી નાખીને નહીં જીતી શકો. એ માટે તો તમારે લડવું પડશે. શહેરનો એકે એક નાગરિક દેશ માટે ખપી જવા તૈયાર છે."*

*મુકુલ કલાર્થીએ નોંધેલ કિસ્સો, પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*પેન્સિલ બની કોઈના સુખ ન લખી શકો તો કંઈ વાંધો નહીં, પરંતુ રબર બની બીજાના દુઃખ તો જરૂર ભૂંસી શકાય.*

## વયસ્ક સમિતિ

### બલસાણા અને ખંભાત યાત્રા પ્રવાસ

સમિતિ દ્વારા મહારાષ્ટ્રના વિવિધ યાત્રાધામો અને ગિરિમથકોનો પ્રવાસ તા. ૨૨-૨-૨૦૧૨થી ૨૬-૨-૨૦૧૨ સુધી વયસ્ક સભ્યો માટે યોજાઈ ગયો. તા. ૨૨-૨-૧૨ના રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પાલડીથી પ્રસ્થાન કરી, તા. ૨૩-૨-૧૨ના રોજ બલસાણા પહોંચ્યા. અહીં નવકારશી, પૂજા, ભોજનનો લાભ લઈ, દોડાંચાઈ અને ધુલિયા દર્શન - ચૌવિહાર કરી સૌ પારૂલા આવ્યા હતા. પારૂલા જૈન સંઘે વડીલોની ખૂબજ સુંદર આગતા સ્વાગતા કરી હતી. તા. ૨૪-૨-૧૨ના અમલનેર મધ્યે દર્શન કર્યા હતા. ત્યાં પારૂલા જૈન સંઘના પ્રમુખશ્રી તરફથી સૌનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેવી રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ તરફથી પ્રમુખશ્રીનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ દેવલાલી થઈને રાત્રે નાસિક ખાતે મુક્તિ ધામની મુલાકાત લીધી હતી. તા. ૨૫-૨-૧૨ના દેવલાલીથી ગિરિમથક વણી આવ્યા હતા. ત્યારે ચારેબાજુ દ્રાક્ષના માંડવા જોઈને સૌ પ્રભાવિત થયા હતા. ત્યારબાદ સાપુતારામાં નૌકા વિહારની મજા માણીને ગિરા ધોધની મુલાકાત લીધી હતી. ત્યાં બળેશ્વર આવ્યા હતા. તા. ૨૬-૨-૧૨ના બળેશ્વરથી - અંકલેશ્વર - ચંપાપુરી અને અન્ય જિનાલયમાં દર્શન કરી સૌ ઓમકાર તીર્થમાં દર્શન - આરતી અને ચૌવિહાર કરી રાત્રિના સમયે અમદાવાદ પરત ફર્યા હતા.

આ યાત્રા-પ્રવાસ માટે શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી ભોગીલાલ છગનલાલ શાહ, શ્રી દિલીપ કુંવરજી દંડ, મે. શેઠ ગ્રૂપ, જ્યોતિબહેન શાહ, શાંતાબહેન પોપટલાલ ધરોડ, પુષ્પાબહેન મગનલાલ શાહ તથા મે. ન્યુ લક્ષ્મી સ્ટોર્સ તરફથી કાર્યક્રમનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું. સમિતિ દરેકનો ખૂબ ખૂબ આભાર માને છે.

★

### ખંભાત પ્રવાસ

તા. ૧૫-૩-૨૦૧૨ના સમિતિ દ્વારા ખંભાત ખાતે એક યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. શ્રીમતી કુસુમબહેન વીરેન્દ્ર શાહ દ્વારા સવારે સંઘ પૂજન કરી માતર જવા માટે પ્રસ્થાન કરવામાં આવેલ. ત્યાં પૂજા - નવકારશી બાદ જિનાલયોની નગરી સમાન ખંભાતમાં વિવિધ અદ્‌ભુત જિનાલયોમાં દર્શન વગેરેનો લાભ લઈને વટામણ ચોકડીથી કલીકુંડ પહોંચ્યા હતા. દાદાવાડીમાં દર્શન ચૌવિહાર કરીને સૌ એકત્ર થઈને સમગ્ર કાર્યક્રમના સૌજન્યદાતા શ્રીમતી કુસુમબહેન વીરેન્દ્ર શાહનું બહુમાન કર્યું હતું. કાર્યક્રમના અંતે નાના છાપરાથી માતૃધામ - વૃદ્ધાશ્રમની મુલાકાત લઈને અમદાવાદ પરત ફર્યા હતા.

*કન્વીનર : રજનીકાંત પારેખ*

**મોટી વાત તમારા જીવનમાં વરસો ઉમેરવાની નહિ,**
**પણ તમારાં વરસોમાં જીવન ઉમેરવાની છે.**

## “સંકલ્પ”

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### પાલિતાણા છ ગાઉ યાત્રા અને ધૂળેટી પર્વ

‘સંકલ્પ’ દ્વારા આ વર્ષે પણ પાલિતાણા છગાઉ પરિક્રમા કરવાનું આયોજન તા. ૫ અને ૬-૩-૨૦૧૨ના કરવામાં આવ્યું હતું.

છેલ્લા પાંચ વર્ષથી આ પ્રકારના આયોજનોમાં સારી સંખ્યામાં યાત્રિકો જોડાતા હોય છે.

પાલડીથી રવાના થવાના સમયે દાદા આદિનાથ ભગવાનના જયનાદ બાદ, સ્તવનની ધૂન સાથે નવકાર તીર્થ થઈને તગડી પહોંચ્યા હતા. ત્યાં દર્શન અને નવકારશીનો લાભ લઈને આગળ જતાં સારંગપુર - હનુમાન મંદિરે દર્શનનો લાભ લીધેલ હતો.

ત્યારબાદ સૌ અયોધ્યાપુરમ પહોંચીને ચૈત્યવંદન અને દર્શનનો લાભ લઈને બપોરનું ભોજન કર્યું હતું. ત્યાંથી વલ્લભીપુર થઈને શ્રી મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ - સોનગઢ ખાતે ચૌવિહાર - ભોજનનો લાભ લીધેલ હતો. સંસ્થામાં સંયુક્ત રીતે ત્રણ હજાર રૂપિયાનું દાન લખાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પાલિતાણા પહોંચ્યા હતા.

મોડી રાતે ૨.૦૦ વાગે બધા યાત્રિકોએ છગાઉ યાત્રાનો આરંભ કર્યો હતો. સવારનાં ૫.૦૦ વાગ્યા સુધી ચૈત્યવંદના કરીને સૌ યાત્રિકોએ આદિનાથ ભગવાનના ભાવપૂર્ણ રીતે દર્શન કર્યા હતા. સૌથી છેલ્લા યાત્રાળુએ બપોરે ૨.૦૦ વાગે યાત્રા પૂરી કરી હતી. ત્યાં સુધીમાં સૌ પાલ પર પહોંચી ગયા હતા. વળતી વખતે સોનગઢ થઈને રાત્રિના ૧૧.૦૦ વાગે અમદાવાદ પરત આવી ગયા હતા. કુલ રૂા. ૫૦/-નું સંઘપૂજન પાલડી ભવન ખાતે શ્રી પીયૂષ રવિલાલ પારેખ કર્યું હતું.

તા. ૫-૩-૨૦૧૨ના નવકારશી અને ભોજન માટે શ્રી પંકજ કે. શાહ, ડૉ. કેતન શાહ અને શ્રી નિખિલ નવીનચંદ્ર શાહ તેમજ તા. ૬-૩-૨૦૧૨ના ચૌવિહાર માટે શ્રી રાજેશ ધરમશી શાહ તથા કેતન લોડાયાએ દાતાઓ તરીકેનો લાભ લીધો હતો. તે સિવાય, રૂા. ત્રણ હજાર શ્રી અનિલભાઈ હિંમતલાલ શાહ તેમજ રૂા. એક હજાર એક વ્યક્તિશ્રી તરફથી હતા.

★

### “ધૂળેટી”

પ્રણાલિકા અનુસાર આ વર્ષે પણ ધૂળેટીના દિવસે અબીલ ગુલાલ દ્વારા સૌ સભ્યોએ આનંદ માણ્યો હતો. ત્યારબાદ સંકલ્પ દ્વારા આયોજિત ભોજનમાં લગભગ એકસો સભ્યોની હાજરી હતી.

રંગારંગભર્યા આ કાર્યક્રમના દિવસે જમણ પેટે રૂા. ૫૦૦/- એક વ્યક્તિશ્રી તરફથી અને ગુલાલ પેટે રૂા. ૬૦૦/- શ્રી હીરેન અમૃતલાલ શાહ તરફથી ‘સંકલ્પ’ને મળ્યા હતા.

ઉપરોક્ત બંને કાર્યક્રમના દરેક દાતાશ્રીઓનો સંકલ્પ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

*પ્રમુખ/મંત્રી — સંકલ્પ, પંકજ શાહ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વિવિધ સમિતિઓનાં સભ્યોના નામની યાદી : વર્ષ ૨૦૧૧-૨૦૧૨

### (૧) શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

- શ્રી હીરેન કુંવરજી શાહ — કન્વીનર
- શ્રી વિમેશ ગુલાબચંદ શાહ — સભ્ય
- શ્રી વિશાલ મહેન્દ્ર શાહ — સભ્ય
- શ્રી કિરીટ પ્રેમજી નંદુ — સભ્ય
- શ્રી દેવેન મેઘજી છેડા — સભ્ય
- શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા — સભ્ય
- શ્રી નવીન જેઠાભાઈ લાલકા — સભ્ય
- શ્રી પંકજ મેઘજી ગોગરી — સભ્ય
- શ્રીમતી રશ્મિ રાજેન્દ્ર ગાલા — સભ્ય
- શ્રી નિમેષ મણિકાંત શાહ — સભ્ય
- શ્રીમતી હાસ્યલતા દિનેશચંદ્ર મહેતા — સભ્ય
- શ્રી મોનીષભાઈ (બોબી) પ્રફુલભાઈ શાહ — સભ્ય
- શ્રીમતી નેહા નિમેષ શાહ — સભ્ય
- શ્રી અમન જિતુભાઈ સંઘવી — સભ્ય
- કુ. કાજલબહેન મણિકાંત ગાલા — સભ્ય

### (૨) વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ

- શ્રી પંકજ મેઘજી ગોગરી — કન્વીનર
- શ્રી મનીષ આણંદજી વીરા — સભ્ય
- શ્રી વિજય ભવાનજી દેઢિયા — સભ્ય
- શ્રી વિમેશ ગુલાબચંદ શાહ — સભ્ય
- શ્રી પૂજન અશોક ગોરજી — સભ્ય
- શ્રીમતી સ્મિતાબહેન વિશાલ શાહ — સભ્ય
- શ્રી શશીકાંત નેમજી ગાલા — સભ્ય

### (3) કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ

- શ્રી પ્રતાપ નારાણજી દંડ — કન્વીનર
- શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા — સભ્ય
- શ્રી વિમેશ ગુલાબચંદ શાહ — સભ્ય
- શ્રી નીતિન ભોગીલાલ શાહ — સભ્ય

### (૪) લાઈબ્રેરી સમિતિ

- શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ — કન્વીનર
- શ્રી મહેન્દ્ર વિશનજી શાહ — સભ્ય
- શ્રી વિમેશ ગુલાબચંદ શાહ — સભ્ય
- શ્રી વિશાલ મહેન્દ્ર શાહ — સભ્ય

### (૫) યુવા વિકાસ સમિતિ

- શ્રી નવીન જેઠાભાઈ લાલકા — કન્વીનર
- શ્રી વિશાલ મહેન્દ્ર શાહ — સભ્ય
- શ્રી હીરેન અમૃતલાલ શાહ — સભ્ય
- શ્રી રાજેશ ખીમચંદ ધરમશી — સભ્ય
- શ્રી અમન જિતુભાઈ સંઘવી — સભ્ય
- શ્રી અમિત અભયચંદ લોડાયા — સભ્ય
- શ્રી સંદીપ નવીન મોતા — સભ્ય
- શ્રીમતી સ્મિતાબહેન વિશાલ શાહ — સભ્ય
- શ્રીમતી પાયલ શશિકાંત ગાલા — સભ્ય

### (૬) મહિલા ઉત્કર્ષ સમિતિ

- શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ — કન્વીનર
- શ્રીમતી નીપા સંજયભાઈ શાહ — સભ્ય
- શ્રીમતી વીણાબહેન ભરત ગાલા — સભ્ય
- શ્રીમતી નયનાબહેન જય ગોગરી — સભ્ય
- શ્રીમતી દિવ્યાબહેન સંદીપ શાહ — સભ્ય

### (૭) બાળ કલ્યાણ સમિતિ

- શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી — કન્વીનર
- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર — સભ્ય
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય
- શ્રી દિનેશ મણિલાલ શાહ — સભ્ય

### (૮) દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ

- શ્રી કમલેશ બાબુભાઈ શાહ — કન્વીનર
- શ્રી નવીન જેઠાભાઈ લાલકા — સભ્ય
- શ્રી ટોકરશી કેશવજી શાહ — સભ્ય
- શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ — સભ્ય
- શ્રી રશ્મિન સંગોઈ — સભ્ય

### (૯) પરિચય મિલન સમિતિ

- શ્રી હીરજી પાસુ શાહ — કન્વીનર
- શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી — સભ્ય
- શ્રી વિમેશ ગુલાબચંદ શાહ — સભ્ય
- શ્રી મહેન્દ્ર વિશનજી શાહ — સભ્ય
- શ્રીમતી અમીબહેન નીતિનકુમાર શાહ — સભ્ય

*શાંતિ માનવજીવન માટે એક પરમ પાવન અને ઈચ્છનીય ભંડોળ છે.*

## (૧૦) તબીબી સેવા સમિતિ

- શ્રી કાંતિલાલ વેલજી સાવલા — કન્વીનર
- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા — સભ્ય
- ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ — સભ્ય
- શ્રી અશ્વિન હીરજી સાવલા — સભ્ય
- શ્રી કાંતિલાલ રામજી શાહ — સભ્ય
- શ્રી દિનેશભાઈ રતિલાલ મહેતા — સભ્ય
- શ્રી નરેન્દ્ર રાયચંદ ખોના — સભ્ય

## (૧૧) તબીબી સહાય સમિતિ

- શ્રી કાંતિલાલ વેલજી સાવલા — કન્વીનર
- શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા — સભ્ય
- શ્રી પ્રતાપ નારાણજી દંડ — સભ્ય
- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા — સભ્ય

## (૧૨) વયસ્ક સમિતિ

- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — કન્વીનર
- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર — સભ્ય
- શ્રી બાબુભાઈ ખેતશી મહેતા — સભ્ય
- શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ — સભ્ય
- શ્રી આણંદજી વેલજી વીરા — સભ્ય

## (૧૩) સામાજિક સુરક્ષા સમિતિ

- શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી — કન્વીનર
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય
- શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા — સભ્ય
- શ્રી નીતિન ભોગીલાલ શાહ — સભ્ય
- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર — સભ્ય

## (૧૪) શૈક્ષણિક સહાય સમિતિ

- શ્રી આણંદજી વેલજી વીરા — કન્વીનર
- શ્રી પોપટલાલ નેણશી ધરોડ — સભ્ય
- શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા — સભ્ય
- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) — સભ્ય
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય

## (૧૫) સાધર્મિક સહાય સમિતિ

- શ્રી આણંદજી વેલજી વીરા — કન્વીનર
- શ્રી હીરજી પાસુ શાહ — સભ્ય
- શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી — સભ્ય

## (૧૬) વૈયાવચ્ચ સમિતિ

- શ્રી પદમશી ચત્રભુજ ડાઘા — કન્વીનર
- શ્રી જશવંત જયંતીલાલ કોઠારી — સભ્ય
- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર — સભ્ય
- શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા — સભ્ય
- શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ — સભ્ય

## (૧૭) મંગલ મંદિર – તંત્રી મંડળ

- શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા — મુખ્યતંત્રી
- શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા — સભ્ય
- શ્રી દિનેશચંદ્ર રતિલાલ મહેતા — સભ્ય
- શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ — સભ્ય

## (૧૮) લીગલ સમિતિ

- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા — કન્વીનર
- શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા — સભ્ય
- શ્રી કાંતિલાલ વેલજી સાવલા — સભ્ય
- શ્રી પ્રતાપ નારાણજી દંડ — સભ્ય

## (૧૯) હિસાબી સમિતિ

- શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી — કન્વીનર
- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) — સભ્ય
- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર — સભ્ય
- શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા — સભ્ય

## (૨૦) સભ્યપદ / મેડિકલ કાર્ડ સમિતિ

- શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા — કન્વીનર
- શ્રી પોપટલાલ નેણશી ધરોડ — સભ્ય
- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) — સભ્ય
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય

## (૨૧) ફંડ રેઇઝિંગ સમિતિ

- શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ — કન્વીનર
- શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા — સભ્ય
- શ્રી પ્રતાપ નારાણજી દંડ — સભ્ય
- શ્રી કાંતિલાલ વેલજી સાવલા — સભ્ય
- શ્રી હીરજી પાસુભાઈ શાહ — સભ્ય
- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા — સભ્ય
- શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા — સભ્ય

## (૨૨) ભવન સમિતિ

- શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા — કન્વીનર
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય
- શ્રી અશ્વિન ભવાનજી સોની — સભ્ય
- શ્રી બચુભાઈ (દામજી) હીરજી રાંભિયા — સભ્ય
- શ્રી નીતિન ધનજી ગાલા — સભ્ય

*સફળતાનો તણાવ નિષ્ફળતા કરતાં વધુ ઉપદ્રવી હોય છે.*

**(૨૩) કેન્ટીન સમિતિ**

- શ્રી મણિલાલ કુંવરજી ગોસર — કન્વીનર
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય
- શ્રી કલ્યાણજી રવજી રાંભિયા — સભ્ય
- શ્રી બચુભાઈ (દામજી) હીરજી રાંભિયા — સભ્ય

**(૨૪) જનરલ ખરીદ સમિતિ**

- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) — કન્વીનર
- શ્રી મણિલાલ કુંવરજી ગોસર — સભ્ય
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય
- શ્રી બાબુભાઈ ખેતશી મહેતા — સભ્ય

**(૨૫) જમણવાર સમિતિ**

- શ્રી સંદીપ અશોકકુમાર મહેતા — કન્વીનર
- શ્રી ગિરીશ દામજી પોલડિયા — સભ્ય
- શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા — સભ્ય
- શ્રી રોહિત શાંતિલાલ સંઘવી — સભ્ય
- શ્રી પીયૂષ રવિલાલ પારેખ — સભ્ય
- શ્રીમતી અમીબહેન નીતિનકુમાર શાહ — સભ્ય
- શ્રીમતી જિગિષા સંદીપ મહેતા — સભ્ય

**(૨૬) મુંબઈ અતિથિ ભવન સમિતિ**

- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા — કન્વીનર
- શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા — સભ્ય
- શ્રી કાંતિલાલ વેલજી સાવલા — સભ્ય
- શ્રી પ્રતાપ નારાણજી દંડ — સભ્ય

**(૨૭) બંધારણ સમિતિ**

- શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી — કન્વીનર
- શ્રી આણંદજી વેલજી વીરા — સભ્ય
- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા — સભ્ય

**(૨૮) ગૃહ ઉદ્યોગ સમિતિ**

- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — કન્વીનર
- શ્રી કિરણ ત્રેવાડિયા — સભ્ય
- શ્રી કિશોર મૂલજી લાલકા — સભ્ય
- શ્રીમતી ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ — સભ્ય

**(૨૯) કચ્છ આર્ટ ગેલેરી સમિતિ**

- શ્રી કાંતિલાલ રામજી શાહ — કન્વીનર
- શ્રી પ્રતાપ નારાણજી દંડ — સભ્ય
- કુ.ચૌલાબહેન ઉમરશી કુરુવા — સભ્ય

**(૩૦) લોન સમિતિ**

- શ્રી કાંતિલાલ રામજી શાહ — કન્વીનર
- શ્રી શાંતિલાલ મૂળજી સાવલા — સભ્ય

**(૩૧) સુવર્ણ જયંતી વર્ષ સમિતિ**

- શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા — સભ્ય
- શ્રી કાંતિલાલ વેલજી સાવલા — સભ્ય
- શ્રી પ્રતાપ નારાણજી દંડ — સભ્ય
- શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા — સભ્ય
- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા — સભ્ય
- શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ — સભ્ય
- શ્રી હીરેન કુંવરજી શાહ — સભ્ય
- શ્રી નવીન જેઠાભાઈ લાલકા — સભ્ય
- શ્રી વિમેશ ગુલાબચંદ શાહ — સભ્ય

**(૩૨) દર્દી સહાય સમિતિ**

- શ્રી બચુભાઈ (દામજી) હીરજી રાંભિયા — સભ્ય
- શ્રી અશ્વિન ભવાનજી સોની — સભ્ય
- શ્રી કમલેશ બાબુભાઈ શાહ — સભ્ય
- શ્રી સમીર શેલકર (ગીતાબહેન રાંભિયા ટ્રસ્ટ) — સભ્ય

**(૩૩) ડોનેશન ફોલો-અપ સમિતિ**

- શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા — કન્વીનર
- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) — સભ્ય
- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર — સભ્ય

**(૩૪) પ્રસાર સમિતિ**

- શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી — કન્વીનર
- શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા — સભ્ય

**(૩૫) ક્રેડિટ સોસાયટી સમિતિ**

- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા — કન્વીનર
- શ્રી કાંતિલાલ રામજી શાહ — સભ્ય
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય

**(૩૬) વસતિપત્રક સમિતિ**

- શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા — કન્વીનર
- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) — સભ્ય
- શ્રી આણંદજી વેલજી વીરા — સભ્ય
- શ્રી રજનીકાંત ધરમશી પારેખ — સભ્ય
- શ્રી દિનેશ આર. મહેતા — સભ્ય

*ટાળવા જેવી કુટેવ — પારકી પંચાત.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ

- **નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર**
  અહીં મેડિકલની ૨૮ બ્રાંચો કાર્યરત છે. દર અઠવાડિયે એમ.ડી. કક્ષાના ૬૦થી પણ વધુ ડોક્ટરો વિઝિટ લે છે. પેથોલોજી લેબોરેટરી, ડિજીટલ એક્સ-રે, સોનોગ્રાફી, ઈ.સી.જી., ટી.એમ.ટી. વગેરે પરિક્ષણ વિભાગો છે. ફિઝિયોથેરાપી, આયુર્વેદ, હોમિયોપેથ વગેરે શાખાઓ પણ કાર્યરત છે. દર વર્ષે એક લાખથી વધુ લોકો તેનો લાભ લે છે. આ સેન્ટરના કારણે મેડિકલ સારવારના વિભાગમાં જનતાના લગભગ રૂા. બે કરોડનો બચાવ થાય છે. કચ્છી જૈન સેવા સમાજના સભ્યોને અંદાજિત રૂા. ૫ લાખ જેટલો વધારાનો ફાયદો રહે છે.
- **શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર**
  સમાજના સભ્યો તથા અન્ય લોકો વર્ષભર અહીં અનેક પ્રસંગો યોજે છે.
- **માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રિમવાલા) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી**
  સમાજની અનેક પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. અહીંથી સમાજની વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે.
- **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન - ગીતા મંદિર**
  આ એક આધુનિક અતિથિભવન છે. ૧૦ રૂમ તથા ડોરમેટરીની વ્યવસ્થા છે. દર વર્ષે ૧૦,૦૦૦ અતિથિઓ લાભ લે છે.
- **ગુજરાત ખનિજ વિકાસ નિગમ પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ**
  અહીં આધુનિક પ્રકારના એ.સી. / નોન એ.સી.ની સગવડવાળા ૬૩ રૂમો છે. દર વર્ષે ૨૪,૦૦૦ અતિથિઓ લાભ લે છે. અહીં સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો માટે અલાયદા રૂમો પણ છે.
- **શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા બાલસમૃદ્ધિ યોજના**
  સમાજમાં જન્મતા દરેક બાળકને રૂા. ૧૦,૦૦૦/-નો ચેક આપવામાં આવે છે કે જેની વ્યાજ સાથેની રકમ તેને લગભગ ૧૮ વર્ષની ઉંમરે મળે છે. દર વર્ષે લગભગ ૨૫ બાળકોને આ યોજનાનો લાભ મળે છે.
- **શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ**
  દર વર્ષે સમાજના જરૂરિયાત મુજબ બાળકોને કેળવણી સહાય આપવામાં આવે છે. લગભગ રૂા. ૭ લાખથી વધુ રકમ સહાય પાછળ ખર્ચાય છે.
- **શ્રી કુંવરજી દેવજી સાવલા યુવા વિકાસ પ્રવૃત્તિ**
  યુવા વિકાસને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને તેને અનુરૂપ કાર્યક્રમોનું આયોજન થાય છે.
- **શ્રીમતી લીલાબહેન નવીનભાઈ વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ કેન્દ્ર**
  મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.
- **શેઠશ્રી છગનલાલ સાકરચંદ શાહ મેડિકલ રિલીફ યોજના**
  સમાજના જરૂરિયાતમંદ લોકોને આ યોજના હેઠળ મેડિકલ સહાય આપવામાં આવે છે.
- **તપોમૂર્તિ લક્ષ્મીબહેન છગનલાલ નરશી દેઢિયા તબીબી સહાય યોજના (શ્રી કચ્છી વિશ્રામ ગૃહ)**
  કચ્છથી અમદાવાદ સુશ્રુષા અર્થે આવનાર દર્દીઓને આ યોજના હેઠળ મેડિકલ સહાય કરવામાં આવે છે.
- **શ્રી ધારશી કરમશી કુરિયા (મેરાઉવાલા) વૈયાવચ્ચ ફંડ :** સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરવામાં આવે છે. મેડિકલ સેન્ટરમાં પરિક્ષણ કરાવ્યા બાદ જરૂરિયાત મુજબની પૂરેપૂરી દવાઓ આપી, તેનો પણ લાભ લેવામાં આવે છે.
- **શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા (મેરાઉવાલા) સાધર્મિક સહાય ફંડ**
  સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને ગોપનીય સાધર્મિક સહાય આપવામાં આવે છે.
- **માતુશ્રી પાનબાઈ ધારશી કુરિયા (મેરાઉ - અમદાવાદ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - મુંબઈ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ) કાયમી સ્વામિવાત્સલ્ય યોજના**
  સમાજના વાર્ષિક સ્નેહમિલન પ્રસંગે સ્વામિવાત્સલ્ય જમણ આ યોજના હેઠળ કરવામાં આવે છે.
- **મંગલ મંદિર :** છેલ્લા ૩૬ વર્ષથી દર મહિને નિયમિતપણે પ્રસારિત થતું સમાજનું મુખપત્ર, સમાજની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર સમાજના દરેક સભ્ય દ્વારા ઘરેઘરે, ભારતભરમાં તેમજ વેબસાઈટ દ્વારા વિદેશમાં પણ વંચાય છે.
- **સમાજના નબળા વર્ગ માટે ૪૦ ફ્લેટની આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ કરેલ છે અને જે તે લાભાર્થીઓને સુપરત કરેલ છે.**
- **જલારામ અન્નક્ષેત્ર :** કચ્છથી અમદાવાદ સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે પધારતા જરૂરિયાતવાળા દર્દીઓને રહેવાની સગવડ કન્સેશનલ દરથી તેમજ દર્દી અને તેમની સાથે રહેનારને ત્યાંકને ચા-નાસ્તો તેમજ બંને સમયે જમવાનું નિઃશુલ્ક આપવામાં આવે છે.

*જે વીતી ગયું તેની પરવા ન કરશો, આવનારું છે તેના સપના જુઓ, પોતાનું ધ્યાન વર્તમાન પર લગાવો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૨

- **ગુરુવાર, તા. ૨૩-૨-૨૦૧૨**

  સુવર્ણ જયંતી મહોત્સવના અનુસંધાને ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કાંતિલાલભાઈ સાવલાએ શ્રી ચંદ્રકાંત કેશવજી ગડાની મુલાકાત લીધેલ હતી.

  ★

  શ્રી પ્રેમજી (બચુભાઈ) શિવજી રાંભિયા (રામાણિયા - મુંબઈ) દ્વારા પ્રાપ્ત થયેલ એલ.સી.ડી. ટી.વી. આજરોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર આવી ગયેલ હતા. આ બાબતે સમાજના એક ટ્રસ્ટી શ્રી કલ્યાણજીભાઈ રવજી રાંભિયાએ અગ્રિમ ભાગ ભજવેલ હતો.

- **શુક્રવાર, તા. ૨૪-૨-૨૦૧૨**

  સુવર્ણ જયંતી મહોત્સવના અનુસંધાને શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી નરેન્દ્ર રામજી દેઢિયાની મુલાકાત લીધેલી હતી અને તેઓને આખા વર્ષ દરમ્યાનના કાર્યક્રમોની વિગત સમજાવેલ હતી. તેઓ તરફથી સુવર્ણ જયંતી મહોત્સવના અનુસંધાને આર્થિક સહકાર પણ સાંપડેલ હતો.

- **શનિવાર, તા. ૨૫-૨-૨૦૧૨**

  શ્રી ગુલાબભાઈ દેઢિયા દ્વારા શ્રી હરીશભાઈ ભીમાણીનું તા. ૧૪-૪-૨૦૧૨ના ફંકશનમાં વિશિષ્ટ કચ્છી વ્યક્તિ તરીકે બહુમાન કરવું તેવું નક્કી કરવામાં આવ્યું. ત્યારબાદ તેમની સાથે ડાયરેક્ટ વાત કરી તેમનું કન્ફર્મેશન પણ લેવામાં આવ્યું.

- **રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૨**

  શ્રી ગુલાબભાઈ દેઢિયા દ્વારા શ્રી આણંદજી વીરજી શાહ સાથે વાત કરી તા. ૧૪-૪-૨૦૧૨ના ફંકશનમાં તેઓશ્રીનું વિશિષ્ટ કચ્છી વ્યક્તિ તરીકે બહુમાન કરવાનું નક્કી કરવામાં આવ્યું. ત્યારબાદના દિવસોમાં શ્રી આણંદજીભાઈ સાથે ડાયરેક્ટ વાત કરી, તેઓ અમદાવાદ ક્યારે પધારે છે, વગેરે અંગે ચર્ચા કરી.

  ★

  શ્રી વિનોદભાઈ ગણાત્રા સાથે ડાયરેક્ટ વાત કરી, તા. ૧૪-૪-૨૦૧૨ના ફંકશનમાં તેઓનું વિશિષ્ટ કચ્છી વ્યક્તિ તરીકે બહુમાન કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું. તેઓશ્રી આગળના દિવસે અમદાવાદ આવી જશે તેવું પણ નક્કી કરવામાં આવ્યું.

- **સોમવાર, તા. ૨૭-૨-૨૦૧૨**

  તા. ૧૪-૪-૨૦૧૨ના સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમમાં મધ્ય પ્રદેશના નાણાપ્રધાન શ્રી રાઘવજીભાઈ સાવલા અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેશે તેવું શ્રી નીતિનભાઈ ધનજી ગાલાએ તેમની સાથે નક્કી કર્યું. ત્યારબાદ શ્રી રાઘવજીભાઈ સાવલા સાથે પણ આ બાબતે ડાયરેક્ટ વાત કરવામાં આવી.

  ★

  શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી ચંદ્રકાંત રવિલાલ મહેતાની રૂબરૂ મુલાકાત લઈ સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમ બાબતે ચર્ચા કરેલ હતી. તેના અનુસંધાને આ કાર્યક્રમ માટે તેઓશ્રીનો આર્થિક સહકાર પણ સાંપડેલ હતો.

  ★

  સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમની વિગતો સમજાવવા શ્રી દક્ષેશભાઈ નવીનચંદ્ર સંઘવી સાથે પણ આજે મુલાકાત ગોઠવવામાં આવેલ હતી. તેઓશ્રીનો પણ આ કાર્યક્રમ માટે આર્થિક સહકાર સાંપડેલ હતો.

  ★

  સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમમાં વિશિષ્ટ કચ્છી વ્યક્તિનું બહુમાન કરવાના અનુસંધાને શ્રી વિપુલ એ. શાહ તથા શ્રી અમીન સાયાની સાથે ડાયરેક્ટ વાત કરી, તેઓ પાસેથી જરૂરી કન્ફર્મેશન મેળવવામાં આવ્યું.

- **મંગળવાર, તા. ૨૮-૨-૨૦૧૨**

  સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમની વિગતો સમજાવવા આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી અનિલભાઈ પાસુભાઈ શાહનંદની મુલાકાત લીધેલ હતી.

  ★

  જમણવાર સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર સુવર્ણ જયંતી મહોત્સવના અનુસંધાને જમણવાર સમિતિના પોતાના કાર્યક્રમો અંગે ચર્ચા કરવા મળેલ હતી. આ મિટિંગમાં શ્રી સંદીપ મહેતા, શ્રી નીતિનભાઈ શાહ, શ્રીમતી અમીબહેન શાહ તથા શ્રી પીયૂષ પારેખ ઉપસ્થિત રહેલ હતા.

  ★

  બિદડાના શ્રી કોમલભાઈ સાવલા આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા.

- **બુધવાર, તા. ૨૯-૨-૨૦૧૨**

  શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત

*પ્રભુને પામવા માટે પણ હૈયે ધીરજ રાખવી જરૂરી છે.*

દેઢિયાએ નવનીત પબ્લિકેશન્સનાં શ્રી છોટુભાઈ ગાલા તથા શ્રી શાંતિલાલભાઈ ગાલાની રૂબરૂ મુલાકાત લીધેલ હતી. સુવર્ણ જયંતી મહોત્સવ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. નવું બહાર પાડવામાં આવનાર વસતિપત્રક-૨૦૧૨ વિશે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. મહોત્સવના કાર્યક્રમો તથા વસતિ પત્રકના અનુસંધાને તેઓનો સુંદર આર્થિક સહયોગ સાંપડેલ હતો. તા. ૧૪-૪-૨૦૧૨ના ફંકશનમાં તેઓશ્રી અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેશે તેવું પણ તેમની સાથે નક્કી કરવામાં આવેલ હતું.

- **ગુરુવાર, તા. ૧-૩-૨૦૧૨**

શ્રી સુંદરજીભાઈ એમ. શાહ - મુંબઈ (સણોસરાવાળા) તા. ૧૪-૪-૨૦૧૨ના ફંકશનમાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેશે તેવું તેમની સાથે નક્કી કરવામાં આવેલ હતું.

★

રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં ૧૭ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં વિવિધ વિષયે ચર્ચા કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં નીચે મુજબની વરિષ્ઠ સભ્યોની એક 'શિસ્ત સંયોજક સમિતિ'ની રચના પણ કરવામાં આવેલ હતી.

(૧) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા - કન્વીનર,
(૨) શ્રી હીરજી પાસુ શાહ - સભ્ય,
(૩) શ્રી મગનલાલ એમ. સંઘવી - સભ્ય.

સુવર્ણ જયંતી મહોત્સવની દરેક બાબતે વિગતે ચર્ચા આ મિટિંગમાં કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૨-૩-૨૦૧૨**

રાત્રે શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમોની વિગતે ચર્ચા કરવા શ્રી શાંતિલાલભાઈ છગનલાલ શાહને ત્યાં રૂબરૂ જઈ તે અંગે વિસ્તૃત ચર્ચા કરેલ હતી.

- **શનિવાર, તા. ૩-૩-૨૦૧૨**

શ્રી રાયચંદભાઈ ધરમશી આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હોવાથી શ્રી પ્રતાપભાઈ દંડે તેમને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ લઈ ગયેલ હતા અને ત્યાં તૈયાર કરવામાં આવેલ 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' તેમને બતાવવામાં આવેલ હતું.

★

શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ કુંવરજી ગોસર અને શ્રી રજનીકાંત ધરમશી પારેખ ગાંધીનગર ગયેલ હતા અને ત્યાં તૈયાર કરવામાં આવનાર સિનિયર સિટીઝન હોમ વિશે વિસ્તૃત ચર્ચા કરેલ હતી. ત્યાં મૂકવામાં આવનાર ફર્નિચર વિશે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

★

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - હોટેલ સુપ્રીમવાલા) મદુરાઈના પરિવારના સભ્યો શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા અને તેઓશ્રીએ અહીં ચાલતી પ્રવૃત્તિઓ અંગે પોતાનો સંતોષ વ્યક્ત કરેલ હતો.

- **રવિવાર, તા. ૪-૩-૨૦૧૨**

સમાજના બધા જ ટ્રસ્ટીશ્રીઓને શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ પર તૈયાર કરવામાં આવી રહેલ 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' બતાવવાનું હોવાથી ત્યાં અનેક ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા અને મ્યુઝિયમ નિહાળીને તેઓએ પોતાનો સંતોષ વ્યક્ત કરેલ હતો. શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કાંતિલાલભાઈ વેલજી સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા, શ્રી પદમશી ચત્રભોજ ડાઘા વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૯-૩-૨૦૧૨**

તબીબી સેવા સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. જેમાં ડેન્ટલ ચેરની ખરીદી, ટ્રસ્ટ બોર્ડ સમક્ષ રજૂ કરવાની દરખાસ્તો, જે તબીબી સેવાઓ અત્રે ઉપલબ્ધ નથી તેવી સેવાઓ માટે અન્ય હોસ્પિટલ સાથે ટાઈ-અપ કરવા તેમજ ડૉક્ટરો સાથેના વાર્ષિક સ્નેહ-મિલન કાર્યક્રમ જેવા પ્રશ્નોની ચર્ચા થઈ હતી અને જરૂરિયાત મુજબ અમુક બાબતે આખરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

- **શનિવાર, તા. ૧૦-૩-૨૦૧૨**

શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - સુરતના પ્રમુખ શ્રી રાજેશ એન. મહેતાનો ફોન આવેલ કે તા. ૧૪-૪-૨૦૧૨ના ફંકશનમાં તેઓના ગ્રૂપની ૧૦ વ્યક્તિ અમદાવાદમાં ઉપસ્થિત રહેશે અને તા. ૧૩-૫-૨૦૧૨ તથા તા. ૧૪-૫-૨૦૧૨ના મુંબઈના ફંકશનમાં પણ તેઓના ગ્રૂપની ૧૦ વ્યક્તિ ઉપસ્થિત રહેનાર છે.

- **રવિવાર, તા. ૧૧-૩-૨૦૧૨**

સવારમાં ૯.૦૦ વાગે ટ્રસ્ટ મંડળની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. અંદાજે ૧૩ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. જેમાં મુખ્યત્વે સમાજની સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમો અને તેનાં ખર્ચ, કચ્છી પરિવારજનો માટે ખબર પત્રિકા પ્રકાશિત કરવા વગેરે બાબતોએ ચર્ચા વિચારણા કરીને યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

★

સવારમાં ૧૧.૦૦ વાગે કારોબારી સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન

*સકારાત્મક દૃષ્ટિ હશે તો જિંદગીમાં મસ્તી આવશે.*

ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં ૧૮ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. જેમાં ખાસ કરીને સમાજની સુવર્ણ જયંતી ઉજવણીના કાર્યક્રમો, સિનિયર સિટીઝન હોમ તેમજ બંને ભવન પરની કેન્ટીન ચલાવવા અંગે આવેલી દરખાસ્તો વગેરે વિષયે ચર્ચા કરીને યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

- **ગુરુવાર, તા. ૧૫-૩-૨૦૧૨**
  શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી કે.આર. શાહ ભવન પર મળેલ અને સ્ટાફના પગાર ધોરણ અંગે વિગતે ચર્ચા કરેલ હતી.
- **શુક્રવાર, તા. ૧૬-૩-૨૦૧૨**
  શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કે.આર. શાહ સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમની સમજ આપવા તથા તેના અંગે ચર્ચા કરવા પ્રથમ ડૉ. મધુભાઈ શાહને ત્યાં ગયેલ અને ત્યારબાદ ડૉ. હિમાંશુ શાહને ત્યાં ગયેલ હતા. તેઓશ્રીએ વિગતો સાંભળી આનંદ વ્યક્ત કરેલ હતો અને જરૂરી સહકાર આપશે તેવું પણ જણાવ્યું હતું. ■

## ઊડતી નજરે....

**ફેબ્રુઆરી-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૫,૫૨૩ |
| | | કે જેમાંથી – | |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... ૪૨૭ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૮૩ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન .......... ૨૩ | |
| | (ગ) | સોનોગ્રાફી .......... ૬૫૮ | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... ૨૭ | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... ૩૪૯ | |
| | (છ) | અન્ય .......... ૩,૯૫૬ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૨,૪૦૩<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ ... ૪,૨૮૫<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .......... ૨,૪૬૦ | ૯,૧૪૮ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૭૯૩<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૩,૦૯૮ | ૩,૮૯૧ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૫૬૦ | ૫૬૦ |
| | | ફેબ્રુઆરી - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૧૯,૧૨૨ |

*જે સેવા કરવા ચાહે છે તેને માટે હાલનો સમય ઘણો ઉત્તમ છે.*